કુમાર

અંક ૬
૪૫-૪૬

બાદરવો—આસો
૧૯૮૩
દીવાળી અંક



કુમાર
ભાદરવો ૪૫ — આસો'૯૩ ૪૬

તંત્રી રવિશંકર રાવળ; **મુદ્રક-પ્રકાશક** બચુભાઈ રાવત, કુમાર પ્રિન્ટરી–કુમાર કાર્યાલય, ૨૭૦૬ રાયપુર, અમદાવાદ.



ક્લાન્ત શિવ

ચિત્રકાર : શ્રી નંદલાલ બસુ

'રૂપમ્'ના સૌજન્યથી

ભાદરવો-આસો ૧૯૮૩ ના 'કુમાર'નું મુખચિત્ર

કુમાર





દીપક

પૃથ્વી પર જ્યારે ચંદ્રસૂર્યનાં તેજ હોલવાય છે ત્યારે ઘરઘરના દીવાઓ ચેતવીને જગત દેખતું રહે છે. એ જ રીતે જે જિજ્ઞાસુ જીવ છે તે જ્ઞાનનો દીપ બળતો રાખીને અવિદ્યાના અંધારને ફેડે છે.

દીપક ઉપયોગી છે, કેમકે એ આંખનો ભોમિયો છે; દીપક પાવનકારી છે, કેમજે એ મેલને દેખાડે છે ને દૂર કરે છે. દીપક મધુર છે, કારણકે એમાં સ્નેહનો બલિ હોમાએલો છે. દીપક ભવ્ય છે, કેમકે પોતે બળીને બીજાંને પ્રકાશિત કરવાનો એનો સહસંકેત છે.

દીપકમાં હુંફ છે, ગરમી છે, પ્રકાશ છે. જેમ ગરમીની ઝાળ ઓછી તેમ એના પ્રકાશની જ્યોત વધુ તેજસ્વી ને વધુ શીતળ. દીપક શરીરને દઝાડવા નહિ, નજરને ઝંખાવવા નહિ, પણ અંતર તથા બહાર અજવાળવા માટે છે.

અંધકારનો રાક્ષસ ભીષણ અને મહાકાય છે; દીપક સૌમ્ય અને નાનો છે. છતાં એ અંધકાર સામે દીપક પોતાનું તેજ ને અસ્તિત્વ સાચવે છે. તોફાનના મહાવાયુ ફુંકે ત્યારે પણ એ પોતાની જ્યોત વાળીવાળીને તેજનું જીવન જીવી રહે છે.

ભગવાન દિવાકર અનંત કોટિ કિરણો વડે દિવસનું કાર્ય કરે; પણ રાતના અંધકાર જગતને આવરી રહે ત્યારે દીપક પોતાની નમ્ર અને નિયમિત સેવા ધરી કૃતાર્થ બને છે. . . . અને ઘણી વાર જ્યાં સૂર્યચંદ્રનાં તેજ નકામાં પડે છે ત્યાં ઝાંખા પણ ઘર આગળના દીવા જ કામમાં આવે છે.

અખંડ દીવો બાળવાની હિંદુ ભાવના બહુ ઊંચી છે. દૃષ્ટિ સામે એક જ્યોત જલતી રાખીને જાગરણ કરવું એ કઠોર જીવનવ્રત છે. આજના અંધકાર વચ્ચે જો દેશપુત્રોની એવી અખંડ દીપમાળ પ્રગટાવી શકીએ તો પછી હિંદ–સ્વરાજ્યનો ઉત્સવ બહુ દૂર નહિ હોય.

દેશળજી પરમાર

વર્ષ ૪ :: અંક ૯–૧૦
ભાદરવો–આસો: ૧૯૮૩



કુમારની આ ચોથા વર્ષની દીપોત્સવી ઉજવવા માટે અમારે બે અંક જોડી દેવા પડયા છે. કોઇ ન ધારે કે અમે એ રીતે બચત કરી લઇ અંદરથી લાભ ઉઠાવવા માગીએ છીએ. આ ખાસ અંકની સામગ્રી જ અમારી મહેનત ને ખાસ યોજના વિષે ખાતરી આપશે. કુમાર હવે વધુ વખત ખોટની બાજુ ખમવા તૈયાર નથી એટલે અમારે યોગ્ય કરકસર અને બીજાં કામોની મજુરીથી જ ટકી રહેવાનું રહ્યું.

નવી દિશા, નવા વિચારો અને પ્રકાશમય જીવન તરફ વાળે એવું સાહિત્ય જ અમારૂં ધ્યેય છે. ચેતન અને ઊર્મિ પ્રગટાવે એવા લેખો જ કુમારના બરના ગણાશે; અને એક મિત્ર લખે છે તેમ 'કુમારની ફાઇલો જ કોઇ પણ માણસની કેળવણી સંપૂર્ણ કરવા બસ' થાય એ ઉદ્દેશ પર અમારી ભવિષ્યની યોજનાઓ ઘડાતી જશે.

માણસના જીવનની દિશા માબાપ કે શાળાના શિક્ષકોના હાથમાં નથી એ વાત કોઇને સમજાવવી પડે તો એટલું દેશનું દુર્ભાગ્ય. નહિ તો દરેક સંસ્કારી દેશમાં ચોક્કસ સિદ્ધ થયું છે કે દરેક મનુષ્ય પોતાનું જીવનકાર્ય લઇને જ આવે છે અને પોતે જ પોતાના જીવનનો નિયંતા બને છે. અત્યાર સુધી હિંદનાં કેટલાં યે માબાપો અને શિક્ષકોએ આ વાત સમજ્યા વિના પોતાનાં બાળકોના સ્વાભાવિક સંસ્કારો અને પ્રબળ અભિલાષાઓનાં ખૂન કર્યાં છે. આ હકીકતના સાક્ષી આજના કંઇક પ્રૌઢ શહેરીઓ અને હતાશ થઈ ફરતા કારકુનો દેખાશે.

કોઈને કુટુંબનો રિવાજ નડયો છે, કોઇને માબાપના સખત નિયમોએ રૂંધ્યા છે, કોઇને લોકલાજે દબાવ્યા છે, કોઇને જ્ઞાતિની મર્યાદાનાં દોરડાંએ બાંધ્યા છે તો કોઇને નિર્માલ્ય પાંડિત્યભર્યાં ઉપદેશોએ નરમ કરી નાખ્યા છે, કોઇને વડીલો તથા ગુરુઓના નિર્દય કટાક્ષો ને ઉપહાસે પીંખી નાખ્યા છે, કોઇ દેશમાં શીખવા જાણવાનાં સ્થળો કે પાત્રોને અભાવે ઉત્તેજન. કે પોષણ નહિ મળતાં કરમાયા છે.

મારો એક મિત્ર કુદરતી શોધકવૃત્તિનો હતો; તે વહેલો પરણી માબાપના દબાણથી રેલવેની કારકુનીમાં ગૂમ થયો. એક સંબંધી નાનપણમાં કવિ અને સાક્ષર થાય એવો હતો; તેને શાળાની પરીક્ષાની નિષ્ફળતાએ માત્ર તેની ઇષ્ટ આરાધનામાંથી ખેડવ્યો. એકને કળાહુન્નર શીખવા ચીનજાપાન જવાનો નાદ હતો;તેના પિતાની ધર્મપ્રિયતાએ જીંદગી ભરના અફસોસ નાખ્યા. આવાં તો અનેક દૃષ્ટાંતો નજર સામે મોજૂદ છે: અને એ બધાં યે માનવરત્નો એળે ગયાં છે!

> **જે શૌર્યમાં કોમળતા સમાઈ**
> **તેને જ સાચું પુરુષત્વ માન્યું;**
> **દ્રવંત લોખંડનું ખડ્ગ થાય,**
> **પાષાણનું ખડ્ગ નથી ઘડાતું**
>
> રમણભાઈ

આજના વડીલો, મુરબ્બીઓ, નેતાઓ, શિક્ષકો અને રાજ્યકર્તાઓ, તમારી આંખ ખોલો! તમારાથી વધુ બુદ્ધિશાળી અને સમજણવાળા માનવીઓ થશે જ નહિ એવું અંધ ગુમાન ન ધરાવો. તમારા હાથ નીચે ઉછરતી પ્રજામાં તમે પૂજો એવા નરપુંગવો ભર્યા છે, એવી સાચી શ્રદ્ધા નહિ ધરાવો ત્યાં સુધી તમારી કોઇપણ જાતની સ્મૃતિ પ્રજાને શાપ સમાન રહેશે.

પણ આ તો પારકી આશા! વડીલો અને મુરબ્બીઓ તથા રાજ્યશાસકો કંઇ કરે અને આપણો ઉદ્ધાર થાય એ તો આત્મગૌરવવાળા કુમારો તથા યુવાનોને શરમભરેલું છે. જેમને વિચાર કરવાની શક્તિ હોય તે વિચાર કરો અને પોતાનો જીવનમાર્ગ જાતે જ નક્કી કરો. જીવનમાં આવતાં વિઘ્નની સામે થાઓ, એ વિઘ્નો જ તમારી કસરતનાં સાધનો બને અને તમારૂં બળ વધારનારાં થાય એવી યોજના કરો. તમારામાં પ્રાણ પ્રગટે કે તુરત છલંગ મારો અને ધ્યેય તરફ કુદો. અસહાયતા અને ભીરુતાના વિચારો ખંખેરી નાખો.

કૉલેજમાં એમ. એ. થવા મથતા એક વિદ્યાર્થીએ દેશાનું ખેતીવાડી જ્ઞાન સુધારી વધારી પોતે આબાદ થવા યોજના ઘડેલી. એને પરીક્ષા અને કૉલેજના ખર્ચના ત્રાસે નરમ કરી નાખેલ અને માતપિતાએ એના આદર્શો સમજવાની અશક્તિથી વારંવાર તેને ભણવાથી વારેલ. એકનો એક પુત્ર, સ્નેહ અને ગરીબી તેમને એમ કરવા પ્રેરે એ સ્વાભાવિક છે. પણ જુવાન માણસ આવી પરિસ્થિતિમાં માત્ર

મુંઝાઇને અભ્યાસ પડતો મુકી દે, ધ્યેય ઉંચું મુકી દે અને જીવ પર આવી જાય ત્યારે કેળવણી અને સંસ્કારની પ્રતિષ્ઠા શી? તેની જ સામે . . . .

બીજો એક વિદ્યાર્થી શિક્ષકના પેટ પુરતી કેળવણી પુરી કરે છે અને કયાંય પણ તેના લાયક નોકરી નથી મળતી, એટલે કોઇપણ રીતે નિભાવી લેવા —નિર્વાહ કરી લેવા, સમય પુરતી એક પગારવાળાની નોકરી સ્વીકારી લે છે: અર્થાત્ એની કેળવણીને જરા યે લાંછન નથી. તેના સદ્‌વિચારો અને જ્ઞાન તો તેના એકાંતના સોબતી ને સલાહકાર મિત્ર બનવાનાં અને નવું બળ આપવાનાં, તથા ભવિષ્યની પાકી તૈયારી કરી ભાવિની કઠણાઇ તોડવા સારૂ બેવડો હુમલો કરવા કટિબદ્ધ કરવાનાં એ ચોક્કસ.

તમને જીવનમાં ગમે તેવા મામુલી કામ પર આજીવિકા લેવાનો પ્રસંગ સાંપડે તેથી તમારૂં ધ્યેય નાશ ન પામો. ધીરેધીરે ચારેકોર નજર રાખતા રહેવાથી તમને માર્ગો સુઝશે. એકાંત મનન અને પ્રયોગો તમારી સિદ્ધિ નજીક લાવશે. તમારૂં ચાલુ કામ પ્રસન્નતાપૂર્વક ફંફોસતા જાઓ અને તમારો ફુરસદનો વખત તમારા જીવનની ઉપાસનામાં ચાલુ રાખો. તેને યોગ્ય પુસ્તકો, પ્રયોગો ને અનુભવો એકઠાં કરતા રહો: એ જાતનાં માણસોને રૂબરૂ તથા પત્રોદ્વારા મળતા રહો; અને તમે જોશો કે તમારે માટે નવા દરવાજા ઉઘડતા જાય છે.

પણ એટલું ચોક્કસ કે અતિશય જીવનભારનું દબાણ ન થાય ત્યાં સુધી તમારા ધ્યેય સિવાયના કોઈપણ કાર્યને વરી ન બેસતા; અથવા તેના ગુલામ થઈને જતા. મનુષ્ય ધારે તો કોઇપણ જાતના કામને આનંદદાયક બનાવી શકે છે. એ કળા તમને આવડતી ન હોય અને તમને તમારૂં કામ બળદિયા જેમ ખેંચવું પડે છે એવું લાગતું હોય તો તુરત તેનો વહેલો ત્યાગ થાય એવાં પગલાં લેજો અને જ્યાં તમે ચિત્તની પ્રસન્નતા રાખી કામ કરી શકો એમ લાગે ત્યાં જજો;—ભલે બદલો થોડો મળતો હોય.

જીવનની દિશા નક્કી કરો તે સાથે એટલું પણ જોજો કે તમારા કાર્યથી સ્વભૂમિને અને સ્વદેશીઓને ખરેખર લાભ થાય છે કે નહિ માણસ માત્રનો ખરો આધાર દેશના ઉદ્યોગો અને નિકાસ ઉપર છે. ખોરાક અને લુગડાં મનુષ્યોની મોટી હાજતો છે. પેટમાં ભુખ લાગી હોય તે વખતે સોનાચાંદીની વાતો નિરૂપયોગી છે.

અત્યારની કેળવણીને પરિણામે ઘણાખરા જુવાનો સુકા ધંધાઓ તરફ આકર્ષાયા છે. પણ લોખંડ અને પોલાદના ધંધાઓ ખીલે તે કરતાં યે સ્વભૂમિ પર થોડા વધુ હળના દાંતા પડશે તે આપણી ખરી ગરજ પુરશે. ઉદ્યોગ વિષયક એક તંત્રીનાં વાકયો નીચે આપું છું તે આપણને ઉપયોગી થશે:

‘**આ** જમાનાની મોંઘવારીની સામે લડવું હોય તો ઘઉં ઉગાડવા માંડો, ચોખા ઉગાડો, રૂ ઉગાડો: પરસેવો પાડીને રોટલો રળવાનું પસંદ કરો; રૂ કાંતી તાર કાઢો. તારમાંથી કાપડ વણો. જીવનના અમૃત સમું દુધ આપતી ગાયો પાળો ને ચરાવો. તબિયત અને કુદરત માણો. તરસ લાગ્યે કુવા ને ઝરણનાં સ્ફટિક સમાં નિર્મળ જળ પીઓ. તમારા દેહ ઢાંકી શકો ને પેટ ભરી શકો કે તરત પરમાત્માની આપેલી બુદ્ધિનો ઉપયોગ અન્યના કલ્યાણ માટે કરો.’

ગ્રાહકો! ધ્યાન આપો!

અગત્યની સૂચના: આવતા માગશરનો અંક વી. પી. થશે.

વર્ષની આખરે અપાતી સૂચનાઓમાં અમે અનેકવાર ચાંપીચાંપીને કહીએ છીએ કે ‘નવા વર્ષના ગ્રાહક તરીકે ન રહેવું હોય તેમણે અગાઉથી ખબર આપી વેળાસર નામ કમી કરાવી નાખવું; નહિતર, તમે ગ્રાહક તરીકે ચાલુ રહેવા ઇચ્છો છો એમ સમજી નવા વર્ષનો પહેલો અંક વી. પી. કરીશું.’

છતાં ગ્રાહકો આ સૂચના પર લેશમાત્ર ધ્યાન ન દેતાં અમને કશા ખબર લખતા નથી; અને વી. પી. થી અંક આવે છે ત્યારે બેદરકારીથી તે પાછો ધકેલીને અમને સવા બે આનાના પોસ્ટેજના ખાડામાં ઉતારે છે: ઉપરાંત, એ વી. પી. કરવા પાછળ અમારા માણસોનાં વખત ને મહેનત જાય તથા જવા આવવામાં અંકની દુર્દશા થાય એ નફામાં!

અને દર વર્ષે વી. પી. પાછાં ધકેલનારા આવા સજ્જનોની સંખ્યા પાંચ–દસ–પંદરની જ નહિ; પણ ઓછામાં ઓછા દોઢસોથી બસોની હોય છે. એની પાછળ રદ જતા પોસ્ટેજની કીમત તથા અમારાં વખત, મહેનત અને અંકોના બગાડની ખોટનો આંકડો મુકો.

વરસોવરસ થતી આ ખોટમાંથી બચવા અમારે નિરૂપાયે નીચેની પદ્ધતિનો આશ્રય લેવો પડયો છે: તે એ કે અમે આવતા નવા વર્ષનો પહેલો અંક વી. પી. કરવાને બદલે આ ચાલુ વર્ષનો છેલ્લો–માગશર (ડિસેંબર)નો અંક ગ્રાહકોને વી. પી. કરી આવતા વર્ષના લવાજમનાં નાણાં વસુલ લઇશું.

જેઓ ‘કુમાર’ની કીમત અને અગત્ય સમજ્યા છે, જેમને ‘કુમાર’ એક જીવનસાથી જેટલું પ્રેરક અને પ્રિય થઇ પડયું છે તેઓને તો આમાં નાણાં એક મહીનો વહેલાં કે મોડાં વસુલ આપવા સંબંધે કશો વાંધો હોવાનો જ નહિ. એટલે અમારી ખાતરી છે કે ગ્રાહકો અમારી આ વ્યવસ્થામાં અમને અનુકૂળતા કરી આપવા તત્પર રહેશે.

(અનુસંધાન આગળ પાન ૩૯૯ ઉપર ચાલુ)




સ્વાસ્થ્ય શક્તિ અને સૌન્દર્ય



દંડ	૧૩	ઇંચ
મકોઇ	૧૦॥	,,
કાંડું	૬।	,,
છાતી (સામાન્ય)	૩૬	,,
,, (સંકોચેલી)	૪	,,
,, (ફુલાવેલી)	૩૯॥	,,
કટિ	૨૬	,,
સાથળ	૨૦	,,
પિંડી	૧૨॥	,,

કરાંચીમાં 'સોમૈયા જિમ્નૅશિયમ' ચલાવનાર ભાઇ ખેલશંકર ભગવાનજી સોમૈયાએ આજ ઓગણીસ વર્ષની ઉમરે આવું શરીર કેળવ્યું છે. બાજુએ આપેલા નાના ફોટોગ્રાફમાં બતાવેલા પીઠ તથા ખભાના સ્નાયુઓનો વિકાસ, અને એની નીચે જણાવેલાં એમનાં અંગોનાં માપ, એમણે પોતાના શરીર પાછળ લીધેલી કાળજી, ખંત ને મહેનત જણાવી આપે છે. એ કહે છે કે પોતે આ શરીર વિકાસ 'વેઇટ લિફ્ટિંગ'ની કસરતથી સાધ્યો છે. ૫ ફુટ ૪ ઇંચ ઉંચાઇનો, ૧૨૦ રતલ વજનનો આ ચપળ યુવાન, સિંધ–બલુચિસ્તાનના ૧૯૨૮માં થનારા 'વેઇટ લિફ્ટિંગ'ના દંગલમાં ઉતરવાની અભિલાષા ધરાવે છે. આપણે એમને વિજય ઇચ્છીએ.



શ્રી નંદલાલ બસુ અને શાન્તિનિકેતનનું કલાભવન

શ્રી રવીન્દ્રનાથ ઠાકુરની કાવ્યપ્રતિભાએ બંગાળી સાહિત્યને નવો પ્રકાશ આપીને જેમ ભારતીય સંસ્કૃતિનું તેજપૂર્ણ દર્શન કરાવ્યું તે જ પ્રમાણે, જાણે તેના જ પ્રતિધ્વનિ રૂપે ભારતની કળાએ શ્રી અવનીન્દ્રનાથ ઠાકુર દ્વારા પુનર્જન્મ લીધો; ને એ અદ્‌ભુત ઉપાસકની તપશ્ચર્યાથી જે થોડા નવયુવાનોમાં એ કળા સંચાર પામી તેમાં શ્રી નંદલાલ બસુનું નામ અગ્રસ્થાને છે.

અનેક વાર, અનેક રીતે તેમણે ગુરુપ્રસાદીનો પરચો બતાવ્યો છે, ને ઘણીવાર ગુરુથી શિષ્ય એક કદમ આગળ જતા દુનિયાને લાગ્યા છે. એવે વખતે આ કુલીન ને વિવેકી શિષ્ય તો ગુરુપ્રતાપનું જ માહાત્મ્ય જણાવે છે. એમના સમાગમમાં આવતાં, એમના મધુર હૃદય ને ભાવભર્યા આત્માનો સ્પર્શ અનુભવતા દરેક જણને એમના પર પ્રેમ ને આદર થયા વગર રહેતાં નથી.

એમની કળાએ હિંદ બહાર દૂર દેશોમાં પણ ઘણા ભાવિકો પેદા કર્યા છે; એમના અનેક વિદ્યાર્થીઓએ એમની પ્રશસ્તિ કરી છે. છતાં એમણે એ બાબત કદિ પણ સગર્વ ઉંચું જોયું નથી અને કળાની સતત ને સ્થિર ઉપાસનામાં નિમગ્ન રહ્યા છે. એકાન્ત ને સાદાઇ, પવિત્રતા ને સરળતા એમના જીવન અને કળામાં એક સરખાં માલુમ પડે છે. હિંદી ચિત્રકારને ઘટતું મૌન ને ચિન્તનશીલ મુખ એમનાં ઉંડાં ને તાત્વિક ચિત્રોના સંકેત રૂપ છે. આ બધું છતાં મિત્રો, શિષ્યો કે કુટુંબ આગળની તેમની સાદી ને મીઠી મશ્કરીઓ તથા વાર્તાલાપો મુગ્ધ કરે એવાં હોય છે.

નંદબાબુ સ્વભાવે ઘણા નમ્ર, તીવ્ર અને માયાળુ છે. તેમની લાગણીઓ તો છોડની એક ફુલવાળી ડાખળી તોડતાં પણ દુભાય છે. ભીનો વાન, સહેજ ભારે શરીર, ભવ્ય લલાટ, વાંકડિયા વાળ અને સોનાની દાંડીનાં ચશ્મામાંથી ડોકાતી ઝીણી શાન્ત આંખોવાળી કોઇ વ્યક્તિ, નીચી નજર કરી, ધીમેધીમે, જમણા હાથની ચપટીમાં એકાદ ફુલ અથવા કંઈ નહિ તો ધોતિયાનો છેડો પકડી, ડાબા હાથ વડે પીઠ પાછળથી જમણો હાથ ટેકવી જતી હોય તો સમજજો કે તે નંદબાબુ છે. એ એટલા સાદા, મુંગા ને નમ્ર છે કે બીજાઓની હારમાંથી ઝટ તરી આવે તેવા નથી. પણ એક વાર ઓળખ્યા પછી જેમજેમ તેમના સહવાસમાં આવતા જઇએ તેમ-તેમ તેમનું એ મીઠું, સૌમ્ય વ્યક્તિત્વ આપણને ધીમેધીમે મુગ્ધ કરી મજબુત ને મજબુત જકડી લેતું જાય છે, અને કોઈ પર્વતમાંથી વહેતા ધીમા, શાન્ત પણ અખંડ ઝરણની જેમ ભારતીય કળાભાવનાનો ધીમો મીઠો અમૃતસમ સ્રોત અવિરત વહ્યા કરી રસબસ કરી મુકે છે ને કોઇ પરમ સુંદર ને પવિત્ર ભાવનામય વાતાવરણમાં ઝુલાવે છે. એમને મોંએથી કળા વિષેના વિચારો સાંભળવા, એમના સહવાસમાં કળાભાવનાઓ સેવવી ને એ તાદૃશ કરવા મથવું એ જીવનનો અનેરો લ્હાવ છે.

આજથી ૮૬ વર્ષ ઉપર એક સવારે, બંગાળના મુંગેર પ્રાંતના ખડગપુર ગામ આગળ એક મોટા જમીનદારના કારભારીને ત્યાં પુત્રજન્મની વધાઈ આપતી શરણાઇઓ વાગી રહી હતી, અને જગતને જાણે કોઇ ગૂઢ ભાષામાં જાણ કરતી હતી કે દેશદેશાંતરમાં બંગભૂમિનું નામ ઉજ્જ્વળ કરનાર એક પ્રતિભાશાળી બાળકનો આજે જન્મ થયો છે.



ત્યાર પછી થોડે જ સમયે એ કારભારીની નોકરી બદલાઇને દરભંગા રાજ્યમાં થઇ. પિતાની સાથે ત્યાં ગયા. નાનકડા નંદલાલનો અભ્યાસ ત્યાં હિંદીથી જ શરૂ થયો અને અંગ્રેજી ત્રીજા ધોરણ સુધી તેણે ત્યાં જ અભ્યાસ કર્યો. અજાણ્યો માણસ આજે પણ હિંદી ભાષા ઉપર નંદબાબુનો સારો કાબુ જોઇને આશ્ચર્ય પામે છે તેનું મુળ કારણ આ જ. બંગાળ બહારથી ચિત્રકળા શીખવા આવતા ઘણાખરા વિદ્યાર્થીઓને નંદબાબુ હજી પણ કળાનું શિક્ષણ અંગ્રેજી દ્વારા ન આપતાં હિંદીમાં જ આપે છે.

ત્રીજું ધોરણ પુરૂં થયા પછી નંદલાલને કલકત્તાની હાઇસ્કુલમાં મુકવામાં આવ્યા, જ્યાં બીજા અભ્યાસની સાથે ચિત્રકળાનો પણ એમણે આરંભ કર્યો. પણ એમની કળાની રસવૃત્તિ એકલી પેન્સિલ, પીંછી ને કાગળમાં જ પુરાઇ રહી નહિ. એ ઉગતી આવતી આંગળીઓ વિવિધ સ્વરૂપે કળાનો આસ્વાદ લેવા અને સાક્ષાત્કાર કરવા તલપી રહી હતી. ચિત્રકળા ઉપરાંત નંદલાલે માટીનાં રમકડાં અને કાગળ–કાતરની આકૃતિઓ પર પણ પોતાની આંગળીઓને નચાવવા માંડી. દુર્ગાપૂજાના વખતમાં એ માટીનાં દુર્ગાદેવી બનાવતા; મોહર્રમના તહેવારોમાં તાબુત પણ બનાવતા.

ધીમેધીમે કળાની તૃષા વધતી ચાલી અને બજારમાંથી વિવિધ પ્રકારની છબીઓ, ચિત્રોવાળાં પોસ્ટકાર્ડ વગેરે સારૂં લાગે તે વીણીવીણીને ખરીદી લાવવા માંડ્યું. છબીઓવાળાની દુકાને તો રોજનો એકાદ આંટો હોય જ. આ સમયે રાજા રવિવર્માનાં ચિત્રો હિંદભરમાં બહુ જ પ્રચલિત થયાં હતાં. દેશના એકેએક ભાગમાં તેનાં ચિત્રોની હલકી, સોંઘી નકલો પણ મળતી. રવિવર્માનાં ચિત્રોના આ લોકમાન્યપણાનું એક કારણ એ હતું કે એમણે લોકહૃદયમાં સ્થાન કરી બેઠેલાં રામાયણ–મહાભારતનાં પાત્રોને પોતાની પીંછીથી લોકદૃષ્ટિ આગળ રમતાં કર્યાં હતાં; અને એ વખતના ચડતા આવતા અંગ્રેજી અને પરદેશી અસરના વાતાવરણના જુવાળમાં દેશીય મનોવૃત્તિ વાળા સમાજને, ગમે તેવી પણ આ પોતાના દેશની કળા સ્વાભાવિક રીતે ગમતી. આ રીતે રવિવર્માનાં ચિત્રોના પ્રચારે એક રીતે દેશની મનોવૃત્તિને દેશીય સંસ્કૃતિના વાતાવરણમાં પકડી રાખી. એ, તેમની ચિત્રકળાએ હિંદની સંસ્કૃતિની કરેલી સેવા ગણી શકાય.

નંદબાબુને તો એ વખતે તેમનાં ચિત્રો બહુ ગમતાં; અને હજી પણ એ વખતે ખરીદાએલાં થોડાં ચિત્રો નંદબાબુની કુટિરમાં લટકે છે. આ જ વખતમાં નંદલાલે પોતાના એક મિત્ર પાસેથી ગ્રીક કળાના પણ કેટલાક નમુના મેળવી, તેની નકલો કરી અભ્યાસ કરેલો.

કલકત્તાના અભ્યાસનાં ચાર વર્ષ તો આમ જોત-

શ્રીમાન નન્દલાલ બસુ

પરમ કલ્યાણીયેષુ

તારી આ પીંછીથી રંજિત કરી
ભારત–ભારતી ચિત્ત;
બંગલક્ષ્મી ભાંડારે તું તો
વધારે નૂતન વિત્ત.
ભાગ્યવિધિએ આશિષમંત્ર
ફૂંક્યો છે તારે કર્ણે;
વિશ્વને પટે સ્વદેશનું નામ
લખ અક્ષય વર્ણે!
તારી આ પીંછીથી કવિનું હૃદય
નંદિત થતું, નંદ!
તેથી તો કવિની લેખિની તુજને
પ્હેરાવે પોતાનો છંદ.
તું કર તહારાં રેખાબંધને
ચિર સુંદર બંદી!
શિવજટા સમ થજો પીંછી તવ
ચિર રસ–નિષ્યન્દી!

શ્રી રવીન્દ્રનાથ ઠાકુર

૧૯૧૪ માં નંદબાબુની શાન્તિનિકેતનની પ્રથમ મુલાકાત વખતે રવિબાબુએ લખેલું પ્રશસ્તિ ગીત..



શ્રી નંદલાલ બોઝ : કામ કરતા

જોતામાં વીતી ગયાં અને એક સવારે મૅટ્રિકની પરીક્ષામાં પાસ થએલા વિદ્યાર્થીઓની નામાવલિમાં છાપાંઓમાં નંદલાલ બસુનું નામ પણ પ્રગટ થયું. મૅટ્રિક પાસ થએલા પોતાના છોકરાને ગ્રૅજ્યુએટ કે દાક્તર બનાવવાની ઉત્કંઠાથી પિતાએ નંદલાલને કૉલેજમાં બેસાડ્યા. પણ ભાઇસાહેબને તો કળાની જ ધુન લાગેલી, એટલે કૉલેજના અભ્યાસ દરમ્યાન પણ એ માર્ગે પ્રગતિ ચાલુ જ હતી. દુર્ભાગ્યે—કે કદાચ સદ્‌ભાગ્યે, નંદલાલ પ્રીવિયસમાં નાપાસ થયા અને બે વખત ફરીથી પ્રયત્ન કરવા છતાં પણ એનું એ જ પરિણામ આવ્યું !

કૉલેજમાં જોડાયા પહેલાં નંદબાબુનાં લગ્ન થઇ ગયાં હતાં. સસરાજીએ જમાઇરાજને બબ્બે ત્રણત્રણ વાર નાપાસ થએલા જોઇને 'કૉમર્સ' શીખવા બીજે મુક્યા. તેમાં યે નંદલાલે છ મહીના બગાડ્યા. રોજ હાજરી ભરી, વાતોના ગપાટા મારી, ફી આપ્યા વિના છ માસ કાઢી નાખ્યા; પણ બીજી બાજુ કળાનો અભ્યાસ તો વધારે ધ્યાનપૂર્વક આગળ ધપાવતા જ ગયા.

છ મહીના પુરા થતાંથતાંમાં તો કંટાળો આવી ગયો. ફીના પૈસા તો ચિત્રો અને રંગીન પોસ્ટકાર્ડો વગેરે કળાની મનગમતી ચીજો પાછળ ખરચી નાખ્યા હતા. હવે ફી ક્યાંથી આપવી? નાસી જવાનું મન થયું. અંતે એક બુઢ્ઢા ક્લાર્કને, ફી આપી નહિ શકવાની પોતાની સ્થિતિ સમજાવી, અને તે ભલા વૃદ્ધ કારકુનને લાગણી થવાથી તેણે નંદલાલને મુક્ત કર્યા.

પણ બીજી બાજુ, દૈવયોગે, આ મુંઝાએલા જુવાનનું ભવિષ્ય રચવાની ભૂમિકા તૈયાર થઇ રહી હતી. મિ. ઈ. બી. હૅવેલ નામના મદ્રાસ કળાશાળાના પ્રિન્સિપાલની બદલી કલકત્તા કળાશાળામાં થોડાંજ વર્ષો પહેલાં થઈ હતી. એ પરદેશી અભ્યાસકની



શાન્તિનિકેતન કલાભવનમાં ભરાએલું વાર્ષિક ચિત્રકલા પ્રદર્શન

તીવ્ર અને રસિક આંખે પ્રાચીન ભારતીય ચિત્રકળા, શિલ્પકળા અને સ્થાપત્યની પાછળ મહાન હિંદી સંસ્કૃતિનો પ્રાણ ધબકતો જોયો હતો અને તેને અંતરથી લાગી ગયું હતું કે હિંદના લોકોમાં, પરદેશથી આણી ઉતારેલી દુધની બાટલીઓ જેવું પશ્ચિમની પદ્ધતિનું કળાશિક્ષણ જીવન પુરવાનું નથી, પણ માતાના ધાવણ જેવી દેશજ કળાના સંસ્કારો જ તેમનામાં પ્રાણ પ્રગટાવવાના છે. પ્રાચીન ભારતીય કળાની પાછળ રહેલા હિંદી સંસ્કારના એ ભવ્ય આત્માનું તેમણે અભ્યાસકની વેધક ને નિર્મળ દૃષ્ટિથી દર્શન કર્યું હતું અને પૂજ્યભાવે એ પ્રાણની પ્રતિષ્ઠા હિંદી હૃદયમાં કરવાને કૃતનિશ્ચય થયા હતા.

આ જ અરસામાં એમના જ જેવો પ્રયત્ન સીલોન-માંથી શ્રી આનંદકુમાર સ્વામી કરી રહ્યા હતા અને ભારત કળાના પુનરુદ્ધાર માટે એ પણ કળા-વિવેચનાના લેખો લખતા હતા. મિ. હૅવેલથી મદ્રાસમાં તો કશા જીવ જેવા પ્રયત્નો થઇ શક્યા નહિ,—સિવાય કે હિંદી કળાનાં સૌંદર્ય દર્શાવનારા થોડા લેખો તેમણે લખેલા.

પણ કલકત્તે આવતાંની સાથે જ હૅવેલે પોતાનો સંકલ્પ અમલમાં મુક્યો અને ત્યાંની કળાશાળામાંના એકેએક પાશ્ચિમાત્ય ચિત્ર, પુતળા અને શિક્ષણ-સામગ્રીને શાળામાંથી રજા આપી, બન્યાં તેટલાં સોંઘી કીમતે વેચીને તેનો નિકાલ કર્યો અને તેમાંથી ઉપજેલાં નાણાંમાંથી ખરીદેલા માત્ર બાર પ્રાચીન હિંદી ચિત્રોને શાળાની દીવાલ પર લટકાવ્યાં.

આ પરદેશી પ્રિન્સિપાલની આવી વિચિત્ર મનો-દશા જોઇ કલકત્તાના વિદ્યાર્થીઓ, શિક્ષકો અને પ્રજાવર્ગ સૌ દિગ્મૂઢ થઇ ગયા. પશ્ચિમની અસરના પુરમાં જડ થઇ ગએલી તેમની બુદ્ધિને તો આ અનર્થ લાગ્યો, અને ખુદ બંગાળના જ એ વખતના ભલભલા વિદ્વાનો પણ પોકાર કરી ઉઠ્યા કે મિ. હૅવેલ હિંદીઓને પશ્ચિમની ઉંચી કળા શીખવા દેવા માગતા નથી; તેઓ હિંદીઓને એ કળાથી વંચિત રાખી પાછળ રાખવા માગે છે. શિક્ષકોએ રાજીનામાં આપ્યાં, વિદ્યાર્થીઓએ હડતાળ પાડી, શિક્ષિત વર્ગ ખળભળી ઉઠ્યો;—પણ હૅવેલ કશાથી ડગ્યા નહિ.

એવામાં મિ. હૅવેલને ખબર પડી કે શ્રી અવ-



શાન્તિનિકેતન કળાભવનમાં કામ કરતા વિદ્યાર્થીઓ : ડાબી બાજુએ દૂર પહેલા બેઠેલા તે લેખક છે


નીન્દ્રનાથ ઠાકુર નામના એક પ્રતિભાસંપન્ન બંગાળી કળાકાર ભારતીય ઢબે ચિત્રો કરે છે. તેમનો પત્તો મેળવી મિ. હૅવેલ તેમને ઘેર પહોંચ્યા, તેમનાં ચિત્રો જોયાં અને ભારતકળાના પ્રાણના એ બંને ઉપાસકોએ પરસ્પરનાં હૃદય પ્રીછ્યાં. તેમની મૈત્રી જામી અને એ મિત્રબેલડીએ હિંદી કળાના પુનરૂદ્ધારનું કાર્ય વધારે વેગથી આરંભ્યું.

તેમણે શાંતિથી, ધીટપણે અને દૃઢતાથી પ્રાચીન ભારતીય કળાનો મર્મ સમજાવતાં અને ભારતના ધર્મ, સંસ્કૃતિ તથા સમાજની જોડેના તેના અનુસંધાનનું રહસ્ય ઉકેલનારાં અસરકારક લેખો અને ભાષણોનો એક પછી એક વરસાદ વરસાવવા માંડ્યો, અને થોડા જ વખતમાં હિંદી કળાના જે પ્રબળ પ્રાણનાં પોતે દર્શન કર્યાં હતાં તેની ઝાંખી આ શેરબકોર કરતી જનતાને કરાવી.

લગભગ આ જ વખતે તેમના આ પૂનિત પ્રયત્નમાં ભળેલી એક ત્રીજી વ્યક્તિનું નામ પણ અહીં જ આપી દેવું જોઇએ. એ ભગિનિ નિવેદિતા. આ ત્રણ જણની સમર્થ લેખિનીએ તો ત્યાર પછી હિંદના શિક્ષિત સમાજની આંખ આગળનાં પડળ બરોબર દૂર કરી દીધાં.

અવનીન્દ્રનાથનાં હિંદી ઢબનાં ચિત્રો આ વખતે હજી થતાં આવતાં હતાં. 'શાહજહાં મૃત્યુ' નામનું એમનું પહેલું જ ચિત્ર ૧૯૦૦ની સાલમાં દિલ્હીમાં ભરાએલા પ્રદર્શનમાં સોનાનો ચાંદ જીતી લાવ્યું. લોકોની તેમના પ્રત્યેની માનવૃત્તિ વધતી ગઇ. ત્યાર પછી તો તેમનું 'બુદ્ધ અને સુજાતા' બહાર પડ્યું. અવનીન્દ્ર-બાબુની કળાશાળામાં વિદ્યાર્થીઓની ભરતી થવા લાગી અને લોકોએ ભારતકળાના આ નૂતન પ્રાણને પારખ્યો.

'કૅામર્સ' કૅાલેજમાં છ મહીના બગાડી ભવિષ્ય માટે ફાંફાં મારતા અને પોતાની કળા વિષે ઉચાટ કરતા જુવાન નંદલાલને કાને એક દહાડો અવની-બાબુનું નામ પડ્યું. પડોશમા જ રહેતો એક વિદ્યાર્થી એમની કળાશાળામાં શીખવા જાય છે એ માલુમ પડ્યું; અને એક સવારે પોતાનાં થોડાં ચિત્રો લઇ પડોશી મિત્રની સાથે ઉપડ્યા. એનાં ચિત્રોમાં અવની-



શાન્તિનિકેતન કળાભવનના વિદ્યાર્થીઓ

પાછલી હારઃ ડાબી બાજુથી શ્રી નંદલાલ બસુ, સુકુમારી દેવી, સત્યેન્દ્ર બૅનરજી, રામકિંકર બૈજ, સુકુમાર દેવસ્કર, શ્રીમતી હઠીસિંગ. આગલી હારઃ ધીરેન્દ્રકૃષ્ણ દેવબર્મન, બૅાદુ, કનુ દેસાઇ, રઘુવીર સિંહ, વિનોદ મુકર્જી, ચિત્રા

બાબુએ ભાવિ પ્રતિભાનો ચમકાર જોયો. નંદલાલ અવનીન્દ્રનાથના શિષ્ય થયા. સ્વ. ગાંગુલી આ વખતે નંદબાબુના સહચારી હતા. ત્યાર પછી તો અસીતકુમાર હલધર, સુરેન્દ્રનાથ કાર, શૈલેન્દ્ર દે વગેરે પણ ધીમેધીમે આવતા ગયા. મ્હૈસુરવાળા શ્રી કે. વેંકટપ્પા, જે અત્યારે પોતાના પ્રાંતમાં ભારતીય કળાપ્રચાર માટે મથી રહ્યા છે, તે પણ આ પહેલી જ ટોળીના સહચારી હતા.

અહીં દાખલ થતી વેળા જે નંદબાબુને હિંદી અને પશ્ચિમની કળા વચ્ચેના ભેદનું ઝાઝું દર્શન ન હતું તેમની દૃષ્ટિ ધીમેધીમે વિકસતી ગઇ, તેમની કળામાં પ્રતિભાની ચમક આવતી ગઇ અને ભારતીય કળાની પાછળ રહેલો ભવ્ય પ્રાણ આછોઆછો ડોકાવા લાગ્યો.

'સરસ્વતી'નું તેમનું પ્રથમ ચિત્ર પ્રગટ થતાં વાર જ સમાજે આ નવા કળાકારને વધાવી લીધો. ત્યાર પછી તો રામાયણ–મહાભારતના પ્રસંગો પરનાં તેમનાં ચિત્રો એક પછી એક પ્રજાના ખોળામાં પડવા લાગ્યાં: યમ–સાવિત્રી, કૈકેયી, શિવ–તાંડવ, શિવ–વિલાપ, સતી, વગેરે ચિત્રો જેમજેમ તેમના પાછીમાંથી પ્રગટતાં ગયાં તેમતેમ જનતાને આ નવા કળાકારની પ્રતિભાની પ્રતીતિ થઇ ગઇ, અને જોતજોતાંમા પ્રજાના એ લાડીલા કળાકારનું નામ એના ગુરુ અવનીન્દ્રનાથની જોડાજોડ ઉચ્ચારાવા લાગ્યું.

ઘણુંખરૂં આ જ અરસામાં ઈંગ્લંડથી લેડી હૅરિંગહામ નામની એક અંગ્રેજ કળાકાર બાઇ અજંતા ગુફામાંનાં ભીંતચિત્રોની ખ્યાતિ સાંભળી તેનો અભ્યાસ તથા નકલો કરવા માટે હિંદુસ્તાન આવી. તેની મંડળીનો સાથ સાંધી અવનીન્દ્રનાથ ઠાકુરે નંદબાબુ તથા અસીતકુમાર હલધરને પોતાને ખર્ચે અજંતા મોકલ્યા. ત્યાં રહી નંદબાબુએ હિંદની એ પ્રાચીનતમ ચિત્રકળાનો ખુબ અભ્યાસ કર્યો, તેની પાછળ રહેલી ભારતીય ચિત્રપ્રણાલિના આત્માનું અવગાહન કર્યું અને પ્રેરણામત્ત થઈ પાછા ફર્યા.

અજંતાની કળાના અભ્યાસે નંદબાબુની ચિત્રકળા પર બહુ અસર કરી. જાણે એમને આર્યકળાનો સંદેશ સમજાઇ ગયો: જાણે નવી કળાભાવના સાંપડી.



શ્રી નંદલાલ બોઝ જાપાનમાં : જાપાની કળાકારો તથા ચીના મિત્રો સાથે
ડાબી બાજુએથી પહેલા બે જાપાની કળાકારો, ત્રીજા નંદ બાબુ, પછીના બે ચીના મિત્રો તથા છેલ્લા એક જાપાની કળાકાર છે

તેમના વિચાર ફરી ગયા, કાર્યપ્રણાલિ ફરી ગઇ, હાથ ફરી ગયો; અને ત્યાર પછીના એમના એકે એક ચિત્રમાં આર્યકળાના પ્રબળ આત્માની ગૂઢ દીપ્તિ ધીમેધીમે પ્રગટતી ગઇ.

નવ-કળાની આ જાગૃતિએ શિક્ષિત વર્ગ ઉપર તો ક્યારની યે ઊંડી અસર પાડી દીધી હતી અને એ વર્ગે જીવનના દરેક ક્ષેત્રમાં ભારતીય રસવૃત્તિ ઉતારવાના સહૃદય પ્રયત્નો આરંભ્યા હતા. વિજ્ઞાનાચાર્ય શ્રી જગદીશચન્દ્ર બસુ આ સમયે પોતાનું મકાન ભારતીય ઢબે બંધાવતા હતા. તેની ભીંતો પર ચિત્રો આલેખવાનું કામ નંદબાબુએ બીજા કળાકારોની સહાયથી ઉપાડી લીધું. એ ચિત્રો લગભગ અજંતાની શૈલી ઉપર કર્યાં છે અને ખુબ વખણાય છે.

ભારતીય કળાના અરુણોદય સમી ઉગતી આવતી આ નવ-કળાકારોની મંડળીને હવે લાગવા માંડ્યું કે સમાજમાં કળાપ્રચાર કરવા માટે તથા બધાએ સંગઠિત થઇ કામ કરવા સારૂ એક સ્વતંત્ર અને દૃઢ પાયાવાળી સંસ્થાની આવશ્યકતા છે. મિ. હૅવેલના પ્રયત્નોએ તૈયાર કરી રાખેલી ભૂમિકા ઉપર આમ 'ઇન્ડિયન સોસાયટી ઑફ ઓરીએન્ટલ આર્ટ'ની સ્થાપના થઇ. સુભાગ્યે એ વેળાના બંગાળના ગવર્નર લૉર્ડ રોનાલ્ડશેની પણ ભારતીય કળામાં સારી દૃષ્ટિ તથા સહાનુભૂતિ હતી. તેમની સંગીન મદદવડે આ નવી સંસ્થાના પાયા દૃઢ થયા અને ભારતકળાના આ નવ-દીક્ષિતોએ ઉત્સાહના નવા વેગથી પોતાનું ઉપાસનાકાર્ય આગળ ધપાવ્યું.

અજંતાનાં ચિત્રોની નંદબાબુએ કરેલી નકલોએ એમની ખુબ ખ્યાતિ કરી હતી. એટલે હમણાં થોડાં વર્ષ પહેલાં ગ્વાલિયર રાજ્યમાં નવી શોધાએલી બાગ ગુફામાંનાં ભીંતચિત્રોની નકલો ઉતારવાનું આમંત્રણ આવ્યું. ગુફા તદ્દન અવડ દશામાં હતી; ચિત્રો પર લાલ માટી તથા લીલ બાઝી ગઇ હતી અને ઘણી જગ્યાએ લુણો લાગી ગયો હતો. નંદબાબુએ જરા

પણ ન બંધાતા એ આમંત્રણ તત્પરતાથી સ્વીકારી લીધું અને પોતે, અસીતકુમાર હલધર તથા સુરેન્દ્રનાથ કાર રાજ્ય તરફથી માસિક પગારે ત્યાં ગયા અને સતત ત્રણ માસ સુધી અખંડ મહેનત કરી ત્યાંનાં ચિત્રોની સુંદર નકલો ઉતારી સોંપી. આ ૧૯૨૧ની વાત. એવી જ બીજી નકલોનો એક સટ રાજ્યની પરવાનગીથી એમણે 'શાંતિનિકેતન કલાભવન' માટે પણ તૈયાર કર્યો. એમાંનું એક રેખાંકન તો પાંત્રીસ ફુટ લાંબું છે.

અજંતા અને બાગની ગુફાઓના થોડાંક સાદાં રેખાંકનોનો એક સંગ્રહ, ચિત્રકળામાં પ્રવેશ કરતા અભ્યાસીઓ માટે એમણે 'રૂપાવલિ' નામથી બહાર પાડ્યો છે.

[૨]

ઈ. સ. ૧૯૧૩મા જગતને ગીતાંજલિ સંભળાવનાર શ્રી રવીન્દ્રનાથ ઠાકુરને નોબેલ પ્રાઈઝ મળ્યું, અને એમણે પોતે જે સ્થાનની પ્રેરણા પી દુનિયાને એ અપૂર્વ 'ગીત-અંજલિ' અર્પી તે, પોતાના પિતાના સ્થાપેલા શાંતિનિકેતનના ધામને વિશ્વકેન્દ્ર બનાવવાની મહેચ્છાથી એ ઇનામની આખી યે રકમ શાંતિનિકેતન શાળા તથા વિશ્વભારતી વિદ્યાપીઠના આજના સ્વરૂપના વિકાસની રેખાઓ ઘડવા પાછળ રોકી. ચિત્રકળાને પણ એમાં સ્થાન હતું, પરંતુ એ બરોબર ખાલી ન હતી. કવિની ઇચ્છા આ સૌન્દર્યભર સ્થાનને કળાકારોથી ભરી દેવાની હતી. એમણે પ્રથમ અસીતકુમાર હલધર તથા સુરેન્દ્રનાથ કારને ઓરીએન્ટલ આર્ટ સોસાયટીમાંથી આમંત્ર્યા, અને તે બંનેને પોતાની સાથે ઇંગ્લંડ તેડી ગયા.

અસીતકુમારે ઇંગ્લંડની કળાપ્રવૃત્તિ તથા શિક્ષણપદ્ધતિનું નિરીક્ષણ કર્યું અને સુરેન્દ્રનાથે લીથોગ્રાફી દ્વારા ચિત્રો છાપવાની મુદ્રણકળાનો ત્યાં અભ્યાસ કર્યો. ઈંગ્લંડથી પાછા આવીને કવિએ એ બંને કળાકારોને શાંતિનિકેતનમાં જ સમાવ્યા. અસીતકુમારે શાંતિનિકેતન કળાભવનને વિકસાવવા માંડ્યું અને ધીમેધીમે પ્રાંતપ્રાંતના વિદ્યાર્થીઓમાં કળાશિક્ષણ માટે શાંતિનિકેતન જવાની



: છંદ તોટક :

ક્ષિતિજે અતિ અદ્ભુત દૃશ્ય ઉગે,
ધુપ દીપક સ્વસ્તિક પુષ્પ છુટે;
જુજવા જગમંદિરની
લઘુ આરતી યૌવનની:
જહીં સાદ અખંડ પડે — બલિદાન.

દિશના દિશના હવિઓ પ્રજળે,
તપશીનલ સ્વપ્નભૂમિ રસળે;
ધ્વજ ઉન્નત જે ફફડે
'જય હિંદ સ્વરાજ્ય' વહે:
સુર એક સુણાય જગે — બલિદાન.

નવસૃષ્ટિ 'પ્રકાશ પ્રકાશ' વદે,
ત્યમ ઉજ્જ્વલ દીપકમાળ વધે;
પ્રતિબિંબિત જ્યોતતણી
ભર તેજનિધિ પ્રગટ્યો:
તહીં અંતરનાદ ઉઠે — બલિદાન.

સહુ જીવનસ્ત્રોતનું પાન કરે,
ક્ષણમાં રસદેશની ધુન ભરે;
પછી પ્રાણપ્રવાહ ગળે
તન દીપસ્વરૂપ બળે:
નભ અમૃત શબ્દ વદે — બલિદાન.

દેશળજી પરમાર

આકાંક્ષા જાગવા લાગી.

પરિણામે કળાભવનને માટે એક સ્વતંત્ર મોટું મકાન બાંધી તેને સ્થાયી સ્વરૂપ આપવાની અગત્ય જણાઇ અને કવિએ એ કામ માટે ધનની મદદ સારૂ ૧૯૨૦માં દુનિયા આગળ હાથ લંબાવ્યો. ગુજરાતે તથા કાઠિયાવાડના રાજાઓએ એમાં ઘણો જ સંગીન ફાળો આપ્યો, જેમાં જામનગર નરેશની ૧૦ લાખની શાહી રકમ અગ્રસ્થાને છે. આમ, શાંતિનિકેતનના એ નવા અને સ્થાયી કળાભવનનું અસ્તિત્વ મુખ્યત્વે ગુજરાતને જ આભારી છે.

મકાન તૈયાર થવા આવ્યું, અને કવિ રવિન્દ્ર-નાથ ઠાકુરે, શાંતિનિકેતનના એ નૂતન કળામંદિર-માં કળાદેવીની પ્રતિષ્ઠા કરવા તથા ત્યાં જ તેની સ્થાયી ઉપાસના કરવા માટે નંદલાલ બસુને આમંત્રણ આપ્યું.

બરાબર આ જ વખતે લખનૌમાં નવી સ્થપા-એલી હિંદી કળાશાળા તરફથી પણ માસિક રૂા. ૯૦૦ના પગારે આચાર્ય તરીકે નંદબાબુની માગણી થઈ. આ સમયે નંદબાબુને ઓરીએન્ટલ આર્ટ સોસાયટીમાંથી માસિક રૂા. ૩૦૦નું વેતન મળતું હતું. શાંતિનિકેતનનું કળામંદિર જરૂર કરતાં વધારે વેતન આપી શકે તેવું હતું નહિ, પણ ત્યાં શાન્ત અને ભાવનાપ્રેરક વાતાવરણમાં સ્થિર ચિત્તે કળાની ઉપાસના થઇ શકે તેવા સંજોગો હતા. લક્ષ્મીને બહુ જ સરળતાથી જતી કરી, નંદબાબુએ કળાની એકાન્ત ને પ્રબળ ઉપાસનાને અનુકૂળ વાતાવરણવાળું શાંતિનિકેતન પોતાના જીવનકાર્યના ક્ષેત્ર તરીકે પસંદ કર્યું. એમણે માત્ર રૂા. ૨૦૦ના દર-માયાથી ત્યાંનું કળામંદિર સંભાળી લીધું, અને ત્યાં કામ કરતા પોતાના પ્રિય સહચારી અસીતકુમાર હલધરને લખનૌની કળાશાળાની રૂા. ૯૦૦ના પગારની આચાર્યની જગ્યા અર્પી દીધી.

કવિને તો આથી અત્યંત આનંદ થયો. એમણે પોતે જુદેજુદે સ્થળેથી મેળવેલી ઘણી સુંદર વસ્તુઓ કળાભવનને અર્પણ કરી અને એક 'કળાસંગ્રહસ્થાન'ની પણ શરૂઆત થઇ.

શાંતિનિકેતન કળાભવનને હાથમાં લઇ નંદબાબુએ



શ્રી નંદલાલ બોઝનું કુટુંબ

પાછળ ઉભેલા (ડાબી બાજુએથી) નંદબાબુનાં મોટાં પુત્રી ગૌરીદેવી, નંદબાબુ, મોટો પુત્ર બિશુ; નીચે બેઠેલા (ડાબી બાજુએથી) નાનો પુત્ર ગૌરમોહન, નંદબાબુનાં પત્ની, નાની પુત્રી યમુના.

ઝડપભેર તેનો વિકાસ કર્યો અને તેમાં અનેક નવી પ્રવૃત્તિઓ શરૂ કરી. વિદ્યાર્થીઓ વધતા ગયા. કન્યા વિભાગ પણ શરૂ થયો, અને તેમાં આપણા ગુજ-રાતમાંથી બહેન શ્રીમતી હઠીસિંગ પણ જોડાયાં. વિદ્યાર્થીઓ તો હિંદના જુદાજુદા પ્રાંતોમાંથી આવવા લાગ્યા. થોડા તો જાપાન, અમેરિકા અને ઑસ્ટ્રેલિયાથી પણ આવી ગયા છે. આ પાંચ વર્ષમાં તો અહીંના કેટલાક વિદ્યાર્થીઓ સારી જગ્યાઓ મળતાં જુદેજુદે સ્થળે કળા–અધ્યાપકો તરીકે નીમાયા છે.

૧૯૨૩માં શ્રી રવીન્દ્રનાથ ઠાકુરને ચીન જવાનું આમંત્રણ મળ્યું અને ૧૯૨૪ના માર્ચમાં એ ઉપડ્યા ત્યારે સાથે નંદબાબુને પણ લેતા ગયા. આમ ચીન



શ્રી સુરેન્દ્રનાથ કાર

તથા જાપાનના પ્રવાસે જવાનો સુભગ યોગ એમને મળી ગયો. બંને દેશમાં આ હિંદી કવિ તથા ચિત્રકારને ખુબ માન મળ્યું. ચોમેરથી નંદબાબુને ત્યાંના ચિત્રકારો મળવા આવતા, અને એક વખત તો, કેટલાક ચીની કળાકારો યાત્રાએ જતા હતા, તે હિંદી કળાકારને પોતાના દેશમાં આવેલા સાંભળી તેમને મળવા માટે માર્ગમાં થોભ્યા હતા.

પૂર્વના એ બંને દેશોની કળાને ભારતીય કળા જોડે નિકટનો સંબંધ છે. ત્યાંના કળાકારો સાથેના વાર્તાલાપો દ્વારા તથા ત્યાંનાં કળાધામોની યાત્રાઓ કરીને નંદબાબુએ વિવિધ પ્રકારે વિનિમય સાધ્યો અને એની અસર એ પોતાના શિક્ષણ તથા કળામાં અત્યારે ઉતારી રહ્યા છે.

એમનું પહેલું ચિત્ર 'સરસ્વતી'નું પ્રગટ થયા પછી આજ સુધીમાં નંદબાબુનાં નાનાંમોટાં મળી લગભગ ૪૦૦ થી ૫૦૦ જેટલાં સુંદર ચિત્રો છપાયાં છે. પુસ્તકોમાં છાપવા માટે સાદાં ચિત્રો (ઇલસ્ટ્રેશન) તો એમણે માંડ વીસ, કે ત્રીસ જ કર્યાં છે;–બાકીનાં બધાં સંપૂર્ણ રંગીન ચિત્રો. એ ઉપરાંત આશરે વીસેક સ્થળે ભીંતચિત્રો (ફ્રેસ્કોઝ) દોર્યાં છે. શ્રી જગદીશ બોઝના ઘરમાંનાં એમનાં ભીંતચિત્રો તો સુપ્રસિદ્ધ છે. શાંતિનિકેતન વાંચનાલયના એક ઓરડામાં પણ એમણે ભીંતચિત્રો કર્યાં છે.


ચિત્રસર્જનનો એમનો પ્રવાહ એટલો અખંડિત વહ્યા કર્યો છે કે એક ચિત્ર પુરૂં થઈ ગયા પછી ભાગ્યે જ એ તેની સામે જુએ છે. નવી કલ્પના, નવી ઢબ ને નવી રચનાનાં ચિત્રો એક પછી એક જાણે ફુટતાં જ જાય છે,—બધાં એકએકથી વિભિન્ન અને ચડિયાતાં. અને તેની કીમતો પણ એવી જ ભારે અંકાય છે; તે તૈયાર થતાં વેચાઇ પણ એટલી જ ઝડપથી જાય છે.

એનું એક જ લાક્ષણિક દૃષ્ટાંત બસ થશે. ભગવાન બુદ્ધની ભક્ત, અશોકની દાસી શ્રીમતીનું એક મોટું સરસ ચિત્ર ગયા ઉનાળામાં એમણે કરીને ફ્રેમ માટે કલકત્તા મોકલેલું. કલકત્તાના કળારસિક શ્રીમંત શ્રી પી. એન. ટાગોરને એની જાણ થતાં તારથી તરત નંદબાબુને ખબર આપ્યા કે તમારૂં ચિત્ર હું ખરીદી લઉં છું; શી કીમત છે તે જણાવજો!

એમનાં કેટલાંક સારાં ચિત્રો કલકત્તામાં શ્રી અવનીન્દ્રનાથ અને ગગનેન્દ્રનાથ ઠાકુર તથા પી. એન. ટાગોરના કળાસંગ્રહમાં, શાંતિનિકેતન કળાભવનમાં, મુંબાઇમાં શ્રી બહેરામજી ટ્રેઝરીવાળાના સંગ્રહમાં તથા બીજા અનેક કળારસિકો પાસે છે. કવિવર રવીન્દ્રનાથને તો એમની પ્રત્યેક જન્મતિથિએ એક ચિત્ર ભેટ ધરવાનો નંદબાબુએ રિવાજ રાખ્યો છે. ૧૯૨૪માં ચીન-જાપાનની સફર વખતે પણ એમણે એ રિવાજ નહોતો તોડ્યો અને પેકિંગમાં કવિના જન્મદિનની પ્રભાતે એક સુંદર ચિત્ર કરીને એમને ચરણે ધરેલું. રવિબાબુ પ્રત્યે એમને અતિશય પૂજ્ય ભાવ છે.

ગાંધીજીને પણ એમણે એક સુંદર ચિત્ર ભેટ ધર્યું છે. નિકટના મિત્રો, સંબંધીઓ અને વિદ્યાર્થીઓને પણ પોતાનું એકાદ ચિત્ર ભેટ આપ્યા વિના એ રહેતા નથી. સર્જનનો જ્યાં ઓઘ વહેતો હોય ત્યાં શી કમીના હોય?

દર વરસે ડિસેમ્બર મહીનામાં નાતાલની રજા અગાઉ શાંતિનિકેતનમાં સતીપોષનો મેળો (આનંદ-બજાર) ભરાય છે. એ વખતે કળામંદિરના વિદ્યાર્થીઓ તથા નંદબાબુના કરેલા સ્કેચવાળાં પોસ્ટકાર્ડ મેળામાં વેચાય છે,-સોંઘામાં ચાર આનામાં પોસ્ટકાર્ડ ઉપર નંદબાબુ જેવાના હાથે રંગ કે પેન્સિલમાં આલેખેલાં કાર્ડ મળે તે કોણ ન લે? એટલે મેળામાં આવાં કાર્ડ ખુબ ખપે છે. એથી એકબીજાની કૃતિના નમુના એકબીજા પાસે યાદગીરી તરીકે રહે છે; અને એની ઉપજના પૈસા કળાભવનના જ કામમાં ખર્ચાય છે.



નંદબાબુનો દોરેલો એક સ્કેચ



નંદબાબુ: છેલ્લો ફોટોગ્રાફ

દર વરસે આવા નાણાં વધુ મળે તે માટે નંદબાબુ પણ સંખ્યાબંધ પોસ્ટકાર્ડો સ્કેચથી ભરી કાઢે છે. એની આવકમાંથી કલાપ્રદર્શનોમાં ચિત્રો મોકલવાનું ખર્ચ વગેરે નીકળે છે. વધે છે તે એકઠું થાય છેઃ એમાંથી એક મકાન બંધાવવાનો નંદબાબુનો ઇરાદો છે.

જાપાનથી આવીને એમણે ચીની નર્તકીનું એક મોટું ચિત્ર રેશમ પર કરેલું. નંદબાબુની અનેક સુંદર કૃતિઓમાંની સર્વોત્તમની હારમાં આવે એવા એ ચિત્રમાં રંગની આછી મિલાવટ અપૂર્વ છે. શ્રી પી. એન. ટાગોરે એ તરત ખરીદી લીધેલું. એમનાં બીજાં વખણાએલાં ચિત્રોમાં 'શિવનું તાંડવ', 'પાર્વતીના મૃત્યુ પર સંતપ્ત શિવ' 'જગતનું ઝેર પીતા શિવ'– ઇત્યાદિ શિવનાં ચિત્રો સારૂં સ્થાન ભોગવે છે. શિવની મુદ્રા અને તે પરનું ભાવાલેખન અદ્દભુત છે.

ચિત્રો બતાવતાં, સમજાવતાં અને શીખવતાં એમણે જુદેજુદે સમયે કાઢેલા કળા ઉપરના વિચારો એટલા બધા વિવિધ અને વિપુલ છે કે તે વિગતથી ઉતારવાને અહીં સ્થાન નથી. કળા વિષે એમના વિચારોનો મુખ્ય ભાવ ટુંકમાં કહી શકાય કે કળા (પછી તે ચિત્ર, શિલ્પ, નાટ્ય કે સંગીત ગમે તે હોય) જો માણસના હૃદયમાં કોઇ ઉન્નત, પૂજ્ય કે ભક્તિનો ભાવ ઉત્પન્ન ન કરતાં વિલાસની ભાવના પ્રગટાવે તો તે ખરી કળા નથી. દાખલા તરીકે બે ચિત્રકારોને 'ક્રોધ'નો ભાવ પ્રગટ કરનારાં ચિત્રો કરવાનાં હોય; તેમાંનો એક, ક્રોધાવિષ્ટ થએલા શિવનું ભયંકર તાંડવ ચીતરે, બીજો ગુસ્સે થએલી કોઈ માનિની ચીતરે. એ બંને ચિત્રોની સમાજ ઉપર જે અસર થવાની તે સ્પષ્ટ છે.

એક પ્રશ્નના ઉત્તરમાં કહે કે કુદરત ઉપરથી અભ્યાસ કરવા માટે એ જોઇને તમે સ્કેચ ભલે કરો; પણ કોઇ સ્વતંત્ર કૃતિનું નિર્માણ કરતી વેળા એ સ્કેચનો ઉપયોગ કરવો તે બરાબર નથી. કોઇ પોતાની સ્કેચબુકોમાંનાં વિવિધ પાત્રો, સ્થળ અને સમયનાં ચિત્રો એકઠાં કરી તેનો સમન્વય કરી એક કૃતિ ઉપજાવે તે ખરૂં કળાસર્જન ન કહેવાય. પ્રાચીન યૂરોપીય તથા હિંદી કલાકારો કલ્પનાથી જ સર્જન કરતા. ઇટાલિયનો મોડેલ રાખી અભ્યાસ કરતા ખરા, પણ પછી ચિત્રવિધાન તો કલ્પનાથી જ કરતા. હિંદી કળાકારો તો સ્કેચ કે અભ્યાસ માટે પણ કોઇ વસ્તુ સામી મોડેલ તરીકે ન રાખતાં, માત્ર નિરીક્ષણ –સંપૂર્ણ નિરીક્ષણ જ કરતા અને પછી કલ્પનાથી જ સર્જન કરતા.

પોતાનાં ચિત્રો એમણે જુદીજુદી ધૂન પ્રમાણે અનેક વિવિધ શૈલીમાં કર્યાં છેઃ કોઈ મુગલ, કોઇ રાજપુત તો કોઇ અજંતા ઢબે; કોઇ જાપાની તો કોઇ ઇરાની શૈલીમાં. કોઇ વાર વળી ગમ્મત અને



નટરાજ

ઇલોરાની દશાવતાર ગુફામાંની મૂર્તિને આધારે દોરેલું રેખાંકન: આ ચિત્ર નંદબાબુએ પોતાના સુવાના ઓરડામાં ટાંગેલું છે.



નંદબાબુ : ૧૯૧૪માં અસીતકુમારે દોરેલો સ્કેચ

વૈવિધ્ય ખાતર રંગને બદલે માટીથી પણ ચીતરી નાખે છે. એક વાર બાગ ગુફામાંથી એમણે શાંતિનિકેતન કળાભવન પર એક પોસ્ટકાર્ડ ચીતરી મોકલેલું તે રંગને બદલે ગુફામાંની માટી પલાળીને, પીંછીને બદલે આંગળીથી જ ચીતરીને મોકલેલું ! જોઇને આપણે દંગ થઇ જઇએ કે એ જાડી આંગળીઓ વડે આટલું સુંદર ચિત્ર કરનારનો હાથ પર કેટલો અદ્ભુત કાબુ હશે!

માત્ર ચિત્રકળામાં જ એમની કળાવૃત્તિ સમાઇ રહેતી નથી. નાટ્ય અને નૃત્યકળાના એ બહુ શોખીન છે. લાકડા પર ચિત્રો કોતરવાની કળા, માટીકામ ઇત્યાદિ નાનીનાની હસ્તકળાઓ પણ એમને સુસાધ્ય છે. પોતાના પ્રત્યેક ચિત્રમાં એ પોતાના નામના, હાથે કોતરેલા એક સીલ–સિક્કા–ની છાપ મારે છે. ઘણી વાર મુસાફરીમાં હમેશાં આવાં સીલ પાસે ન હોય, તે વખતે જુદેજુદે સ્થળે જુદીજુદી ચીજોમાંથી એમણે સીલ કોતરી લીધાં છે. એક વાર ચીનાઇ પ્યાલાના કટકામાંથી; બાગ ગુફામાં ત્યાંની ઇંટના એક ટુકડામાંથી; એક વાર મુસાફરીમાં જાપાની લાકડાના કટકામાંથી તો એકબે વખત માટલાંના કે કોલસાના કટકામાંથી પણ બનાવી લીધેલાં. આ તો રમુજ ખાતર એક ટુચકો જ વર્ણવ્યો છે.

પ્રાચીન હિંદી કળાકારો જે દેશી બનાવટના રંગોથી કામ કરી ગયા છે તેના જેટલી સફાઇ અને ટકાઉપણું અત્યારે પરદેશી રંગોથી નથી લાવી શકાતાં તેની બળતરા એ અનેક વાર કરતા સંભળાયા છે. રાજપુત શૈલીનાં ચિત્રો જોતાંજોતાં એક વાર કહે કે 'જોઇ આ સ્વચ્છતા ને સફાઇ? આપણે તો આની આગળ કંઇ વિસાતમાં નથી; હજી ઘણું શીખવાનું છે.' ટકાઉ દેશી રંગો વનસ્પતિમાંથી બનાવવાના એમના પ્રયાસો ચાલુ છે અને થોડા વખતમાં તેમાં સફળ પણ થશે એવી ઉમેદ ધરાવે છે.

શાંતિનિકેતન કળાભવનમાં નંદબાબુની પ્રવૃત્તિ માત્ર ચિત્રકળાના ક્ષેત્રમાં જ પુરાઇ રહેતી નથી. આશ્રમના જીવનના એકેએક અંગ ઉપર તેમની સીધી કે આડકતરી અસર પહોંચે જ છે, અને તેને કળાના રંગથી રંગી સુંદર સ્વરૂપ આપી દે છે. અભ્યાસગૃહોની ગોઠવણી, ઉત્સવ સમયનાં સુશોભનો અને શણગાર, નાટ્ય પ્રયોગો તથા સંગીતના જલસા વગેરે વખતની રંગભૂમિની રચના અને પાત્રોનાં વેશપરિધાન,—બધે નંદબાબુનો હાથ હોય જ. માત્ર આશ્રમનાં ફુલપાન તથા સાદી સાડીઓ અને સફેદ ચાદરો વડે ઉભી કરેલી રંગભૂમિને એમના હાથનો સ્પર્શ એવુ સુસંગત અને મનોરંજક સ્વરૂપ આપી દે કે વાદ્યોના સંગીતની સાથે એ રંગરચનાનું પણ સંગીત આપણી આંખ



ડાબી બાજુએ: લેખકે દોરેલું નંદબાબુનું લક્ષણિક ઠઠ્ઠાચિત્ર



જમણી બાજુએ: નંદબાબુ: ફોટો

અનુભવે અને કોઇ ઉન્નત વાતાવરણ રચે.

સામાન્ય દૈનિક જીવનમાં પણ એમની કળાનાં રસછાંટણાં જણાયા કરે,–તે ઠેઠ આશ્રમના હાજરીપત્રક સુધી. એ કિસ્સો જાણવા જેવો છે. થોડા મહીના પહેલાં આશ્રમના વિધુશેખર શાસ્ત્રીજીએ મજાકમાં એમની જોડે એવી શરત કરી કે નંદબાબુએ તો હાજરીપત્રકના પોતાના નામ સામેના ખાનામાં હાજરીનો એકડો ન માંડતાં હમેશાં કંઇક ચિત્ર જ માંડી આપવું. આજની ઘડી સુધી નંદબાબુએ એ શરત અખંડિત રીતે પાળી છે; અને રોજ ને રોજ એમના ખાનામાં કોઇ નવીન ને નવીન વસ્તુ ચીતરાતી જાય છે!

હાજરીની વાત આવી એટલે કહી દઉં કે અહીં કળાભવનમાં કામ કરવાનો નિર્ણિત વખત છે; છતાં એ બાંધેલા કલાક મુજબ જ કામ કરવાનું કશું ફરજિયાત નથી. વિદ્યાર્થી કે અધ્યાપક એને ગમે ત્યારે–સવારે, બપોરે, સાંજે મરજી પડે તે વખતે–કળાભવનમાં જઇને કામે બેસી શકે છે. નંદબાબુ પણ વિદ્યાર્થીઓની જોડાજોડ જ બેસીને કામ કરે છે અને તેમની સાથે એકદિલ બની વાતો કરતાંકરતાં શિક્ષણ આપે છે. એ કહે છે કે કળા ખુરશીએ બેસીને નથી શીખવી શકાતી, પણ અંતરમાં પેસીને ઉતારી શકાય છે. અને ખરેખર, કળાભવનમાં શીખી ગએલા એકેએક વિદ્યાર્થીના અંતરમાં એ સૌમ્ય, મધુર ને પ્રતિભાવાન વ્યક્તિનું બહુ ઉંડું ને ચોક્કસ સ્થાન છે.

કળાભવનનું મકાન બે માળનું છે. આ લેખને મથાળે મુકેલું ચિત્ર તેનો ખ્યાલ આપશે. નીચે આગળના ભાગમાં ગ્રંથાલય તથા પાછળ કળાસંગ્રહ છે. ગ્રંથાલયમાં સાહિત્ય ને કળાનાં બહુમૂલ પુસ્તકો તથા રવિબાબુને દુનિયાનાં જુદાંજુદાં સ્થળોમાંથી ભેટ મળેલા ગ્રંથોનો સંચય છે. કળાસંગ્રહમાં દેશદેશની સુંદર વસ્તુઓ, ચિત્રો અને કારીગીરીના અદ્‌ભુત નમુનાઓનો રવિબાબુએ અર્પણ કરેલો સમૂહ છે. નંદબાબુએ પણ ચીન જાપાનથી પોતાને મળેલી કેટલીક અપૂર્વ સુંદર ભેટો એ સંગ્રહને અર્પણ કરી છે.

કળાભવનનો આગલો ઓટલો નાટ્યપ્રયોગો વખતે રંગભૂમિ તરીકે વપરાય છે. માળ ઉપર ચિત્રકળામંદિર બેસે છે. એકેક બારી આગળ એકેક વિદ્યાર્થીની બેઠક હોય છે. એક ટેબલ, એક પાથરણું અને પાણીનું મોટું કુંડું, એટલાં સાધનો. પણ વાતાવરણ! સમર્થ કળાકારોની પ્રતિભાસંપન્ન કૃતિઓ તથા વિદ્યાર્થીઓનાં ચિત્રોથી શણગારાએલી દીવાલો; બારીમાંથી દેખાતી દૂરદૂરની ક્ષિતિજ રેખા, અને એને કયાંકકયાંક ભંગ કરતાં શાલ અને તાડવૃક્ષો; અને આ બધાંને એકત્રિત કરી એક તારમાં પરોવતી અહર્નિશ ચાલતી સંગીતની ધૂન! ચિત્રકળામંદિરમાં સંગીત તો ચાલુ જ હોય છે. એક બાજુ વિદ્યાર્થીઓ કામ કરતા હોય, અને બીજી બાજુ એક ખુણામાંથી વીણા, સતાર કે દિલરૂબાના સૂર ધીમાધીમા વાતાવરણને ડોલાવતા

હોય! એ વાતાવરણમા, નંદબાબુ જેવા કળાકારના અંતરનાં અમી પી, એમની છાયામાં કામ શીખવું એ જીવનની ધન્ય લ્હાણુ છે.

નંદબાબુની નમ્રતા, સૌજન્ય એ તો એમનો પ્રધાન ગુણ. વિદ્યાર્થીઓ પરનો એમનો અસીમ પ્રેમ સૌને કુટુંબીજનની પેઠે જ અભિષેકતો હોય છે. પોતાના પ્રાંતનું એટલું જ શ્રેષ્ઠ એવી માન્યતા અને પોતાના પ્રાંતના લોકો પ્રત્યે પક્ષપાત, એ બંગાળીઓ વિષેના પ્રચલિત—અને સાચા આરોપનો અંશમાત્ર નંદબાબુને લાગુ પડતો નથી. પ્રાંતેપ્રાંતના વિદ્યાર્થીઓ પર એમની સમદૃષ્ટિ એક સરખો જ ને અખંડ પ્રેમ સદા વરસાવી રહે છે.

શાંતિનિકેતન જઇ આવેલા યાત્રીઓ સૌ જાણે છે કે કવિ રવીન્દ્રનાથ પછીનું તરત જ મહત્ત્વનું વ્યક્તિત્વ ત્યાં શ્રી નંદલાલ બસુનું છે, અને ત્યાંની પ્રવૃત્તિઓમાં સૌથી સજીવ અને સક્રિય પ્રવૃત્તિ કળા-ભવનની છે. રવીન્દ્રનાથની ગેરહાજરીમાં પણ એ કળાભવન અને એના આચાર્ય, સ્થાનિક તેમજ અતિથિજનોને આકર્ષી રાખી શાંતિનિકેતનનું મહત્ત્વ જાળવી રહ્યાં છે. એ બે ન હોય તો કદાચ શાંતિનિકેતન સુનું બની જાય.

કનુ દેસાઈ

અથડામણ

જીવન એટલે જ અથડામણ. પ્રતિક્ષણે વાણીએ વાણીને, વિચારે વિચારને, આચારે આચારને અથડાવું પડે છે. મનુષ્ય પોતાની સાથે પણ મન, વાણી અને કાર્યમાં અથડાય છે. સમગ્ર ચેતનસૃષ્ટિ પળે પળે અથડામણમાંથી પસાર થાય છે.

આ અથડામણ એટલે જીવંતપણું.

પત્થર સાથે જ્યારે લોઢું અફળાય છે ત્યારે અગ્નિ જેવી મહા શક્તિ પ્રગટ થાય છે. એવી જ રીતે અથડામણ મનુષ્યની શક્તિ બહાર આણે છે. અથડામણમાંથી ખસવાની ઈચ્છા એટલે જીવવાની અનિચ્છા: મૃત્યુના મુખમાં જવાની તૈયારી.

કોઈ અથડામણથી ન ડરે; અથડામણથી હતાશ ન થાય; અથડામણ તેની બુદ્ધિને કુંઠિત ન કરે. અથડામણમાં જ મનુષ્યની કસોટી છે. સ્થિર બુદ્ધિથી, આશા ને ઉત્સાહથી અથડામણને કાપી નાખી વીર જેમ માણસે આગળ વધવાનું છે.

(શિક્ષણ પત્રિકા)

નિંદા

બધા વ્યાપારીઓમાં મોહનસિંહ સૌથી જુદા જ સ્વભાવનો હતો. સૌ તેનું માન રાખતા. એ અનાથના બેલી તરીકે ખાસ વિખ્યાત હતો. પાસે પુષ્કળ—અખૂટ દ્રવ્ય હતું. ઇશ્વરનો પરમ ભક્ત હતો. કેટલીક વાર તો મોટા સંન્યાસીઓ જે તેને ત્યાં જ્યારે આવે ત્યારે આડંબર ધારણ કરે, તે જતી વખતે તેના ચરણનો સ્પર્શ કરીને જતા. લોકો માનતા કે તેને દેવદેવીઓની સહાય છે.

ગમે તેમ હોય, પણ તેની એક પ્રતિજ્ઞા એ હતી કે કોઇ પણ ભોગે શરણાગતને સદા રક્ષણ આપવું. તેનો વિચાર તે હમેશાં સુતાંસુતાં કરતો હતો.

સાંજને સમયે તેણે રસ્તા પર શોરબકોર થતો સાંભળ્યો. ખુબ વસ્ત્રો છતાં બધાં જ ફાટેલાં ધારણ કરેલી એક સ્ત્રી ઉઘાડે માથે રસ્તા પર દોડતી જતી હતી. તેના વાળ આમતેમ પવનમાં ઉડતા. કાંઇક બોલે તો લોકો હસતા; પણ જો કોઇ ઘરના ઉંબર ઉપર ઉભવા જાય તો એકદમ ઘરનાં માણસો આવી તેને હાંકી કાઢી મુકતા. અટકચાળાં બાળક હાથમાં કાંકરા લઇ તેની પછવાડે દોડી તેને મારતાં. કોઈ તેમને અટકાવતું તો પાછળ ચાલનાર મહાજનો આવી પહોંચી બોલી ઉઠતા, 'અરે ભાઇ! વચ્ચે ન પડશો; એ તો એ જ લાગની છે. શું કરીએ કે આથી વધારે શિક્ષા તેને થઇ શકતી નથી. નહિ તો તેને આમ જતી મુકત નહિ.'

વચ્ચે પડનાર કુતૂહલથી પુછતો, 'કેમ, એણે એવું તે શું કર્યું છે? તે કોણ છે?'

પરોપકારી મહાજન એકદમ તેના કાન પાસે મોં લાવી મુખ ઉપર અત્યંત તિરસ્કારનો ભાવ વ્યક્ત કરી શરીરના અંગોના ચિત્રવિચિત્ર મરોડ કરતાકરતા કાંઇક કહેતા. બેત્રણ જણ તેમાં હાએ હા ભેળવતા. વચ્ચે આવનાર પેલી બાઇ તરફ જોતો. બાઇ હસતી એટલે તરત વચ્ચે આવનાર કાં તો ચાલ્યો જતો અથવા વધારે ક્રુદ્ધ થઇ મહાજનના મંડળમાં ભળી

જાઇ એ સ્ત્રીને ત્રાસ આપવાના કાર્યમાં ભાગીદાર થતો. આ બનાવ થોડા વખતમાં ઘણી વાર બન્યો હતો.

એટલું સ્પષ્ટ હતું કે એ સ્ત્રીનો જે અપરાધ હોય તે અક્ષમ્ય હતો. તેણે દયા માગવાનો સુદ્ધાં અધિકાર ગુમાવ્યો હતો. તે ત્રાસેલી હતી, ઘવાએલી હતી, દુઃખી હતી; છતાં પણ તે શિક્ષા બધાને ઓછી લાગતી. ગમે તે કારણથી તેણે લોકોનો અતિશય ગુસ્સો વહોરી લીધો હતો, અને ઘણા તો હિંસક પ્રાણીથી જેમ તેનો શિકાર ત્રાસે, તેમ આ સ્ત્રીથી ત્રાસી દૂર નાસતા.

સામેથી એક સંન્યાસી આવ્યો તેણે આ સ્થિતિ જોઈ લોકોને રોકયા. મહાજનો એકદમ પાસે આવ્યા.

'મહારાજજી, એ તમારૂં કામ નથી. તમે દૂર થઇ જાઓ. એ સ્ત્રી ઉપર દયા ઘટતી નથી. અત્યારે તેનું કોઇ રક્ષણ કરનાર નથી ત્યારે તેને તો બરોબર શિક્ષા થવી જોઇએ. આપ વચ્ચે ન આવશો.'



એક નિર્મળ તેજસ્વી બાળક દાખલ થયો

'રક્ષણ કરનાર કેમ કોઈ નથી ? હું એ સ્ત્રીનો રક્ષક બનું છું. તમે બધા ચાલ્યા જાઓ. એ સ્ત્રી મારી સાથે આવશે.' હું એને અવશ્ય રક્ષણ આપીશ. એ મારો નિશ્ચય છે. બોલો ને કોણ છે? તેણે શું કર્યું છે?'

મહાજનોમાંથી ત્રણચાર જણ આગળ આવ્યા અને સંન્યાસીના કાનમાં કાંઇક કહ્યું. બીજાઓએ પોતાના માથાને વ્યાવૃત્ત થએલ અનેક વર્તુલાકાર પાઘડીને ગરદનની મદદથી હલાવી તેને અનુમોદન આપ્યું. સંન્યાસીની મુખમુદ્રા પર ફેરફાર થવા માંડયો. તેણે તે સ્ત્રી સામે જોયું. સ્ત્રી હસી. એકદમ ક્રોધથી સંન્યાસીનાં નેત્રો લાલચોળ થઇ ગયાં. થોડી વારે તેનો ગુસ્સો કાબુમાં આવ્યો. ને ૐ શાન્તિનો મંત્ર ઉચ્ચાર્યો.

'જો એમ હોય તો આ સ્ત્રી મારી સાથે નહિ રહી શકે. મારે નિશ્ચય કર્યા પહેલાં વિચાર કરવો જોઇતો હતો. પણ કાંઇ નહિ; હું તે સ્ત્રીને રક્ષણનો

માર્ગ બનાવીશ.'

'લડકી!' સંન્યાસી તે સ્ત્રી પાસે જઇ બોલ્યો, 'આ દુનિયામાં તને કોઇ રાખશે નહિ. પણ તને રક્ષણ કેમ મળે તે માટે એક વાર્તા કહું. આજથી થોડા વખત પહેલાં તારી જ માફક એક સ્ત્રી ભટકતી ભટકતી અહીં આવી હતી. તે સગર્ભા હતી. આ શહેરના દરેક ઘરના ઉમરે ઉમરે તે ભટકી; પણ ઘૂવડ જેમ સૂર્યને જોઇ ન શકે તેમ લોકો એ સ્ત્રીને ઓળખી ન શક્યા. અહીંના મૂર્ખ લોકોને એટલો પણ વિચાર ન આવ્યો કે દરેક સગર્ભા સ્ત્રી અનીતિમાન નથી હોતી. જો કોઇએ પણ તેને આશ્રય આપ્યો હોત તો તે માણસ ભવને પેલે પાર તરી જાત. પણ લોકો માત્ર બીકથી કાંઇ કરી ન શક્યા. સ્ત્રીના ભાગ્યમાં ખુલાસો કરવાનું હતું જ નહિ. ઘણાએ ખાનગી રીતે તે સ્ત્રીને પકડી જવા ધાર્યું પણ તેઓ ન ફાવ્યા. તે સ્ત્રીનું નામ પ્રતિષ્ઠા. તું મોહનસિંહને તેની પ્રતિષ્ઠાનું સ્મરણ આપજે. તે જો તને ન રાખે તો તું મરી જજે.'

મોહનસિંહ, મોહનસિંહ કરતી તે સ્ત્રી દોડી. લોકો તેની પાછળ ધસ્યા. બધાએ કહ્યું કે કોઇ તેને મોહનસિંહનું ઘર ન બતાવતા. મહાજન એ ઘણી ચતુર સંસ્થા છે. એ ચાતુર્યે કેટલાક મહાજનોને પ્રેર્યા કે આ સ્ત્રીને રક્ષણ ન આપવા માટે તેઓ મોહનસિંહને સમજાવે. તેઓ મોહનસિંહના ઘર તરફ ચાલતા થયા.

તેમને જ પગલેપગલે સ્ત્રી મોહનસિંહને ત્યાં ગઇ અને રક્ષણની માગણી કરી. અગાઉ એક સ્ત્રીને રક્ષણ આપ્યું હતું તે વાત પણ કરી. મહાજનોએ મોહનસિંહને રોક્યો અને કાનમાં કાંઇક કહીને તેને તે સ્ત્રીની ઓળખાણ આપી. મોહનસિંહ ઉંડા વિચારમાં પડ્યો. અંતે તેણે નિશ્ચય કર્યો.

'તારૂં નામ, બાઇ?'

'નિંદા.'

'બાઇ, તું મારા રક્ષણ નીચે આવેલી છે તો મારા રક્ષણમાં જ રહે. જ્યાં સુધી તું તારી મરજીથી જાય નહિ ત્યાં સુધી કોઈ તને અહીંથી જવાનું કહેશે નહિ.'

મહાજનો સ્તબ્ધ થઇ તેની સામે જોઇ રહ્યા. કોઇ ગુસ્સે થયા. બધા જ ખિન્ન થયા. ઘણા રસ્તે પડ્યા. બાકીના એ સ્ત્રી ઉપરના ગુસ્સાને શમાવવા બીજે ચાલ્યા ગયા.

ધીમે ધીમે મોહનસિંહની આસપાસ અંધકાર પ્રસર્યો. તેના પલંગની સામે એક ઝાંખો દીવો બળી રહ્યો હતો. થોડી વારે તેને નૂપુરનો ઝંકાર કાને પડ્યો. લાગ્યું કે કોઈ ત્યાંથી જાય છે. તે ચમક્યો. પુછ્યું, 'કોણ?'

'એ તો હું પ્રતિષ્ઠા.'

'કેમ, શું છે?'

હું જાઉં છું.

'શા માટે?'

'આપે મારી ઉપર ઘણો ઉપકાર કર્યો છે, પણ આજે એ બધા ઉપર પાણી ફરી ગયું. આજે આપે નિંદાને આશ્રય આપ્યો છે એટલે હું જાઉં છું. મને રજા આપો.'

'તમારા રહેવાથી મને ઘણું સુખ મળ્યું છે. પણ જો નિંદાને હું આશ્રય આપું તેથી જ તમને દુઃખ થતું હોય તો ભલે, તમે પધારો. મારી રજા છે.'

પ્રતિષ્ઠા ગઇ. થોડી વારે બીજી સ્ત્રી આવી. તે પણ જવા માગતી હોય એમ લાગ્યું. મોહનસિંહે પુછ્યું, 'કોણ?'

'એ તો હું સરસ્વતી.'

'કેમ, તમારે પણ જવું છે?'

'હા.'

'શા માટે?'

'તમે નિન્દાને આશ્રય આપ્યો. પ્રતિષ્ઠા તો અત્યાર પહેલાં નીકળી ચુકી છે. મારે પણ રહેવાની જરૂર નથી. હું નિંદાની સાથે રહેતાં લાજી મરૂં. મને જવાની રજા આપો.'


મોહનસિંહ બોલ્યો, 'ભલે.'

ત્યાર પછીના થોડા કલાકમાં લક્ષ્મી આવી તે પણ રજા લઇને ચાલી ગઇ. પછી રિદ્ધિ, સિદ્ધિ, શક્તિ, બુદ્ધિ,—બધાં એક પછી એક આવ્યાં અને ગયાં. સુખ, શાન્તિ અને વ્યવહાર પણ ગયાં.

એકએકના પ્રયાણે મોહનસિંહ વધારે ને વધારે ખિન્ન થતો ગયો; પણ ન તેણે એક શબ્દ ઉચ્ચાર્યો કે ન કોઇને રોકાવાનું કહ્યું.

અંતે એક નિર્મળ તેજસ્વી બાળક દાખલ થયો.

[અનુસંધાન આગળ પાન ૪૧૪ મે]



કલાન્ત શિવ
ચિત્રકાર : શ્રી નંદલાલ બોઝ

'રૂપમ્'ના સૌજન્યથી
'કુમાર' : ભાદરવો-આસો (દીવાળી અંક) ૧૯૮૩



ઉમાનું તપ
ચિત્રકાર : શ્રી નંદલાલ બોઝ

'કુમાર' : ભાદરવો-આસો (દીવાળી અંક) ૧૯૮૩

ગામડાંની ધુળમાં ઢંકાએલાં

એક નાટિકા :: લખનાર

ધૂમકેતુ



૧

[હરદેવરામ માસ્તર પોતાના છોકરાને સંભાળીને બેઠા છે. સવારનો મધુર તાપ શિયાળાની ઠંડીમાં વધારે મધુર લાગે છે. થોડેક છેટે ઉગતા સૂર્યનાં કિરણોથી ટાઢ ઉડાડતાં કુરકુરિયાં બેઠાં છે. પાસે એક લીમડાના ઝાડ પર કાગડો 'કા કા' કરે છે ને ઝાડની ડાળે બાંધેલા પાણીના કુંડામાંથી મફતનું પાણી ઢોળે છે. દૂર, માટીના ઉખડેલા ઓટલા પર, પોરબંદરી સીમેંટના બે કોથળા પાથરીને જુના જમાનાનો બ્રાહ્મણ ને નવા જમાનાનો હજામ બે બેઠા છે. બ્રાહ્મણની હજામત કરવા વાળંદ વાળને પાણીથી ભીંજવે છે. પાસે એક કુતરૂં જીભ કાઢીને ઉભું છે. એક પાડરડું આંટા મારે છે ને થોડાંક છોકરાં ફરે છે.

હરદેવરામ પોતાની પાસે બેઠેલા નાના છોકરાને નિહાળે છે: જુની ઢબનું કડિયું, ઝીકસતારાની લાલ ભોંયવાળી ટોપી ને નેનકલાકની ચોરણી પહેરીને તેની પાસે છસાત વર્ષનો છોકરો બેઠો છે. તેણે હાથમાં પાટી ને ધોળી પેન જેને એ 'ધી પેન' કહે છે તે રાખ્યાં છે.]

હરદેવરામ: ક્યાં સુધી શીખ્યો, કૃષ્ણ—કનૈયા?

કનૈયો: (બાપ સામે જોઇને હસે છે.) જુઓ, હું કરી દઉં. (પાટીમાં લીટા કાઢે છે.) જુઓ, જુઓ, મેં આ શું કરી દીધું?

હરદેવરામ: ભાઈ! એ તો લીટા, હો. એમ નહિ કરવાના.

કનૈયો: (જરાક વધારે મોટેથી) પણ, આ લીટો છે? શું આ લીટો છે? જુઓ તો કેવો સીધો છે? જુઓ, આ—આ— (પેનથી બતાવે છે.)

હરદેવરામ: હા. એ સીધો લીટો છે.

કનૈયો: પણ સીધો છે નાં? કાંઇ લીટો છે? સીધો છે નાં?

હરદેવરામ: (પ્રેમથી) તમે એ ક્યાં શીખ્યા?

કનૈયો: (ગર્વથી માથું એક તરફ નમતું જાય છે ને વાત કરતો જાય છે.) અમે નાં, કાકા, અમારા ના, મામા છે ના, એને ગામ ગયા'તા હો? ગામ જ ગયા'તા હો? ત્યાં એક વડ છે. વડ છે હો, વડ. તમે જોયો છે ના? વડ હો? પછી એક નદી છે, નદી. પણ એમાં તો, તમે શું, હું ય ડુબી જાઉં એટલું પાણી છે, હો? પછી ના, નદીને કાંઠે બગલાં બેસે છે. તમે જોયાં છે? ધોળાં હો. ધોળાં, ધોળાં. ધોળાં કેવાં? ધોળાં. બસ, ધોળાં જ હો? કેવાં? કેવાં? એ...કહું?—ચાંદા જેવાં. (અકસ્માત આભમાં જુએ છે.) જુઓ. (ચાંદાને દેખાડવા આંગળી ઉંચે કરે છે, પણ ચાંદો ત્યાં નથી.) આ ચાંદા જેવાં હો? પછી એક બગલું ઉડ્યું. જુઓ, એ...આમ. (પાટીમાં નીચેથી ઉપર જતો સીધો લીટો દોરે છે. હરદેવરામ તે જોયા કરે છે.)

હરદેવરામ: (મનમાં) લીટો તદ્દન સીધો છે! (મોટેથી) પણ, ભાઇ, હવે લીટા છોડો. ચાલો લખો, 'મા!'



કનૈયોઃ (વ્યાકુળતાથી આસપાસ જુએ છે.) મા?

હરદેવરામઃ (મોટેથી) હાસ્તો; લખો, 'મા.'

કનૈયોઃ (ધીરજથી) જોજો હો, લખું છું. (એક ઉભો ને એક આડો લીટો કાઢે છે. આડા લીટા નીચે બે ટપકાં મુકે છે. ટપકાં વચ્ચે આવી જાય તેમ એક ગોળ કાઢે છે.) જુઓ, આ મેં લખ્યું!

હરદેવરામઃ અરે ભલા, આ શું લખ્યું? આ તો લીટા છે. 'મા' ક્યાં છે?

કનૈયોઃ (વ્યાકુળતાથી) મા?–મા તો તમે કહ્યું નથી, કે વાદળાંમાં ગઇ છે? (ઉંચે આકાશમાં જુએ છે. ભુખરા રંગના આકાશમાં ઉડયા જતા કાગડા સિવાય બીજું કાંઇ નથી.) જુઓ, દેવભાઈ,–કાકા, આ વાદળમાં. કાં? એ વાદળ કેવું મજાનું લાગે છે! કાકા, મા શું ત્યાં હશે?

હરદેવરામઃ (નરમ પડી જઇને મનમાં) નાનાં છોકરાં અને એમનાં કુમળાં અંતઃકરણ! એને એની મરી ગએલી મા સાંભરી!...(મોટેથી) કૃષ્ણા, બેટા, પછી એકડો નહિ આવડે હો. લખો એકડો. આ શું કર્યું છે? એકડો લખો.

કનૈયોઃ (હસે છે) પણ આ મા તો તમે જોઇ લ્યો. જુઓ કેવી સરસ છે! (ટપકાં પર પેન મુકે છે.) આ શું છે, તમને ખબર છે?

હરદેવરામઃ (વહાલથી) ના.

કનૈયોઃ (ગર્વથી) ત્યારે જુઓ; એ આંખો છે. (હરદેવરામની આંખોને આંગળી અડાડે છે.) જુઓને, આ. માની આંખો હોં? બહુ સરસ છે, કાં?

હરદેવરામઃ (પ્રેમથી) અને આ બે લીટા?

કનૈયોઃ એ માના હાથ, બીજું શું? આ ગોળ માથું! કેમ, હવે મા બની ગઇ નાં?

હરદેવરામઃ ઠીક ચાલો, એ જવા દો. હવે લખો, 'બા.'

કનૈયોઃ (ખડખડાટ હસે છે.) લ્યો લ્યો, ભુલી ગયા ને? એ કાકા, મા ઇ જ બા.

હરદેવરામઃ લખો તો ખરા. 'મા' લખો, 'બા' લખો; લખો, ચાલો લખો.

કનૈયોઃ પણ શું લખું? જુઓને આ લખ્યું. આ 'મા.' જુઓ આ 'બા.' (પેનથી પેલા લીટા બતાવ્યે રાખે છે.)

હરદેવરામઃ ત્યારે તમે નહિ લખો? તો હું હજામત કરાવી લઉં?

કનૈયોઃ (આનંદથી) હા, હો કાકા! તમે હજામત કરાવશો નાં, ત્યાં હું 'મા' લખીશ; 'બા' લખીશ.

[હરદેવરામ હજામત કરાવે છે. કનૈયો આડાઅવળા લીટા દોરી, 'જુઓ આ બા' 'જુઓ આ મા' 'જુઓ આ બાના કાન' ને એવુંએવું પોતાની માન્યતા પ્રમાણે લખ્યે જાય છે! હરદેવરામ હજામત કરાવી ઉઠે છે. સામેના એક ધુળિયા મકાનમાં કેટલાંક છોકરાં હો હા કરતાં ભેગાં થાય છે, ને દેવમંદિરમાં હોય તેવી ઝાલર વગડવા માંડે છે. કનૈયો જવા માટે તૈયાર થાય છે; એટલામાં હરદેવરામની નજર પડે છે.]

હરદેવરામઃ (હેતથી) લાવો, શું લખ્યું કનૈયાલાલ?

કનૈયોઃ શું? જુઓ શું શું લખી નાખ્યું! મા લખી, બા લખી, બાના કાન લખ્યા; જુઓ શું શું લખી નાખ્યું, કાકા!

હરદેવરામઃ એ લખ્યું ન કહેવાય; એ તો ચીતર્યું કહેવાય.

કનૈયોઃ (કાંઇક સંભારતો હોય તેમ) ચીતર્યું?— ચીતર્યું?—એ...એ...કહું?

હરદેવરામઃ શું?

કનૈયોઃ બા ચીતરતી તેમ? ફુલ ને પોપટ ને એવું એવું?

હરદેવરામઃ હા. આ તો તમે ચીતર્યું છે. લખ્યું નથી. (વધારે હેતથી માથામાં ટાપલી મારીને) તમે ચિતારા છો, કનૈયાલાલ?

કનૈયોઃ (ઉભો ઉભો હસે છે.) હા, હા...કાકા! હું તો ચિતારો, હું ચિતારો. જુઓ ચીતરૂં.

[થોડી વારમાં આડાઅવળા લીટા કરીને ઝાડ જેવો આકાર તૈયાર કરે છે.]

કનૈયો: આ શું કર્યું, જુઓ.

હરદેવરામ: (પાટી લઇને જુએ છે.) ઝાડ બનાવ્યું છે?

કનૈયો: (હસે છે.) હા. અને આ શું? જુઓ, આ. (પેનથી ઝાડની એકાદ ડાંખળી પર પંખી જેવું બેસાડ્યું છે તે બતાવે છે.)

હરદેવરામ: એ? શું હશે?

કનૈયો: નથી ઓળખતા?—જુઓ, પણે શું છે? (સામેનું ઝાડ બતાવે છે.)

હરદેવરામ: પોપટ.

કનૈયો: ત્યારે? આ પોપટને ડાળીએ બેસાડ્યો છે. જુઓને. પેલા ઝાડ પર બેઠો. (આંગળી વતી સામેનું ઝાડ ને તેના પર બેઠેલો પોપટ દેખાડે છે.)

હરદેવરામ: (મનમાં) આ...હા! હું વૃદ્ધ માણસ ભવિષ્યના કોઇ ચિત્રકાર પાસે ઉભો છું. (તે મુંઝાય છે; માથું ખંજવાળે છે. હું ગામડાનો શિક્ષક. પરિસ્થિતિ, પૈસા, સ્થળ, અરેરે બધાં જ મારી વિરુદ્ધ છે. અને...(આમતેમ આંટા મારે છે.)

કનૈયો: (તેનું ધોતિયું પકડીને) કાકા! ચાલોને, જુઓ ત્રણ ડંકા થયા. આપણે મોડા થશું, હો.

હરદેવરામ: (સાંભળતો ન હોય તેમ આંટા મારે છે.) અને...મારી આ નાની સરખી નિશાળમાં, દેશનું કેટલું ધન ભર્યું હશે! તેમાં અદ્દ્ભુત ચિત્રકારો, ભવ્ય શિલ્પીઓ, સાહસિક મુસાફરો, અડંગ ઉદ્યોગીરો, શૂરવીરો, કવિઓ, રાષ્ટ્રવિધાયકો,...અરે, શું શું નહિ હોય? અને આ બધાંનો ઘડનારો હું એકલો!...

કનૈયો: (ધોતિયું ખેંચે છે.) કાકા ચાલોને; મોડું થાય છે.

હરદેવરામ: હા ભાઇ હા, ચાલો.

[બંને જાય છે]

૨

[છોકરાંઓ ગોળ કુંડાળું વળીને ઉભાં છે. એ છોકરા ઇશ્વરસ્તુતિ ગવડાવે છે. બીજા ઝીલે છે.]

'અરજ સુણો અવિનાશી, અમારી,
અરજ સુણો અવિનાશી.'

[હરદેવરામ માસ્તર પ્રવેશ કરે છે. બધાં છોકરાં ટટ્ટાર ઉભા રહી બરાબર ગાવા માંડે છે.]

હરદેવરામ: (ચારે તરફ નજર ફેરવે છે. એક



છોકરા ઉપર નજર ઠેરવે છે.) રઘુ! અલ્યા રઘુ!

[રઘુ હાથ જોડીને આગળ આવે છે.]

હરદેવરામ: રઘુ! તું ગાઇ જાણે છે?

[રઘુ ઉભોઉભો હસે છે.]

હરદેવરામ: અલ્યા, બોલ તો ખરો! તું ગાવાનું શરુ કર.

[સ્તુતિ કરનારાઓને બંધ રાખવા હાથથી સૂચના કરે છે. માસ્તરના આવા વર્તનથી સૌ આશ્ચર્ય પામીને ઉભા રહે છે. રઘુ શરમાય છે ને હસે છે.]

હરદેવરામ: તું ગાવો છો કે?

રઘુ: જી હા; અતીત.

હરદેવરામ: તારી માને ગાતાં આવડે છે?

રઘુ: જી હા; તુળશીકૃત રામાયણ વાંચે છે.

હરદેવરામ: ત્યારે એ જ ગા.

રઘુ: (મધુર કંઠથી ઉપાડે છે:)

રઘુકુલ રીતિ સદા ચલી આઈ,
પ્રાન જાય અરુ બચન ન જાઈ.

હરદેવરામ: (મનમાં) આ...હા...હા! હવે? આ છોકરો આવતા યુગનો ગવૈયો છે! એને...અરે, એને કોણ જીવનનું રહસ્ય સમજાવે? (રઘુ પર હેતથી હાથ મુકીને મોટેથી) ભાઇ! તું ગાતાં શીખીશ?

રઘુ: (હસે છે.) જી હા.

હરદેવરામ: ક્યારે?

રઘુ: જી, આવતા અઠવાડિયામાં તો પરીક્ષા છે નાં?

હરદેવરામ: (ઉતાવળથી) હા, હા. એ તો હું ભુલી ગયો. અલ્યા દામુ! એ પત્થર પર લીટા કેમ કરે છે?



બીજાં છોકરાં: (એકી સાથે બોલી ઊઠે છે.) જી સાહેબ! એ તો એક લીલા પત્થરમાં કાણાં પાડે છે.

હરદેવરામઃ આંહી લાવ તો, દામુ! આંહી આવ.

દામુઃ (ધ્રુજતોધ્રુજતો પાસે આવે છે.) જી, આંહી નથી પાડતો. ઘેર પાડ્યાં છે.

હરદેવરામઃ (માયાથી) એમ?


[દામુ આશ્ચર્યથી માસ્તર સામે જોઈ રહે છે ને પાછળ હાથ રાખીને ઇશારત કરી છોકરાંને હસાવે છે.]

હરદેવરામઃ આ શું કર્યું છે?

દામુઃ જી, મારા બાપા એક જાળી કોતરતા હતા ત્યારે મેં જોઇ'તી. એ જોઇજોઇને હું કરતો'તો.

હરદેવરામઃ (મનમાં) શિલ્પી!...ગવૈયો, ચિત્રકાર, શિલ્પી, અને...(ચારે તરફ નજર ફેરવે છે.)

હરદેવરામઃ અલ્યા ભીખુ! તું મોટો થઇને શું કરીશ?



[ભીખુ ઉભો ઉભો હસે છે; બીજા બે-ત્રણ છોકરા 'બોલને બોલને' કરે છે.]

હરદેવરામઃ વેપાર કરીશ?

ભીખુઃ જી ના, મારા બાપની જેમ વહાણ હાંકીશ.

હરદેવરામઃ તારો બાપ શું કરે છે?

ભીખુઃ જી, પોરબંદરમાં વહાણ ઉપર છે.

બેત્રણ છોકરાઃ સા'બ! ભીખુને તરતાં બહુ સરસ આવડે છે. ડુબકી દા'માં તો એને કોઇ પો'ચતું નથી. સા'બ! ખાખરી કુવામાંથી પૈસો કાઢી લાવ્યો'તો, સા'બ!—અને સા'બ...

હરદેવરામઃ બસ, ચાલો હવે.

[બધાં છોકરાં હાથ જોડીને પગે લાગતાં લાગતાં નિશાળમાં પ્રવેશ કરે છે. હરદેવરામ માસ્તર બહાર આંટા મારે છે.]

હરદેવરામઃ (મનમાં) મંગલ ને કલ્યાણ સ્વરૂપ ભાવિ પ્રજાજનો! તમને હું–એક પંતુજી–જેને પ્રજા હલકામાં હલકા પટાવાળાથી પણ હલકો માને છે, છોકરાનું ગુમડું સાજું કરનાર ડૉક્ટર કરતાં પણ જેને માટે માબાપને મન વધારે ભાવ નથી, જેને સમાજમાં ક્યાં યે સ્થાન નથી, ભંગીની જેમ જેના પડછાયામાં કોઇ ચાલતું નથી, પશુ જેમ જેને સૌ તરછોડે છે—(આંખમાં આંસુ આવે છે તે લુછે છે) અરે, એવો નિર્માલ્ય હું પંતુજી—ઓ! ભાવિ પ્રજાજનો! તમારા માટે હું શું કરી શકું?

[ઓરડામાં પેસીને ખુરશી પર બેસી જાય છે.]

૩

[બુટ, પીળો હાફ કોટ, નેતરની સોટી ને પાછળ લાંબા લટકતા છોગાવાળો સાફો બાંધેલો પોલીસ પટેલ પ્રવેશ કરે છે.]

પોલીસ પટેલઃ ક્યાં છે? એ માસ્તર ક્યાં છે?

[હરદેવરામ ખુરશી પર ચોંકે છે.]

હરદેવરામઃ (સ્વસ્થ થઇને) કેમ? આવોને, ગુલાબરાય ભાઈ! આવો, આવો.

પોલીસ પટેલઃ (રૌફથી) આવો આવો શું? અમારા ડોલરને કાલે માર્યો'તો તે આજે તાવ આવ્યો છે!

હરદેવરામઃ અ...ર...ર...ર...!

પો. પટેલઃ અરરર? હવે, અરરર? ત્યારે પહેલેથી ધ્યાન રાખતા હો તો? કીધું, માસ્તર છે તે કોણ બોલે. બાકી પોલીસ કેસ થાય, સમજ્યા કે?



હરદેવરામ: તે કોણે મારેલું ?

પો. પટેલ: કોણે મારેલું ? ત...મે, બીજા કોણે ?

[સૌ છોકરાં ખડખડાટ હસી પડે છે. હરદેવરામ નીચાં નેણ ઢાળી દીનતાથી ઉભો રહે છે.]

હરદેવરામ: પણ ભાઇ, મેં માર્યું નથી. બહાર છોકરાં છોકરાં લડયાં હશે.

પો. પટેલ: બહાર લડયા હશે, એટલે ? શું તમે માસ્તર એટલું ધ્યાન ન રાખો ?

[હાથમાં ડાંગ લઇને પટાવાળો આવે છે.]

પટાવાળો: (પોલીસ પટેલને) ઠીક થયું. લ્યો; તમે પણ અહીં જ છો ને શું ?

પો. પટેલ: કેમ ?

પટાવાળો: કેમ શું? આ માસ્તરની રંજાડ તો વધતી જાય છે. અમારા જાનમામદને કાલે દાખલા ન આવડયા તે છેલ્લો મુકયો. શું અમારા પટાવાળાનાં છોકરાં છેલ્લાં બેસે ? અને તેમાં અમે સૈયદ થઈને ?

હરદેવરામ: ભાઇ, આકળા પડો મા; હું સમજાવું.

પટાવાળો: અરે, આકળા શું, સા'બ ! છોકરો સારો કે છેલ્લો બેઠો. હું હોઉં તો છેલ્લો જ ન જાઉં. શું અમે કણબી–કુંભારથી પણ નપાવટ ? અમે સૈયદ !

હરદેવરામ: ભાઇ, પણ અહીં તો આવડે એ પ્રમાણે થાય નાં ? 'ગુણાઃ પૂજાસ્થાનમ્ ગુણિષુ ન ચ લિંગં ન ચ વયઃ'

પટાવાળો: સા'બ, મોં સંભાળીને બોલજો, હો. તમારે કાંઇ અમને 'વૈ' કે 'ભૈ' કે એવુંએવું કાંઈ કે'વું નહિ. પોલીસ પટેલ !

[પોલીસ પટેલ હસે છે. વર્ગના છોકરા પણ હસવા માંડે છે. હરદેવરામ કપાળે હાથ દઇ શાંત ઉભો રહે છે. એટલામાં માથા ઉપર ટોપલો, તેમાંથી લટકતાં ત્રાજવાં ને લીલી ડુંગળી, એવા મેલા વેષે બકાલી પ્રવેશ કરે છે. સૌ છોકરાં ખડખડાટ હસે છે, ને કેટલાંક મોટેથી સંભળાય તેમ 'ધન્ય માતા ડુંગળી' એમ બોલવા માંડે છે.]

બકાલી: (એકદમ) કયાં છે માસ્તર ?

હરદેવરામ: કેમ ભાઇ?

બકાલી: અમારા છોકરાનું નામ કેમ કાઢી નાખ્યું ?

હરદેવરામ: ભાઇ, દસમી તારીખે ફી તો દેવી જોઇએ નાં?

બકાલી: હવે દસમી ને પચીસમી. શું તમે કાંઇ દરબાર છો કે ટેંમસર જ ભરવાનું? છોકરાં ભણાવવાનું તો અમારા ગામમાં રાઘવજી પંડ્યા ય કરતા; ઇમાં તી શું ?

હરદેવરામ: (શાંતિથી) હં; હશે.

બકાલી: તે હવે નામ નાખી દેજો સમજયા નાં ?

પો. પટેલ: એલા, રતાળુ કેમ આપ છ ?

બકાલી: ત્રણ પૈસાનાં શેર.

પો. પટેલ: એમ? તે તારો મોટો ભાઇ પૈસાનાં શેર આપે, ને તું ત્રણ પૈસાનાં ?

બકાલી: તમારે જોઇતાં હોય તો બે પૈસાનાં; લ્યો, આપું ?

પો. પટેલ: જોખ, અરધો શેર જોખ.

[બકાલી અરધો શેર રતાળુ જોખે છે. પટાવાળો તેના ટોપલામાંથી બે રતાળુ લઇને ખાવા માંડે છે. બકાલી નાખુશીથી તેની સામે જુએ છે, પણ બોલી શકતો નથી.]

પટાવાળો: એક શેર મને દે.


હરદેવરામ: અને એક શેર મને દે.

બકાલી: સા'બ, તમારા ત્રણ પૈસા છે, હો. પોલીસ પટેલ તો અમારે ઘર જેવું ગણાય. અમારે કાંઇ ન હોય તો ત્યાંથી લાવીએ—કેમ ?

હરદેવરામ: વાંધો નહિ, જોખને. લે ત્રણ પૈસા. (પૈસા આપે છે.)

બકાલી: ઠીક સા'બ; નામ નાખી દેજો,હો. આવતે મહીને—

પો. પટેલ: લે ચાલ હવે, ચાલ; નહિતર આવું સડેલું શાક વેચતો અટકાવવો પડશે.



બકાલી: (ડુંગળી સામે

ધરે છે) લ્યો, આ લેતા જાઓ.

[સૌ જાય છે. છોકરાં હસી પડે છે. એવામાં એક છોકરો બહારથી દોડતો આવે છે.]

છોકરો: સા'બ, સા'બ, ડેપુટી સા'બ આવ્યા!

હરદેવરામ: (હાંફળાફાંફળા) હેં, હેં?



[પાઘડી શોધે છે, ત્યાં રતાળુનો ઢગલો ઠેસે આવતાં બધાં ઉડી જાય છે. બેચાર છોકરા તે વીણવા લાગે છે. સામેથી અમદાવાદી વાણિયા જેવા, બેઠી કાઠીના, જાડા, કાળો આલપાકાનો કોટ પહેરેલા, હાથમાં રૂપાની મુઠવાળી લાકડીને લહેકાથી ટેકો દેતા, સુરતી પાઘડી વાળા નગીનદાસ ડેપ્યુટી પ્રવેશ કરે છે. સૌ છોકરા ઉભા થાય છે, ને હરદેવરામ સામે ઉભા રહે છે.]

નગીનદાસ: (ચારે તરફ નજર ફેરવે છે), હં...અહીં તમે છો, કાં?

હરદેવરામ: જી હા.

નગીનદાસ: લોકો સાથે મેળ રાખો છો કે?

હરદેવરામ: જી હા.

નગીનદાસ: કેટલાં ધોરણ છે?

હરદેવરામ: ચાર.

નગીનદાસ: સંખ્યા કેટલી?

હરદેવરામ: છપ્પન વત્તા દસ;—છપ્પન છોકરા, દસ કન્યા;—કુલ છાસઠ.

નગીનદાસ: (ખુરશી પર બેસતાં) ચોથું ધોરણ લાવો.

[ચોથા ધોરણના છોકરા સામા ઉભા રહે છે.]

હરદેવરામ: (ઉતાવળા ઉતાવળા ચોપડી લઇને નગીનદાસને આપે છે.) આ છોકરો રઘુ બહુ સારૂં ગાય છે. ભવિષ્યમાં સારો ગવૈયો થવાની આગાહી આપે છે. પેલો રહ્યો તે અમારો શિલ્પકાર છે.

નગીનદાસ: (ન માનતા હોય તેમ હરદેવરામ સામે આશ્ચર્યથી જોઇ રહે છે. પછી રૉફથી) તમે શી વાતો કરો છો,—ચિત્રકાર ને શિલ્પકાર ને ગવૈયા ને એવી એવી? શુદ્ધિમાં તો છો કે?

હરદેવરામ: (ઝબકીને) અરે, હા, હા! એ તો મારી ભુલ થઈ. આ ધોરણનો અભ્યાસક્રમ---પરીક્ષાપત્રક આ રહ્યાં.

[પરીક્ષા ચાલે છે.[

૪

[એક સાંજે નદી કિનારે હરદેવરામ એકલા ફરે છે.]

હરદેવરામ: (મનમાં) ડેપ્યુટીએ કહ્યું કે તમે ચિત્રકાર ને ગવૈયા ને શિલ્પકાર ને એવીએવી શોધ છોડી મુંગામુંગા તમારૂં કામ કરજો. છોકરા પરીક્ષામાં નપાસ થશે તો પ્રમોશન નહિ મળે!

પોલીસ પટેલ એમ માને છે કે નિશાળ એ તો ધર્મશાળા જેવી ગણાય. બકાલીએ કહ્યું કે છોકરાં ભણાવવામાં કાંઇ એવું મોટું કામ નથી. રાઘવ પટેલે કાલે જ કહ્યું કે તમે ઢોર ચારવાવાળા. આજે દામજી શેઠ મળ્યા ત્યારે બકરાના રખેવાળ તરીકે ઓળખાણ થઇ......

માફ કરજો; એક સવાલ પુછું. (ઉતાવળે ઉતાવળે આમ તેમ ફરે છે)...આ પ્રજા પોતાનાં ભાવિ જનો જેના હાથમાં સોંપે છે તેને ચાંડાળથી પણ વધારે અસ્પૃશ્ય ગણે છે. અરેરે!...આવી સ્થિતિમાં શું થઇ શકે? હું એકલો કેટલું કરૂં? (વેગથી ફરવા માંડે છે).. પ્રજાજનો! તમારાં કલા, સાહિત્ય, સૌંદર્ય, જાતિપ્રેમ ને ધર્મ—બધાં, આ છોકરાં પર જ છે. છોકરાં સાચવનારી સંસ્થા ઉદ્ધારો, અથવા વિનાશને પંથે દોડો છો તેમ જ દોડો. બીજો માર્ગ જ નથી.

ઍની બેસંટ

[ઉત્તરજીવન]




ઍની બેસંટ : હિંદમાં આવ્યા પછી

સંહારનાં સમરાંગણોમાં તો હું ઘણુંઘણું ઘુમી વળી; હવે સર્જનનાં શાંત ચણતર કરવાનો મને આદેશ મળ્યો. બહુ સમય ભાંગતોડના હથોડા ચલાવ્યા; હવે બાંધકામનો વારો આવ્યો. મને સમજાઇ ગયું કે હું વિનાશ કરવા નથી આવી; રચના કરવા આવી છું.'

આવા જીવનપલટામાં ઍની બેસંટે પરમ શ્રદ્ધાભેર છલંગ દીધી. શ્રદ્ધા અને છલંગ, એ જ એના જીવનની ગુરુ-ચાવી હતી. અધરસ્તે રોકાઇ જઇ આશંકા કુશંકાઓની અંધારી રાતમાં રઝળવું ઍની બેસંટને મંજુર નહોતું. અને એનાં પરિવર્તનો પણ ધીરાં, પુખ્ત વિચારપૂર્વકનાં, સાવધાનીનાં, હળવાં ડગલાં માંડતાં નહોતાં; પણ હમેશાં આત્મપ્રેરણાની છલંગો દેતાં હતાં. અને આર્યાવર્તના સાગરતટ ઉપર એણે મારેલી છલંગ જીવનની અંતિમ આસ્થાની છેવટની જ છલંગ હતી.

કાશીમાં ધર્માન્વેષણ

આવીને એ થીઓસૉફિકલ સંઘના મુખ્ય મથક અદ્યારનું કોઇ અધિકારીપદ ભોગવવા માટે ન જતાં પરબારાં એક અદના સભ્ય તરીકે કાશી નગરીમાં સીધાવ્યાં અને ત્યાં શાંતિકુંજ નામનું નાનુંશું તપોવન જમાવ્યું. ઘણા સમયની ધર્મવિહોણી અશ્રદ્ધાળુ ઍનીને ક્યાં ય નહિ અને આર્યોના મુક્તિદ્વાર સમા કાશીનગરમાં જ ખેંચી જઇ સ્થિર કરવામાં પણ અદૃશ્ય શક્તિઓનો એક પરમ સંકેત જ સમાયો હશે. પુરાણોએ સ્તવેલી એ ગંગાતીરની વારાણસી: જ્યાં સેંકડો હિંદુ દેવાલયો શંકુ આકારે ગગનમાં ચડતી પ્રાર્થના-જ્વાલાઓ જેવું દૃશ્ય ઉભું કરી આર્યત્વના કોઇ પાષાણકોતર્યા શાશ્વત અગ્નિકુંડનું સ્મરણ આપે છે; જ્યાં ચારે વેદ, શ્રુતિ-સ્મૃતિ અને પુરાણોની વિદ્યા સજીવન રાખવા માટે જાણે કોઇ કાળજુની મહાન વિદ્યાપીઠ અહર્નિશ ગુંજી રહી છે; જ્યાં એ વિદ્યાના પાંડિત્યની પડખોપડખ પ્રભુભક્તિનાં આવેશ-અંધ યાત્રાળુઓનો અનંત સંઘ, ભાગીરથીમા મારેલી કેવળ એક જ ડુબકીથી અને કાશીવિશ્વનાથનાં જરા જેટલાં દર્શનથી પણ પોતાનાં મહાપાપોની ઘોણ પતી ગઈ માને છે; જ્યાં તપસ્વીઓ અને પાખંડીઓના અડોઅડ અખાડા ચાલે છે; જ્યાં પ્રગટ પુણ્યના અને છુપાં પાપના બે નિકટવર્તી પ્રવાહો વહ્યા જાય છે; જ્યાં કરોડો ધર્મઘેલડાં હિંદુ નરનારીઓનાં સ્વર્ગ નરકની ચાવીઓ લટકે છે: એ આર્યવિદ્યા ને આર્યસંસ્કૃતિના હૃદયપદ્મ રૂપ વારાણસીને કિનારેથી ઍની બેસંટે આર્યાવર્તના ઉચ્ચનીચ તત્ત્વોનું નિરીક્ષણ આદર્યું.



અજવાળી શરદે

: અંજની :

વર્ષાભર આકાશ જ નાહ્યું,
વસુંધરાનું ઉર ધોવાયું;
શુદ્ધ હેતનું સ્વર્ગ કપાડ્યું,
 ઉજમાળી શરદે.
દુધધોળી કૈં ચંદની ફરકે,
સૃષ્ટિ સકળ રઢિયાળી મરકે;
રાસ જગતના અંતર સરકે,
 અજવાળી શરદે.

દે. પ.

આ નિરીક્ષણના પરિણામ રૂપે એને ભાન થયું કે હિંદુત્વને વિદારી નાખવા ઉભા થએલા વિદેશી શિક્ષણકારો અને પાદરીઓ મોટો અનર્થ કરી રહ્યા છે. અને પાશ્ચાત્ય સંસ્કારના રંગોમાં રંગાએલો શિક્ષિત હિંદુ વર્ગ પોતાના જાતિધર્મનાં ઉચ્ચ અંગો પ્રતિ અંધ બની માત્ર અમુક અનિષ્ટોથી ઉશ્કેરાઈ, સુકા સાથે લીલું પણ સળગાવી પ્રજાનું રિપુકાર્ય કરી રહ્યા છે. એણે આથી પણ વિશેષ એ જોઇ લીધું કે માત્ર હિંદુ ધર્મ જ નહિ, પણ મુસ્લામ. બૌદ્ધ, જરથુસ્ત, જૈન વગેરે અન્ય તમામ હિંદી ધર્મો મુળે પરસ્પરના વિરોધી હોવાને બદલે અન્યોન્ય પૂરક થવા માટે નિરનિરાળા પયગંબરોની બનાવેલી મોક્ષવાટો પર દોરવાતા જુના રાજમાર્ગો જ છે. એ આસ્થાનું અવલંબન લઇને ઍની બેસંટે પ્રત્યેક પંથનો અભ્યાસ આદર્યો. એ સર્વ દિશાના અભ્યાસમાંથી એને એકતાનું અણમોલ તત્ત્વ હાથ લાધ્યું. અને તેથી જ ઍની બેસંટનું ધર્મોદ્ધારનું કાર્ય બ્રહ્મસમાજની માફક ન હિંદુ કે ન ઈસાઇ એવું અસ્વચ્છ બનવાને બદલે અથવા તો આર્યસમાજની માફક અન્ય તમામ પંથોને રદ કરી વેદ ધર્મનું જ સદંતર પક્ષપાતી બનવાને બદલે ઉદાર, ઐક્યપ્રેરક બન્યું. પ્રત્યેક પંથની ફીલસુફી પરનાં વ્યાખ્યાનો વાટે, રામાયણ, મહાભારત અને ગીતા જેવાં પુસ્તકોના શુદ્ધ સુંદર અનુવાદો દ્વારા અને અન્ય સંખ્યાબંધ ગ્રંથો, લેખો તથા વાતોના અખંડ વહેતા પ્રવાહ મારફત આ ધર્મપ્રચારકે એક તરફથી પાશ્ચાત્ય જડવાદની વેગવંત ગતિને ખાળી રાખી, અને બીજી બાજુ મતસહિષ્ણુતાના વાતાવરણ વડે ધાર્મિક ઝનુનોને શમાવવાની કોશિશ આદરી. આજે કોઈ પણ હિંદી એમ નહિ કહી શકે કે ઍની બેસંટે આપેલાં શાસ્ત્રોનાં રહસ્યો જુઠાં છે.

‘ તોડો નહિ ! તોડો નહિ ! ’ એ સૂત્ર ઉપર શરૂમાં તો ઍની બેસંટે એટલું બધું જોર આપ્યું કે બાળલગ્ન, બાળ-વૈધવ્ય, જન્મસિદ્ધ ઉચ્ચનીચપણું, અસ્પૃશ્યવાદ વગેરે દેખીતાં અનિષ્ટો ઉપર પણ પ્રહારો કરવાની એણે ના પાડી. ક્રિયાકાંડની અતિશયતા અને જાતિભેદના જડો પણ એના મનથી તાત્કાલિક સંહારને બદલે કોમલ હસ્તે સ્પર્શ કરવા લાયક લાગ્યાં. પાખંડો અને વહેમોમાં ખપતી ધર્મક્રિયાઓ પણ એની આંખને કાંઇક રહસ્ય ધરાવતી દેખાઇ. થોડીએક લુણો લાગેલી ઇંટો ઉગ્ર ઉતાવળે તોડી પાડવાથી એક પ્રાચીન

(અનુસંધાન આગળ પાન ૪૧૫ મે)

¶ ભેરી ફૉર્કર



એક શિકારી બાજની વાર્તા



નાનો ભેરી અને તેની બે નાનકડી બહેનોએ આખો દિવસ પોતાનાં માબાપને બોલાવવા વ્યર્થ ચીસો પાડ્યા કરી હતી. મધ્યાહ્નના પ્રખર તાપમાં ઉંચે આકાશમાં ગલનાં ટોળાં ઉડતાં હતાં, કઠોર સ્વર કરતા કાગડાઓ પર્વતની ધારો ઉપરથી પસાર થતા હતા, ડરપોક અને બેદી ટીસો ભુરા આકાશમાં ઉડતો હતો;–આ પ્રત્યેક તરફ ફરીફરીને નાના ભેરીએ ચીસો પાડ્યા કરી, પણ કોઇએ તેની દરકાર કરી નહિ. આખો દિવસ ડોક ખેંચીખેંચી રાહ જોઈ, પણ શિકાર પકડેલા પોતાના માબાપના એ પરિચિત પીળા પંજા આકાશમાંથી નીચે ઉતરતા જણાયા નહિ. ગળું સુકાઇ જાય તેટલી બુમો પાડવા છતાં, પવનમાં પસાર થતી નાની વાદળીના પડછાયા જેવો કોઇ ઓળો તેમના ઉપર ઉતરતો લાગ્યો નહિ. ચીસો પાડીપાડીને નાના ભેરીનો સાદ બેસી ગયો.

પેશાવર પાસેની સુલેમાન પર્વતની એક ધારના ગાળામાં ભેરીએ ઇંડાં મુકયાં હતાં. ઉત્તરમાં હિંદુકુશનાં ઉન્નત શિખરો ગગન સાથે વાતો કરી રહ્યાં હતાં, અને દૂરદૂર હિમાલયનાં ભવ્ય શૃંગો વર્ષાઋતુમાં વાદળના થર ઉપર થર જામ્યા હોય તેવાં દેખાતાં હતાં. આ પર્વતની એક બાજુ નીચે ઉંડી ખીણમાં કાબુલ નદીનો પાતળો પ્રવાહ વહેતો હતો, અને દૂર પૂર્વમાં તેનો સિંધુ સાથેનો સંગમ ઘણો જ ભવ્ય લાગતો હતો. હવે તો ઇંડાં- માંથી ત્રણ બચ્ચાં થયાં હતાં અને તેમને થોડાંથોડાં પીછાં પણ આવ્યાં હતાં. આજે એ ત્રણ બચ્ચાએ તેમનાં માબાપની રાહ જોવામાં આખો દિવસ ચિત્કાર કર્યો હતો; પણ વ્યર્થ.

માળામાં ચોમેર વિખરાએલાં પડેલાં, કબુતર, ટીટોડી, સસલાં, મરઘાં વગેરે અનેકનાં જુનાં સુકાં હાડપિંજર નાનકડા ભેરીએ ચુંથી જોયાં, પણ કાંઇ ખાવાનું જડયું નહિ. માળામાંથી ડોક લંબાવી તેણે નીચે જોયું પણ ભયંકર નીચાણમાં વહેતો કાબુલનો

¶ જેને આપણે બાજ કહીએ છીએ તેમાં ઘણી જાતો છેઃ બાજ, ભેરી, લગડ, બાદશાહ, શિકરો, ચરક વગેરે. આ બધામાં, ઉડવાની ઝડપમાં ભેરી શ્રેષ્ઠ હોય છે. પંખીઓમાં કબુતરો પણ ઉડવામાં શ્રેષ્ઠ મનાય છે. તેનો જે કોઇ શિકાર કરી શકે એમ હોય તો તે ભેરી. —ગ. બા.

પ્રવાહ જોઇ તે ડરી ગયો અને ડોક પાછી ખેંચી લીધી. હમેશના ચિત્કાર સાંભળી દૂરથી સામો ચિત્કાર કરતો તેનાં માબાપનો અવાજ આજે આવ્યો નહિ, અને ધીમેધીમે દૂરની ભુરી, વેરાન પર્વતની શિખરમાળા પાછળ સૂર્ય અસ્ત થયો.

એ નાનકડાં બચ્ચાંને શી ખબર કે સ્ટોરકીપર રહેમતુલ્લાની ગોળીનો ભોગ થઇ તેની મા પેશાવરના કૅન્ટોન્મેન્ટમાં પડી છે, અને તેનો બાપ રહેમતુલ્લાની જાળમાં સપડાઇ ઝેરી ખોરાક ખાઇ મરી ગયો છે! પૂર્વમાં કારાકોરમ, પશ્ચિમમાં ઠેઠ હેરત, ઉત્તરમાં માઉન્ટ ગુડવિન અને દક્ષિણમાં છેક મુલતાનની એક દિવસમાં સફર કરનાર, રહેમતુલ્લાનાં કબુતરનો સંહારક એ ભેરી આજે નથી. તેના મૃત્યુથી આજુબાજુ પાંચસો માઇલમાં ફરતાં નાનાંમોટાં પક્ષીઓ નિર્ભય બની ગયાં છે, અને રહેમતુલ્લાની પોતાનાં પાળેલ કબુતરો માટેની ચિંતા આજે નિઃશેષ થઇ છે. પણ બીજી બાજુ સુલેમાન પર્વતની ધારના ગાળામાં ત્રણ બચ્ચાં માબાપની રાહ જોઈ, ચીસો પાડી, થાક્યાંપાક્યાં ને ભુખ્યાંતરસ્યાં એકબીજાને વળગી માબાપની પાંખની હુંફ વગરનાં નિદ્રા–કે મૂર્છામાં પડ્યાં છે.

પર્વતના ભુખરા પ્રદેશમાં સૂર્યોદય થયો. ગાળીઓમાં જામી ગએલો અંધકાર ધીમેધીમે પીગળી કાબુલના પ્રવાહ સાથે દૂરદૂર વહી જતો ભાસવા લાગ્યો. પૂર્વમાં સિંધુનું પાણી સૂર્યકિરણોથી ચમકારા મારવા લાગ્યું અને પક્ષીઓ પોતપોતાના ખોરાકની શોધમાં ઉડવા લાગ્યાં. નદીકિનારે કલકલિયો માછલાંની શોધમાં પાણી ઉપર સ્થિર થવા લાગ્યો; નદી વચ્ચે અડગ ઉભા રહી બગલાઓ ધ્યાન ધરવા લાગ્યા; બતકાંઓ નદીની ઉંચી ભેખડો ઉપર બેસી ભીની પાંખો પસારી તડકામાં સુકવવા લાગ્યાં; દૂર ઝાડીમાં કાગડા, કાબર અને ચકલાંએ શોર મચાવી મુક્યો; અને નીલકંઠ તથા કાળાકોશી પક્ષીઓએ ઝાડની ઉંચી ડાળો ઉપર પોતપોતાના શિકારનાં સ્થાનો પસંદ કરી લીધાં. આ પ્રમાણે બધે ખોરાકની તૈયારીઓ થઇ રહી હતી, પણ નાના ભેરી અને તેની બે બહેનો માટે કોઇ કાંઇ ખાવાનું લાવે તેમ હતું નહિ.

અચાનક ઉપરથી માળામાં એક પત્થર પડ્યો. ભેરી મૂર્છામાંથી જાગૃત થયો. ત્યાં તો બીજો પત્થર પડ્યો. ભેરી બીનો. પછી તો કાંકરાનો જાણે વરસાદ વરસ્યો. કાંઇક ખખડાટ સંભળાયો. ભેરીએ બચાવ માટે પંજો ઉંચો કર્યો. પાસેના માળામાંથી ગલનાં ટોળાં કીકિયારી કરીને ઉડ્યાં, ટીસો કકળાટ કરતો ઉંચેઉંચે ગોળ ઉડવા લાગ્યો અને કાગડાઓ દૂર રહ્યારહ્યા શું થાય છે તે જોઇ રહ્યા.

એવામાં માળા પાસેથી એક પાતળી વસ્તુ લટકી. નાનકડા ભેરીનો શ્વાસ ભયથી રૂંધાઇ ગયો. એ પાતળી વસ્તુને વીંટળાઇ બે પગ નીચે ઉતરતા દેખાયા; અને પછી તો હાથ ઉપર હાથ સેરવતો એક જુવાન છોકરો એ ભયાનક ખીણમાં અદ્ધર લટકતો દેખાયો. તેની બંને બગલ નીચેથી તેણે એક દોરડું બાંધ્યું હતું. તે દોરડું ઠેઠ પર્વત પરની સો ફીટની ઉંચાઇએથી એક પહેરેગીર ધીમેધીમે નીચે ઉતારતો જતો હતો. છોકરાનો ચહેરો અને હાથ શ્રમથી લાલચોળ થઇ ગયાં હતાં અને ડાબે ગાલે દોરડું ઘસાવાથી લોહી ટપકતું હતું.

આ છોકરાનું નામ અબ્દુલ હતું. તે લાહોરની કૉલેજમાં ભણતો હતો અને રજા ગાળવા પેશાવર આવ્યો હતો. અહીં તેના બાપ લશ્કરી અમલદાર હતા. અબ્દુલ સાહસિક તેમજ શરીરે મજબુત હતો. એક દિવસ પર્વતોમાં ફરતાં તેણે આ ઉંચી ધારેની બખોલમાં ભેરીનો માળો જોયો, અને તેને તેનાં બચ્ચાં હાથ કરી પાળવાની ઇચ્છા થઈ. પણ આ કામ સહેલ ન હતું. સીધી ભીંત જેવી એ ધાર બસો ફીટ ઉંચી હતી. માત્ર જ્યાં ભેરીએ ઇંડા મુક્યાં હતાં ત્યાં આગળ, એક નાની પત્થરની કરાડ બહાર નીકળી ઝરૂખા જેવું થયું હતું. નીચે તમ્મર આવે એટલી ઉંડાઇએ કાબુલ નદી વહેતી હતી અને આજુબાજુ પ્રચંડ સીધી ધારો આવેલ હતી. એટલે કોઇ પણ રીતે ભેરીને માળે પહોંચી શકાય તેમ ન હતું. તેના બાપનો વિશ્વાસુ સિપાઇ ઇમાની એક વખત નદીમાંથી આ ધાર ચડેલો. તેણે અબ્દુલને સલાહ આપી કે આ કામ કરવા જેવું નથી. પણ અબ્દુલ ડગે તેમ નહોતો. તેણે તો કોઈ પણ રીતે ભેરીનાં બચ્ચાં હાથ કરવાનો નિશ્ચય કર્યો હતો. અંતે ઇમાનીએ તેની આટલી તીવ્ર ઇચ્છા જોઇ મદદ કરવા વચન આપ્યું.

ભુખ અને ભયથી નાનકડો બેરી એવો તો નબળો થઇ ગયો હતો કે તે શૂન્ય થઇને પડી રહ્યો. તેણે હવામાં અદ્ધર લટકતી મનુષ્ય–આકૃતિ જોઇ અને બીકથી એક પંજો પોતાની બહેનની ગરદન ઉપર દબાવ્યો. પણ તેનું તેને કશું ભાન હતું નહિ. પક્ષીનાં બચ્ચામાં સ્નેહ જેવું કાંઇ હોતું નથી. કેવળ પોતાની જાતનું જ રક્ષણ કરવાની વૃત્તિ હોય છે. જો બેરી મોટો હોત અને એ પાસેના બચ્ચાને બદલે ત્યા તેની માદા હોત તો એ કાઇક બીજું જ કરત.

જુવાન નીચે ઉતરતો અટક્યો. હવે તે બરાબર બેરીના માળાની સામે આવી પહોંચ્યો હતો. તે લટકતો હતો ત્યાંથી માળાની કોર થોડે દૂર હતી. ત્યાં પહોંચવા સારૂ તેણે ધીમેધીમે દોરડાને હીલોળે ચડાવવું શરૂ કર્યું અને પાંચેક મિનિટના પ્રયત્ન પછી હીંચકો એટલો મોટો થયો કે તેના હાથ માળાવાળી કોરને અડકવા લાગ્યો. બેરી આ લટકતી આકૃતિ સામે જોઇ જ રહ્યો. ઉપરથી તેના માળમાં ધુળ અને પત્થરો ધડાધડ પડયાં જ કરતાં હતાં.

આખરે અબ્દુલે ધારની કોર પકડી નીચે એકાદ ખરતી પત્થરની કોર ઉપર પગ ટેકાવ્યો. આ સાહસ અને શ્રમથી તે આખો કંપતો હતો. બેરીનું બચ્ચું તેનાથી માત્ર ત્રણ ફુટ દૂર હતું. ડાબે હાથે તેણે કોર પકડી હતી ને જમણે હાથે દોરડું પકડયું હતું; અને તે પણ તેના શરીરની કંપારી સાથે ધ્રુજતું હતું.

હવે અબ્દુલને ઘડીભર એમ થવા લાગ્યું કે તેણે આ જોખમ ન ખેડયું હત તો ઠીક હતું. તેનું અરધું કૌવત તો આટલા યત્નમાં ખપી ગયું હતું, અને કાંઇ પણ વધુ યત્ન કર્યા સિવાય જો તે પાછો ફરે તો હજુ ઉપર પહોંચી શકે તેમ હતું. પણ બેરીથી ત્રણ જ ફુટ દૂર આવીને પાછા જવું તેને ન ગમ્યું.

માળાની કોર ઉપર ચડવા માટે તેને જમણો હાથ છુટો કરવાની જરૂર હતી. એ હાથ છુટા હોય તો જ તે માળાવાળી જગ્યા ઉપર ચડી શકે. પણ એમ કરવા જતાં જો દોરડું સરકી જાય તો? તો પછી પાછા ઉપર કેવી રીતે ચડવું? તેને શરીરે બાંધેલા એક દોરડા વડે તો ઇમાની તેને ઉપર ખેંગી શકે તેમ હતું નહિ. અને કદાચ ખેંચતાં તે દોરડું પણ પત્થર સાથે ઘસાઇઘસાઇને તુટી જાય તો?

સો ફુટ નીચે કાબુલ નદી વહેતી હતી; સો ફુટ ઉંચે પત્થરની કાળમીંઢ ધારો ઝઝુમી રહી હતી. અને તેની વચ્ચે, માત્ર આઠનવ ચોરસફુટ જગ્યા જેટલા ગાળામાં પોતે અંતરિયાળ રહી જાય! આ વિચાર આવતાં તેનું દિલ થડકયું; તેને કમકમાં આવ્યાં.

ફરી એક વાર બેરીને લીધા સિવાય પાછા ઉપર ચડી જવાનો તેને વિચાર થયો. પણ તરત જ હીમતથી ખભા હલાવી તેણે નિશ્ચય કર્યો કે મરૂં તો ખેર, પણ બેરી લીધા વિના તો પાછા નથી જવું. તેની નસોમાં સાહસિક અને ઝનુની અસલ કાબુલી લોહી વહેતું હતું. તેના પૂર્વજોએ મોતના મોંમાં માથાં નાખી મોટાંમોટાં કામ કર્યાં હતાં. લાહોર કૉલેજની શાન્ત તાલીમ પછી પણ એ જુનો વારસો હજુ અદશ્ય થયો નહોતો. વળી તેને ઇમાનીની શક્તિ અને વફાદારીમાં અડગ શ્રદ્ધા હતી. એક દોરડું તેના હાથમાંથી છુટી જાય અને બીજું દોરડું જાહલ થાય તો ઇમાની તેને માટે જરૂર કાંઇ ઉપાય તો કરે જ. આ શ્રદ્ધાએ તેની હીમતને ટેકો આપ્યો, અને જમણા હાથમાંથી દોરડું છોડી માળાવાળી બખોલની ધાર પકડી પેટભર થઇ તે બખોલમાં ચડી ગયો. દોરડું પણ તેના ખભા અને ડોકની વચ્ચે ભરાઈ રહ્યું એટલે ઉપર ચડવા વિષેની ધાસ્તી રહી નહિ.

શ્વાસ જરા સમાયો અને શ્રમિત સ્નાયુઓ સ્વસ્થ થયા એટલે તેણે માળામાં નજર નાખી. નાનો બેરી ધાસ્તીથી આંખો મીચી પડયો હતો. તેને તેણે લઇ સાથે લાવેલી પોતાને ખભે લટકતી ટોપલીમાં મુકી દીધો અને બાકીનાં બે બચ્ચાંને તેમનાં માબાપના સંતોષ ખાતર રહેવા દીધાં.

ઘડીભર થાક ખાઇ અબ્દુલે ઉપર ચડવાનો વિચાર કર્યો. આંખે અંધારાં આવે એવા નીચેના ઉંડાણ તરફ તથા છાતી પર તોળાઈ રહેલી ખડકની ધારો પર હીમતથી તેણે એક ઉતાવળી દૃષ્ટિ ફેંકી અને પોતે કેવું ભયંકર સાહસ ખેડયું હતું તેનો ખ્યાલ આવતાં ભય અને અભિમાનની મિશ્ર લાગણીથી તેને આખે શરીરે ફરીથી એક તીણી કમકમાટી પસાર થઇ ગઇ.

તરત તેણે દોરડું મજબુત પકડી હીંચકો ખાધો અને પાછો પ્રથમની માફક ખીણમાં લટકવા લાગ્યો.

હાથ ઉપર હાથ મારતો તે ઉપર ચડતો જાય ને ઇમાની તેને ખેંચતો જાય. વચ્ચે ધારનો એક પત્થર જરા વધારે આગળપડતો હોવાથી શરૂઆતમાં તેને ચડતાં બહુ આકરો પ્રયત્ન કરવો પડ્યો. ઇમાની તેને સીધેસીધો ઉતાવળે ખેંચી શકે તેમ ન હતું કેમકે તેમ કરતાં પત્થર અબ્દુલને અફળાવાની તથા દોરડું ઘસાવાની ધાસ્તી હતી. અંતે મહા મુસીબતે એ નાનકડું લાગતું કપરૂં વિઘ્ન પણ વટાવ્યું અને ફાટેલું પાટલુન, પરસેવે ભીનું થએલું શરીર તથા લોહીલોહાણ ચહેરો લઇ અને આળી થએલી હથેલીઓ ચચવાળતો તે ઉપર પહોંચી ઇમાની સામે જઇ ઉભો ત્યારે હેત અને શાબાશીના ઉમળકાથી એ અનુભવી વૃદ્ધ પહેરેગીર તેનો બરડો થાબડ્યા સિવાય રહી શક્યો નહિ.

પહેલા ચાર દિવસ તો ભેરી આ નવા વાતાવરણમાં ખાધાપીધા વિના સૂનમૂન થઇ પડી રહ્યો. પણ પછી તે ધીમેધીમે અબ્દુલનો એટલો બધો હેવાયો થઇ ગયો કે તેના વગર રહે જ નહિ. તેને જુએ કે ઉડીને તેને ખભે બેસી જાય, પાંખો ફફડાવે, ખાવા માટે ચાંચ પહોળી કરે અને ઝીણોઝીણો અવાજ કરે. આથી તેને પીંજરામાં પુરવાની જરૂર રહી જ નહિ. તે છાપરા ઉપર અથવા ફળિયામા સિલ્વર ઓકનું એક ઝાડ હતું ત્યાં બેસી રહેતો.

હવે તો એ ત્રણ માસનો થવા આવ્યો હતો અને તેનું રૂપ ખીલ્યું હતું. તેની છાતી ઉપર કાળાં પીછાંની સુંદર લીટીઓ તરી આવી; તેની પીઠ અને માથું રાખોડિયા રંગનાં થયાં; તેની બેસવાની ઢબમાં રૂઆબ આવ્યો; તેની આંખમાં ખુનરેજીની ચમક આવી; અને તેની વાંકી ચાંચ ચોખ્ખા ઓપેલા પોલાદની હોય તેવી મજબુત બની. આમ તેને અચ્છો નમુનેદાર ભેરી બનેલો જોઇને અબ્દુલનો હરખ તો માતો ન હતો. તેણે હવે તેને તાલીમ આપવાનો વિચાર કર્યો. પોતાના બાપની લશ્કરી પલટનના જાણીતા વિમાન ઉપરથી તેનું નામ અબ્દુલે 'ફ્રૅકર' પાડ્યું.

તાલીમ માટે અબ્દુલ હમેશાં તેને લઈ બહાર પર્વતોમાં જાય. તેની આંખ ઉપર અંધારી ચડાવી એક મરેલું કબુતર દૂર ટાંગે, અને પછી અંધારી ખસેડી ફ્રૅકરને તે શિકાર બતાવે. ફ્રૅકર થોડુંક ઉડે, પછી ચાલે, અને પંજા વતી કબુતરને પકડી તેના ઉપર ચડી બેસે અને પંજા વતી તેની છાતી ચીરે. તેની આવી ધીમી રીતથી અબ્દુલને સંતોષ થયો નહિ. હવે તેણે મરેલા કબુતરને દોરી વતી બાંધી તે દોરીનો છેડો લાકડી સાથે બાંધ્યો. પછી લાકડી વતી આ કબુતરને તેણે ગોળ ફેરવવા માંડયું અને ફ્રૅકરને તેના ઉપર છોડવાની વ્યવસ્થા કરી. આથી ફ્રૅકરમાં હીમત તથા ચપળતા આવ્યાં અને તેની ચાલાકી તથા ઝડપ વધ્યાં. પણ હજી તે કબુતર પર ઉપરથી હુમલો કરી તેને દાબી દેવાને બદલે નીચેથી હુમલો કરતો અને પંજા વડે તેને પકડતો.

એક સવારે અબ્દુલ, આગલી રાત્રે થએલા નાટકના ઉજાગરાથી મોડે સુધી ઉંઘતો હતો; એવામાં ત્યાં ભેરી ફ્રૅકર આવ્યો. તેને ભુખ લાગી હતી. તેણે અબ્દુલને જગાડવા ઘણા અવાજ કર્યા, પણ અબ્દુલે તો પડખું ફરી ઘોરવાનું જારી રાખ્યું. અંતે થાકીને ફ્રૅકર બારીમાંથી ઉડ્યો અને સિલ્વર ઓક પરની પોતાની હમેશની જગ્યાએ આવીને બેઠો. ભુખ પણ કકડીને લાગી હતી. એવામાં તેણે ઝાડ પર એક કબુતરને ઉડતું જોયું અને ફ્રૅકર તેની પાછળ ઉપડ્યો.

આ કબુતર પણ પેલા સ્ટોરકીપર રહેમતુલ્લાનું જ હતું, જેણે ભેરીનાં માબાપનો જાન લીધો હતો. રહેમતુલ્લા પેશાવરનો પ્રખ્યાત વેપારી હતો. સરકારી લશ્કરોને તે બધો સામાન પુરો પાડતો; ઉપરાંત લડાઇના વખતમાં સંદેશા લઇ જવા-લાવવાના કામ માટે જાતજાતનાં કબુતરો પણ પાળતો તથા તેમને તાલીમ આપતો. તેની પાસે કેટલાંક તો બહુ જ ઝડપથી ઉડનાર તથા ધારેલે સ્થળે સંદેશો પહોંચાડે તેવાં ઉમદા કબુતરો હતાં. ફ્રૅકર જેની પાછળ પડ્યો હતો તે તેના ઉમદા સટમાંનું જ એક કબુતર હતું. એકાએક તેનાં માણસોએ ભેરીની બુમ કરી. પણ રહેમતુલ્લા બહાર આવીને જુએ ત્યાં તો ફ્રૅકર તેના કબુતરને નીચેથી પકડી ક્યાં નો ક્યાં ચાલ્યો ગયો! રહેમતુલ્લાએ આ ભેરીને પણ ઠાર કરવાના સોગંદ લીધા.

સોગંદ ઘણી વાર શક્તિ કરતાં ગુસ્સાના પરિણામ રૂપે નીકળે છે. તેને કંઇ પ્રતિજ્ઞા જેટલું ગૌરવ આપી શકાય નહિ. એક વખત અકસ્માત ગોળીબારથી ભેરી

માર્યો એટલે કાંઇ નિશાનબાજ બની જવાયું? પચીસ વાર દૂર દોડતું ગધેડું પણ ચુકી જાય એવી તો રહેમતુલ્લાની નિશાનીબાજી હતી! અને ફૅાર્કરને રહેમતુલ્લાના સોગંદની શી ખબર કે પરવા હતી? એણે તો એક વાર સ્વાદ ચાખ્યો એટલે વારંવાર તેના મકાન ઉપર ભમવા માંડયું. ધીમેધીમે રહેમતુલ્લાનાં કબુતરો ઓછાં થવા લાગ્યાં.

કેટલીક વાર તો ફૅાર્કર ખુબ ઉંચે ચડતો, અને પછી કલાકના બસો માઇલની ઝડપે, બંદુકની ગોળીની પેઠે નીચે પડી રહેમતુલ્લાનાં સિત્તેર કબુતરમાંથી ધારેલું જ કબુતર ઉઠાવી વિજળી માફક ગુમ થઇ જતો! રહેમતુલ્લાની બંદુકની ગોળીનો તેને મન કાંઈ હિસાબ નહોતો.



કલાકના બસો માઈલની ઝડપે બંદુકની ગોળીની પેઠે નીચે પડી ધારેલું પંખી ઉઠાવતો.

દિવસેદિવસે તે શિકારના કામમાં વધુ ને વધુ પાવરધો થતો ગયો, અને પોતાની શિકાર કરવાની રીતમાં નવીનતા લાવતો ગયો. જે કબુતરને મારવું હોય તેના ઉપર પહેલાં નીચેથી હલ્લો કરે અને ધીમેધીમે તેને ઉંચે ને ઉંચે લઇ જાય. પછી તેને પોતાની ઝડપમાંથી બચી જવા દઇ નીચે ઉતરવા દે. જ્યારે તે બંને વચ્ચે અંતર વધે ત્યારે તે માથુ નીચું કરી, પાંખો જાણે શરીરે ચોંટાડી દીધી હોય તેમ શરીર સંકોચી તેના ઉપર પડતું મુકે. ખરતા તારાની જેમ પંદર સેકંડે એક માઇલની ઝડપે સુસવાટ કરતો તે નીચે ઉતરે—પડે! એક સુસવાટો, એક ઝડપ અને આંખના પલકારામાં તો શિકારને પગમાં પકડી ફૅાર્કર અદશ્ય! બંદુકથી કોઇ તેને આંટી શકે નહિ; કોઇ પણ જાતના અવાજથી તે બીએ નહિ.

રહેમતુલ્લાનાં કબુતરો દિવસે દિવસે ઓછાં થવા લાગ્યાં અને તેનો ગુસ્સો ભભુકતો ગયો. ઘણો યે ધુઆંપુંઆં થાય, પણ શું ચાલે? રહેમતુલ્લાનું એક ખાસ કબુતર હતું. ફૅાર્કર સાથે તેને બેત્રણ વખત ભેટો થએલો; પણ તે બહુ અનુભવી અને ચપળ એટલે બચી ગએલું. તે ઉડતું હોય અને ક્યાં ય ફૅાર્કર દેખાય કે તરત તે નજર ચુકાવી મકાનમાં છુપાઇ જાય. પણ એક વખત ફૅાર્કરે તેને ઓચિંતું સપડાવ્યું. પછી તો પોતાની રીત મુજબ નીચેથી હુમલો શરૂ કરી તેને અદ્ધર ને અદ્ધર ઉડાવ્યું. ઝપાટાબંધ કબુતર ઉંચે ચડતું હતું અને ફૅાર્કર, તેને હંકાવવા માટે વધુ ને વધુ ઝડપ વધારતો તેને અદ્ધર ચડાવ્યે જતો હતો. દોઢેક માઇલ ઉંચે ખેંચી ગયા પછી ફૅાર્કરે તેને નીચે ઉતરવાને સગવડ આપી. કબુતર થોડુંક નીચે ઉતર્યું હશે, ત્યાં તો ફૅાર્કરે માથું નીચું કરી પત્થરની માફક તેના પર પડતું મુકયું. પરંતુ કબુતર પણ ચાલાક હતું. ચપળતાથી થોડુંક ખસી જઇ તેણે ફૅાર્કરની ઝડપ ચુકાવી દીધી! અદ્દભુત ચાલાકીથી શરીર વાળી લઈ, પાંખો પહોળી કરી ફરીથી ફૅાર્કર ગુલાંટ મારી અદ્ધર ચડયો અને પાછું પડતું મુકયું. ફરીથી કબુતર તેનો હુમલો ચુકાવી છટકી ગયું. આમ દરેક વખતે કબુતર ખસી જાય અને ફૅાર્કર ચુકે.


આમ કરતાંકરતાં તો તેઓ ઠેઠ રહેમતુલ્લાના મકાન પાસે આવી પહોંચ્યાં. ફૅાર્કરે પોતાની બધી શક્તિ તથા યુક્તિ અજમાવી છેલ્લો પ્રયત્ન કર્યો અને

કબુતરને નીચે જવા દઇ ઘણી જ ઝડપથી તેના ઉપર પડતું મુકયું. આ વખતે આજુબાજુની ઝુમોથી રહેમતુલ્લા બહાર આવી પહોંચ્યો હતો. હમણાં કબુતર સપડાયું એમ સૌને થયું; પણ નહિ. કબુતર ચાલાકીથી ખસી ગયું અને ફૅાર્કર આજે ત્રીજી વાર માત્ર ચાર ઇંચે ચુકયો. પોતે કેવા ભયમાં છે એ પરિસ્થિતિ તો તે કળી ગયો હતો એટલે ઝડપથી ગુલાંટ મારી જોતજોતામાં તે અદશ્ય થઇ ગયો અને રહેમતુલ્લાનું સૌથી વધુ કીંમતી કબુતર, જેને તે રાજા કહેતો તે, બચી ગયું.

રહેમતુલ્લાએ હવે તેને બંદુકથી નહિ પણ દગાથી મારવાનો વિચાર કર્યો. જેમ આ ફૅાર્કરના બાપને તેણે ઝેર દઇ માર્યો હતો તેવી જ રીતે આને પણ મારવા માટે તેણે એક મરેલા કબુતરમાં ઝેરી માંસ ભરી ઝાડ પર ટીંગાડયું. પણ ફૅાર્કર જેનું નામ! એ કંઈ આવી જાળમાં ફસે? એવા અજીઠા મરેલા ખોરાકથી તે લોભાય તેમ ન હતો. તેને તો કબુતર રાજાને પકડવામાં જ ખરી મઝા પડતી હતી. તેણે તો એ મરેલા કબુતર તરફ નજર સરખી પણ ન કરી. રહેમતુલ્લાની આ યુક્તિ નિરર્થક ગઇ.

હવે રહેમતુલ્લાએ એક બીજી યુક્તિ કરી. તેણે એક નાની કાઠી (લાકડી) કબુતર રાજાને પગે લટકતી બાંધી અને તેના ઉપર લાસો (બહુ જ ચીકણો પદાર્થ—વડ–પીપળાનું દુધ) ચોપડયો. હમેશના નિયમ મુજબ ફૅાર્કર રાજાની શોધમાં તેના મકાન ઉપર દેખાયો એટલે તેણે રાજાને હવામાં છોડયો,—એમ ધારીને કે રાજા ઉપર હુમલો કરતાં બેઝી પેલી કાઠી ઉપર ચોંટી જશે અને બંને નીચે પડશે.

રહેમતુલ્લાના હાથમાંથી છુટીને રાજા હજી પુરો ઉંચે પણ નહોતો ચડયો એટલામાં તો ફૅાર્કરે તેના ઉપર પડતું મુકયું. રાજા આ ઓચિંતા હુમલાથી એવો તો ગભરાયો કે ખસી શકયો નહિ. બેરીએ તેને પકડયો. કાઠી તો નીચે જ લટકતી રહી ગઇ અને પંજામાં રાજાને પકડી રહેમતુલ્લાથી માત્ર ચાળીસ વાર ઉંચે થઇને ઉડી નીકળ્યો. રહેમતુલ્લાના હાથમાં બંદુક તૈયાર હતી. એ અવાજ





કર્યા વિના કેમ રહે? તેણે બાર કર્યો,–પણ ચુકયો. માત્ર એક જ છરો બેરીના પગમાં વાગ્યો. બેરીએ ગુસ્સાથી ચિત્કાર કર્યો, મરેલા રાજાને પડતો મુકયો અને ઉડી ગયો.

ઘાયલ થએલો બેરી ઉડયો, ઉડયો તે બસ ઉડયો જ. નદીઓ પર નદીઓ અને મેદાનો પર મેદાનો તે ઓળંગી ગયો. પર્વતની અનેક શિખરમાળાઓ વટાવી ગયો. મધ્ય એશિયાનાં વિશાળ રણ જેવાં મેદાન, તેમાં ક્યાંકક્યાંક ઝાડનાં ઝુંડ, અને ઉંચેથી ખાબોચિયાં જેવાં લાગતાં સરોવરો તેણે વટાવ્યાં. કીડીની હાર જેવી લાગતી દોડતી રેલ ગાડીના તેણે આછા ધુમાડા જોયા; પેન્સિલના લીટા જેવા ઉંચેથી દેખાતા ટ્રેનના પાટા અને બંને બાજુ રેતીનાં ઉજ્જડ મેદાન તેણે જોયાં. મોટેમોટે અંતરે આવતાં સમરકંદ અને બુખારા જેવાં મોટાં શહેરોની મસ્જિદો, મિનારાઓ, સફેદ ઘુમ્મટો અને માલ ભરી જતાં ઉંટની હારોની હારો તેની નીચે સીનેમાની ફિલ્મની માફક પસાર થઈ ગઈ. પણ તે તો ગુસ્સામાં ઉડયે જ જતો હતો; –કલાકના ૧૨૦ માઇલની ઝડપે નીચેનો પ્રદેશ પસાર થઇ જતો હતો!

ઉડતાં ઉડતાં તે ખાજ મેળવ્યે જતો હતો. હવે તો તેણે પોતાની નીચે જમીનને બદલે સાગર જેવું વિશાળ કાસ્પિયન સમુદ્રનું પાણી ઉછળતું જોયું અને તેની ઉપર નાનીમોટી સ્ટીમરો તથા ઉંચેથી સફેદ બતકાં જેવાં દેખાતાં વહાણો ડોલતાં જોયાં. પશ્ચિમ કિનારા ઉપર, ભુરા આકાશને રંગવા મથતી ચિતારાની પીંછીઓ જેવી બાકુનાં ગ્યાસતેલનાં કારખાનાંની અનેક ચીમનીઓ ધુમાડાના ગોટેગોટા અધ્ધર ફેંકી આકાશને કાળું કરવા મથી રહી હતી તે તેણે જોયું. આ બધું જોતો તે તો પશ્ચિમ દિશામાં ઉડયે જ જતો હતો. ડાબી બાજુએ ઇરાનનો ઉચ્ચ પ્રદેશ અને જમણી બાજુએ કૉકેસસ પર્વતની અડગ ધારો આવી રહી હતી. તે કેટલું ઉડયો તેનું તેને ભાન રહ્યું ન હતું.

અંતે તે એક બહુ જ વિચિત્ર પ્રદેશમાં આવી

પહોંચ્યો. અહીં વારંવાર મોટીમોટી મેઘગર્જના જેવા અવાજ સંભળાતા હતા અને ધુમાડાના ગોટેગોટા અદ્ધર ચડતા હતા. રાત્રિના અંધકારમાં પ્રકાશના મોટામોટા થાંભલા * આખા આકાશને ટેકો દેતા હોય તેમ ઉભા થતા ને પ્રચંડ ગર્જનાઓ સાથે પાછળ અગ્નિના ભડકા દેખાતા. એક તો વળી તેણે બહુ જ અજાયબ જેવું જોયું. બે મોટાં રાક્ષસી પક્ષીઓ§ આવેશથી સામસામાં લડતાં હતાં. અંતે એક ભયંકર અવાજ પછી તેમાંથી એક નીચે પડતું. તેમની ઝડપ તો પોતાનું પણ માન મુકાવે એવી લાગી. એ વિચિત્ર પક્ષી–રાક્ષસને બરાબર નિહાળવા તે હીમત કરીને સહેજ અદ્ધર ચડ્યો, ત્યાં અચાનક એક કબુતર તેની નજરે ચડયું. તેના ઉપર તે ઉતર્યો. ત્યાં તો તેણે એક મોટા મકાનના છજામાં બીજાં ઘણાં કબુતરો જોયાં. આ જ મકાન તેણે પોતાના વાસ તરીકે પસંદ કર્યું.

અહીં તે રોજનાં બે કબુતરનો શિકાર કરી, પેટ ભરી દિવસ ને રાત નીરાંતે સુઇ રહેતો. આખો દિવસ આજુબાજુ મોટાંમોટાં ગર્જનાઓ તથા ચિત્ર-વિચિત્ર અવાજો સંભળાયા કરતા. રાત્રે ગર્જનાના કડાકા અને અગ્નિના ભડકા ઉપરાંત મોટામોટા પ્રકાશન સ્થંભ દિવસ જેવું અજવાળું કરી મુકતા. એક વખત તો આખી રાત એટલું બધુ અજવાળું રહ્યું કે તે એક કબુતરનો શિકાર કરી શક્યો.

હવે તો ગર્જનાઓ એટલી બધી વધતી જતી હતી અને રાત્રે પેલાં રાક્ષસી પક્ષીઓનો ફડફડાટ એટલા તો જોરથી સંભળાતો હતો કે ફ્રૅાર્કર આ બધી ધમાલથી કંટાળી ગયો. આ બધું શું છે તે તો એ કાંઇ સમજી શક્યો નહિ; પણ તેનો કંટાળો એટલો બધો વધી ગયો કે થોકબંધ કબુતરોનું ભોજન હમેશ તૈયાર મળે એવું આ લાલચભર્યું સ્થાન પણ છોડવાનો તેણે નિશ્ચય કર્યો.

એક દિવસ ઘણે દૂર ઉંચે બહુ જ ઝડપથી પસાર થતું એક કાળું ટપકું તેણે આકાશમાં જોયું. તેની તીક્ષ્ણ આંખો, એ શું છે તે બરાબર સમજી ગઇ, અને તરત તે તેની પાછળ પડ્યો. બે કલાક સુધી તેણે તેનો પાછો પકડી પાછળ ઉડયે રાખ્યું, અને



ડાર્ડેનલ્સમાં બેરી

પેલા વિચિત્ર અવાજ તથા પ્રકાશવાળું સ્થળ તો જોતજોતામાં અઢી સો માઇલ પાછળ રહી ગયું! આ પ્રમાણે, બ્રિટિશ નૌકાના હુમલાથી અસ્તવ્યસ્ત થએલી ડાર્ડેનલ્સની સામુદ્રધુની અને તે પરના ગૅલીપોલી બંદરનું પોતાનું સ્થાન ફ્રૅાર્કરે થોડા નિવાસ પછી છોડ્યાં અને સીધું ફરી પૂર્વ દિશામાં પેલા કાળા ટપકા પાછળ વહેતું મુકયું.

ધીમેધીમે એ ટપકાએ પક્ષીની આકૃતિ પકડી. તે એક માદા બેરી હતી. તેણે ફ્રૅાર્કરને ક્યારનો પોતાની પાછળ આવતો જોયો હતો, પણ તેની કશી દરકાર કર્યા વિના મિજાજમાં એ ઉડયે જ જતી હતી. ફ્રૅાર્કર પણ એનો કેડો મુકે એમ ન હતો. ફ્રૅાર્કર હવે તો તેની લગોલગ થઇ ગયો હતો. અંતે માનિનીએ માન મુકયું. ફ્રૅાર્કરની ઉદ્ધતાઈથી તે છંછેડાઇ હતી. તેણે ધુંધવાટથી તેના તરફ જોયું, અને જોતાંવેંત ખીજથી, ગુસ્સાથી જોસભેર તેના પર તુટી પડી. તેના ઓચિંતા હુમલાથી ફ્રૅાર્કર જરા લથડ્યો, પણ તરત જ શરીર સભાળી લઇ તેની પાછળ પડી તેને ફરી પકડી પાડી.

ફરીથી બેરી માદા તેના પર ધસી. ફ્રૅાર્કરે તેનો હુમલો ઝીલી લીધો. બંનેની ચાંચો મળી, પાંખો ફફડી અને માદા બેરીએ પ્રેમનો એક તીણો અવાજ કર્યો.

* સર્ચલાઇટ § એરોપ્લેન

ફૅાર્કર તરત તેનો ઉત્તર તેવા જ ચિત્કારથી વાળ્યો. બંનેએ સાથોસાથ પુર જોસથી ઉડવું ચાલુ રાખ્યું.

રસ્તામાં ફૅાર્કર જાતજાતનાં પક્ષી મારતો જાય અને બંને નાસ્તો કરે. આ પ્રમાણે તેઓ કેટલું ઉડયાં ને તેમાં કેટલો સમય લાગ્યો તે તો ન કહી શકાય, પણ રહેમતુલ્લાની ગોળી ખાઇ જે રસ્તે ફૅાર્કર પશ્ચિમ તરફ ઉડયો હતો તે જ રસ્તે તેઓ બંને પાછાં ફરતાં હતાં.

અંતે એક સાંજે બંને પેશાવર પાસેની સુલેમાન પર્વતની ધારના પેલા ગાળામાંના માળામાં ફરી ઉતર્યાં. સ્મરણથી, પ્રેરણાથી કે અકસ્માત, ગમે તેમ, પણ ફૅાર્કર પોતાના અસલ બાપીકા માળામાં વાસ કરવા નવવધુને લઈ આવી ચડયો હતો. એમને જોઇ ત્યાંના જુના પાડોશી એદી ટીસાએ એક ચીસ પાડી, ગલનાં ટોળાં અદ્ધર ઉડયાં, પાસેની ધાર ઉપરથી કાગડાએ કઠોર અવાજ કર્યો અને નીચે ઉંડાણમાંની નદીમાંથી મગર ઉંચે જોઇ રહ્યા.

મનુષ્યમાં તો માત્ર એક જ જણે તેમને આવતાં જોયાં હતાં. ખૈબરઘાટના માર્ગ ઉપર પહેરો ભરતો, એક હાથમાં દૂરબીન અને બીજામાં બંદુક ઝાલી ઉભેલો એ મનુષ્ય બીજો કોઇ નહિ, પણ અબ્દુલનો વૃદ્ધ ને વિશ્વાસુ સાથી ઇમાની હતો.

[અંગ્રેજી પરથી સૂચિત] **ગજાનન ભટ્ટ**

'વરસાદથી ઘરબાર વગરના થઇ ગએલા ગરીબો માટે આપ કાંઇ આપશો ?' એક સ્વયંસેવકે છગનલાલ શેઠને પુછ્યું.

'જરૂર, હું તમને અત્યારે જ ચેક લખી આપું છું.' એમ કહી છગનલાલ શેઠે ચેક લખી આપ્યો.

'આમાં સહી કરવી આપ ભુલી ગયા છો' ચેક પાછો આપતાં સ્વયંસેવકે કહ્યું.

'ભુલી નથી ગયો' તરત જ છગનલાલ શેઠ બોલી ઉઠયા, 'એ તો મારે ગુપ્તદાન કરવું છે એટલે જાણીને જ સહી નથી કરી!'



'રીકી–બાકા! રીકી–બાકા! અરે એ રીકી!'

રીકી નામના જાપાની છોકરાનો પાડોશી દોસ્ત આજે પરગામથી આવીને એ નાદાન રીકીને દીઠા વગર બેચેની અનુભવી રહ્યો છે. પણ લાંબી સાવરણીનો ઘોડો કરીને એકસામટા ચારચાર કલાક સુધી ઘોડેસવારી રમનારો, અને પોતાના ખિલખિલાટથી આખા પાડોશને પજવી મુકનારો એ સોળ વરસનો રીકી આજે તો કયાં ગે દેખાતો નથી. ફરી ફરીને પરદેશી ગોરો પાડોશી બુમો પાડે છે કે 'રીકી! એ રીકી–બાકા! એ રીકી ગાંડા!'

શેરીમાં રમતાં ત્રણત્રણ વરસનાં જાપાની ચીબલાંઓ પોતાની નનકુડી પાનીઓ વતી નકસીદાર પગલીઓ પાડતાંપાડતાં દોડયાં આવે છે, અને ચંપાકળી શી પીળી આંગળીઓ આસમાની વાદળ તરફ ચીંધાડીને તોતડી વાણીમાં પ્રત્યુત્તર આપે છે કે:

'લીકી નહી! લીકી બાકે ટો ભગવાન પાછે ગીયો! લીકી હવે અમાલી છાથે લમવા કયાં આવે થે?'

શું રીકી મરી ગયો? પરદેશી પાડોશીને ઘડીભર તો શ્રદ્ધા બેઠી નહિ. જગતમાં કેટલાંએક મનુષ્યો નિરખતાંની વાર જ જાણે કદાપિ મરવાનાં ન હોય એવાં દીસે છે. તો પછી રીકી કેમ મરે? સોળ વરસનો રીકી હજુ તો બબ્બે ત્રણત્રણ વરસનાં બચુડિયાંની સાથે જ ખેલતો હતો, છતાં એ કેમ મરી શકે? હજુ તો એ એટલો બધો નાનો હતો કે મકાન સળગતું હોય તે જોવાની મઝા લેવા ખાતર તો કદિકદિ પલંગ પરની મચ્છરદાનીને દીવાસળી મુકતો! અરે, એને પોતાની ઉમરના છોકરાઓ સાથે તો રમવું પણ નહોતું ગમતું. એ બધાનાં ગીતો ને રમતો તો રીકીને હજુ ફાવતાં પણ નહોતાં. એને કાંઇ ન કહીએ તો પાડોશને ગજાવે, અને 'ચુપ!' કહીએ તો ચુપચાપ સાવરણી–ઘોડો પલાંગીને ચાલી નીકળે. શેરીનાં નાનાં કુકડાં



કૃષ્ણ-જન્મ
ચિત્રકાર : શ્રી નંદલાલ બોઝ



કિરાત-અર્જુન
ચિત્રકાર : શ્રી નંદલાલ બોઝ

'કુમાર' ભાદરવો-આસો (દીવાળી અંક) ૧૯૮૩

અને કુરકુરિયાં કરતાં કશું યે અધિક માનપાન ન માગે, અને દીવાસળી ન આપો ત્યાં સુધી ડાહ્યો-ડમરો થઇ વર્તે! એવો રીકો મરે જ કેમ? ને મરે તો વિસરે જ કેમ?

પરદેશીની શંકાભરી મુખાકૃતિ સામે સખ્ત વિરોધ દર્શાવવા માગતાં હોય તેમ નાનાં ચીબલાંઓ મુઠી હલાવી હલાવીને મક્કમ સ્વરે કહેવા લાગ્યાં કે 'હા હા, હાકો-બાકો તો મરી ગીયો! તમને શું ખબર પડે? અમે જગાલતા'તા તો ય ઈ જાગતો'તો જ ક્યાં?'

રીકીનું મોત પાડોશીની નજરે તરવા લાગ્યું. એણે પોતાની પાંપણો લુછી અને ઘરમાં ચાલ્યો ગયો. પણ એ બે શબ્દોનું મીઠું નામ ન ભુલી શકાયું. રીકી અને બાકા! 'રીકી' એટલે જોરાવર અને 'બાકા' એટલે બેવકુફ! રીકીની જોરાવરી સાથે એની બેવકુફી બહુ સરસ રીતે મળી જતી હતી. ડાહ્યાં છોકરાં તો દુનિયામાં ઘણાં ય છે, પણ રીકી-ગાંડા જેવાં કેટલાં થોડાં! આખો પાડોશ એ ગાંડા વિહોણો સુનકાર લાગે છે.

એક વાર રીકીની શેરીએ એક કઠિયારો લાકડાં નાખવા આવ્યો. પરદેશી પાડોશીને ખબર હતી કે કઠિયારો રીકાનો દોસ્ત હતો. ઘણી વાર રીકી આ કઠિયારાની ભારી ઉપડાવવા લાગતો. પાડોશીએ એને પુછ્યું 'હેં ભલા! રીકીનું શું થયું?'

'રીકી તો બીચારો ગુજરી ગયો, બાપુ!' લમણે હાથ દઇને કઠિયારાએ ઉત્તર દીધો. 'એને ગુજર્યા તો આજે એક વરસ થવા આવ્યું. ઓચીંતો મરી ગયો. વૈદો કહેતા હતા કે રીકીને માથામાં કંઇક રોગ ભરાયો છે, અને હમણાંહમણાં તો વળી બીચારા રીકીની એક અજબ વાત થાય છે.'

'શું વળી?'

'બન્યું એવું કે રીકી-ગાંડો જ્યારે ગુજરી ગયો, ત્યારે એની માએ એને નવડાવી ધોવડાવીને એના ડાબા હાથની હથેળી ઉપર 'રીકી-ગાંડો' એવા અક્ષરો માંડ્યા. માંડીને પછી એણે રીકીના મુડદા આગળ બેઠાંબેઠાં ઘણીઘણી વાર સુધી ભગવાનની પ્રાર્થના કરી હતી.'

'શા માટે?'

"એટલા માટે કે રીકો ક્યાંક સારે ઠેકાણે જનમ લે.' હવે આ બનાવ બન્યા પછી ઉડતી-ઉડતી વાત અમે સાંભળી કે આજથી ત્રણેક મહિના ઉપર કોઇમાચી ગામના નાનીગાશી-સામા નામના ઊંચા કુળમાં એક છોકરો અવતર્યો છે, અને એના ડાબા હાથની હથેળી ઉપર ચોખ્ખા અક્ષરો દેખાય છે કે 'રીકો-બાકાઃ રીકો-ગાંડો.'

આ ઉપરથી છોકરાનાં માબાપને લાગ્યું કે કોઇક માતાની પ્રાર્થનાને લીધે આ છોકરો અહીં અવતર્યો લાગે છે. એમણે ચારેકોર તપાસ આદરી. એમાં એક શાક વેચનારાએ એક દિવસ માબાપને સમાચાર દીધા કે અમુકઅમુક શેરીમાં રીકો-બાકા નામનો છોકરો રહેતો હતો તે મરી ગયો છે. આ ઉપરથી એ નવાં માબાપે બે માણસોને રીકા-ગાંડાની મા પાસે મોકલ્યા હતા.

આ બે નોકરો થોડા દિવસ ઉપર રીકીની મા પાસે આવ્યા હતા અને રીકીનું નવું ઘર ભારી નામાંકિત ને પૈસાપાત્ર છે એ જાણીને મા બહુ જ ખુશી થઈ હતી. પછી નોકરોએ કહ્યું કે 'તમે છોકરાની હથેળી ઉપર 'બાકા (એટલે ગાંડો)' નામ લખ્યું છે તેથી નવાં માવતર બહુ ખીજાય છે. માટે તમારા રીકીને તમે ક્યાં દાટ્યો હતો તે અમને બતાવો.'

રીકીની માએ પુછ્યું, 'એ જગ્યા જોઇને તમે શું કરશો, ભાઇ?'

'અમે એની કબરમાંથી થોડીક માટી લઈ જશું.'

રીકીની માએ એક રેશમી વસ્ત્રમાં થોડી કબરની માટી બાંધી દીધી અને નોકરોએ રીકાની માને દસ સિક્કા દીધા."

'પણ ભાઇ, એ લોકો કબરની માટી લઇને શું કરશે?'

'છોકરો મોટો થઇ જાય તે પહેલાં, એની સુંવાળી હથેળીમાં એ માટી ઘસીઘસીને 'બાકા' શબ્દ ભુંસી નાખશે. એથી કરીને છોકરો મોટપણે ડાહ્યોડમરો થશે.'

વાત પુરી કરીને કઠિયારો તો ચાલી નીકળ્યો છે. પણ પરદેશી પાડોશીને ક્યાં યે ચેન પડતું નથી. એના મનમાં વિચાર ઉપડ્યા કે અરેરે! રીકી-ગાંડાને રીકી-ડાહ્યો કરી નાખશે? આ નવે અવતારે શું રીકી રમશે પણ નહિ? સાવરણી-ઘોડો પલાણીને સવારી

ખેલશે નહિ ? નાનાં ચીબલાં સાથે રમવાને બદલે શું એ ડાહ્યોડમરો થઇ ખડિયો પાટી ને દફતર લઇ આખો દિવસ નિશાળે જ જશે ? કુકડાં કુરકુરિયાંનો સંગાથી મટીને શું એ મોટો માણસ થવાનું પસંદ કરશે ? શા માટે આટલું બધું ડહાપણ જોઇએ ? હું જલદી જાઉં, રીકીનાં નવા માતપિતાને 'બાકા' શબ્દ ભુંસતાં અટકાવી રાખું. પરંતુ એ ક્યાં હશે ? 'બાકા' તો ભુંસાઇ પણ ગયું હશે !

'રીકી–બાકા ! રીકી–બાકા ! ઓ રીકી ! ખબરદાર હો ! હથેળી જોરથી બીડી રાખજે ! ખોલીશ મા ! ખોલીશ મા ! રખે ભાઈ ! તું મોટો માણસ બની જઇશ ! તું પ્યાર અને મસ્તીની મીઠી બેવકુફી ખોઇ બેસીશ. તું અમર બાળાપણ હારી બેસીશ.'

આવા પોકાર કરતાંકરતાં પરદેશી પાડોશીને નિદ્રા આવી ગઇ. પાડોશીઓએ જાણ્યું કે પરદેશી પાડોશી પોતાના બેવકુફ દોસ્ત રીકી વગર ગાંડો થતો જાય છે !

[અંગ્રેજી પરથી] **ઝવેરચંદ મેઘાણી**

આ યુ ર્વે દ શા ળા

ભાવનગર વૈદ્ય સભા તરફથી એ નગરમાં આ શાળા સ્થપાઇ છે. આયુર્વેદનો સમુદ્ધાર થાય અને દેશની ઔષધિઓ પ્રચાર પામે તથા લોકોને સસ્તામાં વૈદ્યકીય સહાય મળે એ આ સંસ્થાના મુખ્ય ઉદ્દેશો છે. સથરાવાળા શેઠ જીવણદાસ પ્રભુદાસ તરફથી માસિક રૂા. ૫૦ ની સહાય મળી છે તથા ભાવનગરના નામદાર દરબારશ્રી તરફથી સર પ્રભાશંકર પટ્ટણીએ એક વર્ષ સુધી તેને સહાય આપવા કૃપા કરી છે. પાઠશાળામાં હાલ ૧૫ વિદ્યાર્થીઓ છે. તેઓને માસિક ખર્ચમાં મદદ તરીકે રૂા. ૭ા કે રૂા. ૫ સ્કૉલરશિપ આપવા પુણ્યભાવનાવાળા ઉદાર પુરુષોને વિજ્ઞપ્તિ છે. પત્રવ્યવહાર **વૈદ્ય નર્મદાશંકર જટાશંકર** મંત્રી., વૈદ્ય સભા, વોરા બજાર **ભાવનગર** એ સરનામે કરવો.

મુંબાઇનું સ્કાઉટ જામ્બૂરી વીરમહાસંમેલન

૧૧ થી ૧૫ મી ડિસેમ્બર સુધી

મુંબાઇ જોવાનો, તથા મુંબાઇ ઇલાકાના બ્રિટિશ અને દેશી રાજ્યોના સ્કાઉટો (કુમાર વીરો)ને હળવા મળવાનો

અપૂર્વ પ્રસંગ

અર્ધુ રેલભાડું: વિનાખર્ચે છ દિવસ રહેવાનું: તથા સારાં સ્થળો જોવાનાં: ખાવાપીવાનો કુલ ખર્ચ માત્ર રૂપિયા ચાર જ. આવી તક કેમ ચુકો ?

લ વીં ગિ યા ની લૂ મ

માસ્તર—અલ્યા રમુ, તમારા બંને બાઈના 'માતા' ઉપરના નિબંધ એકસરખા કેમ ?

રમુ—સાહેબ, અમારી બંનેની મા જુદી છે કે એક ?

ૐ

'હું તમને પૈસા તો આપું પણ તમે એ પાછા ભરી દેશો એની શી ખાતરી ?'

'હું એક સદ્‌ગૃહસ્થના વચન ઉપર કહું છું કે તમારા પૈસા તરત જ ભરી આપીશ.'

'વારુ, એ સદ્‌ગૃહસ્થને તેડીને આવજો !'

ૐ

બાબુ—બાપા, મને સ્વપ્નું આવ્યું કે તમે મને એક રૂપિયો વાપરવા આપ્યો.

બાપા—હમણાંહમણાં તું ડાહ્યો થયો છે. એટલે એ રૂપિયો તું જ રાખજે ને વાપરજે.

ૐ

પગે ચાલનારો—(મોટરવાળાને) મોટર હાંકતાં આવડે છે કે નહિ ?

મોટરવાળો—સીધી રીતે ચાલતાં આવડે છે કે નહિ ? બંદા બાર વર્ષથી મોટર હાંકે છે, સમજ્યો ?

પગે ચાલનારો—બંદા બેંતાલીસ વર્ષથી ચાલે છે, સમજ્યો ?

ૐ

એક નવરો નિશાળિયો કહે, 'હવે આપણે શું કરશું ?'

તેનો ભાઇબંધ કહે, 'આ પૈસો ઉડાડીએ. જો તે ચત્તો પડે તો સીનેમા જોવા જવું, જો ઉંધો પડે તો નાટક જોવા જવું, પણ જો ધાર ઉપર ઉભો રહે તો પાઠ વાંચવા બેસવું !'

ૐ

શિક્ષક—એવી કઈ ચીજ છે, જેને તમે જોઇ શકો છો પણ અડકી શકતા નથી ?

બધા છોકરા વિચારમાં પડી ગયા.

નાનો રમુ તરત જ ઉભો થઇને બોલી ઉઠ્યો, 'સાહેબ, તમારી ચોટલી !'

ૐ

એક લેખક—(તંત્રીને) તમે નકામા તમારા માસિકને બાળકોનું કહી રહ્યા છો. એમાં બાળકો પચાવી શકે એવું કાંઇ જ આવતું નથી.

તંત્રી—(હસતાંહસતાં) સાહેબ, ભુલો છો. એને છેલ્લે પાને બાળાગોળીની જાહેર ખબર આવે છે !

ૐ

ન્યાયાધીશ—ગુનેહગારને એકલાંએકલાં વાતો કરવાની ટેવ છે ?

સાક્ષી—હું નથી જાણતો.

ન્યાયાધીશ—તમે એના મિત્ર થઇને ન જાણો એ કેમ બને ?

સાક્ષી—પણ સાહેબ, એ એકલો હોય ત્યારે એની પાસે હું હોઉં જ ક્યાંથી ?

ચિત્ર પરિચય

ક્લાન્ત શિવ

હિંદી કળામાં શિવનું સ્વરૂપ પ્રધાનપદ ભોગવે છે. ઇલોરા, એલિફન્ટા કે મહામલ્લપુરનાં શિલ્પોમાં શિવનાં નૃત્ય ને શિવની મૂર્તિઓ જોઇ હશે તેમને શ્રી નંદલાલ બોઝનું આ ચિત્ર જોતાં જ લાગશે કે એમણે એ સ્વરૂપનો સંપૂર્ણ સાક્ષાત્કાર એમાં ઉતાર્યો છે.

પણ અહીં ચિત્રનો વિષય તદ્દન જુદા જ પ્રકારનો છે. કથા એવી છે કે જગન્માયા સતીએ પિતાના યજ્ઞમાં પતિનું અપમાન થએલું જોઇ દેહત્યાગ કર્યો ત્યાર પછી, દુ:ખથી સંતપ્ત થઇ શિવે એ મૃત દેહને ખભે ઉચકી બ્રહ્માંડભર ઘુમવા માંડ્યું. એ સમયની શિવની મનોદશા આલેખવાનો આ ચિત્રમાં કલાકારે સમર્થ પ્રયત્ન કર્યો છે. એમાં કોઇ સામાન્ય માનવીનો પ્રિયાવિરહ દેખાડ્યો નથી. પણ બ્રહ્માંડનું પરમ બળ શક્તિના વિરહે કેવું શૂન્ય ને ઘેરૂં બની રહ્યું છે તેનું એમાં દર્શન છે. શિવનાં નેત્રમાં અશ્રુ નથી; હો યે નહિ. પાર્વતીના કપાળ ઉપર કોમળતાથી એક હાથ ધરી રાખી બીજો હાથ પૃથ્વી ઉપર ટેકવી મનુષ્યને અગમ્ય કોઇ ગગનઘેરા ભાવો ઘુંટતો એ ચહેરો જુઓ. આપણને જાણે બીતિ લાગે છે કે યુગોના યુગો સુધી પડઘા પડી રહે એવી ગર્જના કરતો પ્રલય હમણાં ભભુકી ઉઠશે કે શું? મનુષ્ય કલ્પી શકે નહિ એવાં તોફાનો કે સૃજનોનો વિધાતા અહીં નજરે પડે છે.

કલાકારે વસ્તુનો રસ એટલો અદ્દભુત રીતે જમાવ્યો છે કે આ ચિત્રને પાત્રરેખાની ચાતુરી જ ન કહેવાય. શિવસ્વરૂપની ભાવના આત્માના ઉંડાણમાં જાગી ન હોય તો આવું ચિત્ર ન થઈ શકે. ચિત્રકારને મન શિવ અને પાર્વતી માત્ર કથાનાં પાત્રો નથી, પણ વિશ્વના આધાર રૂપ ચેતનભર્યાં બળોનો સજીવ અનુભવ છે. એવાં તત્ત્વોને માનવઓળામાં ઉતારતાં કોઇ પણ કળાકાર છક્કડ ખાઇ જાય. અત્યંત એકાંત ચિંતન, કલ્પના અને મનથી યે પર એવા સૂક્ષ્મ જગતમાં ઉતરીને ચિત્રકારે અત્યંત ભવ્ય અને ગંભીર ભાવોનો અનુભવ કર્યો છે એ, આ ચિત્ર આપણને કહી આપે છે.

હાલના સંસ્કારને વશ થએલા કેટલાક આ વાતને ઘમંડ માનશે; પણ ખરો કે નંદબાબુએ સંપ્રદાયની નજરે આ ચિત્ર નથી જ કર્યું અને તે પોતે હડહડ ધર્મી નથી, છતાં એટલું ચોક્કસ કે કથા પાછળ રહેલું આધ્યાત્મિક તત્ત્વ તે સમજ્યા છે અને જરા યે માનવકુતૂહલ સિવાય એ કથાકલ્પનાનું સૂક્ષ્મ તત્ત્વ જ તેમને મુગ્ધ કરી રહ્યું છે.

નંદબાબુને આ યુગ કે પ્રાચીન યુગની કળાના વિસંવાદ કરતાં જે રીતે ભાવોનું સ્પષ્ટ દર્શન કરાવી શકાય તે રીત જ માન્ય છે. બજારમાં ચાલતા ભાવોની પેઠે કળાની કદર કરતા યુગ સામે તેમની લેશ માત્ર નજર નથી. આપણા જ યુગમાં રહીને તે આપણને આત્માની સંસ્કૃતિ અને ઉંડી જીવનદૃષ્ટિ બતાવે છે. તમે શિવમંદિરમાં જઈ ભલે દર્શન ન કરતા હો, પરંતુ આ ચિત્રમાંના શિવસ્વરૂપની પાછળ રહેલા બ્રહ્માંડવ્યાપી સનાતન સત્ય આગળ નમન કર્યા વિના રહેવાના નથી.

આ અંકના મુખચિત્ર તરીકે આપેલું શિવનું મોટું વદન આ ચિત્રમાંથી જ જુદું પાડીને આપેલું છે.

ઉમાનું તપ

પિતાના યજ્ઞમાં પતિનું અપમાન થએલું જોઇને એ જ યજ્ઞમાં પોતાનું બલિદાન દઇ દેહત્યાગ કર્યા પછી શિવપત્ની સતીએ પર્વતોના રાજા હિમાલયને ત્યાં અવતાર લીધો. એનું નામ ઉમા (અથવા પાર્વતી) પડ્યું. બાળપણથી જ ઉમાનો શિવ તરફ અત્યંત ભક્તિભાવ હતો અને રાતદિવસ તે શિવની પૂજામાં જ રત રહેતી. એની ઇચ્છા શિવને વરવાની હતી. એનાં માતપિતા પણ ઉમાના આ વલણથી બહુ પ્રસન્ન હતાં. પણ શિવ તો તપશ્ચર્યામાં હતા અને અહર્નિશ અખંડ સમાધિમાં રહેતા. પાર્વતીએ હવે તેમની પાસે જઇ અહોરાત્ર તેમની સેવામાં રહેવા માંડ્યું. એમ કરતાંકરતાં ઘણા દિવસ વીતી ગયા.

આ સમયે બ્રહ્માના વરદાનથી શક્તિશાળી થએલો તારક નામનો દૈત્ય ત્રણે લોકમાં બહુ કેર વર્તાવતો હતો. એનાથી ત્રાસી ઇંદ્રે બ્રહ્માને ફરિયાદ કરી ત્યારે તેમણે જવાબ આપ્યો કે મેં તો એને વરદાન આપ્યું છે એટલે મારાથી કંઈ થઈ શકે એમ નથી. પણ હું એવો વર આપું છું કે શિવ અને પાર્વતીથી જે પુત્ર થશે તેને હાથે એનો નાશ થશે.

આથી શિવને તપશ્ચર્યામાંથી ચળાવવા ઇન્દ્રે કામદેવને મોકલ્યો. એક વખત શિવ સમાધિમાંથી

જાગ્યા હતા અને ઉમા તેમની પૂજા કરતાં હતાં. એ તક જોઇ કામદેવ પોતાનો લાગ સાધવા જતો હતો ત્યાં તો એ શિવની નજરે પડયો અને શિવે ક્રોધે ભરાઇ પોતાનું ત્રીજું નેત્ર ઉઘાડી તેની જ્વાળાથી એને બાળી નાખ્યો. પછી શિવ તપ કરવા ચાલ્યા ગયા અને ઉમાએ પણ નિરાશ થઇ કોઇ એકાન્ત પર્વત પર જઇ સંન્યાસિની વેશે શિવનું ધ્યાન ધરી કઠોર તપશ્ચર્યા માંડી. ઘણો સમય વીતી ગયો.

એક દિવસ એક બ્રાહ્મણ કુમારે આવી તેના આવા કઠણ તપ માટે તેને ધન્યવાદ દીધો અને તેનું કારણ પુછયું. ઉમાએ બધી હકીકત વર્ણવી જણાવ્યું કે શિવ કામદેવને બાળીને ચાલ્યા ગયા છે એટલે હવે એમને પ્રસન્ન કરવાનો આ તપશ્ચર્યા સિવાય બીજો માર્ગ નથી. આ સાંભળી પેલા બ્રાહ્મણ કુમારે, સ્મશાનમાં પડી રહેનારા, અંગે રાખ ચોળનારા, સર્પ તથા સિંહચર્મ ધારણ કરનારા, બળદ ઉપર આસન કરનારા વેરાગી અને ભયાનક અવધૂતને માટે આવી તપશ્ચર્યામાં પોતાનું રૂપ અને યૌવન ન વેડફી દેવા ઉમાને બહુ સમજાવ્યાં. પણ ઉમાએ ક્રોધે ભરાઇ તેને સંભળાવી દીધું કે તું શિવ માટે ગમે તે યદ્વાતદ્વા કહે, પરંતુ મારો એમના પ્રત્યેનો ભક્તિભાવ લેશમાત્ર ચળાવી શકવાનો નથી. એ જ ક્ષણે બ્રાહ્મણ કુમારને રૂપે આવેલા શિવ પ્રકટ થયા અને એમણે પ્રસન્ન થઇ પાર્વતીને વરવાનું વચન આપ્યું.

શિવને વરવા માટે ઉમાએ કરેલી તપશ્ચર્યાનું નંદબાબુનું ચિત્ર એમનાં અનેક સુંદર ચિત્રોમાંનું એક છે.

કૃષ્ણજન્મ

કૃષ્ણજન્મની કથા તો કોણ નથી જાણતું? પોતાના આઠમા બાળકને કંસથી બચાવવા માટે એને ખસેડવાનો વસુદેવ દેવકી મનસુબો કરે છે એ પ્રસંગના આ ચિત્રમાં નંદબાબુએ કૃષ્ણને ઉપાડી લઇ જતા વાસુદેવની મુખમુદ્રામાં પોતાનો ચહેરો આલેખ્યો છે એમ એક અંતેવાસી જણાવે છે. આપણને પણ નથી લાગતું?

કિરાત-અર્જુન

દ્યૂતમાં સર્વ હાર્યા પછી પાંડવો તેર વરસ વનવાસ ગયા ત્યારે અર્જુન તીર્થાટન કરવા નીકળ્યો અને પછી હિમપર્વત ઓળંગીને એણે ઇંદ્રકીલ પર્વત ઉપર ઘોર તપ કરવા માંડયું. અંતે શિવે મૂક નામના દૈત્યને કહ્યું કે તું ભુંડને રૂપે જઇને તેનું તપ ભંગ કર. પણ અર્જુને ગાંડીવ ધનુષ વડે ભુંડને મારી નાખ્યો. શિવ કિરાત (ભીલ)ને રૂપે પ્રકટ થઈ બોલ્યા કે મારા વનના ભુંડને તેં કેમ માર્યો? ને પછી યુદ્ધ કરવા ઉભા. અર્જુને બહુ બાણ માર્યાં પણ નિરર્થક. અંતે જ્યારે ન ફાવ્યું ત્યારે તેણે ગાંડીવના દંડથી શિવને મારવા માંડયા. શિવ મોં પસારી તે ગળી ગયા. પછી મલ્લયુદ્ધ થયું તેમાં અર્જુન મૂર્છિત થઇ પડયો. શિવે તેને સાવધ કરી સાક્ષાત દર્શન આપ્યાં અને અર્જુને પ્રણિપાત કરી તેમનું સ્તવન કર્યું. શિવે પ્રસન્ન થઈ એને પાશુપત બ્રહ્મશિરો નામનાં અસ્ત્ર આપ્યાં. એ પ્રસંગનું આ ચિત્ર છે.

ગ્રાહકો ! ધ્યાન આપો ! અનુસંધાન મિજલસને છેડેથી

સૌનાં લવાજમ આવતા માગશરના અંક સાથે ખલાસ થશે. એટલે જેઓને આવતા વર્ષના ગ્રાહક તરીકે ચાલુ ન રહેવું હોય તેમણે અમને તે મતલબના ખબર માગશરની પુનમ (ડિસેમ્બરની ૮મી તારીખ) પહેલાં લખી જણાવવા કૃપા કરવી; કે જેથી તેમને એ અંક વી. પી. ન થતાં સાદી પોસ્ટથી રવાના થશે.

એ મુદ્દત પહેલાં જેમના ખબર અમને નહિ મળ્યા હોય, તેઓ આવતે વર્ષે પણ ગ્રાહક રહેવા ખુશી છે એમ સમજી, અમે માગશરનો અંક તેમને વી. પી. થી મોકલીશું.

આવી રીતે વી. પી. થએલો અંક જો ગ્રાહક પાછો ધકકેલશે તો તેના પોસ્ટેજની નુકસાનીના અમને લાગેલા સવા બે આના પાછા મોકલીને જ એ પોતાનો અંક મેળવી શકશે: નહિતર પોતાની એ ભુલ બદલ પોતાનો માગશરનો અંક એ ખોશે.

માટે સૌથી સહેલો રસ્તો એ છે કે, પોતાને ગ્રાહક ન રહેવું હોય તો માગશરની પુનમ (આઠમી ડિસેમ્બર) પહેલાં અમને તેવા ખબર લખી જણાવવા.

ગ્રાહક રહેવું હોય તો મનીઓર્ડરથી આવતા વર્ષના લવાજમના રૂપિયા ૬ મોકલી આપવા: અથવા માગશરનો અંક પોતાને વી. પી. થાય તેમ લખી જણાવવું.

વી. પી. થી લવાજમ વસુલ કરાવવા કરતા મનીઑર્ડરથી મોકલી આપવામાં સરળતા વધારે જળવાય છે અને બે આનાના પૈસા ઓછા બેસે છે એ સૌ જાણે છે.

માટે, ફરી અમારી વિનંતિ છે કે પોતાને ગ્રાહક રહેવાની ઇચ્છા છે કે નહિ તેના સ્પષ્ટ ખબર અમને વેળાસર પહોંચાડવા. તે માટેનાં કાર્ડ આવતા (કારતકના) અંક સાથે સૌને મોકલાવાશે.

ભૂષણ લક્ષણ

પ્રાચીન કથાઓમાં અને સંસ્કૃત સાહિત્યમાં સર્વ પ્રકારના આભૂષણો સમેત અથવા વસ્ત્રાલંકાર સહિત શોભાયમાન માણસો, દેવો અને મૂર્તિઓનાં વર્ણનો આવે છે. પણ વખત ફરતો જાય છે તેમ વસ્ત્રો અને આભૂષણોમાં પણ ફેરફાર થતો આવે છે. એટલે એ કાળમાં કયાં ઘરેણાં કયાં પહેરાતાં હશે અને તેનાં શાં નામ હશે તે જાણવું મુશ્કેલ પડે છે. તાંજોરના પુરાતત્ત્વખાતાના સંશોધક સ્વ. ગોપીનાથ રાવે હિંદી મૂર્તિઓ પર જે જે અલંકારો જોવામાં આવે છે તેનાં નામ પ્રમાણ સહિત આપ્યાં છે. તે હકીકત જાણવા જેવી હોઈ અહીં ઉતારી છે.

હિંદી મૂર્તિઓ એટલે જૈન, બૌદ્ધ અને હિંદુ મૂર્તિઓ સમજવી. સંપ્રદાયભેદ હોવા છતાં બધી મૂર્તિઓના અલંકારો તો એક સરખા જ માલુમ પડે છે. હિંદુસ્તાનની મૂર્તિઓ પરના જેવા જ અલંકારો જાવા, લંકા વગેરે બીજા—જ્યાં હિંદુસ્તાનની છાયા પ્રસરી છે તે બધા—દેશોની મૂર્તિઓ પર જણાય છે.

એ બધી મૂર્તિઓના અલંકારો વિષેનાં વર્ણનો અંશુમદ્ભેદાગમ, માનસાર, શિલ્પસૂત્ર, પદ્મસંહિતા અને આગમોના ગ્રંથોમાંથી મળી આવે છે.

હીંદી મૂર્તિઓના અંગ ઉપર જે જે આભૂષણો દેખાય છે તેમાંનાં મુખ્ય નીચે મુજબ છે:

૧ મકુટ	૬ સ્કંધમાળા	૧૧ અંગુલિ
૨ કુંડલ	૭ ઉદરબંધ	૧૨ યજ્ઞોપવિત
૩ ઉપગ્રીવા	૮ છન્નવીર	૧૩ કટિસૂત્ર
૪ હાર	૯ કેયૂર	૧૪ ઉરૂદામ
૫ હીણમાળા	૧૦ કટકવલય	૧૫ પાદજાલક

શરીરના જે જે ભાગોમાં ઉપરના અલંકારો પહેરવામાં આવે છે તે બધા નીચેના ચિત્રમાં બતાવવામાં આવ્યા છે. તાંજોરમાં બૃહદેશ્વરના મંદિરમાં ઘણા અલંકારોનું વર્ણન કોતરેલું છે. તેમાં તો દરેક અલંકારમાં મોતી કેટલી સંખ્યામાં જોઈએ, રત્નો કેવા ગુણવાળાં તથા કેટલાં લેવાં વગેરેનું વિગતવાર વર્ણન આપેલું છે.



માનસાર નામનો માપ ઉપર એક ગ્રંથ છે તેમાં ઘરેણાં ચાર પ્રકારનાં કહ્યાં છે. પત્રકલ્પ, ચિત્રકલ્પ, રત્નકલ્પ અને મિશ્રિતકલ્પ. વેલપાન કોરેલાં સોનાનાં ઘરેણાંને પત્રકલ્પ કહ્યાં છે; ફુલો અને વેલ કોરેલાંને ચિત્રકલ્પ કહ્યાં છે; જેમાં હીરા કે રત્નો જડેલાં હોય તેને રત્નકલ્પ કહેલાં છે; અને એ ત્રણે પ્રકારની મિશ્ર આકૃતિઓવાળાંને મિશ્રકલ્પ કહ્યાં છે. દેવતાઓ માટે આ બધી જાતનાં ચાલે. રત્નકલ્પ અને મિશ્રકલ્પ તો અધિરાજેન્દ્રને જ હોય. પ્રાચીન કાળમાં દેવોને ઉત્તમમાં ઉત્તમ રત્નજડિત સોનાના અલંકારો રાજાઓ ધરતા. કન્યાકુમારી આગળના એક લેખમાં, ચોલરાજ વીરરાજેન્દ્રદેવે ચિદંબરમ્ ભગવાનને ત્રૈલોક્યસાર નામનો હીરો અર્પણ કર્યો હતો. એ કદાચ કોહીનૂર હશે. કોહીનૂર તથા બીજા કેટલાંક પ્રસિદ્ધ રત્નો હિંદુ મૂર્તિઓ ઉપરથી ઉતારી લેવામાં આવ્યાં હતાં એવું મનાય છે.

મકુટ



આકૃતિ ૧, ૨ જટા મુકુટ; ૩, ૫ કિરીટ મકુટ: ૬ કિરીટ મકુટના વિભાગ

મકુટ (દેવોની ટોપી) ત્રણ જાતના હોય છે. કિરીટ મકુટ, કરંદ મુકુટ અને જટા મકુટ. કિરીટ મકુટ દેવામાં વિષ્ણુને માથે અને રાજાઓમાં ચક્રવર્તિને જ માથે હોય છે.

કિરીટ મકુટનો ઘાટ વેણુપર્ણ એટલે વાંસના પાનને મળતો હોવો જોઇએ. શિલ્પશાસ્ત્રના શ્લોક પ્રમાણે તે ઇંડાના ઘાટનો, કમળના દોડાના ઘાટનો, છત્રી જેવો અથવા કાચબાના આકારનો હોવો જોઇએ. કિરીટના બીજા ભાગો પૂરિતતંગ તારા, અગ્રપટ્ટા, ત્રિવેદિકા, ત્રિવેત્રક, પદ્મ, કમળ, શિખામણિ એવા હોય છે.

પૂરિત એટલે જડેલું રત્ન. તે મગરથી પકડેલું હોય અને તેની આસપાસ હીરા તથા વેલબુટ્ટી હોય. પટ્ટબન્ધ જે કપાળ પર આખા માથાને ફરતો આવે છે તેમાં બરોબર ભ્રમર પર એક ઉંચું નંગ હોય છે.

કિરીટમાં મૌલિબન્ધાવલિ અને મુક્તાહાર પણ કારેલાં હોય છે. કિરીટ મકુટને બીજના ચંદ્રની જેમ કપાળ ઉપર વાંક હોય અને કાન આગળ કર્ણપત્ર નામનો ઘાટ હોય. કિરીટ મકુટમાં પટ્ટબન્ધને લટકતા મુક્તાહાર હોય છે. તેમાં કાન ઉપર મોતીના તોરા લટકાવેલા હોય છે. તેને કર્ણપુષ્પ પણ કહે છે. કિરીટ મકુટનો ટોપ બરોબર ગોળ હોય છે.


કરંદ મકુટ કરંદ ઘાટના વાસણને મળતો હોય છે. તેમાં ઉપરાઉપરી નાના મોટા વાટકા ગોઠવ્યા જેવો આકાર થાય છે. તે ઉંચા કે નીચા બંને પ્રકારના હોઇ શકે. એ સિવાય તેમાં પૂરિત પટ્ટબંધ વગેરે હોય જ. (જુઓ બાજુના ચિત્રમાં આકૃતિ ૩ તથા ૫).

જટા મકુટનું વર્ણન દરેક શૈવાગમ ગ્રંથમાંથી પુરૂં મળે છે. ઉત્તરકામિક આગમમાં આ પ્રમાણે તેનું વર્ણન છે: ગુંથેલા અથવા વળ આપેલા વાળના જુથને જટા કહે છે. આવી બેત્રણ જટાનાં ગુંચળાંથી ઉંચા ટોપી જેવો ઘાટ થાય તેને જટાબંધ કહે છે. પાંચ જટા લઇ તેને ત્રેવડી, ત્રણ આંગળ જાડી ગુંથી, ત્રણ ગુંચળાં વાળી, પછી વધેલી જટાને અંદર બહારથી આંટી નાખી બે બાજુ લટકતી રાખીને જટા મકુટ રચાય છે. તેમાં મકરકુટ, પત્રકુટ, રત્નકુટ અને પૂરિત ઘરેણાં પણ ગોઠવવામાં આવે છે. જટા મકુટમાં મકરકુટ બરોબર કપાળની ઉપર રખાય છે, બાકીની ત્રણે બાજુએ પૂરિત રહે છે, પૂરિત બાર આંગળ ઉંચાં હોવાં જોઇએ. શિવ માટે જટા મકુટ હોય તો તેમાં ધંતુરાનાં ફુલ, નાગ તથા ગંગાની આકૃતિઓ હોવી જોઇએ. (જુઓ બાજુના ચિત્રમાં આકૃતિ ૧-૨)

કુંડળ

કાનની બુટમાં પહેરવાનું ઘરેણું તે કુંડળ. પ્રાચીન તથા મધ્ય કાળમાં આ ઘરેણાનો બહુ જ ચાલ હતો અને તેને માટે અનેક ઉપાયોથી કાનની બુટમાં મોટાં કાણાં કરવામાં આવતાં. આથી બુટનો ભાગ લંબાઇને ઠેઠ ખભા સુધી પહોંચતો. અત્યારે આ રિવાજ માત્ર મલબારમાં, કાઠિયાવાડનાં ગામડાંમાં અને નેપાળ તરફ ચાલુ છે. કાનના આ અલંકાર જુદાંજુદાં નામથી જાણીતાં થયાં છેઃ શંખપત્ર, મકરકુંડળ, સિંહકુંડળ, વૃત્તકુંડળ વગેરે.

શંખપત્ર શંખને મધ્યમાંથી કાપીને બનાવેલાં હોય છે. ઘણા સારા શંખમાંથી ત્રણ ઇંચની પહોળાઇનાં કુંડળ નીકળે છે. અંશુમદ્ભેદાગમમાં લખ્યા પ્રમાણે શંખપત્ર ત્રણ, ચાર કે પાંચ આંગળની પહોળાઇનું હોવું જોઇએ અને કાનની બુટની જાડાઈ કરતાં ત્રણ



આકૃતિ ૧, ૨, ૩ મકર કુંડળ; ૪, ૭ રત્ન કુંડળ: ૫, ૬ સર્પ કુંડળ; ૮, ૯ શંખપત્ર; ૧૦, ૧૧, ૧૨, ૧૫ વૃત્ત કુંડળ; ૧૩–૧૪ સિંહ કુંડળ.

ગણું જાડું હોવું જોઈએ. આ શંખપત્રો ઉપર સુંદર નકસી કે આકૃતિઓ પણ કોરેલી હોય છે.

શિવ આદિ દેવતાઓનાં કુંડળો બંને બાજુએ એકસરખાં હોતાં નથી. એક કાનમાં મકર કુંડળ હોય તો બીજામાં શંખપત્ર હોય. વિષ્ણુ, કાર્તિકેય વગેરે દેવોને પણ મકરકુંડળ જ પહેરાવેલાં હોય છે. હાલમાં દક્ષિણ હિંદમાં જે બ્રાહ્મણે યજ્ઞ કર્યો હોય તે સોનાનાં મકરકુંડળ પહેરે છે. મકરકુંડલમાં મગરની આકૃતિમાં આંખને ઠેકાણે બે લાલ રત્નો જડેલાં હોય છે.

સિંહકુંડળનું વર્ણન કોઇ ગ્રંથમાંથી મળતું નથી, પણ ઘણી મૂર્તિઓ ઉપર તે નજરે પડે છે. મોટી ગોળાકાર કડીમાં નીચે સિંહનું મોં કોરેલું હોય છે અને તે બીજાં કુંડળો જેવડું જ હોય છે. ઘણે ભાગે તે દ્વારપાળને તથા ભયાનક દેવતાઓને પહેરાવેલું હોય છે. સિંહને બદલે ઘણી વાર હાથી પણ કોરેલો હોય છે. (જુઓ, ઉપલા ચિત્રમા આકૃતિ ૧૩–૧૪)

વૃત્તકુંડળનો આકાર કેળના ફુલ અથવા કમળના દોડા જેવો હોય છે. તેની પહોળાઇ ૧૮ યવ અને લંબાઈ ચાર આંગળની હોય છે. (જુઓ આકૃતિ ૧૦,૧૧,૧૨) ઘણી વાર કાનમાં નાખેલી નાની કડીને નીચે પણ તે ફુલ લટકાવેલું હોય છે. (જુઓ આકૃતિ ૧૫)


રત્નકુંડળ વૃત્તકુંડળ જેવું ને જેવડું જ હોય છે. ફેર એટલો કે તેમાં રત્ન જડેલાં હોય છે. (આકૃતિ ૪,૭)

સર્પકુંડળ નાગફણીની આકૃતિવાળાં હોય છે. તે ઘણે ભાગે શિવને જ કાને દેખાય છે. (આ૦ ૫,૬)

તામિલ ભાષામાં કુંડળને વાળી અથવા તોડુ કહે છે. કાઠિયાવાડમાં ઠોળિયાં કહે છે.

ઉપગ્રીવા અને હાર

ઉપગ્રીવા એ ડોકનું ઘરેણું છે. હીકસૂત્રની ઉપર તે પહેરાય છે. તેમાં મુખ્ય રુદ્રાક્ષનો પારો, કોઇ પણ કીમતી રત્ન કે સોનાનો પારો સોનાની દોરી કે તારમાં પરોવેલો હોય છે. મૂર્તિઓ પર તો આ પારો એકલો જ હોતો નથી, પણ બે બાજુએ નાના પારા પણ હોય છે. વચલો મોટો પારો જરા લાંબી આકૃતિનો હોય છે અને તે પર થોડા પહેલ પાડેલા હોય છે. ગુજરાતમાં કંઠી આ ઘરેણાને સ્થાને ગણી શકાય.




ઉપરનામાંની બધી નાની આકૃતિઓ 'ઉપગ્રીવા'ની છે મોટી આકૃતિ 'હાર'ની છે.

કંઠી અથવા ઉપગ્રીવાથી નીચે બીજું ઘરેણું હાર છે. હાર કીમતી અને વધુ કારીગરીભર્યું ઘરેણું છે. હાર છાતીની વચ્ચોવચ લટકતો રહે છે. તે ચાર આંગળ પહોળો અને ત્રણ યવ જાડો હોવો જોઇએ જેથી તેમાં રત્નો જડી શકાય. હિંદુસ્તાનના સર્વ અલંકારોમાં હાર શ્રેષ્ઠ હોવાથી તેનાં ઘડતર, બનાવટ

ને જડતર બહુ જ સુંદર ને આકર્ષક હોય છે.

હ્રીણમાળા (રાણમાળા)



હ્રીણમાળા પણ ગળાનું ઘરેણું છે. તે ઉદરબંધ સુધી પહોંચે એટલી લટકતી રહેવી જોઇએ. શિલ્પરત્નમાં તેને અક્ષમાળા પણ કહી છે. તેની હારો પ્રમાણે તેને એકાવલિ, ત્રિસરી, પંચસરી, સપ્તસરી પણ કહે છે. આ હ્રીણમાળા પ્રાચીન કાળમાં ઘણી મોતીસેરોની બનતી અને એ બધી સેરો થોડેથોડે અંતરે ગોળ કે ચોરસ રત્નજડિત પટીઓમાં બાંધી લેવામાં આવતી. આવા બંધને પદક કહે છે. (ઉપલું ચિત્ર)

સ્કન્ધમાળા

બંને ખભા ઉપર ઝુલતી પડતી, લટકતી મોતીની કે સુવર્ણપુષ્પની માળાને સ્કન્ધમાળા કહે છે. સંસ્કૃત સાહિત્યમાં તે બગલ સુધી લટકતી વર્ણવી છે. ગુપ્ત સમયના શિલ્પમાં પલ્લવ મૂર્તિઓમાં સ્કન્ધમાળા જોવામાં નથી આવતી. ઇલોરા, અહિહોલ વગેરે સ્થળોનાં ચાલુક્ય કાળનાં શિલ્પમાં અને ચોલ રાજ્યકાળની મૂર્તિઓમાં તે સ્થાન પામે છે. (જુઓ શરૂઆતના ચિત્રમાં; નથા મકુટવાળા ચિત્રમાં આ૦ ૨,૩)

ઉદરબંધ

પેડુ અને છાતી મળે છે ત્યાં વીંટાતું આભરણ ઉદરબંધ કહેવાય છે. ઉદર પર અથવા પેડુની ઉપર ત્રણ આંગળ ઉંચું તે રહે છે. તેમાં રત્નો મઢેલાં હોય છે. એ કઇ રીતે તેના સ્થાનમાં રહે છે તે સમજાતું નથી, પણ છન્નવીરથી તે જોડાએલું હોય છે. (જુઓ બાજુના કોલમમાં ઉપલી બે નાની આકૃતિઓ.) ઉદરબંધ બહુ જુનું ઘરેણું છે અને બધા કાળના શિલ્પમાં તે નજરે પડે છે.




ઉદરબંધ અને છન્નવીર

છન્નવીર

છન્નવીર યજ્ઞોપવિતની પેઠે પણ બંને ખભા ઉપરથી ઉતરી આવતું, છાતીની વચ્ચે મળીને પાછળ જતું ઘરેણું છે. મળે છે તે ઠેકાણે તેને એકાદ ચકતું હોય છે. દેવ અને દેવીઓ આ પહેરે છે. મૂર્તિઓમાં તે છાતી આગળથી બંને બાજુ ઉદરબંધ અને કટિસૂત્ર સુધી લટકતું રહે છે. (જુઓ ઉપરના ચિત્રમાં નીચેની મોટી આકૃતિ)

કેયૂર


બાવડાં ઉપર પહેરવામાં આવતું કેયૂર બહુ કારીગરીવાળું અને સુંદર ઘરેણું છે. તેમાં પૂર્ણ ખીલેલું કમળ હોય છે તથા મકુટ જેવાં પૂરિત હોય છે. પ્રથમ પંક્તિના કેયૂરમાં આઠ પાંખડીનું કમળ હોય છે અને તેમાં કીમતી હીરા જડેલા હોય છે. તેની જાડાઇ કાંડા પરનાં વલય જેટલી જ હોય છે. પૂરિતવાળાં કેયૂરમાં પૂરિત નોખું થઇ શકે એવું હોય છે અને તેની પહોળાઇ બાવડાં જેટલી જ હોય છે. તેને પત્રપૂરિત કેયૂર કહે છે. ત્રીજા પ્રકારનું કેયૂર વેલબુટ્ટીવાળા રત્નજડિત પટાનું જ હોય છે અને તેને શૈવાક્ષ કેયૂર કહે છે. પદ્મસંહિતાના કથન પ્રમાણે કેયૂરને





મોતીની સેરો પણ લટકાવેલી હોય છે. શિલ્પમાં કેટલાંક કેયૂરો બેત્રણ વળાનાં કડાં જેવાં હોય છે અને તેના છેડા પુષ્પમુખી કે નાગફણી વાળા હોય છે.

કટકવલય



હાથનાં કાંડા આગળનાં ઘરેણાં વલય કહેવાય છે. તે જોડ પહેરાય અથવા જોડથી વધુ. તે આંગળી જેટલી જાડાઇનાં ગોળ હોય અથવા બેત્રણ યવ જાડાં હોય. કાંડા કરતા તેનું વર્તુલ મોટું હોવું જોઇએ. દેવોએ એકબે વલય પહેરેલાં હોય છે પણ દેવીઓને બહુ વલયો પહેરાવેલાં દેખાય છે.—કોઈ વાર આઠ સુધી.

અંગુલિ






અંગુલિ અથવા વીંટીઓ કે નખિયાં આકારમાં વલય જેવાં જ હોય છે. તેમાં હીરા જડેલા હોય છે અને વચલી મોટી આંગળીમાં જ તે પહેરેલાં દેખાય છે. હોયસાળાની મૂર્તિઓમાં બેત્રણ વળની વાળાની વીંટીઓ છે. આને પવિત્રમુદ્રા કહે છે.

યજ્ઞોપવિત

યજ્ઞ વખતે ઉપવિત રીતે પહેરે તે યજ્ઞોપવિત. એ ડાબે ખભેથી છાતી પર થઇ જમણી બાજુ લટકતું રહે છે. અતિ પ્રાચીન ગણાતા ગુડીમલ્લમ લિંગની શિવમૂર્તિમાં યજ્ઞોપવિત નથી દેખાતું. અતિ પુરાતન કાળમાં તો યજ્ઞોપવિત કાળિયારનું ચામડું શરીર પર બાંધી રાખવાની દોરી કહેવાતું. (જુઓ ઉપરના બંને ચિત્રો)

દેશના બીજા ભાગ કરતાં આર્યાવર્ત ઠંડો હોવાથી



ત્યાં લોકો શરીર ઢાંકીને જ ફરતા; પણ ધાર્મિક પ્રસંગોમાં જમણા હાથનું વારંવાર કામ પડતું. સંકલ્પ કરતી વેળા, ઘીનો હોમ કરતાં જમણો હાથ બહાર કાઢવો પડતો. આ ક્રિયાઓ છુટથી થાય એ રીતે વસ્ત્ર ઓઢવાની રીતને ઉપવિત રીતે ઓઢ્યું કહેવાતું. આજે પણ નવા બ્રહ્મચારીને યજ્ઞસૂત્રમાં કાળિયારનું ચામડું પહેરાવી તે કાળનું સ્મરણ સાચવે છે. મલબારમાં હજી પણ બ્રહ્મચારી યજ્ઞસૂત્રની સાથે કાળિયારનું ચામડું વીંટે છે.

ઉપવિત પેઠે વસ્ત્ર કે ચામડું પહેરવાની રીત બહુ જુની છે અને હિંદુ તથા બૌદ્ધ મૂર્તિઓમાં નજરે પડે છે. ધારેધારે તે પાતળું થતું આવે છે અને પલ્લવ તથા ચાલુક્ય કાળની મૂર્તિઓમા ઘણીવાર જમણા હાથની નીચે નથી હોતું પણ ઉપર રાખેલું દેખાય છે. પલ્લવ અને ચૌલ મૂર્તિઓમાં તે માત્ર વસ્ત્રના ચીંદરડા રૂપે જ દેખાય છે. પાછળના ચૌલ કાળમાં સુતરની ત્રણ દોરીની એક ઠેકાણે ગાંઠવાળું બને છે. પ્રાચીન ગૃહસૂત્રોમાં આ જાતના યજ્ઞસૂત્રનું વર્ણન જ નથી. વળી પાછળથી યજ્ઞસૂત્ર એવું પણ દેખાય છે કે જેમાં ત્રણ દોરીઓ સરખી ન હોય અને લટકતા છેડા રહે. કેટલાંક યજ્ઞસૂત્ર છાતી સુધીનાં જ લાંબાં હોય છે; કેટલાંક કેડ સુધી પહોંચે છે. યજ્ઞસૂત્રનાં બીજાં વર્ણનો આગમોમાંથી મળે છે. ગૃહસૂત્ર સ્પષ્ટ કહે છે કે નાભિ નીચે યજ્ઞસૂત્ર જવું જ ન જોઇએ. આગમો કહે છે નાભિ નીચે ત્રણ આંગળ જવું જોઇએ.

કટિસૂત્ર અને ઉરૂદામ

કેડ પરનું વસ્ત્ર બાંધવાને જે પટકુળ વપરાય છે તેને કટિસૂત્ર કહ્યું છે. તેમાં ત્રણ કંદોરાવાળો પટ્ટો હોય છે અને સિંહના મોંવાળો બંધ હોય છે. દરેક કંદોરો એક યવ જાડો હોવો જોઇએ. સિંહના બંધને સિંહવસ્ત્ર કહ્યો છે. કટિસૂત્રનો પટો રત્નજડિત હોવો જોઇએ. રત્નબંધ કટિસૂત્ર ઉપર સોનાની કારીગરી અપાર થતી જણાય છે. દરેક કાળના શિલ્પમાં કટિસૂત્રની બનાવટમા અદ્‌ભુત કોતરણી અને કારીગરી નજરે પડે છે.

કટિસૂત્ર પરથી સાથળ પર લટકતી મોતીની માળાને ઉરૂદામ કહે છે. એ માળાઓની વચ્ચે લટકતી સેરોને મુક્તદામા કહે છે. અતિ પ્રાચીન કાળમાં ઉરૂદામ



[અનુસંધાન આગળ પાન ૩૯૯ મે]

શિવાજી મહારાજના દેશમાં [૬]

મહાબળેશ્વર

આં બાધાટ કરતાં જુદી જ જાતના દેખાવ નજરે પડવા માંડ્યા. વાઇ નીચે ને નીચે જતું હતું. અમે બાર માઇલની ઝડપે ઉંચે ચડતા'તા. એક પછી એક પહાડ ચડતા ગયા. બાર માઇલ ચડ્યા ત્યાં પંચગનીના બંગલા આવ્યા. જોતજોતામાં પંચગની વળોટી ગયા. સડક ઉપર જાંબુની પથારી પડી'તી. પણ અમે યંત્રવશ હોઇ નિરૂપાય હતા. પરાણે સંયમ જાળવ્યો કહીએ તો ચાલે. થોડી વારમાં મહાબળેશ્વરના બંગલા દેખાયા. ઠેઠ ખીણ સુધી પથરાએલી ઝાડી ડુંગરની ઉંચાઇ ઢાંકીને બેઠી'તી. તળાવકાંઠે સાહેબ લોકનાં ઉજળાં લુગડાં ધોબી ધોતા'તા. મહાબળેશ્વર તીર્થ નહિ પણ ગોરાંનું ઉપવન લાગ્યું.

તા. ૪થી જુનનો દિવસ હતો. મુંબઇના ગવર્નર હવા ખાવા આવેલા. મોંઘવારી મુંબઇથી બમણી. અમને મોટરવાળે ઉતારીને પૈસા લઇ લીધા. અમારે ઉતરવાનું નિશ્ચિત ઠેકાણું નહોતું. ઝાડ નીચે સામાન મુકી અમે બેઠા. ગોપાળભાઈ ઘર ગોતવા નીકળ્યા. ઘણી વારે પાછા આવ્યા. એક નાનકડી કોટડી;–સામાન મુકવા પુરતી. સુવા બેસવાની સગવડ નહિ. ભાડું રોજના ત્રણ રૂપિયા! ઘણા અમને વગર પૈસે સલાહ આપવા માંડ્યાઃ ડાહ્યા હો તો છાનામાના ઘર ભેગા થઈ જાઓ. તમારા જેવાનો અહીં પત્તો નહિ ખાય. ગોપાળભાઇ ફરી એક વાર પ્રયત્ન કરવા ચાલ્યા. અમે ઝાડ નીચે તપ આદર્યું. થોડી વારમાં હસતાહસતા ગોપાળભાઈ આવ્યા. અમારાં મોઢાં ઉપર તેજ આવ્યું. સારા નસીબે ઓગલેના એજન્ટ મળી ગએલા. ઓગલેનો કાચનો માલ વેચનાર વાઇના રહેવાશી; જુવાન આદમી, સામાન મુકવા જેટલી જગ્યા માગી. દુકાન પાછળના બે મોટા ખંડ કાઢી આપ્યા. રાંધવા માટે ચુલો તૈયાર; વાસણકુસણ, બળતણપાણી સબ હાજર. એ પોતે વીશીમાં જમતા. પણ ચાપાણી માટે આટલી સગવડ રાખેલી.

બપોરના બે વાગેલા. મહાબળેશ્વર ઉપરઉપરથી જોવું હોય તોપણ આઠ દિવસ જોઇએ! અમારે તો બે દિવસમાં જોઇ લેવાનું હતું. કારણ કે ગવર્નર સાહેબ રસાલા સહિત ૭મી જુને મુંબઇ તરફ વિહાર કરી જવાના હતા. તે વખતે ૧૫ રૂપિયા આપ્યે પણ મોટર પુના ન પહોંચાડે. અમે થોડી માહિતી મેળવી લીધી ને ઉપડ્યા જોવા.

અમે બધા ય ભણેલા હતા. પાટિયાં આવે કે ફટ વાંચી લઇએ. ભણેલાને ચાર આંખો. ઈ ક્યાંય ભુલો ન પડે. થોડી વારમાં સામે ગવર્નરનો બંગલો દેખાયો. જમણે હાથ રસ્તો વળ્યો ને પાટિયું આવ્યું. એમાં અંગ્રેજીમાં લખ્યું'તું 'લોડવીક પૉઇંટનો કેડો આણીકોર' 'મોટર ધીરી હાંકવી.' અમે પટ વળી ગયા. ઝાડી જોતા, જાંબુડાં ખાતા, ગીત ગાતા ચાલ્યા. આજ પગ જોરમાં હતા. ચાર માઇલનો પંથ હતો. સાંજના ચારનો અમલ થયો ત્યાં લોડવીક સાહેબનું સ્મારક દેખાણું. નાનકડું, વાળીચોળી સાફ કરેલું મેદાન; બે ત્રણ બાંકડા; સામે સહ્યાદ્રિની અનંત ગિરિમાળઃ નાની મોટી ટેકરીઓ ચાલી જ જાય. નીચે પાતાળઉંડી ખીણ; ચક્કર તો ન આવે, પણ જીભ સીવાઇ જાય એવો ભવ્ય દેખાવ હતો. ત્યાંથી કાંઇ ખસવાનું મન થાય? પણ અમારે સૂર્યાસ્ત પહેલાં 'બૉમ્બે પૉઇંટ' પહોંચવું'તું. વળી નીકળ્યા.

એ ને એ જ રસ્તે પાછા વળ્યા. ગવર્નરના બંગલા પાછળની સડક સીધી 'બૉમ્બે પૉઇંટ' જઇને ઉભી રહે છે. એ ઝાડીમાં સુરજ આથમ્યાની ખબર ન પડે. અમે ઝડપ વધારી. માઇલ ચાલ્યા ત્યાં 'બૉમ્બે પૉઇંટ'નાં બાંકડા દેખાણા. ઉંડી ખીણમાં ઉડી ન પડાય માટે લોઢાના સળિયાનો કઠેડો કર્યો છે. સામે નજર કરી. મુંબઇ દેખાય છે. ઝાંખાં ભુંગળાં દેખાય; ટાવરનાં ટોપકાં દેખાય; ધુમાડાના ગોટા દેખાય.

પડખામાં જ પ્રતાપગઢ પડ્યા છે. હનુમાનજી હોય તો એક કુદકે પહોંચી જાય. ગઢ ઉપર જવાનો

રસ્તો સીધો દેખાય; ગઢ ચોખ્ખો દેખાય. જે ઝાડી-માંથી અફઝુલ સૈન્ય લાવ્યો'તો એ પણ દેખાય. અને આવા ડુંગરા ને ઝાડીમાંથી સૈન્ય લાવ્યો ઈ મરદનો બેટો ખરો! એમાં ય સામે શિવાજી જેવો સાવજ બેઠો'તો તો ય બેધડક સામે ચાલ્યો આવ્યો! મનમાં થઇ જાય કે રંગ છે એની માને!

જે ટેકરી ઉપર ખાનસાહેબને વાઘનખનો પરચો દેખાડયો એ જાવળીની ટેકરી પણ દેખાય છે. પ્રતાપગઢમાં અફઝુલખાનની કબર છે. શિવાજી મહા-રાજને ભવાની તલવાર બાંધનાર માતા ભવાનીનું મંદિર પણ પ્રતાપગઢમાં જ છે. મહાબળેશ્વરથી બાર માઇલ થાય. અમારૂં મન તો ઘણું હતું; પણ બધાને ભણીભણીને હોલા બની જવાની ઉતાવળ હોય ત્યાં શું થાય? દૂરદૂર, સહ્યાદ્રિના ગર્ભમાં શિવાજી મહા-રાજની રાજધાની પડી છે: રાયગઢ! રાયગઢ અહીંથી ૪૮ માઇલ. મોટરની સડક છે. મોટર ચાર રૂપિયા લે છે. મહાડ થઈને જવાય છે. અમે તો રાયગઢનાં દૂરથી જ દર્શન કરી લીધાં, ને સંધ્યાનાં ઉતરતાં અજવાળાંમાં ફરીફરી એ દૃશ્ય નીરખી લીધું. હૈયું કઠણ કરી પાછા ફર્યાં. ઉતારે પહોંચ્યા ત્યારે રાત પડી ગઇ'તી.

કોઈ વાળુ કરે એવું નહોતું. સતારાથી પુરી લીધી'તી. દુધ લઇ આવ્યા. બપોરે લઇ રાખેલી કેરી ને દુધપુરીનું વાળુ કર્યું. આ . . . ને સાડા આઠે પોઢી ગયા. ટાઢ બહુ નહોતી.

સવારમાં પાંચ વાગ્યે ગોપાળભાઇ મને ઉઠાડવા માંડયા ત્યારે મને અરધી રાત લાગી. અરધું ઓઢ્યું'તું તે આખું ઓઢી લીધું. પડખું ફરીને જામી ગયો! પછી કોણ જાણે શું થયું; સવારે હું જાગ્યો ત્યારે ગોપાળભાઇ ઉંઘતા'તા! સૌને ઉઠાડયા. શૌચ, દાતણ કરી લીધાં, ને અમે નાસ્તાની શોધમાં નીકળ્યા. કેરીની ઋતુ હતી. બધા કહે બહુ મોંઘી છે: દોઢ રૂપિયાની સો; સવાની સો. 'કેરી' જોઈ તો આપણે ત્યાં પાંચ રૂપિયા દીધે ન મળે એવી! અમે અઢાર આનાની સો કેરી લીધી. સૌએ ગજા પ્રમાણે પાંચ સાત ખાધી. આજ ખુબ ફરવાનું હતું. દિ' ઉગી ગયો'તો. ટાઢનો ચમકાર હતો. અમે ઝટપટ નીકળ્યા. સાથે ભોજન જેટલો ઉપાહાર બાંધી લીધો.

જુના મહાબળેશ્વરનો મારગ લીધો. રસ્તો તો રળિયામણો હોય જ; પણ અહીં એક નવીનતા હતી. સુતાંસુતાં જાંબુડાં ખાઇ શકાય! કાઠિયાવાડના કોઇ પણ ગામડામા વાત કરો તો ગાંડા ગણી કાઢે. જાંબુ ઝીણાં ને મધુરાં. નાની મોટી ટેકરીઓ પર નાનાં મોટા ફળઝાડ ને ફુલછોડ મહેકી રહ્યાં છે. એની સુવાસ આખા મહાબળેશ્વરમાં પ્રસરતી. દસ વાગ્યે જુના મહાબળેશ્વર પહોંચ્યા.

પડી ગયાને વાંકે ઉભેલાં સાતઆઠ ખોરડાં અને બે મોટાં મંદિર, એ મહાબળેશ્વર. એક મંદિરમાં બે કુંડ છે. જે ટેકરી ઉપર એ મંદિર બાંધ્યું છે એ ટેકરી કૃષ્ણા જેવી પાંચ મહાનદીઓની માતા છે. એ પાંચેના આંગળી જેવા પ્રવાહ દીવાને અજવાળે અમે જોયા. એ પાંચે પ્રવાહ ભેગા કરી ગોમુખ વાટે એક કુંડમાં પડે છે. એ કુંડમાં બધા જાત્રાળુ નાહીને પાપ ધોઇ નાખે છે. બધાનાં પાપ સંઘરનાર કુંડ સાંજ પડચે પાપમય થઇ જાય છે, ને માથું ફાટે એવી દુર્ગંધ ફેલાવે છે! રાતે કુંડ ખાલી કરવામાં આવે છે. અમે સવારે દસ વાગ્યે પહોંચ્યા એટલે પાણી ઠીકઠીક હતું. કુડમાં નાહ્યા. પડખે જ બીજો કપડાં ધોવાનો કુંડ છે. એને જોઇને તો ગામડાના અવેડા પાસેનો કીચડ જ યાદ આવે! આપણાં મહાબળેશ્વર જેવાં ઉન્નત અને દુર્ગમ તીર્થો પણ આવાં પાપે ભર્યાં જોઈ અંતર દુભાય છે.

કુંડવાળા મંદિર સામે જ મહાદેવનું મોટું મંદિર છે. મૂર્તિ સ્વયંભૂ છે. ફરતું રૂપેરી થાળું ને સોને મઢયા પૂજારીઓ! હાથમાં ગોમુખી ને આગળ રુદ્રી. શંકરદાદાનું રક્ષણ મુકી લક્ષ્મીજીની આરાધના કરતા હતા. આ ભારતવર્ષમાં મહાબળેશ્વરનો મહિમા અદ્વિ-તીય ગણાય. સડકો અને મોટરો થઇ છે પણ એને ઘસારો નથી લાગ્યો. માત્ર પંડયાઓએ પ્રતિષ્ઠા ઉપર પાણી ફેરવવાનો બનતો યત્ન અજાણપણે કર્યો છે.

શિવનું સ્તોત્રગાન એ તો બ્રાહ્મણને મન મોદક કરતાં પણ અધિક પ્રિય. અમે છ યે બ્રાહ્મણ હતા. ઘડી બે ઘડી પૂર્વજોની ભક્તિનું સ્મરણ કરી શિવ-સ્તોત્ર લલકાર્યાં. પૂજારીઓની નિરાશા વચ્ચે અમે મંદિર છોડયું. ગાંઠનો પ્રસાદ લઈ બે વાગ્યા સુધી નિંદર કરી.

અમારે 'આર્થર સીટ' જવાનું હતું. પાંચ માઇલ આવ્યા'તા. 'આર્થર સીટ' તીર્થ મહાબળેશ્વરથી છસાત માઇલ હશે. બે ભાઇઓ 'આર્થર સીટ'થી પાછા ફરતાં મંદિરે આવ્યા. અમે સહેજ પુછપરછ કરી ત્યાં એમણે કરમકથા માંડી: 'ભાઇ, રહેવા દેજો: આ વેંતવેંતનાં છોકરાંને ત્યાં લઇ જવા જેવું નથી. વાઘનો પુરો ભય છે. અહીંથી પાકા સાત માઇલ થાય છે. તમે જઇને સાંજ પહેલાં પાછા વળી રહ્યા. અમે ય અરધેથીજ પાછાવળ્યા.'

અમે વિચારમાં તો પડી ગયા. પણ તો ય હિંમત કરીને પુછ્યું, 'વાટમાં કોઇ માણસ મળે ખરાં કે?'

'અરે રામરામ કરોને ! માણસ તો શું કાળો કાગડો ય ન મળે! અમારૂં માનો તો પાછા જ વળી જાવ.'

થોડી વાર સૌ મુંગા રહ્યા. એ ભાઇઓ કુંડમાં નહાવા ગયા. ત્યાં બે પંડ્યા નીકળ્યા. અમે એમને બધું પુછ્યું. એ કહે, 'અરે કાંઇ છેટું નથી; આ રહ્યું. ને ત્યાં વાઘ કેવો? આ તો કોઇ બીકણના સરદાર લાગે છે. તમે બધા સરખેસરખા છો. હમણાં પહોંચી જશો. કેડ બાંધીને માંડો હાલવા.'

બસ, અમારે એટલું જ જોઇતું'તું. કેડે લંગોટ બાંધીને ચાલી નીકળ્યા. વાતોના તડાકા મારતા, આસપાસની સુંદરતા નિહાળતા ઉપડ્યા. વચ્ચે પાટિયાં આવે. પણ 'આર્થર સીટ' નામ ન મળે. ધીરેધીરે થાકવા માંડ્યા. ઘણું ચાલ્યા. તો ય પાટિયું ન આવે. ઝાડી પણ વધુ ને વધુ ભયંકર થતી જતી હતી અને પાછળ મહાબળેશ્વર છેટું ને છેટું જતું હતું. અમારા પગ પાછા વળવાની ના પાડતા'તા. મન તો એમાં રાજી જ હતું. બુદ્ધિ તર્કવિતર્ક કરતી'તી, પણ એને કોણ ગણકારે? 'આર્થર સીટ'નું દૃશ્ય આખા મહાબળેશ્વરમાં—અરે આખા સહ્યાદ્રિમાં અદ્વિતીય કહેવાતું એ કેમ મુકાય? થોડી વારે પાટિયું દેખાણું. મનુએ દોટ કાઢી. અમને પણ થયું કે બસ એ જ. ત્યાં તો અવાજ સંભળાયો : 'સાવિત્રી પૉઇંટ!' સાવિત્રી નદીનું ત્યાં મુખ હોવું જોઇએ એમ વિચારી ચાલ્યા. બહુ દૂર નહોતું. પહાડની કોર ઉપર આવી ઉભા.

અઢીત્રણ હજાર ફીટ ઉંડી ખીણમાં સાવિત્રીનું મુખ અને નાનકડો પટ દેખાતો હતો. ચારેકોર ડુંગર ઝુકી રહ્યા'તા. એ ઠેકાણે નાનકડી કુંડી હતી. નિર્મળ પાણી ભર્યું'તું. પાણી પીધું. બેત્રણ ભાઇઓ થાક્યા-પાક્યા શૌચ જઈ આવ્યા. પાછા આગળ ચાલ્યા. મુખ્ય રસ્તા ઉપર આવી ગયા. ગામડાનાં માણસો અને ગાયો ચારવાવાળા મળવા માંડ્યા. બ્રહ્મારણ્યની નિશાનીઓ આવી: પીળી રાખ. એ રાખ બ્રહ્માજીના યજ્ઞની હોવાનું કહેવાય છે. માર્ગોપદેશિકામાં વાંચેલું

ઉદ્યોગ અને અક્ષરજ્ઞાન

શાળાઓમાં જ્ઞાનને તેમ જ ઉદ્યોગને એકી વખતે સરખું સ્થાન મળવું જ જોઇએ. પૂર્વે એમ થતું. વિદ્યાર્થી સમિત્પાણિ થઇ ગુરુને ઘેર જતો એ એની નમ્રતા, એનો સેવાભાવ સુચવતાં હતાં. અને તે સેવા ગુરુને સારૂ લાકડાં પાણી ઇત્યાદિ જંગલમાંથી લાવવાની હતી. એટલે કે વિદ્યાર્થી ગુરુને ઘેર ખેતીનું, ગોપાલનના ઉદ્યોગનું અને શાસ્ત્રનું જ્ઞાન મેળવતો.

આમ આજે નથી થતું તેથી જ જગતમાં ભુખમરો અને અનીતિ વધ્યાં છે. અક્ષરજ્ઞાન અને ઉદ્યોગ નોખાં નથી, છતાં તેમને નોખાં પાડવાથી, તેમના છેડા છુટા કરવાથી જ્ઞાનનો વ્યભિચાર થવા પામ્યો છે. પતિએ તરછોડેલી પત્નીના જેવી ઉદ્યોગની સ્થિતિ છે.

બેમાંથી કોઇને પ્રથમ સ્થાન હોય તો તે ઉદ્યોગને છે. બાળક જન્મથી પોતાની અક્કલ નથી વાપરતું પણ શરીર વાપરે છે. પહેલાં હાથપગ, ને પછી આંખ વાપરે; પછી ચાર પાંચ વર્ષે સમજણું—જ્ઞાન પામતું થાય છે. સમજણું થયું તેવું જ શરીરને ભુલે તો શરીર અને સમજણ બંનેનો નાશ થાય. શરીર વિનાની સમજણ હોય નહિ એટલે સમજણનો ઉપયોગ શરીરઉદ્યમમાં કરવાનો છે. આજે શરીરઉદ્યમ કેવળ શરીર કસવાની કસરત જેટલો રહ્યો છે; જ્યારે પૂર્વે કસરત ઉપયોગી ઉદ્યમમાંથી મળી રહેતી. આમ કહેવાનો આશય એ નથી કે બાળકો રમેગમે નહિ. એ રમતગમતને ઘણું ઓછું સ્થાન હોય. એ તો શરીર અને મનને એક જાતનો આરામ છે. શુદ્ધ શિક્ષણમાં આળસને સ્થાન નથી. ઉદ્યોગનું હો કે અક્ષરનું, બંને રસમય હોવાં જોઇએ. બાળક અક્ષરજ્ઞાનથી કે ઉદ્યમથી કંટાળે તેમાં તેનો નહિ પણ શિક્ષણનો ને શિક્ષકનો દોષ છે.

મો. ક. ગાંધી

'અસ્તિ બ્રહ્મારણ્યે કર્પૂરતિલકો નામ હસ્તિ' એ કર્પૂરતિલક નજરે જોવા મળે તો ? પણ એના દંતુશળે અમારા શરીર ભેદાય તો? ચપટી રાખ લઇ આગળ ચાલ્યા. એ ત્રણ કેડીઓ નીચે ગામડામાં ઉતરી જતી હતી. વચ્ચે એક 'કૅસલ રૉક' આવ્યો. એની ઉપર ચડવા જેટલો સમય નહોતો. હવે તો 'આર્થર સીટ' સામે દેખાવા માંડી. જોતજોતામાં પહોંચી ગયા.

'ઉંચા પહાડની અણી લાંબી થઇને સામેના પહાડને મળવા આગળ ધસે એને ભૂશિર કહેવામાં આવે છે' આવી ભુગોળમાં વ્યાખ્યા હોય તો આને ભૂશિર કહી શકાય. આર્થર સાહેબને અમર કરવાનું એવું સબળ કારણ ન દેખાયું. દેખાવ ખરેખર અપૂર્વ હતો—અદ્‌ભુત હતો ! સૌ અવાક થઇને ફાટી આંખે ઘડીભર જોઇ રહ્યા ! પગ નીચેની પાંચ હજાર ફીટ ઉંડી ખીણમાંથી ચારપાંચ નદીઓ નીકળીને સામેના પહાડમાં અદૃશ્ય થતી હતી. કેવી એ નદીઓ ! મહાત્મા ગાંધીજીનું સ્વાગત કરવા શુદ્ધ ખાદીના સફેદ તાકાની કેડી કરી હોય નહિ ! સામે ઘીચ ઝાડી ચિત્તા વાઘને સંઘરી બેઠી'તી. બ્રહ્મા, ઇંદ્ર, વરુણ, રુદ્ર. મરુત, સૌ અજવાળી રાતે અહીં દાંડિયારાસ રમવા ઉતરી પડતા હોય તો નવાઇ નહિ. મહારુદ્રના માનીતા ગણ આ લીલોતરી ચરીચરીને વાઘનાં પેટ ચારતા.

શંકરદાદાને આ રમ્ય ભૂમિની ભાળ કાઢી દેનાર કોઈ કલારસિક ગણ હોવો જોઇએ. આમ ઉંચે આકાશે અડતાં શિખરો ઉપરથી નીચે નજર કરીએ છીએ તો મનમાં એમ થઇ જાય છે કે ઇશ્વર જેવા કુશળ કારીગરે આવી ભૂલ કેમ કરી હશે ? શરીરનો સંચો બનાવવામાં એણે પોતાની કલા–કારીગરી, અક્કલ–હુશિયારી વાપરી નાખી છે; પણ એમાં એક જ ખામી રહી ગઈ છે: બે પાંખોની ! કાગડા જેવા પક્ષીને પાંખો ને મનુષ્યપ્રાણીને નહિ ? કેવો અન્યાય ! અમને ઉડીને સામે પ્રતાપગઢ ઉપર પડવાનું મન હતું; આ સહ્યાદ્રિની હાર ઉપર ઉડીને અમારે રાયગઢનાં દર્શને જવું'તું; પણ બે પાંખો વિના બધું અશક્ય ! અમે ઇશ્વરના ગુણ સંભારી આ ભૂલ માફ કરવાનો બનતો પ્રયત્ન કર્યો અને પાંખોની માગણીનો સર્વાનુમતે કરેલો ઠરાવ પણ પડ્યો રહ્યો. અમારા બમાંથી કોઇ એ ઠરાવ ઇશ્વરના દરબારમાં પહોંચાડવા જવા તૈયાર નહોતું.

સાંજ પડવા આવી'તી. પરાણે પાછા ફરવું પડ્યું. તીર્થ મહાબળેશ્વર મુકયું તો ય સૂર્યાસ્ત નહોતો થયો. ગોરૂં મહાબળેશ્વર દોઢેક માઇલ રહ્યું ત્યાં એક પગથિયું આવ્યું. એ પણ એક તરફના દેખાવ જોવા લઈ જતું'તું. અમારે તો એક દિ'માં બધું જોઇ લેવું'તું. ચાલ્યા—ઘણું ચાલ્યા. અંધારૂં થવા આવ્યું તો ય છેડો આવ્યો નહિ, એટલે પાછા વળ્યા. વળતાં મહાબળેશ્વરનું સૌથી ઉંચું શિખર આવ્યું. એનું નામ તો વિસરાઇ ગયું છે. શિખર ઉપર ચડ્યા. ચોપાસનું દૃશ્ય આંખ ઠારે એવું હતું. લગભગ આખું મહાબળેશ્વર દેખાતું હતું. એક નજર ચારેકોર ફેંકી. શું જોયું ?

આમ જોયું તો હિંદના હાડપિંજર જેવા શરીરમાં હજી ઉન્નત ધર્મભાવના ભરી છે એની સાક્ષી પુરતો તીર્થ મહાબળેશ્વરનાં ખંડિયેરો વચ્ચે મહારુદ્રનો ધર્મધ્વજ ફરકે છે; અને સામે ગવર્નરના બંગલાને માથે ગોરી સત્તાનો પ્રતિનિધિ એ ધર્મની અવગણના કરી રહ્યો છે ! એક તરફ પૂર્ણ સ્વાતંત્ર્યની નિશાની રૂપ લીલા રંગ ઉપર, પરાધીનતાનો લાલ રંગ પાથરતા, નવા મહાબળેશ્વરના વિલાયતી નળિયાંવાળા બંગલા પડ્યા છે, અને એ ગુલામીના લાલ રંગમાં અંગ્રેજી રાજ્યના થાંભલા જેવા, દેશી અમલદારોના બંગલા ઓર વધારો કરી રહ્યા છે ! એ બંગલાઓની સંખ્યા વધવાની સાથે, હિંદના નકશા ઉપર અને મહાબળેશ્વરની ટેકરી ઉપર લીલો રંગ ભુંસાતો જશે ને લાલ રંગ પથરાશે. આ દેખાવ જોઇને કયા હિંદી જુવાનનું હૈયું ન ભેદાય ?

ઉતારે આવ્યા ત્યારે બાર કલાક અને બત્રીશ માઇલનો પંથ પુરો થયો હતો. પગ ભરાઈ ગયા'તા. પેટ ખાલી હતું. બે દિવસથી ઉનું અન્ન નહોતું ખાધું. આજ બધાની મરજી હતી. ગરમાગરમ દાળભાત હોય તો ઠીક. રાંધવાની શ્રદ્ધા ઓલવાઇ ગઇ'તી. પણ ફુંકાફુંકીને જાગ્રત કરી. દાળ, ચોખા ખરીદ્યાં. વાસણ તો તૈયાર જ હતાં. ભાત તપેલામાં મુક્યા. દાળ ત્રાંબાની ચરૂડીમાં મુકી. રાતના દસ વાગ્યે રસોઈ તૈયાર થઇ. દાળ તો ખુબ સરસ બનાવી હતી. વઘારબઘાર અચ્છી તરેહથી કર્યો'તો. સૌ જમવા બેઠા. પતરાવળામાં ભાત, ને ભાતના ખાડામાં દાળ લીધી. ઉક

સહનાવવતુ . . . . .' જમવાનું શરૂ કર્યું. એક કોળિયો ભર્યો. ભુખ ખુબ લાગી'તી. બીજો ભર્યો. ત્યાં તો સૌના મોઢા ઉપર ફેરફાર થવા માંડયો. કોઇનું એરંડિયું પીધા જેવું, તો કોઇનું કિવનાઇન ખાધા જેવું! 'આ શું ગોપાળભાઇ?' 'હા માળું, કાંક છે ખરૂં. શું ભાત ખરાબ હશે? આ કોકમ જ ખોરાં લાગે છે. કાં તો વધારે પડી ગયાં.' કડવું ઝેર જેવું લાગે! કોળિયો મોઢામાંથી પાછો વળે!

અમે ગંભીર વિચારમાં પડ્યા. ખાવું બંધ કર્યું. ગરોળીનો વહેમ આવ્યો. ચરૂડી તપાસવા માંડ્યા. એકાએક સાચું કારણ મળી ગયું. ત્રાંબાની ચરૂડી, પંદર દિવસની અવાવરૂ, બરાબર સાફ કરેલી તોય કાટ રહી ગએલો. બસ, પછી તો ખાત્રી થઇ ગઇ. દાળ સાથે કાટ એકરસ થઇ ગયો'તો. ઇશ્વરે લાજ રાખી. પુરી કાઢી પણ કોઇને ન ભાવી. કોઇએ રાતે ન ખાધું. બીજે દિવસે પુના જવાનું હતું. રાત્રે જ મોટર બાંધવી જોઇએ; નહિતર સવારમાં પંદર રૂપિયા થઈ જાય! જણ દીઠ પાંચ રૂપિયા પુના સુધીનું ભાડું ઠરાવ્યું. પુના ૮૦ માઈલ થાય.

સવારમાં દાતણપાણી કરી પુરીકેરીનો નાસ્તો કર્યો. પહાડ ઉતરવામાં મોટરને જોખમ હોય છે. સામસામી મોટર વાંકમાં મળે ત્યારે તો અકસ્માતનો પુરો ભય. પણ હજી સુધી અકસ્માત થયો નથી. પાંત્રીસથી ચાળીસ માઇલની ઝડપે મોટર ઉતરી પડી. વાઇમાં મોટર બદલી. પુના સુધી સીધી સડક છે. ઝાડ બહુ ઓછાં. સુકા ડુંગરા વીંધીને મોટર ચાલી. બપોરના સાડાબાર-એકે પુનાની બજારમાં ઉતારી દીધા. પ્રો. ત્રિવેદીને ત્યાં ઉતારો કર્યો. આગળથી જ પત્ર લખી રાખ્યો'તો, એટલે ભોજન તૈયાર હતું. નાહીધોઇ જમી પરવાર્યા ત્યા ચાર વાગ્યા. પાંચ વાગ્યે સિંહગઢ મોટર જતી હતી. જરૂરજોગો સામાન લઇ મોટરમાં ચડી ગયા તે વહેલો આવે સિંહગઢ.

રામનારાયણ નાગરદાસ પાઠક

'શેઠજી, લ્યો આ રૂપિયો. મને દુકાન વાળતાં જડયો છે.' તરતમાં જ નોકરી પર રહેલા છોકરાએ શેઠના હાથમાં રૂપિયો મુકતાં કહ્યું.

'વાહ! છોકરો પ્રમાણિક તો ખરો!' શેઠજીએ કહ્યું, 'મેં તારી પરીક્ષા કરવા માટે જ રૂપિયો મુકયો હતો!'

'મેં પણ એમ જ ધાર્યું'તું, શેઠજી!'

ભૂષણ લક્ષણ

(અનુસંધાન પાછળ પાન ૩૯૪ થી)

દેખાતી નથી. ગુપ્તકાળમાં કોઈ ઠેકાણે છે. ચોલ અને પછીના સમયમાં તે બહુ નજરે પડે છે. બદામીના શિલ્પમાં બે બાજુના સાથળ પર એકેક સેર દેખાય છે. પેડુની ઉપર વચ્ચોવચ્ચ ઝુલતો મોતીનો તોરો ઘણી નકસી ને કારીગરીથી ભરેલો હોય છે. (જુઓ ૩૯૪મા પાના પરના ચિત્રમાં આકૃતિ ૪, ૫, ૬)

પાદજાલક (નૂપુર) અને કલકવલય



કલકવલય પગના કાંડામાં પહેરેલું ઘરેણું છે. પાદજાલક પગની ઘુંટી નીચે પગના કણા ઉપર રહે છે. તે એક જાડાઇનું હોય અથવા ઘણી પટ્ટીઓનું બનેલું હોય, અને આ પટ્ટીઓ એકએક કડીથી જોડેલી હોય. ઘણીવાર અહીં ઘુઘરીઓ પણ હોય અને નૃત્યવેળા મધુર તાલ આપતી હોય. ઘણીવાર પાદ-જાલક પોલું અને લંબગોળ આકૃતિનું હોય છે અને તેમા ઝીણી કાંકરીઓ ભરેલી હોય છે, જેથી ચાલના સુંદર ખણખણાટ કરે છે. પાદજાલકને નૂપુર પણ કહે છે. (જુઓ ઉપલા ચિત્રમાં આકૃતિ ૧થી ૩.)

[બેંગલોરની 'મિથિક લિટરેચર સોસાયટી' (પૌરાણિક સાહિત્ય સભા)ના ત્રૈમાસિકમાં આવેલા અંગ્રેજી લેખ ઉપરથી.]



શ્રી ધુરંધરે
પોતે પોતાનો
દોરેલો સ્કેચ







શ્રી ધુરંધરની
સ્કેચ-બુકમાંનાં
થોડાં પાનાં



નીરોગી રહેવા માટે ઉપવાસ કરો



ઘણા એમ જ માને છે કે ઉપવાસ કરવાથી નબળાઇ આવે છે. આવો સંદેહ આવવાનું કારણ એ છે કે આપણે આપણા શરીરની રચના ને તેમાં થતી ક્રિયાઓનો અભ્યાસ કર્યો નથી હોતો. ખોરાક પેટમા ગયા પછી તેના પર શી શી ક્રિયાઓ થઇ લોહી બને છે તેનો જુજ સરખો ખ્યાલ પણ આપણને હોતો નથી. ફક્ત જેમ વધારે ખાઇએ તેમ વધારે તાજા થઇએ એ સિદ્ધાંતને અનુસરીએ છીએ; અને આને લઇને જ આપણે શરીરે નબળા બનતા જઇએ છીએ! એટલે કે સુકાળમાં આપણે એક જાતનો ભુખમરો વેઠીએ છીએ!

આવો સંદેહ ટાળવા માટે પહેલાં તો આપણે ઉપવાસ એટલે શું એ બરાબર સમજવું જોઇએ. આજની આપણી અગિયારશ ઉપવાસ તરીકે લેખાય નહિ; કારણકે અગિયારશ કરીને તો આપણે સૌ હમેશા ખાતા હોઇએ તેના કરતાં સવા–દોઢગણું ખાઇએ છીએ, અને કેટલીક વખત તો આરોગ્યને હાની પહોંચાડે તેવો ખોરાક, મીઠાઇ, તળેલી ગરમાગરમ વસ્તુઓ વગેરે ઠાંસીઠાંસીને પેટમાં ભરીએ છીએ! તે દિવસે 'હું શું ખાઉં? હું શું ખાઉં?' એ જ પ્રશ્ન મનમાં ઘોળાયા કરે છે, અને તેથી આખો દિવસ કંઇ ને કંઇ મોંમાં નાખ્યા જ કરીએ છીએ. પરિણામે, ઉપવાસને દિવસે જ આપણી હોજરીને સખત કામ કરવું પડે છે.

આમ ઉપવાસ કરીને લોકો શા માટે ભારેપડતો ખોરાક વધુ પ્રમાણમાં લે છે? કારણ સ્પષ્ટ છે. તેઓ એમ માને છે કે ઉપવાસ કરવાથી નબળાઇ આવે છે અને ગમે તે સંજોગોમાં જે કંઈ ખાવામાં આવે તે બધું શરીરને પોષણ જ આપે છે. અલબત્ત, શરીર નિભાવવામાં ખોરાક મુખ્ય છે; ખોરાકમાંથી જ આ શરીરને પોષણ મળે છે અને તેની વૃદ્ધિ થાય છે. પણ તે કેવા સંજોગોમાં લેવાય છે તેનું સાચું જ્ઞાન આપણને રહ્યું નથી.

જનસમાજ એમ માને છે કે એક દિવસ ભુખ્યા રહેવાથી શરીરમાં કંઇક ને કંઇક ઓછું થાય અને છેવટે માંદા પડી મરી જઇએ! આ એક મોટી ગેરસમજ છે. ઉલટું, હોજરીમાં નાખેલો ખોરાક પુરેપુરો પચી ન જાય તો પછી બાકી રહેલો ખોરાક કોહવા માંડે છે અને તેમાંથી જંતુઓ પેદા થઈ લોહીને ઝેરી બનાવે છે. અને લોહી બગડ્યું એટલે સમજવું કે તંદુરસ્તીમાં કંઇક ને કંઇક વિક્ષેપ પડવાનો જ.

લોહીનું આ ઝેર જુદીજુદી રીતે બહાર નીકળવા

પ્રયત્ન કરે છે. આને આપણે જુદાજુદા રોગો સમજીએ છીએ. પરંતુ બધા રોગો ઉપલા એક જ કારણને લઇને થાય છે. જ્યારેજ્યારે સળેખમ, તાવ, ઉલટી, માથાનો દુખાવો વગેરે થાય ત્યારેત્યારે સમજવું કે કુદરત આપણા શરીરમાંથી ઝેરને બહાર કાઢી નાખવાનો પ્રયત્ન કરે છે. આવા સમયે જો આપણે કુદરતના કામમાં અંતરાય ન કરતાં સામી સરળતા કરી આપીએ તો જલદી સાજા થઇ જઇએ છીએ. અસ્વસ્થ શરીરમાં ખોરાક નાખવાથી ઉલટું નુકશાન થાય છે. એક તો આવા શરીરમાં ઝેરી વસ્તુઓનો જથ્થો હોય છે, તેમાં ખોરાક વાટે આપણે નવો ઉમેરીએ છીએ; આથી પરિણામ એ આવે છે કે આપણે સાજા થવાને બદલે વધુ ને વધુ માંદા પડતા જઇએ છીએ.

આ સમજવા માટે આપણે એક સામાન્ય પ્રાણી ઘોડાનો દાખલો લઇએ. તે માંદો પડે છે, ત્યારે બીલકુલ ખાતો નથી. એટલું જ નહિ, પણ તે ખોરાક સામું પણ જોતો નથી; ફક્ત ઠંડુ પાણી જ પીએ છે. આ બહુ મનન કરવા જેવો દાખલો છે. શરીરની સામાન્ય રચના ઘોડામાં અને મનુષ્યમાં સરખી હોય છે. ઘોડાને વિચારશક્તિ નથી, જ્યારે મનુષ્યમાં તે છે. છતાં બંનેના શરીરમાં બનતી ખોરાકની ક્રિયાઓ તો સરખી જ છે; ફેર માત્ર એટલો કે પ્રાણી પોતાની પ્રેરણા અનુસાર કામ કર્યે જાય છે, જ્યારે મનુષ્ય બુદ્ધિને વેગળી મુકી કારણો આપવા બેસી જાય છે! આથી કેટલીક વખત સુખી થવાને બદલે તે દુઃખી થાય છે. આ ઉપરથી એટલું સ્પષ્ટ થાય છે કે જ્યારે અનાજ ઉપર આપણને રૂચિ થતી ન હોય ત્યારે જે કંઈ ખાવામાં આવે તે શરીરને પોષણ આપવાને બદલે ઉલટું ઝેર બની શરીરને માંદું પાડે છે.

હવે ઉપવાસ દરમિયાન શું થાય છે તે જોઇએ. આપણે ભુખ ખોઈ બેઠેલા હોવાથી આપણા હોજરામાં કંઇ પણ નાખવામાં આવતુ નથી. પરંતુ શરીરની અમુક ગરમી ટકાવી રાખવા માટે કંઇક ને કંઈક પોષણ તો જોઇએ. ત્યારે આવું પોષણ ક્યાંથી આવી શકે? શરીરના ગુણ પ્રમાણે આ પોષણાર્થે નબળી વસ્તુઓ પહેલી બળવા માડે છે. આથી શરીરની નબળી વસ્તુઓ જેમાં પેલા ઝેરી પદાર્થોનો સમાવેશ થઇ જાય છે, તે પહેલી બળવા માંડે છે. આ પદાર્થો ખલાસ થયા પછી ચરબી અને ગંદું લોહી વપરાવા માંડે છે. આથી ઉપવાસમાં આપણું લોહી વધારે ચોખ્ખું બને છે. હૃદય, ફેફસાં, હોજરી, આંતરડાં, કલેજું વગેરે અગત્યના ભાગોને તો સાધારણ ભુખમરામાં પણ નુકસાન પહોંચતું નથી. ઉલટું સતત કામ કરવાથી તેમને જે નુકસાન પહોંચ્યું હોય છે, તેમાંથી તેઓ બચી જઇ ફરી નવાં બને છે. ઉપવાસ દરમિયાન શરીરના જુદાજુદા અવયવો કેટલા ભાગમાં વપરાય છે તેનું પ્રમાણ નીચે આપ્યું છે.

ચરબી	૯૭ ટકા	સ્નાયુ	૩૦ ટકા
કલેજું	૫૬ ,,	બરોળ	૬૩ ,,
લોહી	૧૭ ,,	જ્ઞાનતંતુ	૦ ,,

ઉપવાસ એ કોઇ પણ વ્યાધિનો કુદરતી ઇલાજ છે. તેમાં કંઇ પણ અંતરાય ન નાખતાં સરળતા કરી આપવી જોઇએ. આ સરળતા ઘણી રીતે થાય છે. એક તો ઉપવાસ દરમિયાન ઠંડુ પાણી પીવાથી પાણીમાં રહેલો પ્રાણવાયુ (ઑક્સિજન) શરીરમાંની ઝેરી વસ્તુઓનો નાશ કરે છે. 'અજીર્ણે વારિ ભેષજં.' જ્યારેજ્યારે અજીર્ણ થાય ત્યારે ફક્ત પાણી જ પીવું. આથી અજીર્ણ મટી જાય છે. પાણી પીવાથી હોજરીને કંઇ પણ કામ કરવું પડતું નથી. ઉલટું, ઝેરી વસ્તુઓનો જલદી નાશ થઇ જવાથી તે તરત સારૂં થઇ જાય છે. ઉપવાસમાં પણ ભુખ જેવું લાગે ત્યારે ફક્ત ઠંડુ પાણી પીવું. પાણીની મદદથી શરીર ઝેરી મળનો જલદી ત્યાગ કરી શકે છે અને પરિણામે શરીરમાં ચેતન વધે છે.

ઉપવાસમાં બસ્તી પ્રયોગ કરવાથી આંતરડાં સાફ થાય છે. એ પણ ખાસ જરૂરનો તો નથી જ; પરંતુ હાલના જમાનામાં ન જોઇતી વસ્તુઓ હદ ઉપરાંત ખાધા કરવાથી આપણા ખોરાકમાં એટલી બધી કૃત્રિમતા આવે છે કે આપણને હમેશાં કબજીયાત રહ્યા કરે છે અને તેથી આંતરડાના નીચલા ભાગમાં મળ એકઠો થયા કરે છે. હરહમેશ આ ઝેરી મળ પુરેપુરો બહાર નીકળી શકતો ન હોવાથી લોહીની શિરાઓ વાટે આખા શરીરમાં તે ઝેર વ્યાપે છે; અને તેથી જ્ઞાનતંતુઓ નબળા પડે છે ને પાચનશક્તિ ઘટે છે. બસ્તીનો પ્રયોગ આ મળનો જલદી નાશ કરતો

હોવાથી બહુ ઉપયોગી થઇ પડે છે. વળી તેથી આંતરડાં પૂરી રીતે ખુલ્લાં થઈ શકે છે.

આ ઉપરાંત ઉપવાસમાં મનનું કારણુ ખાસ જાણવાજોગ છે. મનોબળ ન હોય તો ઉપવાસ થઇ શકતો નથી. નિશ્ચયબળ નહિ હોવાથી ઘણાએ ઉપવાસ કર્યા પછી તુરત જ તોડી નાખે છે. ઉપવાસ કરવો એટલે ફક્ત ભુખ્યા રહેવું એટલું જ નહિ. તે પૂર્ણ રીતે શાસ્ત્રીય પદ્ધતિથી કરવો જોઇએ. ઉપવાસ એ એક જાતની વેઠ છે એમ સમજી ન કરવો, પણ પૂર્ણ શ્રદ્ધાથી તેના નિયમાનુસાર કરવો. ઉપવાસની ટેવ પાડવા માટે કેટલીક વખત ભગીરથ પ્રયત્ન કરવા પડે છે. ઘણાંનાં સગાંવહાલાં અને મિત્રોનો ઉપવાસ સામે વિરોધ હોય છે, અને તેઓ કંઈક ને કંઈક તો ખાવું જોઇએ એમ આગ્રહ કર્યા કરે છે. છેવટે દુધ જેવો ખોરાક પણ લેવાની તેઓ ફરજ પાડે છે. આવા દુરાગ્રહને વશ થઈ ઉપવાસ તોડવા પડે છે. એટલે ઉપવાસ કરનારે આનો વિચાર કરી તેને માટે દૃઢ મનોબળ રાખવું જોઇએ.

જેમણે કદિ ઉપવાસ ન કર્યો હોય તેમણે એકાદ બે દિવસ ફળાહાર કરી પછી ઉપવાસ કરવો. ઉપવાસ દરમિયાન ખુબ પાણી પીવાની ટેવ પાડવી ને ખુલ્લી હવામાં બની શકે તેટલું ફરવું. આપણું શરીર સારૂં થયા કરે છે એમ માન્યા કરવું. શરીર સારૂં થયું છે, એની પહેલી નિશાની એ લાગશે કે આપણા શ્વાસોચ્છ્વાસ નિયમિત અને મધુર થશે, અને એ ક્રિયા કોઇ પણ અંતરાય સિવાય થશે. વખતે ગાવાનો શોખ પણ થઇ આવશે. આવી રીતે ઉપવાસમાં સૌથી પહેલો ફાયદો ફેફસાંને થાય છે. તેથી રૂધિર સાફ થવાની ક્રિયામાં ઘણો વધારો થાય છે. જીભ ઉપર પહેલાં જે છારી વળેલી હોય છે તે ઉપવાસને અંતે લગભગ જતી રહી જીભ સ્વચ્છ અને ચોખ્ખી બને છે. દાંત ઉપર જે ગંદા છંદ પડયા હોય છે તે પણ જતા રહે છે. મૂત્ર પહેલાં વિચિત્ર રંગવાળું હશે તો તેનો રંગ સુકા ઘાસના રંગ જેવો ચોખ્ખો બનશે. શરીર ઉપર લાલાશ આવશે. ખાવા ઉપર અણગમો થશે; ને ઘણી વાર તો સારીસારી વાનીઓ સામે હોવા છતાં પણ તે ખાવાનું મન નહિ થાય. આ, ઉપવાસથી આવતી શરીરની નૈસર્ગિક પ્રફુલ્લતા અને તંદુરસ્તીની નિશાનીઓ છે.

ઉપવાસ દરમિયાન એકાદ બે માઇલ ફરવા જવાની કસરત પણ કરવી. તેથી હૃદય, ફેફસાં અને પેટના અવયવોને જોઇતી કસરત મળે છે, આખા શરીરમાં લોહી ફરવા માંડે છે અને ઘર સાફ થવાની ક્રિયા ઘણી ઝડપથી થાય છે. ઉપવાસ દરમિયાન મનમાં ગંદા, ગલિત કે ગંભીર વિચારો લાવવા જોઇએ નહિ. માનસિક આરામ પૂર્ણ રીતે લેવો જોઇએ.

ઉપવાસ કેટલી મુદતનો હોવો જોઇએ એ ચોક્કસપણે કહી શકાય નહિ. ઉપવાસનો અર્થ જ એ છે કે જ્યાં સુધી ખરી ભુખ લાગે નહિ ત્યાં સુધી કંઈ પણ ખોરાક ન લેવો. શરીરમાંથી ઝેરી વસ્તુઓનો નાશ થયા પહેલાં ખરી ભુખ લાગતી

મધદરીએ મુજ નાવ

: સાદની ધૂન :

મધદરીએ મુજ નાવ
 પ્રભુજી, મધદરીએ મુજ નાવ;
આ બેડલી રંક બચાવ —પ્રભુજી૦

તોફાની વંટોળે માંડયું ઘોર મહા ઘમસાણ,
હાથ સુકાન છુટે ને તુટું તુટું થાય વહાણ;
 પરમ ઓ! પારાવાર તરાવ,
 પ્રભુજી, મધદરીએ મુજ નાવ.

ઉંચે આભ, નીચે જળ કાળાં, ચોગરદમ અંધાર,
દીવાદાંડી સમો ત્યાં મારો તું ધ્રુવ તારણહાર;
 પરમ ઓ! જીવનમાર્ગ બનાવ,
 પ્રભુજી, મધદરીએ મુજ નાવ.

તુજ વત્સલ ગભ્રુને અમૃત શમશે સાગરજંગ,
ઉડી ઉડી આંખોએ રમશે મેઘધનુના રંગ;
 પરમ ઓ! અંતર પ્રાણ જગાવ,
 પ્રભુજી, મધદરીએ મુજ નાવ.

આ બેડલી રંક બચાવ —પ્રભુજી૦

દેશળજી પરમાર

નથી. જેઓનું શરીર વધારે બગડેલું હોય તેમણે આ ઝેરી વસ્તુઓનો નાશ કરવા માટે વધુ દિવસનો ઉપવાસ કરવો જોઇએ. સામાન્ય રીતે પાંચછ દિવસનું લંઘન કરવાથી શરીરને બીલકુલ વાંધો આવતો નથી. તેથી વધુ દિવસના લંઘન માટે અનુભવીની સલાહ લેવી.

ઉપવાસ કેવી રીતે તોડવો એ જાણવું તો વળી ખાસ જરૂરનું છે. ઉપવાસ કરવો સહેલો છે; પણ તે તોડવો ઘણો અઘરો છે એમ અનુભવ ઉપરથી જોઈ શકાય છે. ગમે તે વસ્તુ ખાઇને ઉપવાસ તોડવામાં આવે તો ફાયદા કરતાં નુકસાન થવાનો પુરો ભય રહે છે. ઉપવાસ તોડયા પછી ભુખનું જોર એટલું બધું વધી પડે છે કે ખુબ ખાવાની ઇચ્છા થઈ આવે છે અને તેથી હોજરીને વધુપડતો શ્રમ આપી દેવાય છે. આમ ન થાય એટલા માટે આપણે ખરી અને ખોટી ભુખ વચ્ચે શો તફાવત છે તે જાણવું જરૂરનું છે.

હાલના જમાનામાં લોકો ખાવા માટે જીવે છે; જીવવા માટે ખાતા નથી! આપણે બધા ભુખ લાગી છે તેથી ખાતા નથી, પણ ખાવાનો સમય થયો છે માટે ખાવું જોઇએ એ વિચારે જ ખાઇએ છીએ. આપણામાંના ઘણાખરાનું માનવું એવું હોય છે કે ખાવાના સમયે ખાવાનું ન મળે તો ભુખ મરી જાય છે અને પછી ખાવાનું ભાવતું નથી. વાસ્તવિક રીતે ભુખ મરતી નથી, પણ કુદરત કહે છે કે શરીરમાં ઝેરી જથ્થો વધી ગયો છે માટે લંઘન કરો. પરંતુ ખાવાના સમયની ખોટી ભુખથી શરીરમાં એવી તાલબદ્ધતા આવી જાય છે કે ખાવાના સમય પહેલાં આપણને ખાવા ઉપર બીલકુલ રૂચિ ન હોય તોપણ તે સમયે તો તાત્કાલિક ખાવાની કૃત્રિમ ઇચ્છા થઇ આવે છે. કેટલાકને તો આ સમયે ખાવામાં ન આવે તો આંખે અંધારાં કે ચક્કર પણ આવી જાય છે. આ બધું પેલી ઝેરી વસ્તુઓ બળતી હોવાનું પરિણામ છે. જ્યારે આવું થાય ત્યારે સમજવું કે આપણને ખોટી ભુખ લાગી છે. નીરોગી માણસ એકાદ ટંક કે દિવસ ન ખાય તો તેને ખરી ભુખ લાગતી નથી ને હમેશની માફક તેનાં અવયવો પોતાનું કામ કર્યે જાય છે. ભુખ મરી જતી નથી, પણ ખોટી ભુખ મરી જાય છે. આપણને જ્યારે ખરી ભુખ લાગે છે ત્યારે ગમે તે ખાઇ લેવાનો વિચાર થતો જ નથી, પણ કંઇક એવું જ ખાવાની ઇચ્છા થાય છે કે જેથી તંદુરસ્તીને વાંધો ન આવે. હવે જો આપણે આપણો ઉપવાસ આ ખરી ભુખની પેલી બાજુએ લંબાવીએ તો જ ભુખમરો શરૂ થાય છે. એવો ભુખમરો વેઠવાથી શરીરને ફાયદો થતો નથી.


ઉપવાસ પછી શરીર તદ્દન નવું બને છે; અને એવે સમયે ગમે તે ખાઇ લેવાથી ઉલટું નુકસાન પહોંચે છે. કેટલા દિવસનો ઉપવાસ કરવામાં આવ્યો છે એ જોઇને સંભાળપૂર્વક તેને તોડવો જોઇએ. વધારે દિવસનો ઉપવાસ કર્યો હોય તો ખોરાક લેવામાં બહુ ધીમેધીમે ચડવું જોઇએ. એકાદ બે દિવસનો હોય તો હમેશ મુજબ થોડા ખોરાકથી શરૂઆત કરવામાં વાંધો નથી.

સામાન્ય રીતે સૌથી પહેલાં પાણીમાં લીંબુનો રસ નાખીને તે પી જઈ ઉપવાસ સહેલાઇથી તોડી શકાય છે. નારંગીનો રસ પણ ચાલે. આ પછી ઉપવાસની સારામાં સારી અસર લાવવા માટે દુધનો ખોરાક હિતાવહ છે. ઉપવાસ દરમિયાન શરીરમાંથી જે તત્ત્વો બળી ગયાં હોય તે દુધના ખોરાકથી લાવી શકાય છે અને તેનાથી ઘણી ઉંચી જાતનું આરોગ્ય મેળવી શકાય છે. દુધ કેટલું અને કેવી રીતે લેવું એ પણ જાણવું જોઇએ. પહેલે દિવસે બેથી દોઢ કલાકને અંતરે અરધો શેર દુધ લેવું ઠીક પડે છે. એ પછી તેનું પ્રમાણ વધારી ધીમેધીમે પોણા કલાકે અરધો શેર દુધ લેવામાં આવે તો તે પચી જાય છે. આ પ્રમાણે થોડા દિવસ સુધી દુધ લઇ સામાન્ય ખોરાક ઉપર સહેલાઇથી જઇ શકાય છે. ત્રણચાર અઠવાડિયાં સુધી ફક્ત દુધનો ખોરાક લેવામાં આવે તો વળી વધુ ફાયદો થાય છે.

આ પ્રમાણે ઉપવાસ તોડયા પછી ફરીથી શરીરમાં કચરો ભરાઈ ન જાય એ માટે સાવચેત રહેવું જોઇએ. પછી તો મહિનામાં એકાદ બે આવા ઉપવાસ કરવાની ટેવ પડી જાય છે. ખોરાકમાં દુધ, નત્રિલ, શાકભાજી અને આમ્લરસવાળાં ફળો—લીંબુ, નારંગી વગેરે—નું યોગ્ય પ્રમાણ હોય તો આરોગ્ય જળવાઇ રહે છે. શારીરિક પરિશ્રમ—ખાસ કરીને ચાલવાની કસરત તો દરેકે અવશ્ય કરવી જોઇએ.

ચુનીભાઈ ધ. પટેલ

માખી



માખી

મોટા પ્રમાણમાં બતાવેલા માખીના ઉપલા ફોટોગ્રાફ પરથી જણાશે કે એના આખા શરીર પર ઝીણી બરછ રૂંવાટી હોય છે. રોગના જંતુઓ તેમાં ભરાઈ રહે છે ને ઉછરે છે. ગંદકી ઉપરથી એ જંતુઓ લેતી આવતી માખી આપણા ખોરાક પર બેસે છે ને રોગ ફેલાવે છે.

દૂર દૂરની ભૂરચના, ભૂગોળ, ખગોળ, વનસ્પતિઓ. સિંહ, વાઘ, વરૂ, શિયાળ, હાથી, વાંદરાં, ગધેડાં, કીડી, કબુતર, મધમાખી, ભમરી, ઉંદર, મચ્છર, માકડ એ બધાંની વાતો આપણે કરીએ છીએ, સાંભળીએ છીએ, એમના વિષે અભ્યાસ પણ કરીએ છીએ, પણ માખીને માટે વિશ્વકોષ ઉઘાડીને જોવાનું તથા વિચાર કરવાનું કોઇને સુઝતું જ નથી. માત્ર ચોમાસામાં ભોગજોગે દાળભાત ભેગી જો એ પેટમાં જવા પામે તો પોતાનું ધ્યાન એ બેત્રણ દિવસ સુધી આપણી પાસે ધરાવી શકે છે ખરી !


શબ્દ, રૂપ, રસ, ગંધ અને સ્પર્શ એ બધા સ્વાદોનો અનુભવ માખી કરી શકે છે કે નહિ એ જણાતું નથી. કારણ એને કાન છે કે નહિ અને છે તો ક્યાં છે એ ખબર પડતી નથી. પણ માખી બોલે—ગણગણે તો છે જ. બોલતી હોય છતાં એ સાભળી ન શકતી હોય એમ કેમ સંભવે ?

એનું નાક પણ આપણે જોઇ શકતા નથી. પરંતુ ગળપણની કણી પડી કે માખી ગમે ત્યાંથી આવી હાજર થઈ જાય છે, તથા તેલ જેવી વસ્તુની પાસે આવીને તરત ભાગી જાય છે એ ઉપરથી એમ લાગે છે કે માખીનું નાક આપણાથી ચડિયાતું—કીડીના નાકની પંક્તિનું હોવું જોઇએ.

બાકી માખીની આંખ જેવડી મોટી આંખ તો કોઇની નહિ હોય. ઘુવડની હોય તો કહેવાય નહિ. પણ હાથીના કાન કરતાં યે માખીની આંખ પ્રમાણમાં મોટી હોવી જોઇએ. માખીના માથાની ટોચે દેખાતી રાતી શાહીનાં ટપકાં જેવી બે આંખો ભેગી કરીએ તો તે એના શરીરના દસમા કે બારમા ભાગ જેટલી હશે. મોટીમોટી આંખની શક્તિથી જ એ આપણા હાથમાં આવતી નથી, અને સહેજ હાથ હાલે ત્યાં તો ચેતીને ઉડી જાય છે.

જેમ એની આંખ સ્પષ્ટ દેખાય છે તેમ જીભ પણ સ્પષ્ટ દેખાય છે. માખી જ્યારે આપણા ડીલ પર આવીને બેસે છે ત્યારે આપણને એનો સ્પર્શ જણાતો નથી, પણ જ્યારે એ પોતાના પગથી ત્રણચાર ગણી જાડી જીભ આપણી ચામડીના છિદ્રોમાં ફેરવવા માંડે છે ત્યારે આપણને ગલગલિયાં થાય છે અને આપણને ચીડ ચડે છે. એની જીભ સુંઢ જેવી છે, પણ એ સુંઢ બહાર લટકતી નથી હોતી. એ આપણી જીભની જેમ મોંમાં જ રહે છે. એ કંઇક ખાવા બેસે કે તુરત એ જીભ મોંમાંથી લંબાવી ખાવાની ચીજ પર મુકે છે ને ખાવાનું ચુસી લે છે. રેશમી સુતરની ભુંગળીના આકારની કાળી નાની વાટ વણી હોય એવી એ જીભ લાગે છે. વાટ દ્વારા દીવો જેમ તેલ પીએ છે, તેમ જીભ દ્વારા માખી રસ ચુસે છે. પણ માખીની જીભની ઝડપ એકાદા વિજળીના સંચા જેવી છે. એની જીભમાંથી લાળ પણ ઝરતી લાગે છે કારણકે એ જ્યાં ચાટી જાય છે ત્યાં એક ભીની ચાંદી આપણે જોઇ શકીએ છીએ.

આપણી જીભને જે રસ બહુ ભાવે છે એ ગળ્યો રસ માખીની જીભને પણ બહુ ભાવે છે. એટલે દરજ્જે આપણી ને માખીની વચ્ચે ભાઇબેનપણું છે ! બાકી ખાટા, ખારા, તીખા, કડવા એ બધા રસો એને રુચતા નથી. ગળપણની બાબતમાં જેમ માખીનો અને આપણો સ્વભાવ મળતો આવે છે, એમ ગંદી વસ્તુ પર જઇ



માખીનું જીવનચક્ર

બેસવાનો એનો સ્વભાવ કેમ આપણાથી સાવ વિરુદ્ધ હશે? જે વસ્તુ પર આપણને નજર સુદ્ધાં નાખવી નથી ગમતી એટલી ગંદી છે તે વિષ્ટા, બળખા, એઠવાડ, એ બધામાં તે સુખે ચરે છે તેનું કારણ શું? કીડી જેમ લોટમાંથી ગળાશ ચુસી લે છે તેમ એ બધામાંથી ગળાશ ચુસી લેવાની કળા માખીમાં હશે, અને પોતાના સૂક્ષ્મ શરીરને લીધે એ સ્થૂલ ગંદકી એને જણાતી નહિ હોય? કે એના નાકની રચના જ પરમેશ્વરે એવી કરી હશે કે ડુક્કરની પેઠે ગંદું-ગંદું સુંઘવામાં જ એને લહેર આવતી હશે? હશે શું? ગમે તે હોય, પણ એટલી વાત તો સાચી કે માખીની જીભ કોઈક અજબ તરેહની છે. એમાં માણસની પણ રૂચિ છે અને તેનાથી વિરૂદ્ધ પ્રકારની રૂચિ પણ છે.

હવે પાંચમી રહી સ્પર્શ કરવાની શક્તિ. સ્પર્શેન્દ્રિય તો જંતુમાત્રને હોય છે. એકેન્દ્રિય પ્રાણીને પણ ચામડી તો હોય જ.. માખીની સ્પર્શશક્તિ પણ સૂક્ષ્મ છે. આપણા પગની સાથે જ્યાં ધોતિયું વળગ્યું યે ન હોય એવી ધોતિયાની કરચલી પર માખી બેઠી હોય તો પણ જરાક પગ ખેસવીએ કે માખી જાણી જાય છે ને ઉડી જાય છે.

માખી જેટલી ચપળ છે તેટલી જ ચતુર ને ચીકણી પણ છે. એને અમુક જગ્યાએથી કંઇક ખાવું હશે તો એ ખાધા વિના સહેજે નહિ ભાગી જાય. આપણે એને ઉડાડીશું કે જ્યાંથી એને ઉડાડવામાં આવી હશે તેની આસપાસ એક વર્તુળમાં ગોળગોળ ફરીને ફરી પાછી એની એ જ જગ્યાએ આવીને બેસશે. પાંચસાત વાર આપણે એને ઉડાડ્યાં કરીશું નહિ તો એ ધારેલી વસ્તુ છોડશે જ નહિ.

કોઈ પણ ચીજનો અનુભવ કરવાને માખી સૌથી પ્રથમ આંખનો ઉપયોગ કરે છે. જ્યાં ખુબ માખીઓ બેઠી હોય ત્યાં ગોળના રંગનું લાકડાનું છોડિયું મુકશું તો એક પછી એક માખી એના ઉપર આવીને બેસશે અને બેઠા ભેગી જીભ અડાડીને ઉડી જશે. આ ઉપરથી એમ પણ અનુમાન કાઢી શકાય કે માખીને નાક જ નહિ હોય!

માખીની એક ખાસિયત એ છે કે એ સ્વાર્થી છે. કીડી કે મધમાખીની જેમ એ સંપીલી નથી. એક માખી ખાઇ શકે એટલો કણ પડ્યો હોય અને ત્યાં બે માખી આવી ચડે તો બંને લડશે અને જે મોટી હશે એ ખાશે ને બીજી ચીડાઇને જરા છેટે બેઠીબેઠી તેના સામું જોયા કરશે અને બધો લાગ ગએલો જોશે ત્યારે જ પોતાને રસ્તે પડશે. એમને કીડીની કે મધમાખીની જેમ સંઘમાં રહેવું કે વસવું પરવડતું નથી.

માખીના શરીરના આપણે પાંચ વિભાગ પાડી શકીએ: ઉપરની બે પાંખો, નીચેના છ પગ, મોટી લાલ આંખોથી રાતુંરાતું દેખાતું માથું, જ્યાંથી પાંખ નીકળે છે ત્યાંથી ગળા સુધીનું કાળું ધડ અને પાંખ નીચેનું પીળા અથવા મધમાખીના રંગનું જઠર. આટલા વિભાગો તો આપણે સહેજે જોઈ શકીએ છીએ. પણ જેને લીધે એ સૌથી વધુ ભયંકર અને માનવજાતિના દુશ્મન જેવી બની છે તે, એના શરીર પરની ઝીણી રૂંવાટી આપણે નરી આંખે જોઈ શકતા નથી; તેથી જ તો આપણે એનાથી ગાફિલ રહીએ છીએ અને એના ફેલાવેલા રોગોના ભોગ થઇ પડીએ છીએ. માખી પ્રત્યે આપણે કેમ વર્તવું જોઇએ અને આપણા જીવન સાથે માખીને શો સંબંધ છે એટલું જાણીએ ને આચરીએ તો યે ઘણું થયું.

સામાન્ય સમજ એવી હોય છે કે માખીઓ જીભથી ડંખ દે છે તથા રોગ ફેલાવે છે. પરંતુ એની શરીરરચનાના નિરીક્ષણ પછી જણાયું છે કે એની જીભ તીક્ષ્ણ નથી. રોગના જંતુઓ તો તેના આખા શરીર પર જડાએલી આ ઝીણીઝીણી રૂંવાટીમાં


ભરાઇ રહે છે અને ઉછરે છે. આ રૂંવાંટી તેની આંખ અને પાંખો સિવાય તેને આખે શરીરે હોય છે. તે ઝીણી પણ બરડ હોય છે, અને જંતુઓ તેમાં સલામતીથી ભરાઇ રહે છે.

ડંખ તો માત્ર ગાયભેંસની કોડ અથવા ઘોડાર–તબેલાની માખીઓને હોય છે. તેમની જીભ તીક્ષ્ણ હોય છે. તે વડે તેઓ લોહી ચુસે છે, અને તેને બદલે તેટલા પ્રમાણમાં પોતાનું થુક મુકતી જાય છે.

ગંદકી અને ખોરાક બંને ઉપર માખી તો બેસે છે. બાળકના હાથમાંના કોળિયા ઉપર કે તમારા ભાણામાંના અન્ન ઉપર જે માખી બેઠી હોય છે તે ઘડીક પહેલાં જ ઘર પાછળના ઉકરડા પર, જાજરૂની કુંડી કે વાસણ પર, અથવા કોઇ રોગીના બળખા કે લીંટ પર બેસી આવી હોય છે;—સાથેસાથે ત્યાંનાં જંતુ એના શરીર પરની રૂંવાટીમાં લેતી આવી હોય છે. એ જંતુ તમારા ખોરાક વાટે તમારા શરીરમાં જાય છે ને એવી રીતે રોગ ફેલાય છે.

એક માખી ઓછામાં ઓછાં ૧૦૦ અને વધુમાં વધુ ૬૦૦ થી ૯૦૦ ઈંડાં મુકે છે. અને જરા ભેજ સાથે ગરમીવાળી હવા હોય કે એ ઇંડાં ૨૪ કલાકમાં સેવાઇને બચ્ચાંને જન્મ આપે છે. એ બચ્ચાંને બેથી પાંચ દિવસમાં પાખ ફુટીને માખી થાય છે. માખી ૫૧૦૦ ફુટ દૂર સુધી ઉડતીઉડતી પહોંચી શકે છે એમ અનુભવથી જણાયું છે. એટલે કચરોપુંજો ઘરની આસપાસ કે ફળિયાના ખુણામાં ભેગો કરવો, આમતેમ થુકવું, છોકરાંનાં મલમૂત્ર ફળિયામાં નાખવાં, લાદ ને છાણ ઘરની આસપાસ ભેગાં થવા દેવાં, એ બધું ભયંકર છે. આ બધું ધ્યાનમાં લેતા તો એક રીતે રોગનો ફેલાવો માખી નહિ, પણ આપણી કુટેવને લીધે આપણે જ કરીએ છીએ. એટલે, સમજીએ તો એ અટકાવવાને સમર્થ પણ આપણે જ છીએ.

જોકે કુદરતે તો આ નુકસાનકર્તા જંતુની સામે યોગ્ય પગલાં લીધાં જ છે. કરોળિયા, માખીના વાઘ, ગરોળી, કાકીડા, સાપ વગેરે જીવ માખીને ખાઇ જાય છે. નહિતર તો ઉપર બતાવેલી એની પેદાશના પ્રમાણમાં એ ફેલાઇ જઇ બહુ જ હેરાન કરે. છતાં



માખી ઉછેરનારી વસ્તુઓ

કચરોપુંજો, એઠવાડ, સડેલાં શાકભાજી, ગાયભેંસનાં છાણ, વિષ્ટા ને ઘોડાની લાદ: એ બધાં અનુક્રમે કેટલા પ્રમાણમાં માખીઓ ઉત્પન્ન કરે છે તે ઉપલા ચિત્રમાં બતાવ્યું છે. ઘોડાની લાદ સૌથી વધુ માખીઓ ઉત્પન્ન કરે છે.

આ બધી ગંદકી દૂર કરો: અને માખીઓ એની મેળે દૂર થશે.

એને બીલકુલ દૂર કરવાને તો આપણે પોતે જ ચેતીને ચાંપતા ઇલાજ લેવા જોઇએ. કફ, લીંટ કે મળમૂત્ર પર સુકી માટી નાખી રાખવી જોઇએ અને છાણ, લાદ, વગેરે પર પણ માટી નાખી મુકવી જોઇએ. સુકી માટી એ માખીને પેદા થતી અટકાવવાનો ઉત્તમ ઉપાય છે. છાણ, લાદ વગેરેને જલદી સુકવી નાખ્યાં હોય તો માખી ન થાય અને ખાતર તથા બળતણની જરૂર પડે ત્યારે વાપરી પણ શકાય. એઠવાડો ખાડામાં નાખી ઉપરથી કોરી માટી અથવા તાજી રાખ નાખવી.

માખીનો નાશ કરનારી ચીજોમાં કેટલાક માખીખાઉ છોડવાઓ પણ થાય છે. એ છોડવાઓ માખી ખાઇને જ જીવે છે ને વધે છે. તેનાં પાંદડાં પ્યાલી જેવાં હોય છે. પ્યાલીને તળીએ એ પ્રથમ ગળ્યો રસ રાખે છે. એ રસ ખાવા માખી આવે કે એ પ્યાલી બંધ થઇ જાય છે અને અંદર પાંદડાંમાંથી એવા રસ આપોઆપ નીકળે છે જે એ માખીનો જ રસ બનાવી દે છે! અને એ રસ પૂરો ખવાઇ રહે અને પચી જાય ત્યારે બંધ થએલી પ્યાલી ઉઘડે છે અને બીજી માખી મેળવવા માટે તળીએ ગળપણનું એકાદ ટીપું ઉત્પન્ન કરી શિકારની રાહ જુએ છે. અને આવો કંઇ એક જ જાતનો છોડ નથી થતો. જાતજાતના એવા છોડો થાય છે.

માખીથી કંટાળી જઇને પાશ્ચાત્ય દેશોમાં તેનો નાશ કરનારી દવાઓ શોધવામાં આવી છે; અને હવે

તો માખી પકડી પકડીને ઓહિયાં કરી જનારાં યંત્રો પણ નીકળ્યાં છે!

ગાંધીજીએ તો જ્યારેજ્યારે પ્રસંગ આવ્યો છે ત્યારેત્યારે માખી વિષે આવી જાતનું કહ્યું છે:

'માખી સરજીને ઇશ્વરે આપણને અમૂલ્ય મદદ આપી છે. આપણે સ્વચ્છતા કેટલી જાળવી શકીએ છીએ તેની પરીક્ષા માખી જેવી આપણને કોઇ પણ નહિ આપી શકે. ખાતાંખાતાં એક ટીપું નીચે પડે કે જમતાંજમતાં દાળ નીચે ઢોળાય, ને એ સાફ કરવામાં આપણે જરા પણ આળસ કર્યું કે તરત માખી આવશે અને આપણા કાન ફૂંકી જશે.

આપણી જાત એટલી ગંદી છે કે પ્રત્યેક ક્ષણે આપણે તેમાંથી ગંદકી પેદા કરીએ છીએ. શરીર એ કેવળ ગંદકીની ખાણ છે. એની રક્ષા કરવી એટલે નરકની રક્ષા કરવી. હવે એવા ઉકરડાને સોડમાં રાખી આપણે હરઘડી જાગૃત ન રહીએ તો તો આપણું સત્યાનાશ વળી જાય. એવું ન થાય તે માટે ભગવાને આપણા ઉપર માખીનો સદોદિત પહેરો મુક્યો છે. પાયખાને જઈ આવ્યા પછી પાયખાનાને આપણે તરત માટીથી ઢાંકી ન દઇએ, રાંધવા ખાવાનું ઉકલી જતાંની સાથે બધો એઠવાડ તેમજ એઠવાડનું પાણી જમીનમાં ખાડો કરીને દાટી ન દઇએ, નાકનું લીંટ, મોઢાનો બળખો એ બધા પર તરતોતરત ધુળ વાળી ન દઇએ, જમીને ઉઠ્યા કે તે જ ક્ષણે અશૌચ કરેલા સ્થાનને ધોઇને કે લીપીને સ્વચ્છ ન કરીએ તો જરૂર આપણે માખા પેદા કરીશું. શરીરે થએલાં ગડગુમડ કે ઘાને સ્વચ્છ રાખવાની બેદરકારી રાખીશું અને તે લોહી પરુથી ક્ચકચી જવા દઇશું તો તે તો માખાથી સહન જ નહિ થઇ શકે. એ તો બટકાં જ ભરવા માંડશે. ટુંકામાં, જે માણસની આસપાસ માખા વસે છે તેનામાં માણસાઇ છે કે નહિ, અને છે તો કેટલી છે એ જ વિચારવાનું રહે છે.'

ઉપરની બધી વાત અવતરણ ચિહ્નમાં છે તે ઉપરથી એ બરોબર ગાંધીજીના શબ્દોમાં છે એમ નથી માનવાનું. એમણે અનેક વાર દર્શાવેલી માખી વિષેની ચાડનો એ ભાવ માત્ર છે.

૧૯૧૬ની સાલમાં દીવાળી પર ગાંધીજી કાંગડી ગુરુકુળના વાર્ષિકોત્સવમાં ગયા હતા ત્યારે અમે બેત્રણ વિદ્યાર્થીઓ તેમની સાથે હતા. એ પવિત્ર ગંગાકિનારે, એ બ્રહ્મચારીઓના જ આશ્રમમાં માખીઓનો ઉપદ્રવ અસહ્ય હતો. હિમાલયની તળેટીનું જંગલ, ગંગામાઇનું સ્વચ્છ નીર, છતાં માખીઓ એટલી બધી કે ધોળી સફેદ ચાદર બિછાવીએ તો જોતજોતામાં કાળા ચિત્રામણવાળી દેખાવા લાગે! ગાંધીજીના શરીરના કોઈ પણ ભાગ પર માખી ચાટી જાય તો એ તેમને ગટરના પાણીનો છાટો શરીર પર પડ્યા બરોબર લાગે; પણ જો એમના ખાવાના કોઇ પદાર્થ પર માખા બેઠેલી એમણે જોઈ તો એ તેમને ઉચ્છિષ્ટ અન્ન જમવા જેટલું જ અસહ્ય લાગે. તેઓ એ વખતે તો માત્ર ફળાહાર જ કરતા. એટલે એમનાં ફળ તૈયાર કરી તેઓ તે ખાઈ લે ત્યાં સુધી અમે બબ્બે જણા માખીઓનો પહેરો કરતા; છતાં માખીઓ એ સામગ્રીને અભડાવી જતી. આથી ગાંધીજીનો પુણ્યપ્રકોપ પ્રગટ્યો અને એમણે ગુરુકુલના ચાલકોની આકરી ઉલટ તપાસ કરી. બધી વાતો પરથી જણાયું કે એ મહોત્સવ પ્રસંગે જે પાંચદસ હજાર સ્ત્રીપુરુષો આવેલાં તે બધાં છુટમાં, પણ ગુરુકુળ આશ્રમથી માત્ર બેએક ફર્લાંગના ઘેરાવાની અંદર જ શૌચાદિ કરતાં હતાં! નહોતુ તેને દાટવામાં આવતું કે નહોતી તેના પર ધુળ વાળવામાં આવતી.

માખી

હમેશાં ગંદી વસ્તુઓ ઉપર બેસે છે.

ગંદકી જંતુઓથી ભરેલી જ હોય છે.

માખીના પગ તથા શરીર પર ઝીણા વાળ હોય છે જેમાં એ જંતુઓ ભરાઇ રહે છે, અને માખી ત્યાંથી ઉડી તમારા શરીર અને ખોરાક પર બેસે છે ત્યારે સાથે એ જંતુ લેતી આવે છે.

એ જંતુઓ રોગ ફેલાવે છે.

માખીના શરીર પર વધુમાં વધુ સાઠ લાખ જંતુ મળી આવે છે.

કોલેરા, ક્ષય, શીતળા, સંગ્રહણી વગેરે ભયંકર રોગોનો ફેલાવો આ જંતુઓ જોતજોતામાં કરે છે.

એટલે કે માખી જ આ ભયંકર રોગો ફેલાવે છે.

માખી ગંદકીમાં ઉછરે છે, રહે છે ને પોષાય છે.

માટે ગંદકી દૂર કરો, અને માખી એની મેળે દૂર થશે.

ફળાહારમાંથી પરવારતાંની સાથે જ ગાંધીજી બધો પડાવ જોવા નીકળ્યા. દરેક ટોળીના રસોડાની, તેના એઠવાડની, તેના ગંદા પાણીની અવ્યવસ્થા જોઇને ગાંધીજી સ્તબ્ધ થઇ ગયા. ચાલુ જલસામાં બીજું તો કંઇ થઇ શકે એમ ન હતું, છતાં એટલું તો કહ્યું જ કે માખીઓની સંખ્યા વર્ગને હિસાબે વધી પડી કૉલેરાનો ઉપદ્રવ શરૂ ન કરી દે તે માટે ગુરુકુળથી માઇલ સુધીના ઘેરાવામાં ફરતી લાલ ધજાઓ ઠોકી દેવડાવી અને એટલી હદની અંદર કોઇએ શૌચ ન જવું એવો આકરો નિયમ કરાવ્યો.

ચોમાસામાં માખીઓમાંથી છુટવું હોય તો આખા વરસની સફાઇ હોય તો જ છુટી શકાય; કેમકે વરસાદ સિવાયના દિવસોમાં સૂર્યનારાયણ આપણને એટલી બધી મદદ કરે છે કે ગંદકી નામશેષ જ રહે છે. પણ વરસાદમાં સૂર્યદેવની એ મદદ પણ નથી મળતી અને આપણે ગંદકી તો રોજના જેટલી નિયમિતપણે કર્યે જ જઇએ છીએ. એટલે વરસાદથી ઉલટું બધું સડે છે.

એટલે ખરી રીતે સમજીને જોઇએ તો એ ભયંકર રોગપ્રચારક જંતુને ઉત્પન્ન કરનાર આપણે પોતે જ છીએ. જે વૈષ્ણવો એઠવાડ જુઠવાડની બાબતમાં આટલી બધી ચોકસી રાખતા હોય છે એ જ વૈષ્ણવો પોતાનાં ફળિયાં, ખાળો, ગલીઓ વગેરે એટલાં ગંદાં બનાવી મુકે છે કે માખીઓ થતી હોય એથી દસગણી સહેજે થાય. અને સૌથી વધારે દુઃખ તો આપણાં પાયખાનાનું હોય છે. હિંદુમુસલમાનનાં જેટલાં પાયખાનાં જોઇશું તે બધાં તદ્દન ઉઘાડાં હશે. જમીન પર બધો ગંદવાડ પડે. બીચારા ભંગીઓ તે અર્ધુંપધું ઉપાડે, પણ પુરૂં સાફ થાય નહિ તેથી જમીન પર મહિનાઓના મહિનાઓ સુધી ગંદવાડના થર જામે. પરિણામે ગામમાં બીજી બાબતમાં ગમે એટલી સફાઇ રહેતી હોય તોયે માખીમાંથી છુટીએ નહિ.

છેવટે, માખી પાસેથી આપણે એટલું જ્ઞાન તો લઇ લેવું જ ઘટે છે, એટલો નિયમ તો પાળતા થઇ જવાનું જ રહે છે કે સવારે પહેલી માખી દર્શન દે ત્યારથી માંડીને સાંજે બધી માખીઓ, દોરી પર જઇ હારબંધ ઉંઘી જાય નહિ ત્યાં સુધી આપણાથી સ્વસ્થ બેસાય નહિ. મિનિટે મિનિટનો ઉપયોગ કરવો, અને સતત ઉદ્યમ જારી રાખવો. જ્યાં માખીની વસ્તી બહુ મોટી હોય ત્યાં, માખી બતાવે એ સર્વ ગંદકી દૂર કરવાનું જ કામ આખા દિવસ માટે સ્વીકારીએ અને માખીને પણ ગંદકી શોધી ન મળે એટલી સ્વચ્છતા કર્યા પછી જ ભણવા અને ખાવાપીવામાં જીવ પરોવવાનો ઠરાવ કરીએ તો પણ ખોટું ન કહેવાય.

પ્રભુદાસ છગનલાલ ગાંધી

તમને ખબર છે?

આખી દુનિયામાં સૌથી વધારે ગરમી બલુચિસ્તાનમાં કલાતમાં પડે છે.

સૌથી વધારે વરસાદ હિંદમાં આસામ પ્રાંતમાં ચેરાપુંજીમાં પડે છે.

સૌથી વધારે ટાઢ સાઇબીરિયામાં બરખોયાંસ્કમાં પડે છે.

સૌથી ઉંચું શિખર હિમાલયનું માઉન્ટ એવરેસ્ટ–ગૌરીશંકર શિખર છે: એની ઉંચાઈ ૨૯,૦૦૦ ફુટ છે.

સૌથી નીચું સ્થાન પૅલેસ્ટાઇનમાં જૉર્ડન નદીનો પ્રદેશ છે.

સૌથી મોટું ખારા પાણીનું સરોવર એશિયામાં કાસ્પીઅન સરોવર છે.

સૌથી મોટો અખાત હિંદનો બંગાલની ખાડી છે.

સૌથી ઉંચી જમીન આસ્કાલ છે, જેની ઉંચાઇ દરિયાની સપાટીથી ૧૬૬૦૦ ફુટ છે.

સૌથી નીચી જમીન મૃતસરોવર છે, જેની નીચાઈ ૧૩૦૦ ફુટ છે.

સૌથી વધારે મીઠા પાણીનું સરોવર એશિયામાં બૈકલ છે.

સૌથી મોટી સડક ગ્રૅંડ ટ્રૅંક રોડ છે, જે કલકત્તેથી પેશાવર જાય છે.

સૌથી ગીચ વસ્તીવાળો દેશ ચીન છે.

સૌથી મોટું બંદર સીંગાપોર છે.

સૌથી મોટો 'ડેલ્ટા' સુંદરવનનો છે.

સૌથી લાંબી નદી અમેરિકાની મિસિસિપી છે.

સૌથી ઉંચો 'પ્લેટો' એશિયામાં પામીરનો છે.

સૌથી વધારે ધરતીકંપ દક્ષિણ અમેરિકાના પશ્ચિમ ભાગમાં થાય છે.

સૌથી મોટી નહેર ગંગાની છે.


સૌથી લાંબી રેલવે લાઈન રશિયામાં સાઇબીરિયામાં છે.

સૌથી મોટું રણ આફ્રિકામાં સહરાનું છે.

સૌથી સુંદર લોક કૉકેશિયાના હોય છે.


દુનિયાના સર્વ ધર્મના પ્રચારકો એશિયામાં જ જન્મ્યા છે.

અમેરિકામાં પાંચ લાખ ડૉલરને ખર્ચે એક મોટો પુલ બંધાવાનો છે. દુનિયાનો એ સૌથી મોટો પુલ થશે. એને બાંધતાં પાંચ વર્ષ લાગશે.



કુદરત-વૈભવ (ચિત્ર-૭)

કલાધામ મ્યૂનિચ



મ્યૂનિચનું સુપ્રસિદ્ધ મ્યૂઝિયમ

બાવેરિયાની રાજસત્તાની એ એક મહેચ્છા હતી કે સારી આલમનું સૌંદર્ય એકઠું કરીને મ્યૂનિચને ચરણે ધરવું અને કળા તથા સૌંદર્યનાં પૂજકોને માટે મ્યૂનિચને યાત્રાધામ બનાવવું. આ મહત્ત્વાકાંક્ષાના મૂર્ત સ્વરૂપ સમાં અનેક સંગ્રહ-સ્થાનો અને વિવિધ ચિત્ર ગૅલેરીઓ આજે મ્યૂનિચના પ્રવાસીને દૃષ્ટિગોચર થાય છે. પણ લડાઈ પછી ૧૯૨૪ની સાલમાં ખુલ્લું મુકાએલું મ્યૂનિચનું મ્યૂઝિયમ અદ્દ્ભુત ગણાય છે. એ જગપ્રસિદ્ધ જર્મન મ્યૂઝિયમના પાયા તો બાવેરિયાની રાજસત્તાની અમીદૃષ્ટિ દરમિયાન નખાએલા, પરંતુ લડાઇના અંતની સાથે બાવેરીઅન રાજસત્તાનો પણ મૃત્યુઘંટ વાગ્યો એટલે એ મહાન મ્યૂઝિયમની પૂર્ણાહુતિ પ્રજાસત્તાએ કરી. આજે રાજસત્તા તો નથી રહી, પરંતુ એની મહેચ્છા મૂર્તિમંત બની અમર થઇ ગઇ છે. મ્યુનિચ આજે ખરે જ કળાદેવીના ઉપાસકોના તીર્થક્ષેત્ર સમું થઇ પડ્યું છે.

બંને બાજુ વૃક્ષોની હારોથી શણગારાએલા, વિશાળ અને આરસી સમ સ્વચ્છ રસ્તાઓથી આકર્ષાઈ કોઇ મ્યૂનિચ નથી આવતું; ચોકેચોક નજરે ચડતા સુંદર ફુવારાઓ કે 'શહેરોનાં હૃદય' સમ બગીચાઓ નિહાળવા કોઇ અહીં નથી આવતું; કે એના ભવ્ય, કે દમામભર્યા 'શો રૂમ્સ'થી ખેંચાઈ કોઇ મ્યૂનિચની મુસાફરી નથી કરતું. મ્યુનિચમાં પગ મુકનાર દરેક પરોણાના કલ્પનાપ્રદેશમાં એથી જુદું જ કાંઈક રમી રહ્યું હોય છે. એને હોંશ હોય છે એ જગપ્રસિદ્ધ જર્મન મ્યૂઝિયમ જોવાની, અંગ્રેજોને કાનબુટ પકડાવતા સંગીતના જલસાઓનો રસ લુટવાની, પ્રાચીન ચિત્રકારોથી માંડી આધુનિક કલાકારો સુધીના સર્વની ઉત્તમ કૃતિઓના નમુના નીરખી આંખને જ નહિ પણ આત્માને ય સંતોષવાની કે પુરાણ મીસર અને રોમની શિલ્પકળાના પ્રતિનિધિત્વનો દાવો કરતી કૃતિઓને નજરોનજર નિરખવાની.

મ્યુનિચમા પગ મુકનારો પ્રવાસી પહેલો તો સહેજે જ એ જર્મન મ્યૂઝિયમ તરફ આકર્ષાય છે અને એનું સર્વગ્રાહિત્વ જોઈ ભાગ્યે જ આશ્ચર્યચકિત થયા વિના રહે છે. મ્યૂઝિયમને પાંચ વિભાગમાં વહેંચી નાખવામાં આવ્યું છે:

પહેલા વિભાગમાં ભૂસ્તર વિદ્યા, ખાણોનું કામકાજ અને માટીમાંથી ધાતુપ્રાપ્તિના સંબંધમાં એટલું ઝીણવટભર્યું પ્રદર્શન છે કે જેને એ વિષયોમાં ચંચુપાત ય ન થયો હોય તે પણ સ્પષ્ટ રીતે સમજી શકે. ખરી પડેલા તારાના અવશેષો અને પૃથ્વીની ઉંચાઇનીચાઇ મુજબ બનાવેલ નકશા વગેરે પ્રેક્ષકને હેરત પમાડે છે. ખાણ વિભાગમાં તો એને ઘડીભર એમ લાગ્યા વિના ન જ રહે કે એ ખરેખરી ખાણમાં જ ઉતરી પડ્યો છે! એની આસપાસ નજરે પડતાં જીવતાં જેવાં મનુષ્ય કદનાં બાવલાં ઉપરાંત ચોમેરનું બધું દૃશ્ય એને એ ભ્રમમાં નાખી જ દે છે. ખાણોમાં મજુરોને કેટલી સાવચેતીથી કામ કરવું પડે છે, ઘોડાઓને કેવી રીતે ખાણોમાં દાખલ કરવામાં આવે છે, આધુનિક યંત્રો કેટલી હદ સુધી આ કાર્યપ્રદેશમાં ઉપયોગી થઇ પડે છે ઇત્યાદિ પ્રશ્નોમાં એને એટલો તો રસ પડે


કે એ વિભાગ છોડી જવાની એને ભાગ્યે જ ઇચ્છા થાય. ત્યાંથી ધાતુ વિભાગમાં નજર નાખતા જતા પ્રેક્ષકને આ અલ્પ સમયમાં ભૂસ્તરવિદ્યા અને એને લગતા ઉદ્યોગોનું જે જ્ઞાન પ્રાપ્ત થાય છે એથી સંતોષ થયા વિના કેમ જ રહે? એના એ બહોળા નિરીક્ષણને પચાવવાની રાહ ન જોતાં એ અધીરાઇથી બીજા વિભાગમાં દાખલ થાય છે.

એ બીજા વિભાગમાં યંત્રો, વાહનો, ટ્રામો, ગાડીઓ અને વિમાનોનો અથેતિ ઇતિહાસ પ્રદર્શિત કરતો સંગ્રહ નજરે ચડે છે. સાઇકલ બનાવવાના પ્રથમ પ્રયત્નના ફળ રૂપ હાસ્યજનક સાઇકલથી માંડી આજની સર્વશ્રેષ્ઠ મોટર–સાઇકલ સુધીનો પ્રગતિક્રમ પ્રેક્ષક અહીં જુએ છે. જૉન સ્ટીવન્સનના નિરીક્ષણે જન્માવેલા આદ્ય વરાળયંત્રથી માંડી આજનાં સર્વોત્તમ વિજળિક ઍંજિનોના નમુના ત્યાં હાજર છે. સ્ટીમરોમાં આજે કેવાં સુખચેનથી રહી શકાય છે એ તો કદાચ પ્રેક્ષકનું અજાણ્યું ન હોય, પરંતુ લડાઇની જંગી મનવારો અને તેમાં ગોઠવાએલાં ટૉર્પેડો નિહાળવાનો તો અહીં જ લાભ મળી શકે. પક્ષીઓનાં ઉડ્ડયન પરથી સૂચિત થએલી કલ્પનાને સ્થૂલ સૃષ્ટિમાં સાદશ કરતા કેટકેટલા ભગીરથ પ્રયત્નો થએલા અને આજે એ માનવવિજયના ડંકા કેટલા જોરથી વાગી રહ્યા છે એનો કાંઇક સ્પષ્ટ ખ્યાલ પ્રેક્ષકને અહીં આવે છે, અને વિમાનોની માફક પોતાના ઉત્તેજિત કલ્પનાપ્રદેશમાં ઉડ્ડયન કરતો એ ત્રીજા વિભાગમાં પ્રવેશે છે.

ત્રીજા વિભાગમાં વિજ્ઞાનનું પ્રાબલ્ય પ્રવર્તે છે. મુખ્યતઃ ગણિતશાસ્ત્ર, ફીઝિક્સ, કેમિસ્ટ્રી ઇત્યાદિ વિષયોનું આમાં પ્રદર્શન છે. અહીં બટન દબાવી એક પ્રયોગ નિહાળતો, ત્યાં ચાવી ફેરવી કોઇ મશિન દોડાવતો, પણે કોઇ કળ દાબી 'એક્સ રે' વિભાગ જોતો પ્રેક્ષક વીસમી સદીની વૈજ્ઞાનિક પ્રગતિથી હેરત પામતો અને દુનિયામાં અસ્તિત્વ ધરાવતા આ સર્વ જ્ઞાનભંડારની અપેક્ષાએ પોતાના ક્ષુદ્ર જ્ઞાનસંગ્રહની દયા ખાતો ચોથો વિભાગ જોવા દોડે છે. પરંતુ ત્યાંનું કામ હજુ અપૂર્ણ હોઇ એ ઇલેક્ટ્રોટેકિનકને લગતો વિભાગ નહિ જોઈ શકવા માટે ખિન્ન થતો એ પાંચમા વિભાગમાં પ્રવેશે છે.

પાંચમા વિભાગમાં કાગળ, કપડાં, દારૂ, ખેતી ઇત્યાદિ ધંધાઓને લગતું સુંદર પ્રદર્શન હોવા છતાં સૌથી વિશેષ તો એ ખગોળ વિભાગ તરફ જ આકર્ષાય છે. એક વિશાળ ઓરડાને ભરી દેતું રાક્ષસી ટેલેસ્કોપ (દૂરબીન) તો અહીં જ નજરે પડે! પૃથ્વીની ગતિનો આબેહુબ ખ્યાલ આપતો એક ખંડ અહીં ગોઠવવામાં આવ્યો છે. હિંદી વાતાવરણ ખડું કરવા પ્રયત્ન કરતા એક ઓરડામાં, જયપુરની વેધશાળાની એક નાનકડી પ્રતિકૃતિ જોઇને હિંદી પ્રેક્ષકને તો સગર્વ હર્ષ થયા વિના ન જ રહે. આમ દુનિયાના આ સર્વશ્રેષ્ઠ મ્યૂઝિયમમાં એક દહાડો ગાળતાં અનુભવમાં અનેક વર્ષો વૃદ્ધ થયાની લાગણી અનુભવતો એ બહાર નીકળે છે અને બાકીના દિવસોમાં મ્યૂનિચનાં અન્ય દશ્ય સ્થળોનું અવલોકન કરે છે.


હવે એની નજર ચિત્ર ગૅલેરીઓ તરફ ઢળે છે. પહેલાં એ પ્રાચીન સત્તરમી સદી સુધીનો ચિત્રસંગ્રહ ધરાવતી જુની પીનાકોથેક જુએ છે; પછી સત્તરથી ઓગણીસમા સૈકા સુધીની ઉત્તમ ચિત્રકૃતિઓનો સંગ્રહ એ નવી પીનાકોથેકમાં જુએ છે; અને છેવટે વીસમી સદીની ચિત્રકળા એને નવી સ્ટેટ ગૅલેરી બતાવે છે. જુની પીનાકોથેકમાં એ ઇશ્વરનાં અને પૌરાણિક ચિત્રો જ થોકબંધ જુએ છે; નવી પીનાકોથેકમાં મનુષ્ય પ્રભુને છોડી કુદરતમાં સૌંદર્ય નિહાળતાં શીખ્યો હોય એમ એ અરસામાં કુદરતનાં ચિત્રો જ વિશેષતઃ નજરે પડે છે અને નવી સ્ટેટ ગૅલેરીમાં તો પ્રેક્ષકને એવી જ અસર થાય છે કે કુદરતમાં સૌંદર્ય નિહાળતો માનવી ત્યાં ન અટકતાં આગળ વધી જાણે પોતાનામાં જ સૌંદર્યસમૂહ જોવા માંડે છે. કારણકે અહીંઆં તો મોટે ભાગે નગ્ન માનવદેહ પર જ ચિત્રકારની પીંછીની કૃપા ઉતરી છે. કલાકો સુધી એ રસ લુંટતો અને અવનવા ભાવોના પલટા અનુભવતો પ્રેક્ષક સ્થિર ચિત્તે એના ઉપર વિચાર કરવા બેસે તો ઘડીભર એને એ પ્રશ્ન મુંઝવે છે કે મનુષ્ય ખરેખર ચડે છે કે પડે છે? વળી એને એમ પણ લાગ્યા વિના નથી રહેતું કે ઇતિહાસકાર જેમ ભૂતકાળ લખે છે અને કવિ ભવિષ્ય ભાખે છે તેમ ચિત્રકાર કેવળ વર્તમાન જ ચીતરે છે. ચિત્રકારનો ભાવિ પ્રજા ઘડવામાં જો જરા યે ફાળો હોય તો



જળાશય આગળ

[જાવાનું શિલ્પ]

આપણી ભૂગોળમાં અત્યારે જાવા સુમાત્રાનાં નામો ઝાંખાં પડી ગયાં લાગે છે; પણ પ્રાચીન કાળના હિંદુસ્તાનમાં તો એ હિંદવાસીઓનું એક જબરૂં સંસ્થાન હતું. જાવામાં સોનું, રૂપું તથા બીજી કેટલીક ધાતુઓ અને જાતજાતના તેજાના થાય છે તેથી હિંદના પ્રાચીન સાહસિકોએ તે પ્રદેશ સાથે ખુબ નિકટતા જમાવી હતી. ગુજરાતમાં તો આજ સુધી કહેવાય છે કે 'જે જાય જાવે તે પાછો ન આવે; આવે તો પરિયાંના પરિયાં ચાવે એટલું લાવે.' વલ્લભી શિલાદિત્યના વંશનો એક રાજકુમાર મોટો કાફલો લઇને ત્યાં જઇ વસ્યો હતો એવું કહેવાય છે. હિંદુ અને બૌદ્ધ ધર્મનાં ઉંડાં મુળ ત્યાં નખાયાં હતાં અને આજે તો ત્યાં હિંદુ ધર્મ નાબુદ થયો છે છતાં પ્રજામાં રામાયણ-મહાભારતનું સાહિત્ય ખુબ આદર પામે છે અને પ્રાચીન કથાઓનાં નાટકો તથા નાચ થાય છે. આઠમા કે નવમા સૈકામાં સુમાત્રાના શૈલેન્દ્ર રાજવંશના રાજાઓએ બોરોબદુરમાં એક જંગી દેવાલય બંધાવ્યું છે. એ મંદિર બુદ્ધપૂજાનું છે છતાં તેની દીવાલો પર રામાયણ-મહાભારતના આખા પ્રસંગો હારબંધ મનોહર શિલ્પકળામાં મૂર્તિમંત કર્યા છે. તેમાંનો એક જ નમુનો અહીં આપ્યો છે. લગભગ બે માઈલના ઘેરાવાનું એ મોટું મંદિર આવી અસંખ્ય ઙકતીઓની હારથી ભરચક છે. શૈલેન્દ્ર રાજાઓની માનીતી રાજધાની એ બોરોબદુર શહેરમાં આજે તો મોટા વિસ્તારવાળું જંગલ ઉગ્યું છે અને તેની અંદર જ્યારે સમુદ્રના પવનના સુસવાટા આવે છે ત્યારે જાણે ભૂતકાળના ગૌરવનાં રૂદન સંભળાય છે.



ઇંગ્લંડના રાજમહેલમાં
હિંદી શિલ્પ

મહારાણી વિક્ટોરિયાના વખતમાં મેલબોર્નના રાજમહેલમાં રામલાલ કરીને એક પંજાબી શિલ્પીએ એક ખંડમાં તદ્દન હિંદની જ ઢબે દીવાનખાનું રચ્યું છે તેનું આ ચિત્ર છે. આપણા દેશના શ્રીમાનો અને રાજામહારાજાઓ ઇટાલી અને ફ્રાન્સની નકલે રાજમહેલો બંધાવી લાખો કરોડો રૂપિયા પરદેશની કારીગરી પાછળ ખર્ચે છે છતાં તેમાં જરા યે સૌન્દર્ય કે કળાપ્રભાવ આવતો નથી. કલકત્તામાં સરકારે પણ વિક્ટોરિયા આલ્બર્ટ હાલ પાછળ કરોડો ખર્ચ્યા પણ તાજમહેલની કીર્તિનો અંશ પણ તેને મળ્યો નથી. નવા દિલ્હીના બાંધકામના બળાપા ચાલુ છે. ઉપરના ચિત્રમાં છત પર આબુનાં દહેરાંની કારીગરી દેખાય છે. સામેના ઝરૂખા જયપુર ઢબના છે. તાપણીની જગ્યા આગળ તો મોગલ અને બૌદ્ધ કાળના નમુનાઓ પરથી રચના કરી અજબ આકર્ષણ કર્યું છે. ઉપરનો મોર સર્વ કળામાં પોતાની કળા પુરી રાજ્યો બન્યો દેખાય છે. છતને ટેકા આપતા આકારોમાં દક્ષિણ હિંદની છાયા છે. આમ હિંદી શિલ્પની સર્વ ખુબીઓની એકસામટી મનોહર ગુંથણી કરી આપનારા એ કારીગર વિષે આપણે અત્યારે શું જાણીએ છીએ? હિંદની આવતી પ્રજા કળા અને શિલ્પની બાંહેધરી લઈ એની બાંધ નહિ ધરે તો હિંદનો વૈભવ સ્વપ્નું જ રહેવાનો.

તે અતિ અલ્પ હોવો જોઇએ એવું અનુમાન તારવવા આ ચિત્ર ગૅલેરીઓ એને પ્રેરે છે.

ચિત્રકળાની કેટલીક અન્ય ગૅલેરીઓ જોઇ નાખ્યા પછી એ શિલ્પકળા સંગ્રહસ્થાનમાં જાય છે. ઇસ્વીસન પૂર્વેની મીસરી શિલ્પકળાના નમુના એને અહીંઆં જોવા મળતાં ઘડીભર મુગ્ધ થતો એ આગળ ચાલી ગ્રીસ અને રોમની શિલ્પકળાના નમુનાઓ ઉપર પણ નજર નાખી લે છે. મીસર અને રોમની શિલ્પકળા જોતાં પૂર્વ અને પશ્ચિમ વચ્ચેનું અગાધ અંતર અહીંઆં પણ જળવાઇ રહ્યાની એને ખાત્રી થાય છે.

સંગીતની ઉપાસનામાં પણ મ્યૂનિચવાસીઓ કચાશ નથી રાખતા. લગભગ દરેક ઘરમાં એકાદ વાજીંત્ર તો હોય જ. શાળામાં વિદ્યાર્થિનીઓ ફરજિયાત અને વિદ્યાર્થીઓ મરજિયાત સંગીત શીખે. કોઇ હાઉસ (હૉટેલ)માં અનેક સામાન્ય બજાવનારાઓને રોજી ઉપરાંત કીમતી અનુભવ મળે અને વિશેષ પ્રગતિ થયે જલસાના ઉચ્ચ પગથીએ પણ પહોંચે. એકાદ સુંદર જલસામાં હાજરી આપનારના હૃદયના તાર પણ સંગીતશાસ્ત્રીની દીલરૂબાના તાર સાથે એકતાનતા સાધવા માંડે ખરા. એક પ્રસંગે એક અંગ્રેજ બાનુએ મને કહેલું યાદ છે કે 'આવું સંગીત તમને લંડનમાં નહિ મળે.' અહીંથી નીકળી આઠ હજાર વિદ્યાર્થીઓને માટે સરસ્વતીદેવીનું મંદિર થઇ પડેલું વિદ્યાપીઠ જોઇ લીધા પછી સામાન્ય મહત્ત્વ ધરાવતાં સ્થળો તરફ પ્રવાસીની નજર ખેંચાય છે.

યૂરોપમાં દરેક નાનામોટા શહેરમાં જોવાલાયક સ્થળોમાં દેવળનું નામ તો સૌથી આગળ પડતું જ બોલાય. નાનાં ગામડાંમાં તો દેવળની ટોચ કરતાં ઉંચું એક પણ મકાન ભાગ્યે જ નજરે પડે. મ્યૂનિચ પણ એનો અપવાદ નથી. અહીંનું પ્રસિદ્ધ દેવળ સ્ત્રીઓના દેવળના નામથી ઓળખાય છે. એને બે મિનારા છે. એકની ઉંચાઇ ૯૯ મીટર (એક મીટર એટલે ૩૯ ઇંચ) છે અને બીજાની ૧૦૦ મીટર છે. એ સંબંધમાં એવી કિંવદંતી છે કે સૈતાન આવીને રાતના ચણેલા ભાગને તોડી નાખતો એથી બીજો મિનારો ૧૦૦ મીટર થઇ શક્યો નહિ. ગમે તેમ હો! પરંતુ એ મિનારા પરથી નજરે પડતું મ્યૂનિચ શહેરનું આહ્લાદક દૃશ્ય જોઇને પ્રેક્ષકને એ શ્રમ સફળ થયો તો જરૂર લાગે છે.

મ્યૂનિચ આવનારો પ્રવાસી બાવેરિયાનું ભવ્ય બાવલું જોવાનું તો કેમ જ ભુલે? એની મહત્તા તો ઐતિહાસિક છે. જર્મનીનાં સર્વ છુટાંછવાયાં રાજ્યોને એકત્રિત કરી, બૃહદ જર્મનીની સ્થાપના કરી પ્રિન્સ બીસ્માર્કે ૧૮૭૦માં ફ્રાંસને સખ્ત હાર આપી તે વખતે કબજે કરેલી ફ્રેંચ તોપોની ધાતુનું બનાવેલું એ બાવલું છે. એની ઉંચાઇ ૧૯ મીટર છે. એ બાવલાની અંદર ગોઠવેલી નિસરણી ચઢી માણસ એના માથામાં પ્રવેશ કરી શકે છે. ત્યાં પાંચ માણસ બેસી શકે એટલી વિશાળ જગ્યા છે અને એ રાક્ષસી બાવલાની આંખ અને કાનનાં છિદ્રોમાંથી પ્રેક્ષકો મ્યૂનિચને ચોમેરથી નિહાળી શકે છે. આવા સ્મરણસ્થંભો સમયાનુસાર કેવી ભિન્નભિન્ન લાગણીઓને જન્માવી શકે એનો આ એક સુંદર પુરાવો છે. આ બાવલાને જોઇ કોઇ ફ્રેંચ પ્રેક્ષકની આંખમાંથી લડાઇ પહેલાં ખુન ઝરતું હશેઃ પરંતુ આજે? આજે તો એ એક તિરસ્કારયુક્ત હાસ્ય ફેંકીને જ સંતોષ માની લે છે.

મ્યૂનિચ (જર્મની) **લવજી ત્રિભુવન ચોકિયા**

નદીકાંઠે ઉભોઉભો એક છોકરો રડતો હતો. એક માણસે આવી તેને રડવાનું કારણ પુછ્યું ત્યારે તેણે નદીમાં તરતી ટોપી તરફ આંગળી કરી કહ્યું, 'મારો ભાઇ—'

તરત જ પેલો માણસ નદીમાં કુદી પડ્યો. થોડી વારે હાંફતોહાંફતો એ ટોપી લઇને બહાર નીકળ્યો ને છોકરા સામું જોઇ કહ્યું, 'તારો ભાઈ તો ક્યાં ય જડતો નથી. એ કયે ઠેકાણેથી પડી ગયો?'

તે છોકરો કહે 'મારો ભાઈ પડ્યો નથી. હું તો તમને એમ કહેવા જતો'તો કે મારો ભાઇ ટોપી ફેંકીને ભાગી ગયો. પણ ત્યાં તો તમે નદીમાં કુદી પડ્યા, એમાં હું શું કરૂં? ઠીક, હવે ટોપી તો લાવો.'

卐

ન્યાયાધીશ—(ઘડિયાળ ચોરનાર ગુનેહગારને) કોર્ટ તને નિર્દોષ ઠરાવે છે. તું તારે હવે જા.

ગુનેહગાર—આપનો આભાર. હું હવે ઘડિયાળ રાખુંને?

卐

'આ દુકાનમાં સૌથી વધારે જવાબદાર કોણ છે?' નવા આવનારે દુકાનના બારણામાં ઉભેલા છોકરાને પુછ્યું.

'એ કાંઈ મને ખબર નથી' છોકરાએ જવાબ આપ્યો, 'પણ સૌથી વધારે ઠપકો તો હું ખાઉં છું.'

નિંદા

અનુસંધાન પાન ૩૭૨ થી

મોહનસિંહે પુછ્યું, 'કોણ?'

'એ તો હું સત્ય.'

'કેમ, અત્યારે શું છે?'

'હું જવાની રજા લેવા આવ્યો છું.'

'શા માટે?'

'તમે નિંદાને આશ્રય આપ્યો છે. તમે જાણો છો કે જ્યાં તેનું પ્રાબલ્ય હોય ત્યાં હું રહેતો નથી. એટલે મને જવાની રજા આપો.'

'પણ તમારે જવાનું કાંઇ કારણ?'

'હા; એક તો તમે નિંદાને આશ્રય આપ્યો તે, અને બીજું એ કે અહીંથી જે બધાં બહાર ગયાં છે તેઓ મારી રાહ જુએ છે. મને રજા આપો એટલે હું પણ જાઉં.'

મોહનસિંહ બધાને રજા આપીઆપી થાકી ગયો હતો. તેણે કહ્યું, 'સત્ય! તને ખબર છે કે મેં નિંદાને શા માટે આશ્રય આપ્યો?'

'ના.'

'એટલા માટે કે તું તો મારી પાસે જ રહે. તું ઘણો તોફાની છે. બધા તારાથી અકળાય છે. મને પણ તારા નાનપણમાં તેં ઘણો મુંઝવ્યો છે. તને રાખવા મેં અનેક કષ્ટ સહન કર્યાં, એટલા માટે કે તને જોતાં જ મને આનંદ થતો. તું જ્યાં સુધી હોય ત્યાં સુધી મારૂં બધું મારી પાસે જ છે એમ મને લાગતું.

અને જે દહાડે મારા વર્તનમાં ફેર પડે તે દિવસે તું ચાલ્યો જઇશ એમ તેં કહેલું, યાદ છે? બીજાં ગયાં તો ભલે ગયાં. એ સૌ પોતાની મેળે આવેલાં. તને તો હું લઇ આવેલો છું. તારે માટે મેં જેમ બધાંને આશ્રય આપ્યો તેમ નિંદાને પણ આપ્યો. તારાથી તો જઇ શકાય નહિ. તને શું લાગે છે?'

'ખરૂં; હું નહિ જાઉં.'

થોડી વારે બહાર ઉ-ભેલાંને ખબર પડી કે સત્ય તો આવનાર નથી, એટલે સરસ્વતીએ રહેવા નિશ્ચય કર્યો. તે પછી બુદ્ધિએ પણ. પછી લક્ષ્મી, રિદ્ધિ, સિદ્ધિ, શક્તિ, સુખ, શાન્તિ અને વ્યવહાર પણ પાછાં ફર્યાં. એક માત્ર પ્રતિષ્ઠા બહાર હતી. તેને કોઇ રીતે અંદર આવવા મ-રજી થતી નહોતી. પણ સૌએ આગ્રહ કરી તેને ત્યાં રાખી.

થોડી વારે નિંદા ત્યાં આવી. બધાંને જોઇ એ સ્તબ્ધ થઇ ઉભી રહી. પછી તેણે મોહનસિંહને પુછ્યું, 'આ બધાં અહીં કેમ ઉભાં છે?'

'એ સૌ અહીં જ રહે છે. તારે પણ તેમની સાથે જ રહેવાનું છે.'

નિંદાની આંખો વિકળ થઇ ગઇ: 'ના ના, મહેરબાન, આ બધા સાથે તો હું રહી જ ન શકું. મને જવાની રજા આપો. મને લાગે છે કે હવે મને આપના રક્ષણની જરૂર નહિ પડે.'

મોહનસિંહ બોલ્યો, 'તો ભલે.'

ૐ ૐ

અવાજથી મોહનસિંહની આંખો ઉઘડી ગઇ.

મુનિકુમાર મણિશંકર ભટ્ટ

ફોટોગ્રાફીના શોખીનો

તૈયાર થાઓ

નવી ઈનામી હરીફાઈ

'કુમાર'ના એક પરમ મિત્રે તમારા માટે હરીફાઇ અને તેના ઈનામની બે સુંદર ચીજો જાહેર કરી છે. ઇનામ તે ગૃહસ્થ જ નક્કી કરશે. શરતો આ રહી:

હરીફાઇ માટે તમે પાડેલો કોઇ પણ ફોટોગ્રાફ—ઘરમાંનો કે બહારનો દેખાવ, માણસ, પ્રાણી કે પદાર્થ ચાલશે.

હરીફાઇમાં 'કુમાર'ના ગ્રાહકો તથા બીનગ્રાહકો—બધા વાંચનારા ભાગ લઈ શકશે.

મોકલનારે પોતે જ તે ફોટોગ્રાફ પાડ્યો હોવો જોઇએ.

ધંધાદારી સ્ટુડિયોવાળા કે ફોટોગ્રાફી પર નિર્વાહ કરનારા માણસ ઍમેચ્યૂઅર ન કહેવાય. તેમણે પ્રયત્ન ન કરવો.

ફોટોગ્રાફ પોસ્ટકાર્ડથી મોટા માપનો હોવો ન જોઇએ

હરીફાઇમાં આવેલા ફોટોગ્રાફો પાછા જોઇતા હોય તેમણે તે સાથે પુરતા પોસ્ટેજની ટિકિટો મોકલવી.

ઈનામ મળેલો ફોટોગ્રાફ પાછો મોકલાશે નહિ.

ફોટોગ્રાફો કારતક સુદ બીજ પહેલાં કુમાર કાર્યાલય રાયપુર અમદાવાદ એ સરનામે રવાના કરી દેવા જોઇએ.

૧ લું ઈનામ હાથનો કોડાકનો કૅમેરા

૨ જું ઇનામ ફાઉન્ટન પેન કી. રૂ. ૪॥


'બાપા, આજે મને રસ્તામાંથી પાવલી જડી.'

'પછી તેં એના માલિકને આપી દીધી, ખરૂંને?'

'હા, બાપા.'

'કેવો પ્રમાણિક છોક—'

'બાપા, હું ગજવામાં મુકવા જતો'તોને એટલામાં તો એણે આવીને પડાવી લીધી।'



સેન્ટ્રલ હિંદુ કૉલેજ : બનારસ

ઍની બેસંટ

અનુસંધાન પાન ૩૮૦ થી

સંસ્કૃતિનું મહાન દેવાલય જમીનદોસ્ત થઇ જશે એવી એને ધાસ્તી હતી. એટલે તે વખતના ધર્મસુધારકોને ધિક્કાર પેદા થાય તેટલી હદ સુધી ઍની બેસંટ રક્ષણવાદી બન્યાં. પરંતુ આખરે ૧૯૧૩ સુધીમાં એણે જોઇ લીધું કે હિંદુ સંસ્કૃતિની હસ્તી હવે જોખમમાંથી નીકળી ગઇ છે, એટલે તે વખતે એણે અનિષ્ટ અંગોને છેદવા માટે છરી લઇને કાપકુપ આદરી. 'પ્રબુદ્ધ ભારત' (વેઇક અપ ઇન્ડિયા) નામની એ વખતની એમની વ્યાખ્યાન-શ્રેણી એ નસ્તરકામની સમયોચિતતા તેમજ સચોટતાની આજે પણ સાક્ષી પુરે છે.

શિક્ષણમાં ધર્મતત્ત્વ

આર્યાવર્તની આ સર્વદેશીય ને અગાધ ઊંડાણભરી સંસ્કૃતિ: એના ઉપરથી હિંદીઓની આસ્થા શા કારણે ઉઠી રહી છે? પોતાનું એટલું બાલિશ અને પરદેશનું એટલું સુધરેલું એવી બીમાર મનોદશાનું ઝેર ક્યાંથી પ્રસરી રહ્યું છે? ખાનપાનાદિકમાં અને જીવન-વ્યવહારમાં ધર્મભ્રષ્ટતા કોણ સીંચી રહ્યું છે? પ્રજા કયે ઠેકાણે બગડી રહી છે? એ પ્રશ્નો ઍની બેસંટને અંતરે પુકારી ઉઠ્યા. અને એનો ઉત્તર એને નિશાળો-કૉલેજોમાં અપાતી મેકૉલે નિર્મિત શિક્ષણ-પ્રણાલીએ આપી દીધો. હિંદની કેળવણી એટલે યૂરોપનો એઠવાડ એ ઍની બેસંટે નરી આંખે દીઠું. દેખીને એણે આખા શિક્ષણક્રમમાં ઉગ્ર ક્રાંતિ આણવાની ધૂન લીધી. બોલીને નહિ, પણ આચરીને બતાવવાનું એ શીખેલાં હતાં. તેથી એણે વારાણસીને ટીંબે 'સેંટ્રલ હિંદુ કૉલેજ'ની સ્થાપના કરી. ભરતખંડમાં મેકૉલે કૃત નિકંદન પછી પહેલી જ વાર કેળવણી અને ધર્મ વચ્ચે વિવાહ જોડ્યો. શિક્ષણમાં આર્યત્વના ઊંડા પાયા રોપ્યા. પહેલેથી તે છેલ્લા પગથિયા સુધી શિક્ષણ-ક્રમમાં એણે ધાર્મિક પુસ્તકો દાખલ કરાવી પ્રત્યેક પંથની પ્રાર્થનાઓ ગાવાની પ્રથા પાડી ને સર્વ ધર્મોના સંતોનાં જીવનચરિત્રોનું પઠન મંડાવ્યું. અને એ નવીન પદ્ધતિનું અનુકરણ ધીરેધીરે દેશભરમાં પ્રસરવા લાગ્યું. આજે નદ્દન સાધારણ લાગતી એ વાત ઈ.સ. ૧૮૯૬માં તો એક મહા વિપ્લવકારી ઘટના જ લેખાઈ હતી. પરિણામે બેસંટને પુરાણપ્રેમી, પ્રગતિવિરોધી, વ્હેમ-પ્રચારક વગેરે શા શા શબ્દોથી તે સમયના પ્રગતિ-પૂજકોએ નહિ વધાવ્યાં હોય?

પોતાના પ્રિય બાળક રૂપે આ કૉલેજને તે પછી તો એમણે કેંકે લાડ લડાવ્યાં છે. ૧૯૦૧માં 'સેંટ્રલ હિંદુ કૉલેજ મૅગેઝીન' કાઢ્યું; કન્યા કેળવણીને માટે પણ માર્ગ મેળવ્યો; અને આજ તો એ કૉલેજનું નાનુંશું વૃક્ષ 'બનારસ હિંદુ યુનિવર્સિટી' નામના વિશાળ વડલા રૂપે પથરાઇને, પ્રાતઃસ્મરણીય પંડિત

મદનમોહન માલવીયાજી જેવા ચતુર વનમાળીનું જીવનકાર્ય બની રહેલ છે. આજ એ વિદ્યાપીઠનાં જન્મદાયી ઍની બેસંટ પોતાની સેવાના ઇનામ તરીકે પોતાને એ સંસ્થાએ એનાયત કરેલી ડી. એલ. ની પદવીનો જેટલો ગર્વ ધરે છે, તેટલો ગર્વ એને આખી એ. બી. સી. ડી. જેટલી અન્ય પદવીઓની હાર-માળાથી પણ કદાપિ નહિ થઇ શકે.

પરંતુ આ નવીન શિક્ષણકારનો પંથ ફૂલપથારી-વાળો નહોતો. એને પરદેશી રાજસત્તાની વક્ર દૃષ્ટિ પણ વહોરવાની હતી, અને રાજપ્રકરણી પ્રગતિને માટે તલસી રહેલી પ્રજાના મતભેદો સામે પણ ટક્કર ઝીલવાની હતી. ૧૯૦૬માં બંગભંગની ઝુંબેશ જાગી. એની વેદી ઉપર બંગાળના વિદ્યાર્થીઓએ પોતાની કેળવણીને યાહોમ કરી શાળાઓ ત્યજી. પણ મિસિસ બેસંટે પોતાની કૉલેજમાં એ ચળવળ પ્રતિ કશી પણ પ્રત્યક્ષ દિલસોજી દાખવવાની મના કરી. પરિણામે એને વગોવાવું પડ્યું. પણ એ તો પોતાની પ્રામાણિક માન્યતા પર મક્કમ જ રહ્યાં કે વિદ્યા-ર્થીઓએ અભ્યાસી જીવન દરમિયાન રાજકારણી દાવાનળોમાં નથી પડવાનું.

બીજી બાજુ એક વખત એમના માનીતા સાથી. બાહોશ કેળવણીકાર અને એ કૉલેજના પ્રાણ તુલ્ય પ્રિન્સિપાલ શ્રી એરન્ડેલે 'તારક સંઘ'ની ચળવળ કૉલેજમાં દાખલ કરવાનો મનસુબો બતાવેલો ત્યારે ઍની બેસંટે એ લાડીલા સહકર્મચારીને પણ મનાઇ કરીને સંભળાવી દીધું કે 'જ્યૉર્જ, તું મને વહાલો છે; પરંતુ સત્ય એથી પણ વધુ વહાલું છે.'

ત્યાર પછી તો ઍની બેસંટ શિક્ષણની દુનિયામાં અનેક નમુના રૂપ સંસ્થાઓને ઉતારતાં જ આવ્યાં છે. જેમજેમ એનાં આંદોલનો ઝીલાતાં ગયાં, જેમજેમ સંયોગો, સાધનો ને સત્તા વિસ્તરતાં ગયાં, તેમતેમ અંત્યજો અને સ્ત્રીઓ માટેની સંખ્યાબંધ શાળાઓ, મદનપાલની હાઇસ્કુલ અને કૉલેજ, અડ્યારની રાષ્ટ્રીય કૉલેજ તથા બ્રહ્મવિદ્યાશ્રમ વગેરે શિક્ષણપાંખડીઓ ફુટતી જ ગઈ, અને એ બધાનું મળી 'થીઓસોફિકલ એજ્યુકેશનલ ટ્રસ્ટ' બંધાયું. આજે એ ટ્રસ્ટની છાયામાં શિક્ષણશાસ્ત્રના ધુરંધર આરાધક એરન્ડેલની સહાય વડે કૈંકે સંસ્થાઓ ફુલીફાલી રહી છે. એમણે ઉપાડેલા શિક્ષણવિપ્લવમાં ધાર્મિકતા ઉપરાંત રાષ્ટ્રીય-તાનું જે પ્રચંડ મોજું પણ ઉમેરાયું હતું તેનો ઇતિહાસ તો આગળ કહીશુ.

થીઓસોફિકલ સોસાએટી

ઈ. સ. ૧૯૦૭માં ઍની બેસંટને અમેરિકન વીર કર્નલ ઑલ્કોટની ખાલી પડેલી જગ્યાએ થીઓસો-ફિકલ સોસાએટીના અધ્યક્ષ ચુંટાવાનું માન પ્રાપ્ત થયું. દુનિયાના તમામ વિભાગોમાં પથરાએલી એ સંસ્થાની પ્રત્યેક શાખા તરફથી એમને જ મોટી સંખ્યાના મતો મળ્યા અને એ અડ્યારની ધર્મ-છાવણી સંભાળવા બેઠાં.

થીઓસોફિકલ સોસાએટી નામે ઓળખાતી એ સંસ્થા તે શું છે? એનો લાંબો ઇતિહાસ લખવાનું આ સ્થળ નથી; પણ ઍની બેસંટના જીવન સાથે એને એટલો નિકટનો સંબંધ છે કે એનું ટુંકું ઓળ-ખાણ જરૂરનું થશે. સર્વ ધર્મોના એકીકરણ માટે ધાર્મિક તુલનાત્મક અભ્યાસ આદરવા અને વિશ્વ-બંધુત્વનો પ્રચાર કરવા માટે સૌથી પ્રથમ મૅડમ બ્લૅવૅટસ્કીએ તથા કર્નલ ઑલકોટ નામના એક અમેરિકાવાસીએ, થીઓસોફિસ્ટોની માન્યતા મુજબ 'મહાત્માઓની ખાસ માગણીથી', આ સંસ્થાની પ્રથમ સ્થાપના ૧૮૭૫ના નવેમ્બરમાં અમેરિકામાં કરી; અને પછી આખા વિશ્વનું હૃદય હાથ કરે તેવી ભારતીય ધર્મસંસ્કૃતિનો સુયોગ સાધવા આંહી ભારતવર્ષમાં તે બંને વીર માનવીઓએ મથક નાખ્યું. જેમની 'માગણીથી' આ સોસાએટી સ્થપાઈ એ મહાત્માઓ કોણ છે? થીઓસોફિસ્ટો માને છે કે જગતમાંથી જીવનમુક્ત થએલા અમુક આત્માઓ માનવદેહ ધરીને હિમાલયની પેલી મેર તિબેટનાં કો દુર્ભેદ્ય સ્થાનમાં રહે છે, ને ત્યાંથી દુનિયાના ઉદ્ધાર માટે યોજનાઓ ઘડી પોતાના પ્રેમના અધિકારીઓને શું શું કરવું તેના સંદેશા મોકલાવે છે. આ જીવન-મુક્તોના આદેશથી થીઓસોફિકલ સોસાએટી સ્થપા-એલી કહેવાય છે, અને મનાય છે કે તેઓની પ્રેરણા પ્રમાણે જ એ સોસાએટીનું ચક્ર ચાલે છે. એ દિવ્ય પુરુષવરોની ઇચ્છાથી જ ઍની બેસંટ જેવા ક્ષત્રિય આત્માને સોસાએટીની સરદારી સોંપડી, અને એ વીરાંગનાએ પોતાની પ્રાણશક્તિ પુરીપુરી સોસાએટીના



થીઓસોફીના મથક અદિયારમાં આવેલો પ્રખ્યાત વિશાળ વડ

જ્ઞાનદીવડાનાં અજવાળાં ઠેરઠેર પાથરવા માંડ્યાં. કેવળ પોતાનાં જ પુસ્તકોનાં વેચાણ પર ગુજારો કરવાનો એનો ત્યાગ, એની અખંડ તપશ્ચર્યા અને અથાક સામર્થ્યનો પ્રભાવ જમાવી એણે પોતાની પાસે કલાપૂજક સિંહાલી યુવકવીર જીનરાજદાસ, સર્વત્યાગી શિક્ષણકાર અંગ્રેજ એરન્ડેલ, વિશ્વખ્યાત કવિ–ફીલસુફ ડૉ. કઝિન્સ વગેરે વિરલ નરરત્નોને ખેંચી લીધાં છે. હિંદમાંથી પણ અનેક વાનપ્રસ્થી વૃદ્ધોને તથા સેવાભાવી યુવકોને એણે આજીવન સેવા અર્પવા સોસાએટીમાં આકર્ષેલા છે. આજે આ સંસ્થાના સભ્યોની સંખ્યા પચાસ હજારની નોંધાય છે અને દુનિયામાં ઠેકઠેકાણે એના બાહુ બનીને કામ કરતા સ્થાનિક 'લૉજ' ખોલાયા છે.

સ્વાર્પણને માટે તલસતાં અનેક સ્ત્રીપુરુષોને માટે તેઓની ભિન્નભિન્ન પ્રગતિની અનુકુળ ખીલાવટ થઇ શકે તેવાં જુદાંજુદાં કામો ઍની બેસંટે ખોલી રાખ્યાં છે, ને હજુ ખોલતાં જ જાય છે. બાળલગ્ન જેવાં અનિષ્ટોનો સક્રિયપણે સડો કાઢવા માટે એણે 'ધ સ્ટૉલવર્ટ્સ' નામની સંસ્થા સ્થાપીને અનેક નરનારીઓની પાસે એ પાપનું પાણી મેલાવ્યું. 'બ્રધર્સ ઑફ સર્વિસ' નામનો એક સેવાસંઘ ચલાવ્યો, કે જેમાં, એક પોતાની સમગ્ર અંગત મિલ્કત સમર્પી દઇને જીવનભર સેવાનો ભેખ લેનાર, અને બીજો કમાણીનો દસમો હિસ્સો સંઘને અર્પણ કરી દેનાર, એવા બે વર્ગના સેવકોને સ્થાન મળી શકે છે. આવી કડક શરતો હોવા છતાં યે આજે એ સંઘને પણ સભ્યોનો તોટો નથી. તે સિવાય ઍની બેસંટની અન્ય અનેક પરમાર્થી પ્રવૃત્તિઓનાં તેમજ એમની પરદેશયાત્રાઓનાં ખર્ચ પુરનારા ગુપ્ત દાનવીરો પણ ઘણા પડ્યા હોવાનું બોલાય છે. ભારતવર્ષની સ્ત્રીજાતિના રાજપ્રકરણી તથા સામાજિક બંધમોચનનું પણ જે ધીકું કાર્ય આજે થઇ રહ્યું છે, અબળાઓના રાજદ્વારી હક્કો માગવાના ઠરાવોની પાછળ દેશના આંતર્ભાગમાં જે ચળવળ ચાલે છે, તેની આગેવાની કરનાર શ્રીમતી ડૉરોથી જીનરાજદાસ, તથા માર્ગારેટ કઝિન્સ પણ ઍની બેસંટની પ્રેરણાનાં જ ફળો છે. સમાન હક્કોના બંધારણ ઉપર જ આ મહાન સંસ્થા ચાલી જાય છે. એની તમામ શાખાઓના અધિકારીઓ વરણીથી જ વરસોવરસ ચુંટાય છે.

એ ઉપરાંત હમણાં તો વળી યુવક–યુવતીઓને માટે એક નવો જ પ્રબંધ કરી આપ્યો છે. જુની ઘરેડમાં પડી ગએલા મોટી ઉમરના મંત્રીઓ અને પ્રમુખો નવા યુગની યુવકદળની કુચકદમમાં વિઘ્નરૂપ થઇ પડે તે ટાળવા ખાતર અને તરુણોને અગ્રપદે આવવા દેવા ખાતર એવું ઠર્યું છે કે પ્રત્યેક શાખા–પ્રશાખાના અધિકારીઓએ દર વર્ષે રાજીનામાં આપી જ દેવાં, કે જેથી નવી ચુંટણીમા યુવક–યુવતીઓ પોતાનું જોર અજમાવી શકે. આમ છતાં, જુના લાગવગને બળે, શરમે કે ધર્મે, જુનાઓ જ ફરી ચુંટાઇ આવે, તે ચિંતાને ટાળવા માટે આ ચિરયૌવનાએ, મોટો વિરોધ વ્હોરીને પણ 'ઑલ ઇન્ડિયા ફીડરેશન ઑફ યંગ થીઓસોફિસ્ટ' સ્થાપ્યું. તેમાં યુવકો જ અધિકારી પદે ચુંટાય, તેઓ જ પોતાને મનપસંદ રીતે કાર્ય ચલાવે, તેઓની શાખાઓ પાસેથી મુખ્ય સંસ્થા કશો ફાળો ન માગે, અને તેઓ પોતાના સ્થાનિક 'લૉજ'ના કોઈ મોટેરાને નહિ, પણ પરભારા પ્રમુખશ્રીને જ જવાબદાર. ઠેરઠેર 'યૂથ લૉજ'ને નામે ઓળખાતી આ તરુણ થીઓસોફિસ્ટોની શાખાઓ, યુવાન વર્ગમાં ધર્મ, કલા, સંયમનિયમ, આંતર્બાહ્ય વિશુદ્ધિ, અભ્યાસ, સામાજિક સુધારા અને માનવ-

સેવાના કોમળ સરકારો આપણે ખુલ્લી આંખે જોઇ શકીએ તેમ ખીલાવી રહ્યા છે.

થીઓસોફિકલ સોસાએટીનું અખિલ વિશ્વસંમેલન દર વર્ષે હિન્દુસ્તાનમાં વારાફરતી અદિયાર અને બનારસ મુકામે ભરાય છે. ત્યાં દુનિયાને ખુણેખાંચરેથી આવતા યાત્રિકો આપણને વિશ્વબંધુત્વના મહાયુગનાં કંકુવરણા મંડાણની ઝાંખી કરાવે છે. આ અને અન્ય સંખ્યાબંધ પ્રાંતીય સંમેલનોની પાછળ પણ શ્રીમતી ઍની બેસંટ જ શક્તિ રૂપે ઉભાં હોય છે. છતાં પોતાની જાતને અનિવાર્ય બનાવી અન્ય સહુને પાંગળાં જ રાખી મુકવાનો, પોતાના જ તેજઅંબારમાં સહુને આંધળા કરી મુકવાનો એને મોહ નથી. એણે પોતાની ફુંકેફુંકે દુનિયાના તમામ ભાગોમાં જોરાવર સામંત પટાવતો ખડા કર્યા છે. અનેક મહત્ત્વનાં સંમેલનોમાં આખરી ઘડીએ 'નહિ આવી શકું' એવો સંદેશો મોકલી એ પોતાનું અવલંબન ખેસવી લે છે અને સ્વાવલંબન શીખવાની ફરજ પાડે છે. એવા અનેક કટાકટીના અવસરોમાં એના સાથીઓ પોતાની કુશળતા કેળવીને બતાવી રહ્યા છે કે 'માજી વિના પણ અમે સરસ રીતે કાર્યો પાર ઉતારી શકીએ છીએ.'

પણ એ 'માજી' તો હજુ યે વધુ ભુંસાઇ જવા મથે છે. એ કહે છે કે 'બચ્ચાંઓ! મારી ગેરહાજરીમાં તો તમારે સવાયું તેજ પુરી બતાવવું જોઇએ!' એ દૃષ્ટિ સાચા સરદારની છે. 'ધણી વિનાનાં ઢોર' શી આપણી હાલત હજુ મટી નથી, એનું એ જ કારણ છે કે નેતાઓ પોતાની જાતને ભુંસી નાખવા તૈયાર નથી.


થીઓસોફિકલ સોસાએટીનાં પાણી હજુ જનસમૂહને ઝબકોળી નાખે એટલાં બધાં નથી ફેલાયાં. પણ એ ધીરેધીરે છંટકાવ નાખીને પ્રજાને પલાળી તો રહ્યાં જ છે. એની ગતિ ધીરી છે, કારણકે એ પાણી માનવઆવેશના ઉછાળા મારતા તોફાની તરંગોના રૂપમાં નહિ, પણ સાનસાત ગળણે ગળાતાં નિર્મળ જ્ઞાનનીરના રૂપમાં ટપકતાં આવે છે. એમાંથી ક્ષણિક ઉશ્કેરાટ, તાત્કાલિક રોમાંચ અને એક જ દિશામાં ધસી જતા ઊર્મિ–ઉછાળાનાં તત્ત્વો પ્રત્યેક ગળણે બાદ થતાં જાય છે, અને જ્યાંજ્યાં એ પાણી પહોંચ્યાં છે ત્યાંત્યાં સ્થિરતા ને ગંભીરતા જ ધારણ કરતાં આવે છે.

આફતો

પહાડ ઉપર નિર્ભય બનીને ફાલતું ઝાડ પોતાના અંતરમાં કૈંકૈં પ્રચંડ ઝંઝાવાતોની વિપદ્‌વાર્તાઓ શમાવીને જ ઉભું હોય છે. એની આભે અડકતી ડાળીઓ સેંકડો પ્રલયકારી સુસવાટા ખમીને જ એટલી જોરાવર બની રહી હોય છે. એ જ દશા ઍની બેસંટની અને એમણે ચલાવેલી સંસ્થાઓની છે. સતત ઉઠતી ગેરસમજો, વિરોધો ને વૈર–ધિક્કારની લાગણીઓ સામે એણે પોતાનો માર્ગ કાપ્યો છે. ૧૯૦૯માં 'બંગભંગ'નો રોષે ભભુકતો ઉશ્કેરાટ પાર કરવામાં એણે જિંદગીનું પણ જોખમ જોઇ લીધું છે. સેંટ્રલ હિંદુ કૉલેજના વિદ્યાર્થીઓને સંસ્થાની અંદર કશી ચળવળ ન કરવા દીધા બદલ તો બંગાળીઓએ એટલો ઉગ્ર વિરોધ બતાવ્યો કે કલકત્તાની બજારમાં બેસંટનું કૃત્રિમ શબ બનાવી તેઓએ સળગાવી દીધું. એ જ અરસામાં બેસંટ કલકત્તે ભાષણ દેવા જવાનાં હતાં. બંગાળીઓએ ઝાસો દીધો કે 'જો આવીશ તો બૉમ્બે ઉડાવશું!' એ યુગ તો બોમ્બયુગ હતો; હિંસાનો યુગ હતો. બેસંટની અને મૃત્યુની વચ્ચે કશું અંતર નહોતું. છતાં એ તો મુકરર સમયે જ કલકત્તામાં ગયાં, ભાષણ દીધું અને અણીશુદ્ધ પાછાં આવ્યાં. એને લોકાપવાદ અથવા મૃત્યુનો ભય નહોતો.

કૃષ્ણમૂર્તિ પ્રકરણ

બીજી વિપત્તિ તો એણે આખી સોસાએટી ઉપર ઉતારી. ઇ. સ. ૧૯૦૮ના ડિસેમ્બરની ૩૧ : અખિલ વિશ્વસંમેલનના વ્યાસપીઠ પરથી કોઈ વજ્ર પડે તેવી એક આગાહી ઓચિંતી આ બાઇના મોમાંથી નીકળી પડી કે 'જગદ્‌ગુરુ આવે છે! દુનિયામાં યુગેયુગે જરૂર પડી તે વેળા અવતારો થયા છે, તો આ યુગમાં તો સહસ્રગણી વધુ જરૂર ઉભી થઇ છે, માટે એ આવશે!' આ જાહેરાત જલદીથી ગળે ઉતરે એવી નહોતી. આ નવીન તુત શું ઉભું થાય છે! ઘણાઘણા સભ્યો ચોંકી ઉઠયા. પ્રમુખ પરનો એમનો પરમ વિશ્વાસ ડગમગ્યો. પણ બેસંટ તો પોતાના 'મહાત્માઓના પેગામ'ને મસ્તક પર ચડાવી 'જગદ્‌ગુરુ આવે છે'ની વધાઇ દેવા જગતમાં ચાલી નીકળ્યાં. ૧૯૦૯ ના મે માસમાં ઇગ્લાંડમાં 'ચેઇન્જિંગ વર્લ્ડ' નામનાં સતત પંદર વ્યાખ્યાનો દઇ, ઇતિહાસ, વિજ્ઞાન,



બેઠેલા: ડાબી બાજુથી કૃષ્ણમૂર્તિ, ઍની બેસંટ, લેડબીટર
નીચે બેઠેલા કૃષ્ણમૂર્તિના ભાઇ નિત્યાનંદ
કૃષ્ણમૂર્તિ તથા બેસંટની પાછળ ઊભેલા એરૂંડેલ

ધર્મ ઇત્યાદિ ભિન્નભિન્ન દૃષ્ટિથી કોઈ 'અવતાર'ની આગાહીનું સમર્થન કર્યું. પછી તો સોસાએટીના ખળભળેલા પત્થરોમાં મોટું ગાબડું પડે તેવો એક તોપગોળો પણ બેસંટના હાથમાંથી વછુટયો, અને તે, કૃષ્ણમૂર્તિ નામના એક મદ્રાસી છોકરાના દેહમાં અવતાર પ્રગટ થવાની પોતે માનેલી સંભવિતના, અને એ સંભવિતતાના જોર પર કૃષ્ણમૂર્તિને તૈયાર કરવાની એમની બારીક ચીવટ.

આ કૃષ્ણમૂર્તિ કોણ? થોડીક ઓળખાણ આપી દઇએ. નારાયણિયા નામના સોસાએટીના એક આશ્રિત મદ્રાસીએ એક દિવસ પોતાના બે દીકરાને બેસંટના હાથમાં ધરીને વીનવ્યું, 'આ બંને મારા બુદ્ધિહીન દીકરા: ભણતા નથી; સતાવે છે. હું તમને સોંપી દઉં છું.' બેસંટે તથા સોસાએટીના મહર્ષિ તુલ્ય વિદ્વાન તપસ્વી લેડબીટરે એ બંને બાળકોની દેખીતી જડતાના ઉંડાણમાં દૃષ્ટિ કરી: બુદ્ધિશક્તિ માલુમ પડી. બંનેના ગત જન્મો ઉકેલ્યા, તો જન્મજન્માન્તરોનો અપૂર્વ ઉજ્જ્વલ ઇતિહાસ લાધી ગયો. યોગિક શક્તિને બળે વિધાતાના લેખ વાંચી શકાયા, કે આમાંનો કૃષ્ણમૂર્તિ નામનો છોકરો આગામી અવતારના ઉપયોગમાં આવી શકે તેવો દેહ ધારણ કરી રહ્યો છે.

આવી પ્રતીતિ પરથી બેસંટે એ બંને ભાઇઓને ભણાવવા માડ્યું. જગદ્‌ગુરુના અવતરણને કાજે ખપ લાગે તેવી સૂક્ષ્મ તાલીમ મોટી જહેમતથી અપાવા લાગી. યૂરોપ લઈ જઇને ત્યાંના સંસ્કાર સીંચ્યા. અને તેટલી ઝીણવટભરી તૈયારી કરવા માટે બેસંટ અને લેડબીટરની કડક, નાજુક અને દુરદેશીભરી દેખરેખમાં જ રાખવામાં આવ્યા. પરંતુ એ અરસામાં બાળકોના પિતા નારાયણિયાએ હરકોઇ આંતરિક ખટપટને પરિણામે પુત્રો પાછા માગ્યા. બાળકોએ પિતાના હાથમાં જવા ના પાડી. બેસંટને પણ એ મહાન ભાવિ માટે નિર્માએલા દેખાતા કુમારોની જિંદગી ધુળ મેળવવા કરતાં તો ખુવાર થઇ જવું વધુ ઠીક દેખાયું. નારાયણિયાએ છોકરાઓનો કબજો પાછો મેળવવા માટે અદાલતનું શરણ લીધું અને ઍની બેસંટના એ નવા 'ધતીંગ'થી ઉશ્કેરાઈ બેઠેલા અનેક હિંદુઓએ પોતાની તમામ સાધનસમૃદ્ધિ, લાગવગ, કુટિલતા વગેરે વડે નારાયણિયાને સાથ દીધો. છોકરાઓને કુમાર્ગે ચડાવવામાં આવે છે એવી ગવાહીઓ દેવાઇ. બેસંટે પણ કમર કસીને મુકદ્દમો લડવા માંડ્યો. હિંદની એક અદાલતમાં હાર્યાં, બીજીમાં પણ હાર્યાં, ને છેવટે વિલાયતની પ્રીવી કાઉન્સિલની ઇન્સાફ–સમિતિ પાસે લડીને વિજય મેળવ્યો.

એ મુકદ્દમાના લાભાલાભની વાતો ને હકીકતો બાજુએ રાખીએ; પણ એને અંગે ઍની બેસંટની મહત્તાનાં જે કેટલાંક દર્શન મળ્યાં છે તેની નોંધ કર્યા વિના ન ચાલે.

મુકદ્દમો લડવા માટે વકીલ ન રાખતાં પોતે જાતે જ તૈયારી કરેલી. પાંસઠ વર્ષની ડોશીએ દિવસ-રાત કાયદાનાં પોથાંમાં પોતાના દેહને લગભગ દાટી રાખ્યો. મહિનાઓના મહિનાઓ સુધી સોસાએટીનાં

અન્ય તમામ ચક્રો ચલાવતાં ચલાવતાં ને પોતાનાં લેખ-વ્યાખ્યાનોનો મહાપ્રવાહ તુટવા દીધા વગર કાયદાની બારીક શસ્ત્રકલા સાધી, અજમાવી અને અદાલતના મંદિરમાં પોતાના ઉપર થતા ગંદામાં ગંદા આક્ષેપો એ શાંતિથી તોડયે ગયાં. કોઇએ પુછ્યું કે 'શા માટે તમે જ લડવા જાઓ છો? તમે કહો તેટલે ખર્ચે બાહોશ ધારાશાસ્ત્રીઓ રોકીએ.' બેસંટે જવાબ દીધો કે 'બચાવ કરવામાં મારે એક પણ જુઠાણું નથી પેસવા દેવું, માટે જ સ્વહસ્તે લડવા જાઉં છું!'

હિંદની એક મહા સમર્થ મનાતી વ્યક્તિએ સલાહ આપી કે 'મિસિસ બેસંટ, આ નારાયણિયાની બદચાલ વિષેના મુદ્દાને અદાલતમાં ઘસડી કાઢો ને! હમણાં જીતી જશો.' જવાબ મળ્યો કે 'ના બંધુ, મને ન્યાય-મંદિર માટે પૂજ્યભાવ છે. હું કોઇનું અંગત ચારિત્ર્ય નિષ્પ્રયોજન ઉઘાડું પાડી એ મંદિરને ભ્રષ્ટ નહિ કરૂં.'

સ્વર્ગસ્થ ડૉ. સુબ્રહ્મણ્યમ આયર સરખા ન્યાય-ધુરંધરે કહ્યું કે 'તમે હકુમતના મુદ્દા પર જ લડો ને! હિંદની અદાલતોને આ મુકદ્દમો સાંભળવાની સત્તા જ નથી.' જવાબ મળ્યો, 'હું એ જાણું છું, બંધુ! પરંતુ હું છટકી જવા માગતી નથી; ચર્ચા કરાવીને ન્યાય છણાવવા માગું છું.'

લક્ષ્મણ નામે બેસંટનો એક પ્યારો ચાકર સામા પક્ષના ફાંસલામાં પડીને બેસંટની વિરૂદ્ધ જુઠી જુબાની આપવા અદાલતમાં હાજર થયો. બેસંટે એને જરાયે રોક્યો નહિ. ઓચિંતો એ ભોળો ચાકર ન્યાયમંદિરમાં 'હું કાંઇ નથી જાણતો' કહીને પોકેપોકે રડી પડ્યો. પરંતુ લક્ષ્મણના સારા બુરા વર્તનથી બેસંટનું હૃદય જરા પણ ન બદલાયું. એનો એ લક્ષ્મણ, આજે પણ બેસંટની જ નોકરી કરે છે. 'લક્ષ્મણ! લક્ષ્મણ!' કહી બેસંટનો સાદ સુકાય છે!

નીચલી અદાલતોમાં મુકદ્દમો હારતાં તો પણ એમનું સમત્વ ચળતું નહોતું. હારીને આવે તો પોતે ખાસ ચિવટ રાખી હસતે મોંએ વર્ગો લેતાં. જગતની હારજીત એના ઈશ્વરી પંથમાં આડે આવી શકતી નહિ.

લંડનની અદાલતે ઍની બેસંટના લાભમાં નારાયણિયા ઉપર ત્રીસ હજાર રૂપિયાની ડિક્રી ફરમાવી, પરંતુ બેસંટે એ ડિક્રી બજાવી જ નહિ. એ બોલ્યાં હતાં કે 'કૃષ્ણજી (કૃષ્ણમૂર્તિ)ના પિતા ઉપર હું એવો જુલ્મ કદિ નહિ ગુજારૂં!'

આ રીતે મુકદ્દમો ખતમ થયો. પણ સોસાએટીના ઘણાઘણા મહા પુરુષો એ માન્યતા સામે વિરોધ બતાવી લગભગ નિવૃત્તિમાં બેસી ગયા; સુનંદા કાર્યકર્તાઓ ગુમાવવા પડ્યા; હાંસી, લોકાપવાદ અને વિરોધનો આખો પ્રવાહ બંધાઇ ગયો; છતાં પોતે જે સત્યનું દર્શન કર્યું છે તેને છુપું રાખવાની નબળાઇ નથી જ બતાવી. આજે તો એણે છેવટની જાહેરાત પણ કરી દીધી છે કે જે જગદ્‌ગુરુનું આગમન થવાનું હતું, તેણે કૃષ્ણમૂર્તિનો દેહ વાપરવો પણ શરૂ કરી દીધો છે. આ 'આગમન' કરનાર અવતારને સહાય કરવા માટે 'તારક સંઘ' નામની એક જગદ્‌વ્યાપી સંસ્થા ચલાવી છે. તે દ્વારા પણ વિશ્વપ્રેમ, સેવા, સંયમ વગેરે પ્રબળ આંદોલનો પથરાઇ રહ્યાં છે.

રાજદ્વારે

એવીએવી સામાજિક અને ધાર્મિક કૈંકૈં પ્રવૃત્તિઓ ચલાવતાં ચલાવતાં હિંદના રાજપ્રકરણ તરફ આ યોગમાયાનું પ્રયાણ થવા લાગ્યું. ૧૯૧૪માં 'કૉમનવીલ' નામનું સાપ્તાહિક આરંભ્યું અને તે દ્વારા રાજકારણના વિષયો ચર્ચતાં થયાં. રાજકારણ પ્રતિ એમનું વલણ તો નહોતું જ રહ્યું, કેમકે સિદ્ધાંતોમાં જ માનનાર એ સ્ત્રીને રાજપ્રકરણની 'મેલછાંડ'-વાળી રમતો રમવી ગમતી નહોતી. પરંતુ એક વાત પર એને વિશ્વાસ હતો કે અત્યારે બ્રિટનનાં આચરણો હિંદ પ્રતિ ચાહે તે હો, છતાં બ્રિટન અને હિંદ વચ્ચેની ગાંઠનું, ઇશ્વરી યોજનામાં જ નિર્માણ થએલું હતું. એ બંનેના સંયોગ દ્વારા એક આદર્શ સામ્રાજ્ય ખડું થશે, એ સામ્રાજ્ય વિકસીને વિશ્વપ્રજાસંઘનું શતદલ પ્રગટાવશે અને તેમાંથી દુનિયાનું મંગલ નીપજશે, એ બેસંટનું સ્વપ્ન છે. અને સામ્રાજ્યના બાંધકામમાં પોતાને પણ મહાન હિસ્સો આપવાનો આદેશ મળ્યો હોવાનું તે માને છે. એ કારણે પ્રથમ 'કૉમનવીલ'નું સાપ્તાહિક, અને તે પછી ૧૯૧૪માં 'મદ્રાસ સ્ટાન્ડર્ડ' ખરીદી લઇ તેને 'ન્યૂ ઇન્ડિયા' નામથી શરૂ કરી, રાજકારણના સૂરો ગજાવવા માંડ્યા.

૧૯૧૪: મહાસભામાં તે વખતે અનેક પક્ષો પડેલા. એ મહાશક્તિની કાયાના ટુકડે ટુકડા બની ગએલા. બેસંટ, પોતાને સ્ત્રી તરીકે વરેલા સ્નેહ અને કોમળ



સમજાવટ શક્તિ વડે તમામ સંપ્રદાયો વચ્ચેનાં વેર ટાળવા મથવા લાગ્યાં. નિંદાયાં, સંદેહનો ભોગ થયાં, અપમાનો પામ્યાં; પરંતુ ન ડગ્યાં.

૧૯૧૫: પોતે 'હોમ રૂલ'–આંતરિક સ્વાધીનતા–માં જ શ્રદ્ધા ધરાવતાં હોવાથી હિંદ માટે સંસ્થાનોની હારનું શાસન મેળવવા એક નવી યોજના ઘડી અને 'હોમ રૂલ લીગ'ની સ્થાપના કરી. વિનીતો કહે કે હજુ એવી ઉદ્દામ યોજનાની વેળા નથી આવી, માટે રાહ જુઓ. ગરમ દળ એ વાટ જોવાનું સાંભળી ગુસ્સે થયું. તેમ છતાં એકતા કરવાને ખાતર એણે કબુલ કર્યું કે 'વાટ જોઇએ.'

બીજી બાજુ મોસ્લેમ લીગ સ્થાપ: એમાં પણ એમનો હાથ હતો. મુંબાઇ નગરમાં મહાસભાની બેઠકની સાથોસાથ જ મોસ્લેમ લીગનું અધિવેશન મેળવવાના પ્રયત્નોમાં એમનો મોટો ફાળો હતો. અને મોસ્લેમ લીગની બેઠકમાં ભંગાણ પડાવવાની ઉશ્કેરણી કરનાર પોલીસ કમિશ્નરને બહાર લાલઘુમ આંખે ઠપકો દેનાર પણ પોતે જ હતાં. એડવર્ડે ધમકી દાખી કે 'હું તને કેદ કરીશ.' તે વખતે સિંહણે સાચું સ્વરૂપ પ્રકાશીને ઉતર આપેલો કે '**Do if you dare**!—કર તારામાં તાકાદ હોય તો!'

૧૯૧૬: 'હોમ રૂલ લીગ'ની પાકી સ્થાપના કરી. લખનૌની મહાસભામાં ગરમ, નરમ, મુસ્લીમો, તમામ આવ્યા. ટિળકનાં પણ રૂસણાં ઉતરાવ્યાં. એ મહાસભાનું 'ધી કૉંગ્રેસ' નામ સાર્થક થયું.

૧૯૧૭: 'હોમ રૂલ લીગ'ની ઘોષણા દેશભરમાં ગાજી ઉઠી. સરકાર પર સખ્ત દબાણ થવા લાગ્યું. મહાયુદ્ધના મુંઝવતાં રોકાણો વચ્ચે જ હિંદની રાજનિધામાં ઉત્પાત થયો. સરકાર વ્યાકુળ બની. મદ્રાસના ગવર્નર લૉર્ડ પેન્ટલાન્ડે બેસંટને રૂબરૂ બોલાવી ફોસલાવ્યાં, ચેતાવ્યાં, ધમકાવ્યાં; શાંતિથી હિંદનો કિનારો છોડી જાય તો નૌકાભાડું અને ચોકી-પહેરો આપવાનું વચન દીધું. બેસંટે ન માન્યું; નજરકેદ થયાં; દેશમાં કોલાહલ ઉપડ્યો. ત્રણ જ મહિના પછી પેન્ટલાન્ડને પોતાની ભુલ સુધારવી પડી. કલકત્તાની મહાસભામાં બેસંટ પ્રમુખ ચુંટાયાં.

હિંદની લડતમાં દરિયાપારની સહાનુભૂતિ નોંધાવવા વારંવાર બેસંટ વિલાયત દોડ્યાં ને ત્યાં જઇ જાહેર વ્યાખ્યાનો વડે, રાજદ્વારી અગ્રેસરો સાથેની ગુફ્તગો વડે, હોમ રૂલ માટે સતત ઉદ્યમ કર્યા કર્યો.

પછી તો સત્યાગ્રહના સૂરો ઉઠ્યા; રાઉલેટ કાયદા પર રમખાણો થયાં; જલિયાંવાલાની હત્યા ખેલાઇ; ને મહાત્માજીનો અસહકાર મંડાયો.

બેસંટની આંખોમાં કો ખુનખાર ભાવી બહુ નજીકમાં રમતું દેખાયું, કોમી વેરઝેરનો દાવાનળ ધુમાડા કાઢતો દેખાયો અને એણે પોતાનું સમગ્ર કૌવત એકઠું કરી ૧૯૨૦ની કલકત્તા ખાતેની ખાસ મહાસભામાં વિરોધ પુકાર્યો. ફજેત થયાં, અપમાનો મળ્યાં, પલકમાં એ પ્રજાપ્રેમની મોટી કમાઇ ગુમાવી બેઠાં; પણ અંતરાત્માને ન ઠગ્યો. મહાત્માજી પોતે જ લખે છે કે 'લોકપ્રિયતા ગુમાવી બેસવાને જોખમે પણ જે વેળા એમણે અસહકારનો વિરોધ કર્યો તે વેળા એની નીડરતા કદાપિ નહોતી ઝગારી તેવી ઝગારી ઉઠી.'

પ્રજાનાં કટ્ટર શત્રુ ગણાવાની કશી તમા કર્યા વગર એણે 'ન્યૂ ઇન્ડિયા'ની કટારોમાં અસહકાર સામે ઉગ્રમાં ઉગ્ર શબ્દજવાલાઓ સળગાવી મુકી હતી. પ્રજાનો જે ધિક્કાર ફાટી નીકળ્યો હતો તે તમામ પોતાના ઉપર નિમંત્રી લઇ, હિંસા અને રક્તપાતના અંશો ઓછા કરવાનો જ (એમના કહેવા

પ્રમાણે) એનો સંકલ્પ હતો. અને આ બધામાં એમનું વીરત્વને છાજતું વર્તન તો એ હતું કે મહાત્માજી કેદ પકડાયા તે ઘડીથી જ એમણે મહાત્માજી વિરુદ્ધ ઉઠાવેલી કલમ પડતી મુકી દીધી. શા માટે? એમણે કહ્યું કે 'હવે મને જવાબ દેનારા હાથ કેદમાં પડેલા છે. હું એની પીઠ પર ઘા કેમ મારી શકું?'

૧૯૨૧: અસહકારના તરંગો આસમાને અડકતા હતા. સદંતર સામ્રાજ્યથી છુટા થઈ જવાના પણ શોર ચાલતા હતા. કોઇ નરમ યોજનાનું તે વખતે નામ પણ લેવાતું નહોતું. એવા અસંભાવિતતાના સમયમાં, બીમારીની પથારીએ પડ્યાંપડ્યાં વૃદ્ધ બેસંટ 'કૉમનવેલ્થ ઑફ઼ ઇન્ડિયા બિલ' તૈયાર કરવા માટે રાજ્યંધારણોની જુનીપુરાણી ફાઇલોમાં ફાડી જેટલી ઝીણી દૃષ્ટિ ચલાવી તારવણ ને ટિપ્પણ કરી રહ્યાં હતાં! એને નિરાશા નહોતી.

૧૯૨૩: પ્રતિજ્ઞા લીધી કે હવેથી હું કોઇની સામે વિઘાતક ટીકા નહિ કરૂં; હવે હિંદને ઐક્યની જરૂર છે. એ રીતે એણે કોમી વૈરના ઓળા ઉતરતા દીઠા અને તુર્ત ચુપકીદી ધારણ કરી.

આજે એમણે ઘડેલું 'કૉમનવેલ્થ ઑફ઼ ઇન્ડિયા બિલ' સમુદ્રપાર લઇ જઇને પાર્લામેન્ટ પાસે મુકાવવા એ મથી રહ્યાં છે. એ ખરડામાં અનેક હિંદી અગ્રેસરોની સહી થઈ ગઇ છે. દેશ પાસે બીજી કોઇ તૈયાર યોજના નથી, તેમ છતાં ઍની બેસંટ શું કહે છે? એ કબુલ થાય છે કે જો કોઈ પણ રીતે હિંદી પક્ષો એકત્ર બની કોઇ નવી યોજના ઘડતા હોય, તો એ એકતાને ખાતર મારી આ યોજનાને ફાડી નાખવા હું તૈયાર છું!

રાજ્દ્વારની મલિન ચાલબાજીમાં મિસિસ બેસંટ ક્યાં યે નીતિનો પંથ ચુક્યાં નથી. ૧૯૨૦ના કલકત્તા મહાસભાના ખાસ અધિવેશનમાં, દાસ, પાલ, પટેલ વગેરેએ પ્રસ્તાવ કર્યો કે 'મિસિસ બેસંટ, તમે અને અમે બધા મહાત્માજીના અસહકારના ઠરાવથી વિરુદ્ધ છીએ. પણ તમે સદંતર વિરોધ કરો છો; જ્યારે અમે સુધારો લાવવા માગીએ છીએ. હવે આપણા બંનેના સંયુક્ત વિરોધ વિના તો અસહકાર પક્ષ સામે બહુમતી નહિ જમાવી શકાય. માટે તમે અમારા સુધારાને ટેકો આપો. નહિ તો ગાંધી ફાવી જશે.' બેસંટ કહે, 'ના, ના, હું તો સુધારામાં યે માનતી નથી. ગાંધી હારે વા જીતે; હું તો સદંતર જ વિરોધ કરીશ.'

'કૉમનવેલ્થ ઑફ઼ ઇન્ડિયા બિલ' ઉપર વિચાર ચલાવવા તમામ રાજદ્વારી પક્ષોનું સંમેલન બોલાવ્યું. નિમંત્રણો નીકળ્યાં. દરમિયાન 'બૅંગાલ ઑર્ડિનન્સ' નામનો, ગુપ્ત ખુનામરકીને દમન દેનારો કડક કાયદો બંગાળ સરકારની એરણ પર ઘડાતો હતો. દેશનો મોટો સમુદાય એ અનિષ્ટ જુલ્મચક્ર સામે કમકમી ઉઠ્યો હતો. પણ બેસંટને પોતાની દૃષ્ટિએ એ કાયદો જરૂરી જણાયો. એને પુરેપુરૂં ભાન હતું કે એ જો ઉક્ત કાયદાની તરફેણ કરશે તો પોતાનું માનીતું 'બિલ' ઠોકરે ચડશે. છતાં પોતે સત્ય માન્યું તેને ખાતર સ્પષ્ટ વાણી ઉચ્ચારી કાઢી, અને વળતે જ દિવસે સંમેલનની યોજના ભાંગી પડી!


એમની આંખ તાત્કાલિક હારજીત ઉપર નથી ચોંટી; એ આંખ તો દૂરદૂરના ભાવી પર મંડાઇ છે. માટે જ હજુ જે વેળા હિંદમાં તો મુક્તિની આશાનું કિરણ માત્ર પણ નથી, તે વેળા બેસંટની પયગમ્બરી દૃષ્ટિ હિંદ, અમેરિકા, બ્રિટન અને જર્મની—એ ચારે રાજ્યોના પ્રજાસંઘનું સ્વપ્ન નિહાળે છે!

અનંતતાની દુનિયામાં વિહરનાર એ આત્માને પોતાની પાછળ શું થશે તેનો ખ્યાલ જ નથી. કહે છે કે 'મરીશ તો ત્યાંથી શરૂ રાખીશ!' માટે જ પોતાની યોજનામાં અને પોતાની જાત પર એને અડગ શ્રદ્ધા છે: આખા જગતને હંફાવે તેવી એ શ્રદ્ધા છે.

નેતાપદનો પ્રખર તાપ; પૃથ્વીધ્રુમતા ઉગ્ર વ્યક્તિત્વનો અદમ્ય પ્રભાવ; ગર્વભરપૂર કાર્યછટા; એ ખુમારી ને એ રાજત્વ: એ બધાના બનેલા ઝળહળના પરિધાનની નીચે શું છે? એક વાર તો એ ઢાંકણ ઉંચું કરી જુઓ! જાહેરજીવનનું વજ્ર–કવચ કદિકદિ ઉતારી નાખે ત્યારે નજર તો કરો! 'વજ્રાદપિ કઠોરાણિ મૃદુનિ કુસુમાદપિ!' એવું લોકોત્તર માનવીનું હૃદય દ્રવે છે. થોડાં જ દૃષ્ટાંતો:

'જગદ્ગુરુના આગમન'ની જાહેરાતથી ચમકીને જીવનભરના કૈંક મિત્રસુભટો જુદા પડી ગયા. બાબુ ભગવાનદાસ, જ્ઞાનેન્દ્ર ચક્રવર્તી ને બાસુ સરખા અંતરંગ સુહૃદો ચાલ્યા ગયા: બેસંટ દીવાની બની છે, એમ બોલીને ગયા. પરંતુ બેસંટને તો મૈત્રી બહુ

પવિત્ર વાત છે. એણે એ મિત્રોને નથી છોડ્યા. તેઓના ગામમાં જાય, ત્યારે તેઓને ઘેર જ ઉતારો કરે. તેઓને જો ન પસંદ હોય તો, છેવટે ત્યાં ગયાં હોય ત્યારે સામેથી જઇને મળવાનું તો ન જ ભુલે. પોતાનાં પુસ્તકો ભેટ મોકલવાનું ન ચૂકે.



ઑસ્ટ્રેલિયાના સિડની શહેરમાં થીઓસોફીના સંમેલન વગેરે માટે દરિયા કિનારે બાંધેલું ભવ્ય અને સુંદર ઍમ્ફી થીએટર

ચુકસ નામનો એક ચુસ્ત થીઓસોફિસ્ટ. કૃષ્ણમૂર્તિના પૂર્વજીવનનું પુસ્તક પ્રગટ થયું ત્યારે એના ગત જન્મના સંગાથીઓ તરીકે બીજા અનેકનાં નામોમાં પોતાનો ઉલ્લેખ ક્યાં યે ન દીઠો: એટલે છંછેડાયો! સોસાએટીનો મલિન રીતે મોટો વિરોધ કરીને આર્યસમાજમાં ગયો. ત્યાંથી બ્રહ્મસમાજમાં ભળ્યો. આખરે મુંઝાઇને આપઘાત કર્યો. એનું જુનું કરજ—મુદ્રણાલયનું—મિસિસ બેસંટે પોતે ભરી દીધું!

પોતાના પુત્ર તુલ્ય પ્યારા સાથી શ્રી વાડિયાને ૧૯૨૩થી 'જગદ્‌ગુરુના આગમન'માંથી શ્રદ્ધા ઉઠી. સામે ઉઠીને અનેક આક્ષેપો કર્યા. જવાબમાં બેસંટે માત્ર એટલું જ લખ્યું, 'હું એનું કલ્યાણ ઇચ્છુ છું.'

'સૅન્ટ્રલ હિંદુ કૉલેજ'ના ટ્રસ્ટી મંડળમાં મતભેદ પડ્યા. કૉલેજ થીઓસોફિસ્ટોના હાથમાંથી ઝુંટાવાની ઘડી આવી પહોંચી. બેસંટ જો મક્કમ નિરધાર કરે તો સામા પક્ષને હાથ ઘસતા કરે તેવા સંજોગો હતા. મોટમોટા થીઓસોફિસ્ટોએ જઈ શીખામણ દીધી કે 'આપણા પૈસા અને પરસેવા વડે સીંચાએલી આ સંસ્થા સામા પક્ષને હાથ પડશે, ને તે શું આપણે જોઈ શકાશું?' મિસિસ બેસંટ કહે, 'બચ્ચાઓ! આપણે તો જે કામ કોઇ ન કરતું હોય તે કામ ઉપાડવાનાં છે. નવાંનવાં અનેક દ્વારો હજુ આપણે ઉઘાડવાનાં છે. આપણું હતું તેના ઉપર આવડાં બધાં મોહમમતા શાં?'

મોપલાઓના અકથ્ય અત્યાચારોના ભોગ થઇ પડેલાં મલબારવાસી હિંદુઓ માટે રાહત-કાર્ય ચાલતું હતું. બેસંટે એના ફાળામાં પોતાની નવી સાડીઓ આપી દીધી. પોતે ફાટેલી સાડીઓ પોતાને જ હાથે સાંધીને પહેરતાં હતાં.

કોઇ પણ વિદ્યાર્થી એની પાસે જઇને મદદ વિના પાછો નથી ફર્યો. વિલાયતમાં ભણતા અનેક હિંદી વિદ્યાર્થીઓ આજે પોતાના ઉંચા હોદ્દા પર બેસીને ઍની બેસંટ તરફથી મળેલી ગુપ્ત મદદો યાદ કરે છે.

૧૯૧૪ માં મુંબાઇમાં માનપત્ર મળ્યું. રૂપાનું કાસ્કેટ અપાતું હતું. પોતે માગ્યું કે મને રોકડા જ રૂપિયા આપો. મારે તમારી ભેટ શણગાર રૂપે રાખી નથી મુકવી; હિંદની સેવા કરવી છે.

એક વખત કોઇ માનપત્રમાં સોનાનો કટોરો મળેલો. પોતે એને વેચી પૈસા કરવા બજારે મોકલ્યો. વેચવા જનારા આદમીએ પેલા કટોરો અર્પણ કરનારાઓને જઈ આ વાત કહી. એ માણસોએ બેસંટને પૈસા સાથે કટોરો પાછો મોકલ્યો. કહેવડાવ્યું કે 'આ કટોરો અમે ખરીદ કરીને હવે તમને સાચવવા આપીએ છીએ. ભલાં થઇને હવે વેચશો નહિ!'

નાણાંની તંગી તો પોતે કાયમ ભોગવે છે. આટઆટલાં પુસ્તકોની આવક અર્પણ કરવા છતાં પણ એમની કેટલીએક સંસ્થાઓને ચાલુ રાખવા માટે દ્રવ્ય તો જોઇએ જ! આજ એમના પોતાના માથા પર અંગત કર્જનો મોટો બોજો લટકે છે. તેમ છતાં 'ન્યૂ ઇન્ડિયા' ઑફિસના આખા યે સ્ટાફને પ્રત્યેક માસની પહેલી તારીખે તો અચુક—આભના તારા ઉતારીને પણ દરમાયા ચુકવાઈ જ જવા જોઇએ, એ એમનો સંકલ્પ કદાપિ તુટ્યો નહોતો.

અસ્પૃશ્ય નોકરોને પોતાના કારકુનો અદ્ધરથી

પગારના પૈસા ચુકવે, હાથોહાથ નાણાં ન આપે. એ પોતે એક વાર નજરોનજર જોયું. તે વખતે તો કાંઈ ન બોલ્યાં, પણ ફરી પગાર થવાનો વખત આવ્યો એટલે પોતે કહેવડાવ્યું કે 'આ વખતે હું જ પગાર ચુકવવા આવીશ.' જઇને હાથોહાથ સૌને ચુકવ્યો. એ મુંગો ઠપકો મળ્યા પછી કારકુનોએ કદિ અદ્ધરથી પગાર નથી ચુકવ્યા.

જીવનમાં કામ કરવા સિવાય અન્ય કશો એમને વિનોદ જ નથી. એક કામ કરતાં થાકે એટલે બીજા કામમાં દાખલ થાય. એ એમનો વિનોદ ! તેમ છતાં કોઇ વાર કંટાળે ત્યારે રમુજોના ભંડાર બચ્ચા એરૂન્ડેલને બોલાવી પુછે કે 'કાં જ્યૉર્જ, મને ગમ્મત પડે એવું કાંઈ તારા ભંડારમાં છે ?'

અદિયારમાં દરેક દશેરાને દિવસે આયુધપૂજા થાય છે. માળી લોકો કોદાળી–પાવડાની, ધોબી અસ્તરીની, રસોયા છરી–કાંટાની, ગૌશાળાવાળા બોઘરણાંની, એમ સૌ પોતપોતાનાં સાધનોની પૂજા કરે. બેસંટ એમાંના પ્રત્યેકની પૂજામાં જઇ આરતી લઇ રૂપિયો-રૂપિયો મુકી આવે.

હિંદી 'કુમાર–સેના' (બૉય સ્કાઉટ)ની યોજના એમણે જ ઘડીને અમલમાં મુકેલી. પછી એમણે એ વિભાગ બેડન પૉવેલને સોંપી દીધેલો. કુમાર–સેનાના સેનાધ્યક્ષ તરીકે એમનો પાઘડીવાળો ફોટો પણ પ્રગટ થયો છે.

એમણે ૧૦૦ ઉપરાંત તો સ્વતંત્ર પુસ્તકો લખ્યાં છે. તે સિવાય નાની પત્રિકાઓ તો ઘણી છે. ને અન્ય લેખકોની સાથે સહકારથી પણ ઘણાં પુસ્તકો લખ્યાં છે. એ લિસ્ટ થીઓસોફિકલ પબ્લિશિંગ હાઉસ, અદિયાર, મદ્રાસ એ સરનામેથી મળે છે.

卐 卐

એક મહાન વિભૂતિનું આ આછુંપાતળું જીવન-ચિત્ર છે. ઘણુંઘણું એમાં અગમ્ય દીસે છે. પ્રત્યેક યુગાવતારી માનવનાં જીવનદ્વારોને નિગૂઢતાનાં તાળાં વાસેલાં જ હોય છે. ઘણી વાર એ ખોલવામાં આપણે ફાવ્યા નથી. પણ આપણી મર્યાદિત સમજશક્તિને કારણે મહત્તાઓનાં કાર્યો ઉપર ઉતાવળા ફેંસલા ન લખી બેસીએ તો આપણા પોતાના જ આત્મઘાત-માંથી આપણે ઉગરી શકીએ.

મહત્તા પોતે જ માનવીની જીવતી કબર છે; નિંદા, ગેરસમજ, તિરસ્કાર અને ઇર્ષ્યાની જ્વાળા જગવતી દારુણ ચિતા છે. મહત્તાને તો સદા ય એમાં સળગવાનું જ સરજાયું છે. ઇશુથી માંડી ગાંધી અને દયાનંદથી લઇ શ્રદ્ધાનંદ: એ તમામની મહત્તાએ શાંશાં મૂલ નથી માગ્યાં ? તો પછી પાદરીઓને હાથે આ જોગમાયાની થએલી બદગોઇ શી વિસાતમાં છે ? યુગપ્રવર્તકો હમેશાં યુગની આગળ જ પોતાનાં પગલાં માંડતા ગયા છે અને અણસમજુ જગતના ધુતકાર ઝીલી તેના બદલામાં સત્યની ભેટ વેરતા જ ચાલ્યા છે. એની અમુક નિગૂઢ માન્યતાઓને કારણે એની સેવાઓને પણ ધિક્કાર ન દઇએ, એને આપણા જેટલી સાદી અક્કલના પણ અભાવનું આરોપણ ન કરી બેસીએ, એનો તિરસ્કાર કરવો હોય તો તે પણ એના જીવનની સમગ્ર સમીક્ષા પતાવ્યા પછી જ કરીએ, તો એ ન્યાય લેખાશે. આજના યુગનું દુર્ભાગ્ય છે કે અફવાઓની કંઠપરંપરા ઉપર જ આપણા ન્યાયનાં ધોરણો મંડાયાં છે. પરંતુ તે સાથે આજના યુગનું પરમ ગૌરવ પણ છે, કે પ્રબળ વિરોધની દીવાલો પણ સત્યનાં દર્શનની આડેથી આખરે ચૂર્ણ થઇ જઇ આપણી દૃષ્ટિને છુટથી વિહરવા દે છે.

એવા વિકટ સમસ્યાથી ભરેલા મહાયુગને આરે ઉભેલી ઓ સમસ્યા–જટિલ માનવશક્તિ ! તને વંદન હો. તારી નિઃસ્વાર્થતાને, તપશ્ચર્યાને, નિર્ભયતાને, પ્રેમભરપુર પ્રાણને, અને સારી દુનિયાના વિરોધ સામે પડકાર કરતી તારી આત્મશ્રદ્ધાને નમન હો. તારી આત્મવેદીમાંથી એકાદ તણખો મળે તે આશાએ તને સ્મરૂં છું.

ઝવેરચંદ મેઘાણી

['કુમાર'ના નિમંત્રણથી ઍની બેસંટના જીવનમાં ઉતરતાં તેમનું એક વિસ્તૃત જીવનચરિત્ર લખવાનો મનોરથ જાગ્યો છે; કેમકે ગુજરાતી ભાષામાં એમનું સર્વદેશીય વૃત્તાંત હજી નથી લખાયું. આ પુસ્તક 'સૌરાષ્ટ્ર સાહિત્ય શ્રેણી' તરફથી પ્રગટ થશે. માટે એમના જીવનપ્રસંગો વિષે વધુ હકીકત જાણનારાં ભાઈબહેનો મને એ લખી મોકલશે, અથવા તો રૂબરૂ વર્ણવી સંભળાવવા કબુલ થશે તો હું મારૂં કાર્ય વધુ સંગીન બનાવી શકીશ.
—લેખક]

[પાન ૩૭૯, ૪૧૫, ૪૧૯ અને ૪૨૧ પરના બ્લૉક મુંબાઇના મેસર્સ મેઘરાજ પુસ્તક ભંડારના સૌજન્યથી]



આ જમાનાની એક અદ્ભુત વિદ્યા

ફોટોગ્રાફી

ફોટો=પ્રકાશ: ગ્રાફી=છાપ લેવાની વિદ્યા. પ્રકાશ વડે છાપ લેવાની વિદ્યા તે ફોટોગ્રાફી.

ફોટોગ્રાફીની શોધે દુનિયાના હાથમાં ચિત્રો લેવાનું એક અજબ સાધન મુકી દીધું છે. દુનિયાના દરેક ધંધામાં ફોટોગ્રાફીએ પ્રવેશ કરેલો દેખાય છે. સાધારણ નકલોથી માંડી મનુષ્યના હાલતા-ચાલતા બનાવો અને દરેક જાતનાં ચિત્રો છાપવામાં તેનો ઉપયોગ અગ્રસ્થાને હોય છે. જ્ઞાનનું કે વેપાર વહીવટનું એક પણ એવું ખાતું નહિ હોય કે જેમાં ફોટોગ્રાફી વિના ચાલી શકે.

ઘણી બાબતોનાં વર્ણનો કરતાં તેનો એકાદ ફોટોગ્રાફ જલદી ખ્યાલ આપી દે છે. નકશાઓ કરવા માટે આકાશમાં ઉડતાં વિમાનોમાંથી જમીનના ફોટોગ્રાફો લેવાથી એ કામમાં દિવસોના દિવસો બચી જાય છે અને ઑફિસમાં બેઠાંબેઠાં જાણે બધું જોતા હોય એવી રીતે માણસો નકશા કરી શકે છે. સીનેમાથી ફોટોગ્રાફી આપણને જીવતા જગતનું આબેહુબ દર્શન કરાવે છે અને કૈંકૈં સુંદર વાર્તાઓ તથા આકર્ષક કિસ્સાઓ, તે ગમે તે દેશના હોય તોપણ, ભાષાની જરૂર વિના આપણે માણી શકીએ છીએ. આ રીતે ફોટોગ્રાફીએ જગતમાન્ય ભાષાનું પણ સ્થાન લીધું છે.

બીજા હુન્નરઉદ્યોગોમાં પણ ફોટોગ્રાફીના ઉપયોગ પાર વિનાના છે. ખાસ કરીને આકાશનાં ચિત્રો લેવામાં, વૈદ્યકીય તથા યાંત્રિક જ્ઞાનમાં અને વનસ્પતિનાં ચિત્રોની નોંધ લેવામાં ફોટોગ્રાફી અસલ રંગો સાથે છાપ આપે છે. ફોટોગ્રાફીથી મૂર્તિઓ, નકસીઓ વગેરે જોઈતાં વધુઘટુ માપમાં છપાય છે, કોરાય છે ને ઉપસાવાય છે. મુદ્રણકળામાં પણ અનેકરંગી ચિત્રો અને કપડાં પરની વિવિધ ભાતોનાં બીબાં ફોટોગ્રાફી જ કરી આપે છે. હમણાં હમણાં છેલ્લી શોધ તો એટલે સુધી થઇ છે કે ફોટોગ્રાફો તાર મારફત ઠેઠ દૂરના મુલકમાં પડે છે, એટલું જ નહિ પણ ટેલીફોન પર ગમે તેટલે દૂરથી વાત કરતા સામા માણસનો ચહેરો પણ એ જ વેળા ફોટોગ્રાફી રજુ કરી શકે છે. ટાઇપ વગર માત્ર પ્રકાશની મદદથી જ છાપકામ થવા માંડ્યું છે, જેમાં માત્ર ટાઇપના ફોટોગ્રાફો પડતા જાય છે, અને એ પછી છાપનારી પ્લેઇટ બની જાય છે. તે પરથી નાનીમોટી સાઇઝથી છાપી શકાય છે.

પણ જાણીને નવાઇ લાગશે કે આટલી બધી વિવિધતાભરી સેવા આપનારી એ અદ્ભુત વિદ્યાનો સાચો વિકાસ ફક્ત છેલ્લાં ૫૦ જ વર્ષમાં થયો છે. જોકે તેનાં તત્ત્વો તો જુદાજુદા કાળમાં થોડાંઘણાં જાણીતાં થયાં હતાં જ. તેનો આખો યે ઇતિહાસ બહુ રસમય છે.

ગ્રીક દેવદેવીઓના મંદિરમાં ભકતોની પૂજાઅર્ચાથી દેવો સંતુષ્ટ થવાથી કોઈ વાર અમુક ખંડમાં એક કિરણ પડતું અને તેમાં દેવની મૂર્તિ દેખાતી. અત્યારે એ મંદિરોનાં ખંડેરો તપાસતાં તેમાં બીજા ગુપ્ત ઓરડાઓ મળી આવ્યા છે, જેમાં દેવની ઉંધી મૂર્તિ ગોઠવી ચોક્કસ વખતે પૂજારીઓના ગુપ્ત માણસો આરસા વતી તેના ઉપર સૂર્યપ્રકાશ નાખતા, એટલે બરોબર સામેના એક છિદ્રમાંથી તેનાં કિરણો અંદરના ખંડમાં પડતાં અને એ રીતે આખી મૂર્તિનું પ્રકાશમય દર્શન થતું. આથી ભકતો આશ્ચર્ય પામતા અને પૂજારીઓ તેમના ઉપર પોતાનો પ્રભાવ વધારતા. આટલો પ્રકાર ફોટોગ્રાફીનો પહેલો ભાગ ગણી શકાય.

આવી રીતે જગતમાં કેટલાં યે માણસોએ ઓરડાનાં બારણાં બંધ હોય ત્યારે ફાટમાં સામી ભીંતે કિરણોના ઓળા તથા રંગો હાલનાચાલતા જોયા હશે. પણ જગતનો મોટો ભાગ કુદરતના અવનવા પ્રકારો તરફ સહજ બેદરકાર હોય છે. તેથી ફોટોગ્રાફી



પારીસમાં ઇ. સ. ૧૭૫૫ માં પ્રગટ થએલી ચોપડીમાં બતાવેલી છાપ લેવાની રીત

વહેલી શોધાઈ નહિ.

ઈ. સ. ૧૫૫૮માં પાડુઆ શહેરમાં બૅપ્ટિસ્ટા પોર્ટા નામનો એક હિકમતબાજ જુવાન આવા ઓળા જોઈ વિચારમાં પડ્યો અને ઓરડાની બીજી બધી તરડો એક પછી એક બંધ કરી શું થાય છે તેના અખતરા કરવા લાગ્યો. જેમજેમ બીજો પ્રકાશ બંધ થતો ગયો તેમ છેલ્લી તરડનું ચિત્ર વધુ સ્પષ્ટ બનતું ગયું, અને તેમાં પણ જ્યારે તેણે એક જ છિદ્ર બાકી રાખ્યું ત્યારે તો બહારનો દેખાવ સામી ભીંત પર આબેહુબ પડી રહેલો જોયો! આ આનંદજનક નવો પ્રકાર જોવાને તેને ત્યાં મિત્રો અને પ્રેક્ષકોની ભીડ થતી.

આખરે તેણે ઓરડાના ખ્યાલ પર એક નાનું ખોખું કર્યું અને તેમાં એક બાજુ છિદ્ર રાખી બીજી બાજુ ચિત્ર જોવા માટે આછો સફેદ પડદો ગોઠવ્યો. આ પહેલવહેલો કૅમેરા બન્યો. થોડો વખત તો તે નવાઇના રમકડા તરીકે જ વપરાતો, પણ પછી ધીમેધીમે ચિત્રકારો ચિત્રો તથા દેખાવોનાં માપ ઉતારી લેવા માટે તેને વાપરતા થયા.

ઇ. સ. ૧૭૫૫માં પારીસમાં એક ચોપડી પ્રગટ થઇ છે તેમાં ઉપરની રીતનો ઉપયોગ જુદી જ રીતે બનાવેલો છે. એક ટેબલ ઉપર મોટો કાચ, તેની નીચે જમીન લગભગ એક આરસો ત્રાંસો ગોઠવેલો, અને તેની સામે ભુંગળામાં લેન્સ ગોઠવેલો. લેન્સથી બહારનાં કિરણો પકડાઇને આરસામાં ચિત્ર પડે, અને તે ચિત્ર ઉપરના કાચને તળિયે અથડાય એટલે કાચ ઉપર કાગળ મુકીને કારીગર તેને ટ્રેસ કરી (નકલ ઉતારી) લે. અત્યારે પણ ટ્રેસ કરવાની આવી રીત ઘણે સ્થળે વપરાય છે. વળી ઉપરથી ચિત્ર જોવાય એવા કૅમેરા પણ ચાલુ થયા છે. એને રિફ્લેક્સ કૅમેરા કહે છે.

આ રીતે પહેલાં તો કુદરતનાં ચિત્રો જોવાને જ કૅમેરા વપરાતો હતો. એવામાં પ્રકાશથી કાગળને કાળો પાડી શકાય એવાં રસાયણો હાથ આવવા લાગ્યાં. એટલે કૅમેરામાં દેખાતાં ચિત્રો કાગળ પર પણ પકડી શકાય એવો વિચાર ઉત્પન્ન થયો.


આ બે બાબતો એકઠી મળી ત્યારથી ફોટોગ્રાફીનો ખરો અવતાર થયો એમ માનવું જોઇએ: એક તો પ્રકાશ મારફત ચિત્ર દેખાવું અને બીજી રસાયણની મદદથી ચિત્રનું છપાઇ જવું. આ બે મુદ્દાની ક્રિયાઓમાં હજુ સુધી કશો નવો ફેરફાર થયો નથી. જોકે કામ કરવાનાં બીજાં સાધનોમાં અદ્‌ભુત પ્રગતિ થઈ ગઇ છે.

સિલ્વર ક્લોરાઇડ નામની દવા પ્રકાશથી કાળી પડી જાય છે એ વાતની જાણ ઇ. સ. ૧૫૫૬માં થઇ. અનેક રસાયણીઓએ તેના પર પ્રયોગો કર્યા પછી પ્રકાશથી કાળી થવાનો તેનો ગુણ સાચો મનાયો. ઈ. સ. ૧૭૮૦માં પારીસના એક પ્રોફેસરે પોતાના એક વિદ્યાર્થીને બેસાડી તેના ચહેરા પર સખત પ્રકાશ નાખી પાછળ સિલ્વર ક્લોરાઇડ લગાડેલો કાગળ રાખ્યો, તો ચહેરો સફેદ રહી ગયો અને આસપાસ ક્લોરાઇડ પર જ્યાં પ્રકાશ પડ્યો તે ભાગ કાળો થઇ ગયો.

ઈંગ્લંડમાં મિ. ટૉમસ વેજવુડ અને સર હંફ્રી ડેવીએ ૧૮૦૨માં એક લેખ છપાવ્યો છે તેમાં પણ આ રીતે પ્રકાશથી ચિત્રોની નકલ લેવાની રીત તથા કાળાં મ્હોરાં છાપવાની પદ્ધતિ દર્શાવી છે. પરંતુ હજુ કાયમ ટકે એવી છાપની વાત કોઇને હાથ લાગી નહોતી.

આ વખતે ફ્રાન્સમાં બે જુવાનિયાઓ પોતપોતાની રીતે મથામણ કરી રહ્યા હતા. તેમાંના એકનું નામ જૉસેફ નિસેફોર નિપ્સે અને બીજો લૂઇ દેગાર.

૧૮૧૪થી નિપ્સીએ શીલાછાપમાં ફોટોગ્રાફીનો ઉપયોગ કરવાના પ્રયોગો શરૂ કર્યા; એવી આશાએ કે એમાં સફળ થવાય તો પત્થર ઉપર ચિત્ર દોરવાની કડાકુટ મટી જાય. એણે આગળ થઇ ગએલા બધા અખતરા જાણી લીધા હતા. તેમાં સુધારા કરી કંઇ નવું કરવાની ઇચ્છાથી તેણે રૂપાથી બનાવેલાં રસાયણો છોડી દઈ આસ્ફાલ્ટ અને બીચુમન જેવા સાદા



૧૮૩૯માં દેગારે શોધેલો પ્રથમ કેમેરા

પદાર્થો પર ધ્યાન પહોંચાડ્યું. આ પદાર્થોનો પટ ચોપડીને પ્લેટ કોઇ આકૃતિ સામે પ્રકાશમાં મુકતાં, આકૃતિ સિવાય જ્યાં પ્રકાશ પડેલો ત્યાંનો ભાગ, ઓગાળનારાં રસાયણો સામે ટકાઉ થઇ ગયો. છાપ લીધા પછી એવાં રસાયણોથી પ્લેટ ધોતાં પ્રકાશ નહિ લાગેલો ભાગ નીકળી જતો અને પ્રકાશથી ટકાઉ બનેલા ભાગના ગાળામાં સફેદ ચિત્ર પકડાઇ રહેતું. એને ઉલટ છાપ અથવા હાલની નેગેટિવ કહીએ. નિપ્સેએ તો કોઇ બીજા રસાયણથી એ ઉલટ છાપને કાળી કરી સરખી બનાવી લીધા હતી અને બીજા પદાર્થો ઘસીને ઉડાવી દીધા હતા.

ધાતુમાં ફોટો કોરવાની વિદ્યાનો પાયો પણ આ શોધથી જ નખાયો. બીચુમનની છાપ તેજાબમાં ટકી રહે છે તેથી ત્રાંબા અને લોઢાની તકતીઓમાં ચિત્રોનાં બીબાં કોરવાનું સુલભ બન્યું. ૧૮૨૪માં નિપ્સેએ કરેલી એવી પ્લેટ ફ્રાન્સના સંગ્રહાલયમાં હજી છે, અને એ વખતનાં સાધનો તથા જ્ઞાન જોતાં તેની સફાઇ આશ્ચર્યકારક લાગે છે.

તેનો સમકાલીન અને પાછળથી સાથીદાર લૂઈ દેગાર નાટકનો ચીતારો હતો. તેણે કિરણોથી ચિત્ર બતાવનારૂં ડાયરમા બનાવ્યું હતું. ઇ. સ. ૧૮૨૨માં એને પણ એ ચિત્રો પકડવાની આકાંક્ષા થઈ અને ૧૮૨૪થી તેણે અખતરા આદર્યા. ચીતરવાનો ધંધો જવા દીધો, ડાયરમા પણ રખડતું મેલ્યું અને પોતાની ધૂન પાછળ જ લાગ્યો રહ્યો. તેની બૈરીને લાગ્યું કે સાહેબ ગાંડા થઇ ગયા છે! પંદર વર્ષ સુધી તે કંઇ પ્રગતિ કરી શક્યો નહિ; પણ તેણે હારી ખાધું નહોતું. વચમાં નિપ્સેની વાત સાંભળી તે તેની જોડે ભેળાયો અને બંને જણાએ ઇ. સ. ૧૮૩૩ સુધી સાથે કામ કર્યું. એ સાલમાં નિપ્સે ગુજરી ગયો અને તેના દીકરાએ કારખાનું ચાલુ રાખ્યું.

એ વાતને પણ પાંચ વર્ષ વીતી ગયાં, અને અંતે, ડેઢ પંદરમા વર્ષે દેગારને એકાએક નવી શોધ હાથ લાગી અને તે પ્રસિદ્ધ થયો. જોકે તેમાં ઘણો મુળ પ્રયત્ન નિપ્સેનો હતો. નિપ્સે તેની ધાતુની તકતીઓ પર આયોડિન લગાડતો. એ પ્લેટો પ્રકાશમાં આવે ત્યારે કાળી બનતી. દેગારને તરંગ આવ્યો કે રૂપાની પ્લેટ ઉપર આયોડિન લગાડી કેમેરામાં ધરી હોય તો આકૃતિ પડવી જોઇએ. આ વાત બરોબર હતી, પણ પ્રકાશ લેતાં બહુ વખત જતો અને આકૃતિ ઝાંખી રહેતી.

એક દિવસે એવી ઝાંખી આકૃતિવાળી પ્લેટો કબાટમાં મુકી દેગાર તેની સ્મૃતિ ભુલી ગયો. ઘણે દહાડે કબાટ સાફ કરવા માટે બધું બહાર કાઢતો હતો એવામાં એ પ્લેટો નીકળી, અને જુએ છે તો દરેક આકૃતિ ઉઠાવદાર કાળાશ પામી હતી! એ કેમ બન્યું તે એને સમજાયું નહિ, એટલે એણે ફરીવાર પ્લેટો પર આકૃતિઓ લીધી અને એ કબાટમાં જેટલી દવાઓ હતી તે એક પછી એક લગાડી જોઇ. આખરે પારાની શીશી પાસે લાવતાં, હતી તેવી અસર થઇ.

પછી તો સાદા મીઠાના પાણીથી પણ આકૃતિ ટકાઉ કરવાની રીત જડી આવી.

ઈ. સ. ૧૮૩૯મા દેગારે પોતાની રીત ફ્રેંચ સરકાર આગળ રજુ કરી. સરકારે તેને ૬૦૦૦ ફ્રાંકનું વર્ષાસન બાંધી આપ્યું અને તેની જોડે શરત કરી કે તેની એ રીતનું તેણે પેટંટ લેવું નહિ. ફ્રાંસમાં તો તેણે પેટંટ ન લીધું, પણ ઇંગ્લંડમાં તેણે એ રીત પેટંટ કરાવી; પેટંટ એટલે કોઇને ફોટોગ્રાફી કરવી હોય તો તેણે દેગાર સાહેબનો પટો મેળવવો જોઇએ તથા એમને ઠીક રકમ ભેટ ધરવી જોઇએ.

એ જમાનામાં છબીઓ પાડતાં ત્રણથી ત્રીસ મિનિટનો વખત લાગતો. એ છબીઓ દેગારિયોટાઇપ કહેવાતી. છબી બરોબર ઉતારવા માટે જાતજાતની તરફાઓ કરવી પડતી. વખત થોડો લાગે એટલા માટે છબી પડાવનારને મોઢે સફેદ રંગ ચોપડવામાં આવતો! કાળાં લુગડાંની છબી બરોબર આવે તેથી તેને વધારે વખત આપવા મોં પુરતા ભાગમાં લાકડી વતી કાળો પડદો ધરી રખાતો, જેથી તેનો પ્રકાશ વધે નહિ. હાથ, પગ, મોં વગેરે સજ્જડ પકડી રાખવા યુક્તિદાર ટેકા રાખતા.



CREATORS OF PHOTOGRAPHY.

ફોટોગ્રાફીના ઉત્પાદકો
ટૉમ વેજવુડ, નિસેફોર નિપ્સે, લૂઈ દેગાર, ફૉક્સ ટેલબોટ

એ છબી પડાવવાનો લ્હાવો કેવો લાગતો હશે!

આ પછી ગોડાર્ડ નામના અંગ્રેજે છબી પાડવાનો વખત બચાવનારાં રસાયણો યોજ્યાં, જેથી મિનિટો-માંથી સેકંડો પર વાત આવી. છાપો ઉપર સુવર્ણક્ષાર લગાડવાથી વધુ ઉજાસ આવ્યો. બસ, દેગાર સાહેબની ફોટોગ્રાફી આટલે સુધી આવરદા ભોગવી અટકે છે.

હેન્રી ફૉક્સ ટેલબોટ નામનો એક ચબરાક અંગ્રેજ શોધક ફોટોગ્રાફી પાછળ કેટલાંક વર્ષોથી પડેલો. તેણે દેગારનો માર્ગ છોડી તદ્દન નવી જ દિશા પકડી હતી. તેણે જ આ જમાનાની ફોટોગ્રાફીના બધાં મુળતત્ત્વો સ્થાપ્યાં. દેગારની રીતમાં એક જ છબી ઉતરતી. ટેલબોટ એકમાંથી અનેક છાપી શકાય એવું માગતો હતો. તેણે પોતાની શોધને કેલોટાઇપ નામ આપ્યું. સિલ્વર આયોડાઇડથી કાગળ પર ઉલટ છાપ લીધી અને સિલ્વર નાઇટ્રેટ, ગૅલિક ઍસિડ વગેરે મજબુત લગાડ્યાં. દવા લગાડેલો ભીનો ને ભીનો કાગળ જ તે કૅમેરામાં ધરતો, જેથી વખત બહુ જ ઓછો લાગતો અને છબી લીધા બાદ બીજી દવાથી તે તરત તૈયાર થતી. પછી એ કાગળને મીણ વગેરે પદાર્થોની મદદથી પારદર્શક બનાવી લેવામાં આવતો અને એ રીતે બનેલી ઉલટ છબી નીચે બીજા કાગળો વારા ફરતી દાબી પ્રકાશની મદદથી છાપી અનેક નકલો નીકળતી.

પણ કાગળને પારદર્શક બનાવી તે વડે છબી લેવામાં અગવડ બહુ નડતી તેથી કાચ પર દવા ચોપડવાનો વિચાર નીકળ્યો. ઇ. સ. ૧૮૪૮માં પેલા નિપ્સેનો ભત્રીજો નિપ્સે એમાં પહેલો ફતેહ પામ્યો. આલ્બ્યુમન (ઇંડાનો રસ) લગાડેલી કાચની પ્લેટો પર આયોડાઇડ અને બ્રોમાઇડ લગાડી ગરમીથી તેને પકવી અને નાઇટ્રેટ ઑફ સિલ્વરમાં તેને ઝબોળી ભીનીભીની જ કૅમેરામાં ધરી અને ગૅલિક ઍસિડથી તૈયાર કરી. આ કાચની પ્લેટથી નકલો લેવાનું ખુબ સહેલું થયું.

આ પછી ફોટોગ્રાફીમાં કોલોડિયન દાખલ થયું. એથી પ્રકાશમુદ્રક દ્રવ્યો બરોબર ચોંટતાં. આ કોલોડિયન પ્રોસેસ બહુ વર્ષો ચાલી. તે પહેલવહેલી ૧૮૫૦ માં ચાલુ થએલી. એમાંથી જ હાલની સુકાં જિલેટિનવાળી પ્લેટો નીકળી છે. કોલોડિયન પ્લેટો તો ફોટોગ્રાફરે જાતે બનાવીને ભીની-ભીની વાપરવી પડતી; પણ હવે તો સુકી જિલેટિન પ્લેટો કારખાનાઓમાંથી જોઇએ તે જાતની તૈયાર મળે છે.

૧૮૬૧માં ક્લાર્ક મૅક્સવેલ નામના માણસે રંગ સહિત ફોટો લેવાના સિદ્ધાંતો શોધ્યા; પણ હજુ તેમાં ખાસ પ્રગતિ થઇ નથી. બહુ જ ગણ્યાગાંઠ્યા માણસો રંગીન ફોટોગ્રાફો સફળતાથી લઇ શકે છે.

૧૮૭૧માં જિલેટિન અને બ્રોમાઈડ ઑફ સિલ્વર લગાડેલી પ્લેટો ડૉ. મેડૉક્સે સાઉધમ્પ્ટનમાં બહાર પાડી. પછી તો તેની પ્રકાશ ખેંચવાની ઝડપ માટે રસાયણોમાં ફેરફાર યોજાયા અને એક સેંકડના ૧૦૦૦મા ભાગમાં છબી પડે એવી પ્લેટો પણ બની!

આ નેગેટિવ પ્લેટોમાં છેલ્લું પગથિયું તે તેમાં કાચને બદલે કચકડાની પટ્ટીઓ વાપરવાનું દાખલ થયું તે છે, અને તેને લીધે જ સીનેમાની અદ્ભુત પ્રગતિ




રખેને આને હેલકરી માનતા. આ તો. ૧૮૯૭ ની સાલનો ઍમેચ્યૂઅર ફોટોગ્રાફર છે.

થઇ શકી છે.

કચકડાની ફિલ્મ ઇ. સ. ૧૮૮૯ માં ઇસ્ટમેન કંપનીએ દાખલ કરી. તેનો વિચાર ઉભો કરવાનું માન એ. કોડાક કંપનીના સ્થાપક જ્યૉર્જ ઇસ્ટમેનને ઘટે છે. એ માણસે જનતાને માટે ફોટોગ્રાફી બને તેટલી સુલભ કરવા સારૂ સતત મહેનત કરી છે.


છબી લેવાની નેગેટિવ ફિલ્મો જેટલી જ પ્રગતિ છાપવાના કાગળોમાં થતી આવી છે. વળી કૅમેરા અને તેના જાતજાતના સામાનમાં પણ સુધારાવધારાનો પાર રહ્યો નથી. રાત્રે તથા દિવસે, સવારસાંજ, આકાશમાં તથા ભોંયરામાં, અનેક સંયોગોમાં દેખાતી ન દેખાતી બધી જાતની વસ્તુઓની છબીઓ લેવાની રીતો શોધાઇ છે તથા તેને લગતી અનેક તરેહની પરાક્રમભરી વાતો બને છે. દુનિયાના દરેક પદાર્થની, માણસોની, જંતુઓની, રીતરિવાજોની, લોકોની બારીક નોંધ ફોટોગ્રાફી કરી રહી છે. આમ ઇ. સ. ૧૮૩૯થી ૧૯૨૭ સુધીમાં હજી પુરૂં શતક પણ થયું નથી ત્યાં તો જાહોજલાલીએ પહોંચેલી આ અદ્દભુત વિદ્યાનો આપણે થોડોઘણો પણ પરિચય મેળવવો જોઇએ.

[હવે પછીના હફતામાં તમે ઘેર કૅમેરા કેમ બનાવી શકો તથા ફોટોગ્રાફી સમજી શકો એ વાત આવશે.]



૧૮૭૬માં બહાર ફોટોગ્રાફી કરવા માટે આવા તંબુ તાણતા.

બા ળ વિ ભા ગ



નરવાઘ

એક હતો વાણિયો. એ બહુ જ ગરીબ. એને સાત દીકરી. સાતે દીકરીમાં નાની છોડી બહુ રૂપાળી હતી. એનું નામે રૂપાળી હતું.

મોટી છ છોડીઓ કદરૂપી. કાળીકાળી મેશ જેવી. તેઓ રૂપાળીની ખુબ અદેખાઇ કરે ને એને હેરાન કરે. પણ રૂપાળી કોઇ દિવસ તેમના ઉપર ચીડાય નહિ. એ તો સૌની સાથે હળીમળીને રહે.

વાણિયાને પણ નાની રૂપાળી બહુ જ વહાલી. વાણિયો રાતે બે ઘડી રૂપાળી સાથે વાતો કરે ને એટલી વાર ગરીબાઇનું પોતાનું બધું દુઃખ ભુલી જાય.

એક વખત વાણિયો વેપાર માટે માલ લેવા શહેરમાં જવા નીકળ્યો. ચાલતી વખતે તેણે છોડીઓને પુછ્યું, 'બેટા, તમારે માટે શહેરમાંથી શું લાવું?'

કોઇએ પછેડો, કોઇએ બંગડી, કોઇએ ઘાઘરી તો કોઇએ પોલકું મંગાવ્યું. એમ છ છોડીઓએ કંઇ ને કંઈ ચીજ મંગાવી; પણ રૂપાળી કાંઇ બોલી નહિ.

બાપે તેને કહ્યું, 'બેટા, તારે માટે શું લાવું?'

રૂપાળી—બાપા, મારે કંઇ યે જોઇતું નથી.

બાપ—ના, તું કંઈક તો મંગાવ.

રૂપાળી—ઠીક ત્યારે, મારા સારૂ એક ગુલાબનું ફુલ લાવજો. ગુલાબ મને બહુ ગમે છે.

વાણિયો પોતાના ગામથી થોડેક દૂર એક મોટું શહેર હતું ત્યાં ગયો. શહેરમાંથી બધો માલ ને છ યે છોડીઓએ કહેલી ચીજો લીધી. હવે ગુલાબનું ફુલ લેવાનું રહ્યું. ગામમાં બધે શોધ કરી, પણ ક્યાં ય ગુલાબ મળ્યું નહિ. માળીને પુછ્યું; બગીચાએ બગીચામાં ફરી વળ્યો, પણ ગુલાબની મોસમ ઉતરી ગઈ હતી. આથી તે ઘણો જ દિલગીર થઇ ગયો.

સાંજ પડવા આવી. વાણિયો ઉતાવળો ઉતાવળો પોતાના ગામ તરફ વળ્યો. ઘડીકમાં અંધારૂં થઇ ગયું. તે ખોટે માર્ગે ચડી ગયો. ઘણું યે ચાલ્યો, પણ

પોતાનું ગામ આવે જ નહિ.

તેને લાગ્યું કે આ તો હું ભુલો પડ્યો છું, માટે હવે આગળ ન ચાલતાં રાત અહીં જ રહી જાઉં.

એક મોટા ઝાડ ઉપર ચડીને તે બેઠો. એટલામાં આઘે કેટલાક દીવા દેખાયા. તેને લાગ્યું કે કા તો નજીકમાં કોઇ ગામ છે, અથવા તો કોઇનો મહેલ છે. તેણે ત્યાં જવાનો વિચાર કર્યો. નીચે ઉતરીને દીવા દેખાતા હતા તે તરફ ચાલવા માંડયું. થોડુંએક ચાલ્યો ત્યાં એક દરવાજો આવ્યો. દરવાજો ખુલ્લો જ હતો. એટલે વાણિયો તો અંદર ગયો.

અંદર જઇને જુએ તો એક સુંદર બગીચો. બગીચા વચ્ચે એક સીધો રસ્તો. વાણિયો તે રસ્તે ચાલ્યો ત્યાં એક ભવ્ય મહેલ આવ્યો. મહેલમાં હાંડી ને ઝુમરમાં દીવા ઝગઝગ બળતા હતા. ચારેકોર અજવાળુ અજવાળું થઈ રહ્યું હતું.

વાણિયાને લાગ્યું કે જરૂર આ કોઇ રાજમહેલ હોવો જોઇએ. પણ ત્યાં કોઇનો ચોકીપહેરો નહોતો, તેમ ત્યાં કોઈ માણસ દેખાતું નહોતું. તેને ખુબ નવાઈ લાગી. તે કહે લાવને આ મહેલના માલિકને વિનંતી કરૂં, કે મને રાતની રાત અહીં સુવાની જગ્યા આપે.

આમ વિચાર કરી તે અંદર ગયો. પહેલે માળ ગયો તો કોઇ મળે નહિ. બીજે ને ત્રીજે માળે પણ કોઇ ન મળે. એમ કરતાંકરતાં સાતે માળ અને સાતે માળના બધા ઓરડા જોઇ વળ્યો. પણ કોઇ માણસ દેખાયું નહિ. બધા ઓરડામા સુંદર રમકડાં, સુંદર ચિત્રો ને તાજાં સુગંધી ફુલો ચારે તરફ મુકેલાં હતા.

વાણિયાને થયું કે આ ફુલો જાણે કોઇએ હમણાં જ ગોઠવ્યાં છે. પણ કોઇ ગોઠવનાર માણસ દેખાતું, કેમ નહિ હોય! ફરતાંફરતાં તે એક ઓરડામા આવ્યો. ત્યા એક પાટલો ઢાળેલો ને તેની સામે એક મોટો થાળ પડેલો. જાતજાતનાં મીઠાં ને ખુશબોદાર પક્વાન્ન એ થાળમાં હતાં. પાસે જ ધુપ સળગી રહ્યા'તો.

વાણિયાએ ધાર્યું કે હમણાં અહીં કોઇ જમવા આવશે, એટલે તેને પુછીશ. તે ત્યાં ઘડી, બે ઘડી રોકાયો—ધીમેધીમે કલાક વીતી ગયો પણ કોઇ આવ્યું નહિ. તેને ભુખ પણ કકડીને લાગી હતી એટલે છેવટે થાકીને તે પોતે જ જમવા બેસી ગયો. તેના મનમાં બીક તો હતી જ કે રખેને કોઇ આવશે ને વઢશે. પણ કોઈ આવ્યું નહિ. વાણિયાના મનમાં જે જે ખાવાની ઇચ્છા થવા લાગી તે તે થાળમાં આવવા લાગ્યું. વાણિયાએ તો ધરાઇને ખાધું.

હવે વાણિયાને થયું કે જરૂર આ કોઈ જાદુઇ મહેલ છે. પણ વિચાર કર્યો કે 'આપણે તેનું શું કામ? આપણે તો રાતની રાત પડયા જ રહેવું છે ને? ગમે ત્યાં સુઇ રહેશું.'

સુવાનો વિચાર કર્યો એટલામાં તો એની સામે એક પલંગ ને તેના પર ધોળી ફુલ જેવી પથારી દેખાયાં. વાણિયો તો તેના ઉપર સુતો. રાત આખી નીરાંતે ઉંઘ્યો. સવાર પડી એટલે બહાર નીકળ્યો અને બગીચો જોતોજોતો ચાલ્યો. ત્યાં એક જગ્યાએ મોટાંમોટાં ગુલાબનાં ફુલ તેના જોવામાં આવ્યાં.

ગુલાબનાં ફુલ જોઇને વાણિયાને તેની નાની દીકરી યાદ આવી. તે બહુ જ ખુશી થતોથતો છોડ પાસે ગયો ને એક મોટું ફુલ તોડયું. પણ ત્યાં તો ગુલાબના છોડ પાછળથી કોઇ વિકરાળ અને બીહામણો આકાર ઉભો થયો. તેનું મોં વાઘ જેવું, શરીર માણસનું ને પોશાક રાજવંશી! આવું વિચિત્ર સ્વરૂપ જોઇને વાણિયો તો થરથર ધ્રુજવા માંડયો ને તેના હાથમાંથી ગુલાબનું ફુલ પડી ગયું. ધબ કરતો એ નીચે બેસી ગયો.

પેલો નરવાઘ તો તેના સામે ડોળા કાઢવા માંડયો અને પોતાનો પંજો વાણિયા તરફ લંબાવ્યો. વાણિયાને થયું કે હમણાં જ નરવાઘ મને ખાઇ જશે!

એટલામા નરવાઘ કહે 'લોભી વાણિયા! તેં આખી રાત આ મહેલમાં મોજ કરી તો યે સંતોષ ન થયો કે પાછો અહીંથી ગુલાબનું ફુલ ચોરીને લઇ જાય છે? તૈયાર થા, હવે તારૂં મોત આવ્યું છે.'

વાણિયો ધ્રુજતોધ્રુજતો નરવાઘને પગે લાગવા માંડયો ને કાલાવાલા કરવા લાગ્યો કે 'બાપજી, આ ફુલ મેં મારે સારૂ નથી તોડયું. મારે એક મારી વહાલી દીકરી છે ને તે ઘણી જ ડાહી છે. તેને માટે હું આ ફુલ લઇ જવાનો હતો. પણ હવે હું નહિ લઇ જાઉં. મને માફ કરો.'

નરવાઘ—અરે મુરખા, આ ફુલ તોડીને તેં મારો મોટો ગુનોહ કર્યો છે. બસ, હવે હું તને છોડીશ નહિ.

વાણિયો હાય મારી રડી પડયો. છેવટે એ કકળતો બોલ્યો કે મને એક વાર મારાં છોકરાંને મળવા તો



જવા દો. મળીને હું જરૂર પાછો આવીશ.

એ સાંભળી નરવાઘ જરા નરમ થયો અને કહ્યું 'જા, હું તને એક મહિનાની છુટ આપું છું. બરાબર એક મહિને તારા ઘર પાસે એક ઘોડો આવશે. તે ઉપર બેસીને તું અહીં આવજે. જોજે હં...ભુલી ગયો કે નથી આવ્યો તો તારી વાત છે! પણ સાંભળ, તારે બદલે તારી કોઇ દીકરી આવવા રાજી હોય તો તું બચી જઇશ. પણ જોજે, રાજીખુશીથી આવે તો જ તે મને ખપે.'

વાણિયે તે કબુલ કર્યું. પછી નરવાઘે વાણિયાને એક ઘોડો આપ્યો અને તેની છોડી માટે એક છાબડી ભરીને ગુલાબનાં ફુલ આપ્યાં. વાણિયો તો ઘોડા ઉપર બેઠો ને જરા ય વાર થઇ નહિ ત્યાં તો પોતાના ઘરના આંગણાંમાં ઘોડો આવીને ઉભો રહ્યો!

છોડીઓ તો બાપને જોઇને રાજીરાજી થઇ ગઇ. દરેક પુછવા લાગી, 'બાપા, મારી ઘાઘરી લાવ્યા; બાપા, મારો પછેડો લાવ્યા; બાપા, મારી ચોળી લાવ્યા?' પણ બાપના મોં ઉપરથી લોહી ઉડી ગયું હતું. તેની આંખ સામે તો નરવાઘનો બિહામણો ચહેરો જ નર્યા કરતો હતો.

બધી છોડીઓને સૌસૌની ચીજો આપી દીધી. નાની રૂપાળી તો કંઇ બોલી નહિ. બધી છોડીઓ પોતાની ચીજો લઇને ખુબ ખુશ થતીથતી રમવા મંડી. ત્યારે નાની રૂપાળી બાપા પાસે આવી ને તેણે ધીમે સાદે પુછ્યું, 'બાપા, તમે આમ નરમ કેમ થઇ ગયા છો? તમે કાંઇ માંદા તો નથી પડયા ને?'

રૂપાળી આટલું પુરૂં પુછી રહી નહિ ત્યાં તો વાણિયો ખુબ રડવા મંડયો. ને તેણે સૌને બધી વાત કરી.

એ સાંભળી મોટી છોડીઓ તો રૂપાળી ઉપર જ ઉતરી પડી. 'લે, લે, ગુલાબનું ફુલ. ગુલાબના ફુલવાળી મોટી નહિ જોઇ હોય! બીચારા બાપાનું મોત ઉભું કર્યું. તું જ જા એમને બદલે. તારે સારૂ તો એ ઝપડાયા.'

બીચારી રૂપાળીનું મોં લેવાઇ ગયું. ને બાપ પાસે ગઇ ને બોલી 'બાપા, હું જ તમારા બદલે નરવાઘ પાસે જઇશ, હો.'

વાણિયો કહે, 'અરે બેટા, તું તો એને જોઇને જ ફાટી પડે! તારાથી તે ત્યાં જવાય! તું તારે સુખેથી રહે. ખા, પી ને લહેર કર.'

રૂપાળી કહે, 'મારે તો હવે ખાવું યે નથી ને પીવું યે નથી. મને ત્યાં મોકલવાની હા કહો તો જ ખાઉં ને પીઉં. બાપા, હું નહિ બીઉં.'

વાણિયાએ તેને ફોસલાવીને કહ્યું, 'જા અત્યારે તો રમ. હજી તો વાર છે: જવાનું થશે ત્યારે વાત.'

વાણિયો તો નરવાઘની બીકથી ને બીકમાં આવે

ય નહિ ને પીએ ય નહિ. ચિંતામાં ને ચિંતામાં એ તો સાવ દુબળો થઇ ગયો.

એમ કરતાંકરતાં એક મહિનો પુરો થઇ ગયો ને નરવાઘનો ઘોડો આવીને ઉભો રહ્યો.

વાણિયો જવા તૈયાર થયો. રૂપાળી વાણિયાની ડોકે વળગી પડી, ને હઠ લીધી કે 'બાપા, મને જ ત્યાં જવા દો.'

વાણિયો ઘણું યે સમજાવે પણ એ તો માને જ નહિ. છેવટે વાણિયે રૂપાળીને પણ સાથે લીધી.

ઘોડો તો એકદમ ઉડ્યો ને પલવારમાં તો આવ્યો નરવાઘના મહેલમાં.

બાપદીકરી નીચે ઉતરીને મહેલમાં ગયાં. બધે ઠેકાણે ફરી વળ્યાં. પહેલાંની જેમ જ મહેલમાં જાતજાતની મીઠાઇઓ તૈયાર હતી. પણ વાણિયે આ વખતે તો કાંઇ ખાધું નહિ. રૂપાળી પણ ભુખી જ રહી.

રાત પડી, ત્યાં 'ઘુર ઘુર' કરતો નરવાઘ આવ્યો.

વાણિયો ધ્રુજવા મંડ્યો, રૂપાળી જરા બીની ને તેના બાપની પડખે લપાઇ ગઇ.

રૂપાળીને જોઇને નરવાઘે પુછ્યું, 'બોલ છોકરી, તું મારાથી બીએ છે? તું તારા બાપને બદલે અહીં ખુશીથી રહેવા આવી છે ને?'

રૂપાળીએ ધીમેધીમે આંખો ઉઘાડી. પછી હીમત કરી તે બોલી 'હા, મને તમારી બીક તો લાગે છે, પણ હળવેહળવે બધી બીક મટી જશે. મારા બાપાને બદલે મને જ અહીં રાખો.'

નરવાઘ કહે, 'તો હવે શેઠ! તમે ઘેર જાઓ અને તમારી છોડી અહીં રહેશે. છોડી! બોલ, તને અહીં ગમશે કે?'

રૂપાળી કહે, 'હા, મને તો બધે ય ગમે છે.'

નરવાઘ કહે, 'તો હવે તારા બાપને રજા આપ. તારી બહેનો માટે કંઇ મોકલવું હોય તો આ મહેલના પટારા ભર્યા છે, તેમાંથી જે કંઇ જેટલું મોકલવું હોય તેટલું મોકલજે. કાલે સવારે બે ઘોડા આવશે. એક તારા બાપ માટે અને બીજો બધો માલ ઉપાડવા. હું જાઉં છું. અને વાણિયા! કોઈ દિવસ હવે જો આ બાજુ આવીશ તો મરી જઇશ.' આમ બોલી નરવાઘ ચાલ્યો ગયો.

રૂપાળી ને તેનો બાપ મહેલમાં ગયાં. એક પટારો ઉઘાડે ત્યાં તો અંદર હીરા, માણેક, મોતી ને સોનામહોરોના ઢગલે ઢગલા! બીજામાં ભાતભાતનાં મોંઘાં કપડાં! રૂપાળીએ બહેનોને માટે હીરા, માણેક, મહોરો અને કપડાંની એક મોટી પેટી ભરી. પણ પછી બાપદીકરીને જરા ય ઉંઘ ન આવી. વાત કરતાંમાં સવાર પડી, કે ચોકમાં બે ઘોડા તૈયાર દેખાયા. ભરેલી પેટી એક ઘોડા ઉપર એની મેળે જ ગોઠવાઈ ગઇ.

આંસુ પાડતો બાપ સાથેના બીજા ઘોડા ઉપર બેઠો ને બહાર નીકળ્યો. પલકવારમાં ઘોડો વાણિયાના ઘર આગળ પહોંચી ગયો. છ યે છોડીઓ રૂપાળી પાછી ન આવી તેથી બહુ ખુશ થઇ.

નરવાઘ પાસેથી આણેલી દોલતમાંથી વાણિયે મોટાં ઘર કર્યાં, ખુબ વૈભવ જમાવ્યો અને બધી છોકરીઓ મહાલવા લાગી. કોઇને રૂપાળી સાંભરે નહિ. એક તેના બાપને સાંભરે. વારેવારે તેની આંખમાં આંસુ આવી જાય.

બાપના ગયા પછી રૂપાળી તો આખા યે મહેલમાં ફરી વળી. તેણે બધી ચીજો જોવા માંડી. જોતાંજોતાં તેને એક કાચની પેટી હાથ આવી. ઉઘાડી તો અંદર એક સોનાનો હાર. હીરામાણેકથી જડેલો ને ઝગઝગાટ કરતો. રૂપાળીએ તો તે હાર ડોકમાં પહેર્યો. હારની નીચે એક ચકતું હતું. તેમાં એક દેવકુમારની છબી ચીતરેલી. રૂપાળીને છબી બહુ જ ગમી ગઇ.

રાત પડી એટલે રૂપાળીને એકલું એકલું લાગવા માંડ્યું. તેને તો ક્યાં ય ગમે નહિ. એટલામાં તો ઘુરઘુર અવાજ થયો ને નરવાઘ ઓરડામાં આવ્યો.

નરવાઘ—છોકરી, તને ગમે છે?

રૂપાળી—ગમે તો ય ગમે ને ન ગમે તો ય ગમાડવાનું. મને તો બધે ય ગમે.

નરવાઘ—તને અહીં કાંઈ દુઃખ છે?

છોકરી—ના.

નરવાઘે પુછ્યું, 'ત્યારે તું મને પરણીશ?'

છોકરી—તમને કેમ કરી પરણું? તમને જોઇને તો મને બહુ જ બીક લાગે છે.

નિસાસો નાખીને નરવાઘ ચાલ્યો ગયો.

રૂપાળી સુઇ ગઇ. ઉંઘમાં તેને એક સ્વપ્નું આવ્યું. તેમાં એક દેવીએ આવીને કહ્યું કે 'છોકરી! એ

મોઢાનો દેખાવ ખોટો છે.' એટલું કહીને દેવી જતી રહી. પછી તરત જ તેણે પોતાના હારના ચકતામાં જેવી છબી હતી તેવો જ દેવકુમાર જોયો. સ્વપ્નામાં દેવકુમારની સાથે રૂપાળી ખુબ રમી. સવાર પડી ને સ્વપ્નું ઉડી ગયું.

દિવસ આખો તેણે બગીચામાં ગાળ્યો. સુંદર પક્ષીઓ સાથે તેને ખુબ ગમ્યું. વળી રાત પડી ને નરવાઘ આવ્યો. તેણે રૂપાળીને પુછ્યું, 'છોકરી, મને પરણીશ?'

રૂપાળી—ના રે, તમને કેમ કરી પરણું ?

જવાબ સાંભળી નરવાઘ નિરાશ થઇને ચાલ્યો ગયો.

રૂપાળીને વિચાર આવવા લાગ્યા કે આ નરવાઘ દેખાવમાં ભયંકર લાગે છે, પણ વાત કરે છે ત્યારે બહુ રાંક બની જાય છે. જરૂર, એનું હૈયું બહુ સારૂં લાગે છે.

રાતે ફરી પાછો ચકતાવાળો રાજકુંવર તેને સ્વપ્નામાં આવ્યો. તેણે રૂપાળીને પુછ્યું, 'આ નરવાઘ તને ગમે છે ?'

રૂપાળી—ના.

રાજકુંવર—ત્યારે હું તેને મારી નાખું?

રૂપાળી—ના! ના! ના! એ તો બિચારો બહુ ભલો છે. તેને ન મારતા! તે મારા ઉપર તો બહુ હેત રાખે છે.

એમ કરતાંકરતાં ઘણા દિવસો ગયા. એક વખત રૂપાળીને પોતાના બાપને મળવા જવાનું મન થયું. તેણે નરવાઘને પોતાની ઇચ્છા બતાવી.

નરવાઘ—અરે છોકરી, તું જઇશ તો મને જરા યે નહિ ગમે. તારા વગર હું મરી જઇશ.

રૂપાળી—કોઇ રીતે મને જવા દો. મારા બાપને મળવાનું મને બહુ મન થયું છે.

એ સાંભળી નરવાઘનું મોં પડી ગયું. તે એ-



હા કહેતાંની સાથેજ, સામે જુએ છે તો, નરવાઘને બદલે સ્વપ્નામાં જોએલો દેવકુમાર સામે ઉભો-ઉભો હસી રહ્યો છે.

શિયાળો થઇને બોલ્યો, 'ઠીક, તારે જવું જ છે તો જા. પણ બરાબર એક મહિને પાછી આવજે, નહિતર હું મરી જઇશ. આવવું હોય ત્યારે મનમાં વિચાર કરજે એટલે અહીં પહોંચી જઇશ.'

રૂપાળી બહુ જ ખુશ થઈ ગઇ ને બોલી, 'ભલે, હું એક મહિને પાછી આવીશ.'

પહેલાંની જેમ બે ઘોડા આવ્યા. તેમાં એક ઉપર બહેનો માટે ખુબ મોંઘી ચીજો અને લુગડાં લીધાં. ને બીજા પર પોતે બેઠી. રૂપાળી બાપને ઘેર પહોંચી ત્યારે તેને જોઇને બધાં રાજીરાજી થઇ ગયાં. હવે તો મોટી બહેનો પણ તેનું માન રાખવા લાગી.

વાતવાતમાં એક મહિનો પુરો થવા આવ્યો, એટલે રૂપાળીએ બાપને કહ્યું કે મારે હવે જવું પડશે. મેં નરવાઘ પાસેથી એક મહિનાની છુટ માગી હતી.

પણ વાણિયાએ તેને સમજાવીને કહ્યું કે હવે ત્યાં જવાનું માંડી વાળ. એ જંગલમાં તે એકલાં અવતાર શે જાય ?

રૂપાળી તો શેકાઇ ગઇ.

પણ મહિના ઉપર ત્રણચાર દિવસ થયા ત્યાં એને સ્વપ્નું આવ્યું. તેમાં પેલી દેવી આવી અને રૂપાળીને ઠપકો આપવા લાગી: 'તું હજી કેમ ગઇ નથી? તારા વિના નરવાઘ મરી જાય છે. ઝટ જા. નહિ તો એ મરી જશે.' એ જ વખતે સ્વપ્નામાં તેણે નરવાઘને એક સરોવરની પાળે તરફડતો જોયો.

રૂપાળીને બહુ લાગી આવ્યું. ઘરમાં કોઇને પુછ્યું નહિ ને મનમાં ઇચ્છા કરી કે પોતે એ મહેલમાં પહોંચી જાય. એકદમ તે ત્યાં પહોંચી. પણ મહેલમાં ક્યાં ય નરવાઘ મળે નહિ.

ચારેકોર એ ખબર કાઢવા નીકળી પડી. ત્યા બરાબર સ્વપ્નામાં જોએલ સરોવરને કાંઠે નરવાઘ પડેલો. એની ડોક મરડાઇ ગએલી અને હાથપગ લબડના પડેલા. પાસે જઈ રૂપાળીએ નરવાઘના શરીરે હાથ ફેરવ્યો કે નરત તેનામાં ચેતન આવ્યું ને આળસ મરડી એ બેઠો થયો. રૂપાળી સામું જોઇને તે ખુબ હરખાયો. પછી બંને જણ મહેલમાં આવ્યાં.

નરવાઘે વળી રૂપાળીને પુછ્યું, 'છોકરી તું મને પરણીશ?'

રૂપાળી—હા, જરૂર પરણીશ.

હા કહેતાંની સાથે જ સામે જુએ છે તો નરવાઘનું રૂપ નથી ને તેને બદલે સ્વપ્નામાં જોએલો દેવકુમાર સામે ઉભોઉભો હસી રહ્યો છે!

રૂપાળીના હરખનો પાર ન રહ્યો અને તેણે રાજકુંવરનો હાથ પકડ્યો. એવામાં સામેથી સ્વપ્નાવાળી દેવી આવી. તેણે કહ્યું, 'રૂપાળી તુ તો મોટી ભાગ્યશાળી છે. હું આ કુંવરની મા થાઉં. કુંવરને શાપ હતો કે કોઇ રૂપાળી છોકરી તેના બિહામણા રૂપ ઉપર વારી જશે ત્યારે જ તે અસલ રૂપ પામશે. હવે તમે બેઉ સુખિયા થયાં.'

બહેન

ગુજરાતી ટાઇમ ટેબલ: (માસિક) તંત્રી, એચ. વી. દલાલ, વડગાદી, મુંબાઈ-૩: છુટક નકલની કી. ૦–૨–૦

ઔદીચ્ય વિદ્યાર્થી ભવન-ભાવનગરનો દસમો તથા અગિયારમો વાર્ષિક રીપોર્ટ.

સમાજ સેવા મંડળ-મોમ્બાસાનો છઠ્ઠો વાર્ષિક રીપોર્ટ. રંગુન સેવાસમાજનો ચોથો રીપોર્ટ.

સ્વીકાર અને અવલોકન

નવી બાળપોથી: કર્તા, કાનજી કાળીદાસ જોશી; પ્રકાશક, કે. કે. જોશી એન્ડ બ્રધર્સ, કાંદાવાડી મુંબઇ ૪; કી.૦-૧-૩

એક શ્રીમાન પિતાએ પોતાના સદ્દ્ગત બાળરત્નની યાદગીરીમાં આ પોથીનો સર્વ ખર્ચ ઉપાડી લઇ આખા મુંબઈ ઇલાકામાં મફત વહેંચવાનું સ્વીકાર્યું છે તેથી તેનો પ્રચાર તો સારી રીતે થશે. પરંતુ એ ચોપડીની યોગ્યતા બાબત જેજે અભિપ્રાયો તેના પુંઠા પર છાપવામાં આવ્યા છે તેમાં અમે સંમત થઇ શકતા નથી. અને અમને નવાઇ લાગે છે કે બાળશિક્ષણ વિષે હમણાં કેટલાક સિદ્ધાંતોનું સ્પષ્ટ પ્રકટીકરણ થએલું છતાં મોટા માણસો પોતાના પ્રામાણિક અભિપ્રાયો કેમ આપતા નહિ હોય! અમે આશા રાખીએ છીએ કે **શ્રી** ગિજુભાઇ બધેકા, **શ્રી** તારાબહેન કે કાકાસાહેબ કાલેલકર જેવા શિક્ષણવિજ્ઞાતા આ પુસ્તકના ગુણદોષો પર સ્પષ્ટ વિવેચન કરી કેળવણીખાતા પર ઉપકાર કરશે. પુસ્તકનાં ચિત્રો અને છપાઇની યોજના વિષે પણ અમારે કહેવું જોઇએ કે જે થોડાંએક બાલપુસ્તકો હમણા બાહાર પડયાં છે તે જોયા પછી ભાગ્યે જ કોઇ આવી બેદરકાર રીતે છાપેલું પુસ્તક બાળકોના હાથમાં મુકવા ખુશી હોય. પ્રગટકર્તાઓ આ બીના ઉદાર રીતે સ્વીકારીને ભવિષ્યમાં આવો ખર્ચ કરતાં પહેલાં વિચાર કરશે તો દેશને લાભ થશે. બાળકોના પાઠ્ય પુસ્તકોમાં જાહેરાત અને બીજું પ્રચારક સાહિત્ય છાપવું યોગ્ય નથી.

સૌરાષ્ટ્રની રસધાર ભાગ ૫: સંપાદક, ઝવેરચંદ મેઘાણી; પ્રકાશક, અમૃતલાલ દલપતભાઇ શેઠ, રાણપુર; કી. ૧–૮–૦

મોટી બહેન અથવા **માયાળુ માધવી:** બંગાળી ઉપરથી તરજુમો કરનાર, સુશીલ; પ્રકાશક, શા મેઘજી હીરજી બુકસેલર: પાયધુની, મુંબાઇ-૩ કી. ૧–૦–૦

શિરીષ: સામાજિક નવલકથા; લેખક, રમણલાલ વસંતલાલ દેસાઇ: પ્રકાશક, શ્રી સયાજીવિજય ઑફિસ, વડોદરા; કી. ૧–૦–૦.

કચ્છનો બૃહદ્ ઇતિહાસ: લેખક અને પ્રકાશક, જયરામદાસ જેઠાભાઈ નયગાંધી અંજાર–કચ્છ; કી. ૧–૮–૦

કચ્છની રસધાર પ્રથમ ભાગ: લેખક અને પ્રકાશક, જયરામદાસ જેઠાભાઈ નયગાંધી, અંજાર–કચ્છ; કી. ૦–૪–૦

કુમાર વીરસેન: લેખક, ચન્દ્રશંકર મણિશંકર ભટ્ટ; પ્રકાશક, પુસ્તકાલય સ. સ. મંડળ લિ. વડોદરા; કી. ૦–૪–૦

કિરણાવલિ: લેખક, લતીફ; પ્રકાશક, અબ્દુલ લતીફ ઇબ્રાહીમ, અંજાર-કચ્છ; કી. ૦–૪–૦

પ્રત્યક્ષ પંચાંગ: બે ભાગમાં: નિરયન વિભાગ તથા સાયન વિભાગ: કર્તા, હરિહર પ્રાણશંકર ભટ્ટ અને કૃષ્ણરામ બહાલમજી ભટ્ટ; પ્રકાશક, હરિહર પ્રાણશંકર ભટ્ટ, સાબરમતી: કી ૦–૧–૦

સેવાસમાજ–વઢવાણ કૅમ્પનો દ્વિતીય રીપોર્ટ.

જ્ઞાનલીલા

શ્રાવણની જ્ઞાનલીલાના આવેલા ૪૦ ઉત્તરોમાંથી બધા પુરા સાચા નીચેના ૧૭ જણના છે. ઇનામ તેમને મોકલાશે. શંભુભાઇ નારાયણભાઇ પટેલ-નડિયાદ; મોતીરામ મનસુખરામ દવે-મુંબાઇ; હરિલાલ મલુકચંદ પારેખ-મુંબાઈ; ધીરજલાલ પરમાનંદ શેઠ-મુંબાઇ; બાલુભાઇ હરિભાઇ મહેતા-ભાવનગર; ગંગારામ હીરારામ જોશી-મુંબાઇ; રામભાઇ લાલભાઇ નાયક-અંચેલી; મણિલાલ કેદારલાલ જોશી-મુંબાઈ; વસંતલાલ વ્રજલાલ ગાંધી-મુલુંડ; વીરચંદ પાનાચંદ શાહ-મુંબાઇ; છીતાભાઈ ત્રિભુવનદાસ પટેલ-વડોદરા; બાલસિંહજી શિવસિંહજી-ભાવનગર; કાન્તિલાલ નગીનદાસ પટેલ-અમદાવાદ; નટવરલાલ બલાભાઇ દવે-અમદાવાદ; ગ્રા. નં. ૨૭૪; પ્રાણલાલ માણેકલાલ શેઠ તથા દમયંતી માણેકલાલ શેઠ-મુંબાઇ.



ખરા જવાબ નીચે મુજબ: **(૧)** રીંછ બાજુમાં. **(૨) ગણિત-ગમ્મત:** (૧)૨,૫,૧,૧૨ (૨) ૩૯ દિવસે (૩) મનુ કનુ પાસે જે બે આના માગતો હતો તે તનુ પાસેથી કનુએ મનુને અપાવ્યા, અને ઘેરથી લાવેલ એક આનો મનુએ તનુને આપીને ત્રણ આનાનું કરજ પતાવ્યું. આ રીતે સૌનું કરજ પતી ગયું. **(૩) ઓળખી કાઢો:** કેળું, કોળું.

(૪) અંકચોરસ: નીચે. **(૫) શબ્દગોઠવણ:** નીચે.

૧	૧૫	૧૪	૪
૧૨	૬	૭	૯
૮	૧૦	૧૧	૫
૧૩	૩	૨	૧૬

શબ્દગોઠવણ-માંના કાળા અક્ષરોને સાથે લેવાથી નીકળતું કવિનું નામ: નાનાલાલ દલપતરામ

ર સ **ના**
બ **ના** ત
સિ મ **લા** લ ન ક **લ**
મ ' **લ** મ આ **પ** ત્તિ
દ શૈ ક પો **ત** નં ય
ક **રા** ર
મ જ લ


(૬) શબ્દ-શિરચ્છેદ: લોખંડ, હાલત, મુંબાઇ, સમાન, હજાર. **(૭)** કુમારના ચાર લેખકો: હરિનારાયણ આચાર્ય, દેશળજી પરમાર, હરિપ્રસાદ દેસાઈ અને ગજાનન ભટ્ટ.

નીચેના નવા સવાલોના ઉત્તર કારતક સુદ દશમ સુધીમાં પહોંચી જવા જોઇએ. નવા સવાલો મોકલનારને પણ યોગ્ય ઈનામ આપવામાં આવે છે. પરંતુ એ સવાલો તદ્દન નવા ઉપજાવી કાઢેલા ને બુદ્ધિને કસે એવા હોવા જોઇએ.


નવા સવાલ

(૧) આ નીચે પાંચ ગુંચવાએલી કહેવતો આપી છે; ઉકેલી આપો: (૧) સાનેન ચચ આંદિ (૨) માનો જમવું ગાન પુજેગે ચોહિ તે શું છ? (૩) સાર ઉગ્રા હોગ્રા, તોત્ત ઠજા (૪) ગડામામા તેજાના બી વાવ (૫) સાકરાશી શ્રાથ વરૂવું.

(૨) ગણિતગમ્મત: (૧) એક સભામાં મુકાએલી દરખાસ્ત ઉપર મત ગણતાં તરફેણમાં પડેલા મત, વિરૂદ્ધ પક્ષ કરતાં ૧/૩ વધારે હતા. થોડી વાર પછી મંત્રીએ બધા મત ફરીથી ગણીને જણાવ્યું કે મત ગણવામાં ભુલ થઇ છે ને ૧૧ મત જે વિરૂદ્ધ ગણાવા જોઇએ તે તરફેણમાં ગણાઈ ગયા છે. અને એ મુજબ ભુલ સુધારીને ગણતાં મંત્રીએ જાહેર કર્યું કે દરખાસ્તની વિરૂદ્ધમાં એક મત વધારે પડતાં દરખાસ્ત ઉડી જાય છે. ત્યારે કુલ મતદારો કેટલા હશે ને બંને તરફ બીજી વખત કેટકેટલા મત ગણાયા હશે? **(૩) ઓળખી કાઢો:** સૃષ્ટિનાં બે તત્ત્વો છે. એ બે શબ્દો વચ્ચે માત્ર એક હ્રસ્વ 'ઇ'નો ફેર છે. એ બંને નામ ઓળખી શકો છો?



(૪) બાજુની આકૃતિમાં બતાવ્યા પ્રમાણે એક ભરવાડ એના વાડામાં પાંચ ઘેટાં બાંધતો. પણ એ પાંચે ઘેટાં લડયા જ કરતાં. એટલે ભરવાડે વાડામાં ત્રણ વાડો નાખીને દરેકને છુટું પાડી દીધું. એણે કેવી રીતે વાડો નાખી હશે, કહેશો?



(૫) અંકચોરસ: બાજુએ બતાવેલા નમુના મુજબ ૨૫ ખાનાના ચોરસમાં ૧ થી ૨૫ સુધીનો દરેક આંકડો એવી રીતે ગોઠવો કે દરેક આડી તેમજ ઉભી લીટીના આંકડાનો સરવાળો ૬૫ થાય.

દી	વા	ળી
સ	વા	ર

(૬) શબ્દ ફેરવણી: ડાબી બાજુએ બતાવેલા કોઠા મુજબ દરવખતે માત્ર અકેક અક્ષર ફેરવીને 'દીવાળી'ની 'સવાર' લાવી દો. **(૭) ભૂગોળ-ગમ્મત:** મુંબાઇ ઇલાકાનાં એવાં નવ મથકો શોધી કાઢો કે જેના અર્થ અનુક્રમે નીચે મુજબ થાય: (૧) હાથ (૨) વીંટી (૩) મશ્કરી (૪) લાકડી (૫) કપાળ (૬) ચિત્ર (૭) કાંકરી (૮) મજા (૯) હર્ષ. (ડા. ઇ. પટેલ)

(૮) શબ્દ-ગોઠવણ: ડાબી બાજુએ બતાવેલા નમુના

×
. × .
. . × . .
. . × . .
. × .
×

મુજબ નીચે આપેલા અર્થોવાળા શબ્દો ક્રમસર ગોઠવી આપો. જ્યારે એ બધા શબ્દો ખરેખરા ગોઠવાઇ ગયા હશે ત્યારે ચોકડીથી બતાવેલી લીટીમાં 'કુમાર'ના એક લેખકનું નામ બની જશે. પહેલી ચોકડી+છેલ્લી ચોકડી=નાશ કર; આડી લીટી: બીજી હાર=એક પ્રાણી-સ્ત્રી જાતિમાં; ત્રીજી હાર=કૃષ્ણનું એક નામ; ચોથી હાર=મધ્ય હિન્દુસ્તાનનું એક ગામ; પાંચમી હાર=એક પક્ષી. **(૯) શી સગાઈ?** એક બાઇ એક માણસને કહે કે 'તમારો સસરો મારા સસરાને બાપ થાય.' ત્યારે એ બે વચ્ચે શી સગાઈ હશે?



માધુકરી

જ્ઞાનનો ગરવો ઝુંડો

જ્ઞાન એ શક્તિ છે. તે આપનાર અને મેળવનાર બંને ધન્ય બને છે. અત્યાર સુધી તો આપણે એ યૂરોપ પાસેથી ઉછીનું લેવામાં જ આપણો સમય ગાળ્યો, અને આપણે બૌદ્ધિક કરજમાં ડુબ્યા. આપણા લેખકો અંગ્રેજોનું જ અનુકરણ કરે; આપણા વિચારકો વિલાયત પ્રત્યે મીટ માંડીને ત્યાંથી જ પોતાના આદર્શો ઘડે; કવિઓ એ પર સાહિત્યમાંથી જ પોતાની પ્રેરણા પીએ; વક્તાઓ એ ભાષામાં બોલે. પણ હવે આપણે સ્વાશ્રય ને સ્વતંત્રતાના આશક બન્યા છીએ. હવે આપણે એ પરાધીનતાનાં પટલો છેદી નાખવા આતુર છીએ. એટલે આપણે એ પરદેશી વિચાર-સરણી, એ પરદેશી આદર્શો, એ પરદેશી સાહિત્યકળામાંથી મુક્ત થયે જ છુટકો.

અને આપણે પણ કંઇ બૌદ્ધિક બેકાર નથી. આપણને ઘડતાં આવડે છે, આપણને ચીતરતાં આવડે છે, આપણને લખતાં ય આવડે છે. નવો માલ બનાવવાની શક્તિ આપણાં શરીરોમાં ઇશ્વરે અણુપરમાણુ રૂપે પણ મુકી છે. છતાં નવીન શોધખોળનો, નવાં શાસ્ત્રોનાં સંશોધન અને પ્રકાશનનો આખો ય ઈજારો આપણે યૂરોપને જ આપીએ તો પછી આપણે ગુલામડાં જ રહીશું અને યૂરોપે ઉતારેલાં એ ફાટયાંતુટયાં ચીંથરાં સમા વસ્ત્રોથી આપણી બૌદ્ધિક લજ્જાને ઢાંકતા રહીશું. આ સ્થિતિમાંથી બચવું આપણા જ હાથમાં છે.

પણ માત્ર આપણા હાથમાં છે એટલો જ ખ્યાલ બસ નથી. એ સ્થિતિમાંથી બચવું એ આપણો પરમ પૂનિત ધર્મ છે—એ આપણી સર્વશ્રેષ્ઠ ફરજ છે. હિંદની રાષ્ટ્રીયતાનું અંતિમ ધ્યેય બૌદ્ધિક ઉન્નતિ સિવાય નથી સધાવાનું. આજનાં વિદ્યાપીઠોનાં જીવનસાફલ્ય એ સાધનામાંથી જ પ્રકટશે. વિદ્યાપીઠો કંઇ કારકુનો અને ભાષાંતરકારો પેદા કરવાને જ નથી નીપજ્યાં. વિદ્યાપીઠોએ તો બૌદ્ધિક સ્વતંત્રાનો—નવવિધ જ્ઞાનનો ગરવો ઝુંડો ગગનમાં ફરકાવવાનો છે. જે દેશ, પરદેશની પાસેથી ખોબોખોબો જ્ઞાન ભીખ માગીને લેતો હોય તે સ્વરાજ તો કેમ જ મેળવી શકે ? અને મેળવે તો કેમ ટકાવે ?

તમારી મુંબાપુરી હિંદનું પ્રવેશદ્વાર કહેવાય છે. એ જ મુંબાપુરીને જ્ઞાનમંદિરના પ્રવેશદ્વાર તરીકે જગતભરમાં પંકાવો. સ્વમાનશીલ ભારતવાસી આ પ્રવેશદ્વારમાંથી જગત પર અભિનવ વિદ્યાકળા ને અવનવાં શાસ્ત્રો–વિજ્ઞાનોથી દિગન્તવિજયી કિરણાવલિ પ્રકટાવે એ લ્હાવો સૌ કોઇ ઝંખે છે. મુંબાઈગરાઓ ! આ અપેક્ષા ખરી પાડી બતાવો.

નવા પદવીધરોને હું એ શબ્દો જ કહીશ. તમારી ઉચ્ચ પરંપરાને જાળવી રાખજો. તમારે હૈડે સદૈવ સંભારજો કે જે નોંધપોથીમાં તેલંગ ને ભાંડારકર, રાનાડે ને રાજવાડેનાં નામો લખાયાં છે, તેમાં જ તમારાં નામો પણ નોંધાય છે. તમારે માટે પણ કંઇક કર્તવ્ય સામે જ પડેલું છે. વીર પુરુષ માત્ર અનુકૂળ પ્રસંગને જ ઝંખે છે, પરિણામનો તે વિચાર નથી કરતો.

(શ્રી જદુનાથ સરકારે મુંબાઇના પદવીદાન સમારંભ પ્રસંગે આપેલા ભાષણમાંથી)

ગુર્જર વીર

અમે તો ગરવા ગુર્જર વીર.

કેસરી-હાક અમારી ભયાનક
ગજવે ગવ્હર ગિર;
આંખલડીમાં અગ્નિ સમાવ્યો
કેસર–રંગ્યાં ચીર:
અમે તો ગરવા ગુર્જર વીર.

卐

છાંટી આભ જયોન્મત્ત ઘુઘવે
ઘેરાં સાગર-નીર,
તેને મસ્તક નર્તન ખેલી
બાંધ્યાં બલ-જંજીર:
અમે તો ગરવા ગુર્જર વીર.

卐

કાળે બાણ કુટિલ બનાવ્યું,
સૂર્યે ઝબોળ્યાં તીર:
વીજલ ઘોર ઘનેથી ઉતરી
ભેટે અમ શમશીર:
અમે તો ગરવા ગુર્જર વીર.

卐

મૃત્યુના મીજબાન સદાના,
માણુ ઉદાર અમીર:
કાળ તાણે કુંકુમ ચાંદલિયે
અમૃત યશની લકીર:
અમે તો ગરવા ગુર્જર વીર.

રમણલાલ દેસાઈ

દીનબંધુ ગંગારામ

એન્ટ્રન્સ (મૅટ્રિક)ની પરીક્ષા પસાર કરીને એક છોકરો લાહોરની બજારમાં નોકરી માટે ફાંફાં મારતો હતો. એક દિવસ તે એન્જિનીઅરિંગ ઑફિસમાં કામ કરતા પોતાના પુરોહિતને નોકરીની આશાએ મળવા ગયો, ને કુમારાવસ્થાના સ્વપ્નમગ્ન ચિત્તે ઑફિસમાં પડેલી એક સરસ ખુરશી પર બેઠો. થોડી વારે એક અમલદાર આવ્યો ને એને ધમકાવી ખુરશી પરથી ઉઠાડી મુક્યો. એ ખુરશી તો પેલા અમલદાર માટે હતી! એટલામાં એની ઓળખાણવાળા પુરોહિત આવી પહોંચ્યા ને એ હવે શો ધંધો કરવા માગે છે તે પુછ્યું પણ હવે એ છોકરાને નોકરી નહોતી જોઇતી. એણે જવાબ આપ્યો કે હવે તો એન્જિનીઅર થઇ આ જ ખુરશી પર બેસવું છે!

પાછળથી એન્જિનીઅર થઇ એ જ ઑફિસમાં નીમાઇ એ જ ખુરશી પર બેસી એણે પોતાની પ્રતિજ્ઞા પૂર્ણ કરી. એ છોકરો બીજો કોઇ જ નહિ પણ લંડનમાં હમણાં જ અવસાન પામેલા હિંદના સમર્થ ઇજનેર અને શ્રેષ્ઠ દાનવીર સર ગંગારામ.

ગુજરાત કાઠિયાવાડમાં ભાગ્યે જ કોઇ એમનું નામ જાણતું હશે. છતાં એ ગંગારામ નામના પંજાબીની અસામાન્ય જીવનકથાનો ગુજરાતી આલમને સાચો પરિચય થાય તો, ગુજરાત ઘડીભર સ્તબ્ધ બની જાય. પંજાબના ગવર્નર સર માલ્કમ હેલીએ એક વેળા કહેલું તેમ, 'વીર નરની માફક દ્રવ્ય રળનાર અને સંત પુરુષની જેમ તેને પારમાર્થિક કાર્યોમાં વાપરનાર' એ સર ગંગારામના દેહવિલય ઉપર આજે કેટકેટલી વિધવા નારીઓ, કેટકેટલા વિદ્યાર્થીઓ, અને કોઇ અસંખ્ય દીનજનો શોકાશ્રુ સારી રહ્યાં છે.

પંજાબના શેખપુરા જીલ્લાના એક નાના ગામડામાં વસતા અતિ ગરીબ અગ્રવાલ માબાપનો એ પુત્ર સ્વાશ્રયથી જ હિન્દના વિશેષમાં વિશેષ ધનવાન આદમીઓમાંનો એક બન્યો. પણ એની એ લક્ષ્મી માત્ર પોતાને કે પોતાના કુટુંબને વૈભવી જીવન જીવવા અર્થે નહોતી: એ લક્ષ્મી અનેક ગરીબ પણ પાણીદાર વિદ્યાર્થીઓનો વિદ્યાભ્યાસ પુરો કરવા અર્થે, અનેક ગરીબ માણસોને ખાનગી રીતે માસિક જીવાઇ આપવા અર્થે, અનેક કેળવણીની સસ્થાઓ નિભાવવા અર્થે, અનેક વિધવાઓને નવો સંસાર મંડાવવા અર્થે—અને બીજાં અનેક પારમાર્થિક કાર્યોમાં—અનહદ ઉદારતાપૂર્વક વાપરવામાં આવતી. ઉદારતાની આ ગંગા પોતાની પાછળ પણ વહેતી રહે એટલા માટે એ પુરુષ ત્રીસ લાખ રૂપિયાની રકમ કોરે કાઢી એનું 'સર ગંગારામ ટ્રસ્ટ' બનાવી ગયો છે. એ રકમના વ્યાજમાંથી તેની સ્થાપેલી સંસ્થાઓ નિર્વિઘ્ને પોતાનું જનસેવાનું પુણ્યકાર્ય અવિરત કર્યે જશે.

પણ ગરીબ માબાપના એ છોકરા પાસે આટલી બધી લક્ષ્મી આવી ક્યાંથી? એ પ્રશ્નનો જવાબ ધીરજ, ખંત અને



સ્વાશ્રયના સ્થિર રંગોથી પ્રકાશતી તેની આખી જીવન-કારકીર્દિ આપી રહી છે. ૧૮૭૩માં ગંગારામે ઇજનેરી સ્નાતકની પદવી લીધી અને લાહોરના જાહેર બાંધકામ ખાતામાં આસિ. ઈજનેર તરીકે જીવનની શરૂઆત કરી ત્રીસ વર્ષ સુધી ઈજનેર તરીકે નોકરી કરી, અને એ સમયમાં તો અંગ્રેજ ઇજનેરો કરતાં ક્યાં ય ચડી જાય એવી કાબેલિયત ધરાવતા પ્રથમ દરજ્જાના ઇજનેર તરીકે તેમણે આખા પંજાબ પ્રાન્તમાં નામના કાઢી. આ જુવાન ઇજનેરે તેના ઉત્સાહ, શક્તિ, અને બુદ્ધિમતિમાથી તેના ઉપરીઓ ઉપર પ્રારંભથી જ એવી સરસ છાપ પાડેલી કે તેમને ભાન થઇ ગએલું કે ગંગારામ કોઇ અસામાન્ય માણસ છે.

૧૯૦૩માં દિલ્હી દરબાર વખતે લૉર્ડ કર્ઝન પોતે દરબારની ગોઠવણની નાનામાં નાની વિગતની દેખરેખ રાખતો. તે વેળા, જ્યારે બીજા બધા ઇજનેરો અમુક ઇજનેરી કામ સંબંધમાં માથું ખજવાળતા હતા, ત્યારે ગંગારામે એ કામ—એક રાતમાં એક પુલ ઉભો કરવાનું કામ—કરી આપીને કર્ઝનને તાજુબ કરી દીધેલો. એ બધું છતાં, ગંગારામ જેવા અદ્ભુત શક્તિવાળા માણસને, તે જન્મે હિંદી અને રંગે કાળા હોવાના 'ગુનાહ'ને કારણે, ઉંચામાં ઉંચા ઇજનેરી હોદ્દા ઉપર નહિ મુકવામાં આવેલા: ગંગારામને એ ભેદનું કાંઈ ઓછું દુઃખ નહિ થએલું. પછી તો ત્રીસ વર્ષની સરકારી નોકરી પુરી થતાં તેમણે નોકરીમાંથી નિવૃત્તિ લીધી.

નોકરી છોડ્યા પછી જ, ગંગારામના સાચા જીવનનો

આરંભ થયો અને આજ સુધી સરકારી મકાનો બાંધવામાં જ પુરાઈ રહેલી એ અસામાન્ય નરની બુદ્ધિશક્તિએ મુક્ત સ્વરૂપે નવી દિશામાં વહેવા માંડયું.

ગંગારામે સરકારી નોકરી છોડી ત્યારે તેમને ચેનાબ કેનાલ ઉપર વીસ એકર જમીનની બક્ષિસ કરવામાં આવેલી. નોકરી છોડયા પછી સાઠ વર્ષની વૃદ્ધ વયે, જ્યારે સામાન્ય હિંદી આદમી તો મરણશરણ જ થયો હોય ત્યારે, ગંગારામે જુવાનના ઉત્સાહથી ખેતીવાડીનું કામ ઉપાડયું ને એ જમીનમાં વૈજ્ઞાનિક રીતે ખેતી કરવાનો આરંભ કર્યો. ગંગારામ અને તેમનો મોટો પુત્ર સેવકરામ આ સાહસમાં જોતજોતામાં એટલા સફળ થયા કે તેમણે થોડા જ વર્ષમાં સારી જેવી પુંજી જમાવી. પછી તો ગંગારામે ચેનાબ કેનાલ ઉપર બીજાં મોટાં ખેતરો લીધાં અને પોતાની ઇજનેરી શક્તિઓને ગતિમાં મુકી, છેલ્લી ઢબમાં યંત્રો ગોઠવી, તે ખેતરોની માટીમાં સોનું પકવવા માંડયું. ગંગારામનાં આ બંને ખેતરો પંજાબના ખેડુતોને દૃષ્ટાંત રૂપ બની ગયાં અને ગંગારામના યાંત્રિક ખેતીના આવા સફળ અખતરાએ પંજાબમાં યાંત્રિક ખેતીના યુગની શરૂઆત કરાવી.

ત્રીજી વખત ગંગારામે ૨૩૦૦૦ એકર ઉજ્જડ જમીન પંજાબ સરકાર પાસેથી ત્રણ વર્ષને પટ્ટે લીધી. એવી શરતે કે ત્રણ વર્ષ દરમિયાન એ જમીનમાં પોતે જે કુવાઓ બંધાવ્યા હોય, જે સંચા વસાવ્યા હોય, જે મકાનો કર્યાં હોય, તે બધું સરકારને જાય, માત્ર ત્રણ વર્ષમાં પોતે લીધેલી ઉપજ જ પોતાને રહે. આવી આકરી શરતોએ લીધેલી એ જમીનમાંથી પણ ગંગારામે બહુ સારી પેદાશ કરી, એટલું જ નહિ પણ એ ઉજ્જડ જમીનને પ્રથમ વર્ગની ફળદ્રુપ જમીન બનાવીને તે સરકારને પાછી સોંપી! ગંગારામની આ સફળતાથી ખુશ થઈ, સરકારે તેને ફરીવાર આથી યે ઘણી મોટી–૧૨૫ ચોરસ માઈલ એટલે ૮૦,૦૦૦ એકર જમીન સાત વર્ષને પટ્ટે આપી. એમાંથી પણ ગંગારામે ભારે કમાણી કરી. આમ એમણે લાખોની મિલકત પોતાના બુદ્ધિસામર્થ્યથી અને શારીરિક શ્રમથી જ સર્જી. ૧૯૨૨માં હિન્દી સરકારે તેમને સર બનાવ્યા.

સર ગંગારામ દિલના જેવા દિલાવર અને લાગણીપ્રધાન હતા, તેવા જ મૌલિક વિચારક પણ હતા. એક પાસથી હૃદય હિંદની ગરીબાઇ જોઇ દ્રવતું તો બીજી પાસથી મગજ એ ગરીબાઈ ફેડવાની યોજનાઓ વિચારતું. અંગ્રેજીમાં જેને 'Heart, Head અને Hand' કહે છે એ—દુઃખ અનુભવનારૂં હૃદય, તેજસ્વી બુદ્ધિપ્રભા અને શરીરશ્રમનું સામર્થ્ય—ત્રણે ગુણો સર ગંગારામમાં વસ્યા હતા.

અનેક હિન્દુ સમાજસુધારકો હિન્દુ વિધવાના ઉદ્ધારની અનેક વાતો કરે છે, અનેક શ્રીમન્ત હિન્દુ વિધવાના પુનર્વિવાહની વાત ભારે ઝનુનથી ઉચ્ચારે છે, પણ આજ સુધીમાં હિન્દુ સમાજમાંથી એક જ હિન્દુ એવો નીકળ્યો છે કે જેણે, પોતે જે વસ્તુમાં માનતો હતો તે વસ્તુને આચરણમાં ઉતારવા પોતાની પુંજીને આંખો મીચીને ખર્ચી નાખી,—જેણે હિન્દુ વિધવાનાં વૈધવ્યદુઃખ હળવાં કરવા આશરે અર્ધો કરોડ રૂપિયા ન્યોછાવર કરી દીધા! સર ગંગારામ શબ્દોમાં નહિ પણ કાર્યોમાં માનનારો સમાજસુધારક હતો અને ભારતવર્ષ તેને શબ્દશૂર આદમી તરીકે નહિ, પણ કાર્યશૂર નર તરીકે સદા આરાધશે.

આપણા યુવકને બેકાર દશામાં તરફડિયાં મારતો જોઈ, કોઈ જીવનવ્યાપી મહેચ્છા વિના સામાન્ય રીતે જીંદગી પુરી કરતો જોઈ એ નરવીરનું નામ યાદ આવે છે. હિંદી યુવકને જો જીવનાદર્શ જોઇતો હોય તો આ રહ્યો સર ગંગારામ. ગંગારામનું જીવન એવું ભવ્ય અને ભાવનાભરપુર છે કે કોઇ પણ કોડીલા જુવાનને એને ધ્યેય તરીકે સ્વીકારતાં નવપ્રેરણા સાંપડે. ગુજરાતના જુવાન સર ગંગારામને અને તેમના પ્રેરણાદાયી જીવનને નજર સમક્ષ રાખે અને તેની તીવ્રતાથી હિંદુ સંસારને સુધારવાના ક્ષેત્રમાં ઝુકાવે એ જ સર ગંગારામના જીવનનો બોધપાઠ છે. ('સૌરાષ્ટ્ર' પરથી)

પ્રો. ખાન્ખોજે

વર્ધાની મિડલ સ્કુલમાં અભ્યાસ કરતા એક છોકરાનો વિવાહ કરવાનું એના પિતાએ નક્કી કર્યું. આ વાતની ખબર પડતાં એ નાના પણ તેજસ્વી બાળકે પોતાની ભાવિ ધારણાઓ ને યોજનાઓ પિતાને કહી સંભળાવી ને લગ્નની સાફ ના પાડી. પણ પિતાએ એની વાત નહિ ગણકારતાં તરત જ લગ્નતિથિ નિર્ધારી. છોકરાને આ બીલકુલ ગમ્યું નહિ.

પોતાના મિત્રને ચોપડી આપવા જવું છે એવું બહાનું કાઢી પહેરેલ લુગડે તે એક દિવસ ઘેરથી નીકળી ગયો. ખીસામાં રાતી પાઇ ન મળે. આખો દિવસ અને ક્યારેક તો રાતદિવસ મળીને સોસો માઇલની મજલ ખેડતો એ આકૂર ગામડે આવી પહોંચ્યો. ત્યાં થોડાક દિવસ રહીને વળી હૈદ્રાબાદ ગયો. થાક ખુબ લાગ્યાથી અને અંધારૂં થયાથી તે એક હનુમાન મંદિરમાં જઈ બેઠો. એવામાં કોઈ બ્રાહ્મણી દીવામાં તેલ પુરવા આવી. બાઇએ છોકરાને જોયો ને એને પોતાને ઘેર આવવા આગ્રહ કર્યો. છોકરો એની જોડે ગયો ને કેટલાક દિવસ ત્યાં રહી લગ્નગાળો ઉતરી ગયા પછી વર્ધા પાછો ફર્યો. એ છોકરો તે આજ એકત્રીસ વર્ષથી વિદેશમાં વસી રહેલા ને ખેતી વિષયક અનેક પ્રવૃત્તિઓથી જાણીતા ને પૂજ્ય થએલા પ્રો. પાંડુરંગ સદાશિવ ખાન્ખોજે.

એમનો જન્મ ઇ. સ. ૧૮૮૪ની ૨૭મી ડિસેમ્બરે વર્ધામાં થયો હતો. બાળવયમાંથી જ એમને ભારતભૂમિના ઉદ્ધારનો રસ લાગેલો. પહેલી વારની સ્વદેશી ચળવળમાં તેમણે ઉત્સાહભર્યો ભાગ લીધો હતો. વર્ધામાં યવતમાલની રાષ્ટ્રીય શાળામાં

નિ:સ્વાર્થ પ્રીતિથી કામ કરનારાઓમાં એ હતા. હનુમાન અખાડો સ્થાપવામાં એમની જ આગેવાની હતી. વર્ધાનું સુવિખ્યાત 'હનુમાન ગઢ' એમણે એકલે હાથે શરૂ કરેલું.

વર્ધાની કેળવણી પુરી કર્યા પછી પ્રો. ખાન્ખોજેને પરદેશ જઇને પોતાનું જ્ઞાન વધારવાનો તીવ્ર તલસાટ જાગ્યો. ઉચ્ચ શિક્ષણ મેળવવાનો નિર્ણય કરીને હવે પાંડુરંગ લોકમાન્ય તિલક મહારાજની સલાહ લેવા પુના ઉપડ્યા. પરદેશ જવાના એમના વિચારને તિલક મહારાજે ઉત્તેજન આપ્યું. મિત્રો કનેથી જેમતેમ કરી વાટખર્ચી મેળવીને ઇ. સ. ૧૯૦૬માં એમણે અમેરિકા જવા હિંદુસ્તાનનો કાંઠો છોડ્યો.

અમેરિકા જતાં વચ્ચે રસ્તે તેમણે ચીન અને જાપાનમાં એક વરસ વીતાવ્યું. ત્યાં ખેતી અને ઔદ્યોગિક વિષયોને લગતું જ્ઞાન મેળવી ઈ. સ. ૧૯૦૭માં એ અમેરિકા પહોંચ્યા અને કૅલિફૉર્નિયાની ઑરેગન કૃષિશાળામાં અભ્યાસ શરૂ કરી ૧૯૧૧માં બી. એસસી. ની ડિગ્રી મેળવી. ત્યારબાદ એ ઑરેગનના સુક્કા પ્રદેશમાં એની આસપાસના અન્ય ભાગોમાં મુસાફરીએ નીકળ્યા અને 'ડ્રાઈ ફાર્મિંગ'ની રીત શીખ્યા.

તે પછી વળી એમણે વૉશિંગ્ટનમાં અભ્યાસ માંડ્યો. ત્યારબાદ એમણે કૉલેજ બદલી ને સ્ટેટ્સ કૉલેજમાંથી ૧૯૧૩માં એમ. એસસી. ની ડિગ્રી મેળવી. બે વરસ પુલમેનમાં રહીને આગળ અભ્યાસમાં અને ખેતીના વ્યવહારૂ કામમાં કુશળતા પ્રાપ્ત કરી. ફળ ઉગાડવાની એમની નિપુણતા વખણાઇ. કેટલોક વખત ત્યાં સહાયક અધ્યાપકનું કામ કરીને તેઓ મિનેસોટા વિદ્યાપીઠના ખેતી ખાતામાં સેન્ટ પોલ કૉલેજના લેકચરર તરીકે નીમાયા. ખેતી ઉપરાંત તે ડબ્બા બનાવવાનો, દીવાસળીનો, સાબુનો, કલઈ ઉપર છાપકામ કરવાનો તથા પેટીઓ બનાવવાનો હુન્નર શીખ્યા. વળી એમણે સીદીલોક અને અમેરિકાના મૂળ વતનીઓના ઉદ્ધાર વિષે બહુ બારીકાઈથી ઉપયોગી વિચારણા કરી. આ બધુ કેવળ તેમણે સ્વાશ્રયથી જ પ્રાપ્ત કર્યું. અમેરિકાના મોટા ભાગની મુસાફરી કરી, અનુભવ લઇ, નવીનવી સંસ્થાઓ જોઇ તેમણે પોતાનો જ્ઞાનકોશ ભરચક ભર્યો.

૧૯૧૨માં એમણે હીંદી ઔદ્યોગિક કેળવણીની યોજના ઘડી અને એ વિષયના અભ્યાસમાં રત રહેવા મંડ્યા. હીંદી ઔદ્યોગિક કેળવણીનું અમેરિકન મંડળ સ્થાપીને અમેરિકાનાં જુદાંજુદાં સસ્થાનોમાં ફરીને તેમણે હીંદની ખેતી વિષે રસભર પ્રવચનો કરવા માંડ્યાં.

હિંદુસ્તાન પાછા ફર્યા પહેલાં એમને યૂરોપનાં પણ બધાં રાજ્યોનું કૃષિવિષયક જ્ઞાન મેળવી લઇને પછી પોતાના આ બધા વિશાળ જ્ઞાન ને અનુભવનો લાભ પોતાની જન્મભૂમિને આપવાની એમને હોંશ હતી. મહાનુભાવી મિત્રોની સહાયથી તેમણે હીંદમાં કેટલીક ઉદ્યોગશાળાઓ સ્થાપવાનો નિર્ણય પણ કર્યો હતો. પરંતુ એમની ઇચ્છા પાર ન પડી.

૧૯૧૪માં એમણે સ્વદેશ આવવાની તૈયારી કરી. ન્યૂયોર્ક થઇ યૂરોપને રસ્તે એ આવવા નીકળ્યા, અને પોતાનો હજારોની કીંમતનો સરસામાન મુંબાઈ મોકલાવી દીધો. એમાં મુખ્યત્વે કરીને ખેતીવાડીનાં અમૂલ્ય પુસ્તકો અને માસિકો તથા રૂા. ૩૦૦૦નું એક સીનેમાનું યંત્ર પણ હતું. હજી એ સઘળો સામાન વર્ધામાં ધૂળ ખાતો પડ્યો છે.

એ યૂરોપ આવવા ઉપડ્યા અને પેલું ઘોર જગયુદ્ધ મંડાયું. ઇંગ્લંડ અને ફ્રાન્સ જવાનો વિચાર માંડી વાળી એમણે સીધો ઇટાલીનો રસ્તો લીધો. પણ ત્યાંની લડાઇને કારણે તેઓ નીકળી શકે તેમ નહોતું. ઈટાલીના પાલર્મો શહેરથી એમનો છેલ્લો કાગળ મળ્યો. એમાં લખ્યું હતું કે 'હું પાલર્મો આવી પહોંચ્યો છું. ગ્રીસ થઇને ભારતવર્ષ આવવા મારો વિચાર છે. થોડા જ વખતમાં આવી મળીશ.' બસ, ત્યારબાદ પ્રો. ખાન્ખોજેનો સાત વરસ સુધી કાગળપત્ર કે પત્તો જ ન મળે !

આ સાત વરસમાં તો એમને માથે ઘણા સંસ્કાર પડી ગયા. ૧૯૧૫માં એમનાં સગાંવહાલાંએ અમેરિકામાં પુછપરછ ચલાવી; પણ કંઈ માહીતી ન મળી. અંતે એમણે અમરિકામાં અગાઉ સ્થાપેલા 'અમેરિકાના હિંદુસ્તાન મંડળ'ના 'હિંદુસ્તાની સ્ટુડન્ટ' નામના એક માસિકના તાજા અંકમાં આ સાત વર્ષનો પડદો ઉપડ્યો. એ ઉપરથી એમ અનુમાન થાય કે તેઓ આખો યૂરોપ ફરી વળ્યા હશે. ઇરાનના એક નાના રાજ્યમાં તે વિદ્યાધિકારી તરીકે તેમજ વેપાર અને ખેતીના નિરીક્ષક તરીકે નીમાયા હતા. આ ઉચ્ચ દરજ્જે તેમણે લાંબો વખત કામ કર્યું. ૧૯૨૧ના નવેમ્બરમાં એ રાજ્યની નોકરી છોડી એ બર્લિન ગયા. ત્યાં એમણે 'ઇન્ડિયા ન્યુસ સર્વીસ' અને 'ઈન્ફૉર્મેશન બ્યુરૉ' સ્થાપી તેના ડાયરેક્ટર થયા અને અભ્યાસ સારૂ જર્મની જતા પરદેશી યુવાનોને માહીતી આપનારી 'જર્મનીમા કેળવણી' એ નામે એક ઉપયોગી પુસ્તિકા બહાર પાડી.

જર્મનીની અવદશાને કારણે પ્રો. ખાન્ખોજેને પણ ખર્ચીની ચિંતા પડી અને એ ૧૯૨૪માં જર્મનીથી મેક્સિકો ગયા. મેક્સિકોમાં વાસ કરવો એ અતિ દુર્ઘટ કાર્ય હતું. ત્યાંના લોક સ્પનિશ ભાષા બોલે. પ્રો. ખાન્ખોજે પ્રથમ તો એ ભાષા શીખ્યા. (બધી મળીને એ સાતઆઠ ભાષાઓ જાણે છે.) બીજી જરૂરત એમને નોકરીની પડી. એક પ્રખ્યાત ખેતીવાડીની પાઠશાળામાં તેઓ પ્રોફેસર થયા.

આ આખા પરદેશવાસમાં એમણે કદિ માંસાહાર કર્યો નથી કે દારૂ પીધો નથી. અને આજ ૪૩ વરસની ઉમરે પણ એ બ્રહ્મચારી જ રહ્યા છે.

અને પ્રો. ખાન્ખોજેનું વ્યક્તિત્વ પણ કાંઇ જેવુંતેવું નથી. બાળપણમાં એ પાણીદાર અને રખડુ હતા. એમનો સાહસિક સ્વભાવ જ આત્મવિકાસનું સાધન બન્યો. દઢ નિશ્ચય, અતૂટ

જિજ્ઞાસા, કામની ચીવટ, કાર્યશક્તિ, અને ગમે એવી મોટી મુશ્કેલીઓ સામે થઇને કાર્ય પાર પાડવાની હીમતઃ આ બધા ગુણોને લીધે એ પરદેશીઓમાં પ્રતિષ્ઠા પામી શક્યા. એમના જીવનમાં અંતરાયોનો પાર નહોતો, પણ સંકલ્પ-બળથી જ દરેકને એ વટાવી ગયા છે.

હિંદ છોડયે એમને ૨૧ વર્ષ થયાં છે, પણ બ્રિટિશ રાજ્યતંત્ર સામે એમણે પરદેશમાં ચળવળ ચલાવી એ કારણે હીંદી સરકાર હજી એમને માતૃભૂમિ ઉપર પગ દેવા ના પાડે છે.
('ક્રોગ્બે ક્રૉનિકલ' ઉપરથી) આનન્દરાવ જોશી

સૌથી કઠણ ધાતુ કઈ?

મેલોક નામના એક વિજ્ઞાનશાસ્ત્રીએ બધી શુદ્ધ ધાતુ-ઓની કસોટી કરી જોઇ, તેમાં સૌથી પહેલે નંબરે ઇરીડિયમ નામે ધાતુ આવી. આ ધાતુ કઠણમાં કઠણ છે ને તેથી જ તેને ફાઉન્ટન-પેનની અણીઓ બનાવવામાં વાપરવામા આવે છે. સારી પેનની અણી બીલકુલ ઘસાતી નથી, ને વર્ષો સુધી એકસરખું સરસ કામ આપ્યે જાય છે તે આ ઇરીડિયમ ધાતુનો જ પ્રતાપ. ચાંદી જેવી દેખાતી, પણ સોના કરતાં યે પાંચેક ગણી મોંઘી એવી પ્લૅટિનમ નામથી મશહુર થએલી ધાતુને તે મળતી આવે છે. પ્લૅટિનમ ધાતુના કુટુંબની જ ઇરીડિયમ છે. પ્લેટિનમ-ઇરીડિયમના મિશ્રણથી જે મિશ્ર ધાતુ થાય છે તે રાસાયનિક ક્રિયાઓને માટે પાત્રો બનાવવામાં તથા બીજાં કામોમાં વપરાય છે.

ઇરીડિયમથી બીજે નંબરે કઠણમાં કઠણ શુદ્ધ ધાતુ તરીકે મોલિબડીનમ આવે છે. તે ધાતુ મોટે ભાગે જુદીજુદી જાતનાં કઠણ પોલાદ બનાવવાના કામમાં આવે છે. ત્રીજે નંબરે ટંગ્સ્ટન નામની ધાતુ આવે છે, જેનું નામ આપણે ત્યાં તદ્દન અજાણ્યું નહિ હોય. તેના ઝીણા તાર વિજળીના દીવામાં વપરાય છે. અસલના કાર્બન તંતુઓના કરતાં તથા તે પછી દાખલ થએલ અન્ય ધાતુ-તંતુઓના કરતાં આ ટંગ્સ્ટન ધાતુના તંતુઓ બહુ સારા માલુમ પડ્યા છે. નવી જાતના વિજળીના દીવાઓ–ગોળાઓની અંદર જરાક જેટલો તાર હોય છે અને તે અસલના ગોળાઓ કરતાં પણ વધારે પ્રકાશ આપે છે. એવા ગોળાઓ તો સૌએ દીઠા હશે. એ અધિક તેજસ્વિતા એ પણ ટંગ્સ્ટન ધાતુના જ પ્રતાપ. ચોથે નંબરે રોડિયમ નામે ધાતુ આવે છે. આ ચારે ધાતુઓ આપણા સાધારણ વપરાશમાં આવતી નથી, તેમજ પુષ્કળ જથ્થામાં મળતી પણ નથી.

હવે ચાલુ વપરાશમાં આવતી સામાન્ય ધાતુઓની વાત. તેમાં કઠણમાં કઠણ ધાતુ નિકલ છે અને તે આ કઠિનતાની હારમાં છેક પાંચમું સ્થાન લે છે.

આ સરખામણી શુદ્ધ ધાતુઓની છે, કેમકે જુદીજુદી ધાતુઓના મિશ્રણથી જે મિશ્ર ધાતુઓ, (દાખલા તરીકે પોલાદ જ) બને છે તેમાં તો ઘણી એવી છે કે તે કોઇ પણ શુદ્ધ ધાતુના કરતાં વધારે કઠણ હોય છે.

છતાં નવાઈની વાત એ છે કે, કઠણમાં કઠણ ધાતુ કરતાં, શુદ્ધ કે બેત્રણ ધાતુના ભેગવાળો ગમે તેવીના કરતાં પણ કઠણ પદાર્થ-એટલે કે જગતમાં કઠણમાં કઠણ પદાર્થ તરીકે જેને જાણવામાં આવેલ છે તે કોઇ પણ ધાતુ નથી. તેને 'કાર્બોરન્ડમ' કહે છે, ને તે કાર્બન તથા સિલિકોન–કોયલા તથા રેતીમાંનાં મૂળ તત્ત્વો–ના મિશ્રણથી મળે છે. આપણી દંતકથા પ્રમાણે ઈન્દ્રનું વજ્ર સૌથી વધારે કઠણ પદાર્થ મનાય છે, પણ તે વજ્ર શેનું બનેલું હશે તે કોઇ સમજાવે નહિ ત્યાં સુધી તેનું માપ કેમ કરી શકાય?

તરતા હિમગિરિઓ

જેને પૃથ્વીનું થોડું પણ જ્ઞાન છે ને જે ભૂગોળનાં કાંઇ પણ તત્ત્વ જાણે છે તેને માલુમ હશે કે પૃથ્વીની ઉપર જેમ અત્યંત ઉષ્ણ પ્રદેશો છે તેમ અત્યંત શીત પ્રદેશો પણ છે. આ શીત પ્રદેશોમાંના કેટલાક તો આપણા હિમાલય પર્વતના શિખરોની પેઠે સનાતન હિમથી આચ્છાદિત થએલા છે. મોટે ભાગે ઉત્તર ધ્રુવ તથા દક્ષિણ ધ્રુવની તરફ આવા પ્રદેશો છે અને તેથી ત્યાં જવું અતિ વિકટ ને જોખમકારક છે. હવે જોકે તે પ્રદેશો આપણને તદ્દન અગમ્ય નથી, તોપણ તે વિષે આપણું જ્ઞાન સ્વલ્પ જ છે.

આ હિમમય પ્રદેશોમાંથી, શિયાળો ઉતરતાં, બરફના મોટામોટા ઢગલાઓ છુટા પડી સમુદ્રમા તણાઇ આવે છે અને સમુદ્રના તરંગોની તથા અન્ય પ્રવાહોની ગતિથી દૂરના દૂર ઘસડાઈ જાય છે. છેવટે તો તે ગરમીથી પીગળી સમુદ્રમાં મળી જવાના જ, પણ તેમ થતાં પહેલાં તેઓ સેંકડો માઇલોની સફર કરી લે છે, દિવસના દિવસ સુધી તરે છે અને સૌથી વધારે મહત્ત્વની વાત તો એ છે કે સમુદ્રમાં ફરનાર વહાણો-માંના કેટલાંકને તેઓ સાક્ષાત કાળ રૂપ થઇ પડે છે.

સૌ કોઈ જાણે છે કે બરફ પાણી પર તરી શકે છે. તેવી જ રીતે આ હિમગિરિના ખંડો પાણીની સપાટી ઉપર તરે છે ત્યારે આંખને અતિ મનોહર દૃશ્ય આપે છે. બધી તરફ જળ જળ દેખાતું હોય, દિવસો સુધી જળ સિવાય આંખને કાંઈ ન મળ્યું હોય તેવે સમયે સૂર્યના પ્રકાશમાં શુદ્ધ ચાંદી કરતાં પણ વિશેષ ઉજ્જ્વળ ધવલતાવાળા આ હિમગિરિઓ જળ–પ્રવાસીને ખરેખર મુગ્ધ કરી નાખે છે.

તે જેટલા બહાર હોય છે તેના કરતાં છસાત કે આઠ ગણા પાણીની અંદર હોય છે. કોઈ વાર તો બહાર બહુ જુજ હોય ને અંદર પુષ્કળ હોય. આ જ કારણથી વહાણો ને આગબોટોને તે વિશેષ ભયંકર થઇ પડે છે. ઘણી વાર આગબોટો, શાન્ત મહાસાગરમાં કાંઇ પણ ચેતવણી વિના એકદમ ભાંગી જાય છે. આ રીતે થએલો કદિ ન ભુલાય એવો એક ભયંકર અકસ્માત સન ૧૯૧૨ના એપ્રિલની ૧૪ મી ની

રાત્રીએ, પેલી ભવ્ય આગબોટ 'ટિટેનિક' પોતાની પુરી મસ્તી ને ગર્વમાં ચાલી જતી હતી ત્યારે પાણીમાં ડુબેલા આવા એક હિમગિરિની સાથે ભટકાઈ ઘડીએકમાં હજારો નાનામોટા પ્રવાસીઓની સાથે ડુબી ગઇ, તે છે.

દરેક વર્ષે આવા શ્વેત યમદૂતો ઉત્તર ધ્રુવ તરફથી નીચેના મહાસાગરોમાં ઉતરી આવે છે. અનુકૂળ હવા અને પ્રવાહમાં કોઇકોઇ તો સમુદ્રની ઉપર બબ્બે હજાર માઈલની સફર કરે છે! તેમની સંખ્યાનો પણ કાંઇ મેળ કે પાર નથી. તવારીખ કહે છે કે સન ૧૯૨૪માં આવા ૧૧ હિમગિરિઓ ઍટ્લૅન્ટિક મહાસાગરમાં ઉતરી આવ્યા હતા અને સન ૧૯૧૨માં તો એક સામટા લગભગ ૨૨૦૦ જેટલા ઉતરી આવ્યા હતા!

તેમની સંનિધિથી હવામાં ઘણું શીત આવે છે, અને એમ કહેવાય છે કે અનુભવી ખલાસી અન્તઃપ્રેરણાથી તરતા હિમગિરિનું સામીપ્ય સમજી જાય છે. પાણીની ટેમ્પરેચર પણ ઘણી વાર છેક ૩૨ ડિગ્રી ફેરેનહાઇટ જેટલી ઉતરી જાય છે. મારા અનુભવથી મને પણ હવામાં ચોક્કસ ફેરફાર લાગ્યો હતો. તે ફેરફાર તથા તે વિશિષ્ટ પ્રકારની ઠંડી હજી યાદ છે.

'ટિટૅનિક' આગબોટના નાશ પછીથી યૂરોપ-અમેરિકાનાં રાજ્યોએ તરતા હિમગિરિઓની મોસમમાં મહાસાગરની ઉપર ચોકી બેસાડી છે, ને તેની દેખરેખનું કામ યુનાઇટેડ સ્ટેટ્સને સોંપ્યું છે. મોટે ભાગે આ મોસમ માર્ચની ૧૫ મીથી જુલાઈની ૧૫ મી સુધીની હોય છે; જોકે આ તરતા હિમગિરિઓને આપણે કોઈ તારીખનાં બંધનોથી તો ન જ બાંધી શકીએ. આ બરફના પહેરેગીરો 'આઇસપેટ્રોલ' આવા તરતા હિમગિરિઓ ઉપર નજર રાખે છે, વહાણોને ખબર તથા ચેતવણી આપે છે ને ઘણી વાર તો મોટામોટા હિમગિરિઓને દારૂગોળાથી-ખાસ કરીને T. N. T. નામના નવા દારૂગોળાથી, ફોડીને ઉડાડી મુકે છે. —ડૉ. કાન્તિલાલ પંડ્યા (ગુજરાતી)

ખોરાકમાં પાણી

આપણા શરીરમાં ૨/૩ ભાગ પાણી છે અને એ જથ્થો સહેતર કાયમ રહ્યા કરે તો જ શરીર આરોગ્યવાન રહે. તેટલા માટે શરીરને પાણીની ઘણી જરૂર છે. માણસ ખોરાક વગર લાંબો વખત ચલાવી શકે, પરંતુ પાણી વગર ચલાવી શકે નહિ. આપણા ખોરાકની ચીજોમાં પણ કેટલું પાણી છે તે નીચેના આંકડા ઉપરથી જણાશે.

દુધ	૮૭ ટકા	બટેટાં	૭૮ ટકા
છાશ	૯૪ ,,	ગાજર	૮૫ ,,
માખણ	૯ ,,	ડુંગળી	૮૯ ,,
ઘઉં	૧૨ ,,	શકરિયાં	૭૩ ,,
ચોખા	૧૨ ,,	કોબિજ	૯૦ ,,
લીલા વટાણા	૭૮ ,,	કોલી ફ્લાવર	૯૭ ,,
ફણસ	૯૦ ,,	મેથી	૯૦ ,,
કાકડી	૯૬ ,,	ટમેટાં	૯૨ ,,

પ્રાચીન કાળમાં કાચ

આપણા આજના જીવનમાં કાચ એ એવી ઉપયોગી ને રોજીંદી ચીજ થઇ પડી છે કે આપણે તેની બનાવટ વિષે એક ક્ષણ વાર પણ વિચાર કરતા નથી. આજે તો આપણી પાસે અનેક પ્રકારના, અનેક ઉપયોગના ને જુદીજુદી કીમતના કાચ મોજુદ છે. કલાકારની તેમજ વિજ્ઞાનશાસ્ત્રીની સફળતા તે ડગલેડગલે બતાવી શકે છે. દુરબીનોના, સૂક્ષ્મદર્શક યંત્રોના, કૅમેરાના, ચશ્માના તથા અનેક યંત્રોમાંના વિવિધ કાચની વાત દૂર મુકીએ. રસાયનશાસ્ત્રીઓના કાચ માંહેના કેટલાક એવા હોય છે કે એમને લાલચોળ તપાવીએ તો પણ તુટે નહિ, એટલું જ નહિ પણ તેવા લાલચોળ તપેલા કાચને એકદમ ઠંડા પાણીમાં ડુબાડી દઇએ તો યે તડ સરખી પણ પડે નહિ; અને વળી બીજા એવા હોય છે કે તે કાચનું પાત્ર હાથમાંથી જમીન ઉપર પડવા દઇએ કે હાથ વતી ટેબલ ઉપર પછાડીએ તો યે ભાંગે નહિ, અને એક જાહેરખબર પ્રમાણે તો તે કાચના વાસણ વડે ભીંતમાં ખીલો મારવો હોય તો પણ મારી શકાય-હથોડીનું કામ ન પડે!—એવાએવા કાચોની વાત દૂર રાખીએ. વેનિસ આદિ સ્થળોનાં અદ્દ્ભુત સૌન્દર્યનાં વાસણોની વાત પણ દૂર રાખીએ. તો યે આપણા આજના જીવનમાં અનેક રીતે કાચ કેટલો ફરી વળ્યો છે તે સમજવું મુશ્કેલ નથી.

આ બધું છતાં કાચ સૌથી પહેલો કોણે બનાવ્યો? કઇ સાલમાં બનાવ્યો? કયા દેશમાં બનાવ્યો? કેવી રીતે બનાવ્યો? અને કઈ જાતનો બનાવ્યો?—વગેરે પ્રશ્નો ઉપર આપણામાંથી કેટલા જણ વિચાર કરે છે? હજી લગી આ સવાલો કેવળ કુતૂહલને જ ઉશ્કેરનાર છે ને તેઓના ઉત્તર અજ્ઞાત છે.

પણ કોઇ રખેને એવા ભ્રમમાં પડે કે કાચ એ તદ્દન અર્વાચીન કાળનું જ બાળક છે. એનો આજનો વેશ તથા એનું સ્વરૂપ ગમે તેવાં હોય, તો પણ તે પૃથ્વી ઉપરનો એક પુરાણો રહીશ છે એટલું તો નક્કી.

આગ્રાનો તાજમહેલ જોનારાઓ તાજમહેલની અંદરની જાળીઓમાં તથા કિલ્લાની અંદરની જાળીમાં, નાનાનાના કાચ જડેલા જુએ છે, ત્યારે મોટે ભાગે એમ માની લેતા જણાયા છે કે લૉર્ડ કર્ઝને દુરસ્તી કરાવી, ને કેટલીક નવી ચીજો ઉમેરી, તેમાંની એક આ કાચ પણ હશે. અને આપણે જ્યારે કહીએ છીએ કે આ કાચ અસલી છે, ત્યારે ઘણા લોકો પુછે છે, 'એમ? શું આપણે ત્યાં કાચ પણ બનતો હતો?' આટલી હદ સુધી આપણે એ વિષે અજ્ઞાત છીએ.

યૂરોપ એક સમયે એમ માનતું હતું કે માનવસંસ્કૃતિની બધી ચીજો ગ્રીકમાંથી જ આવી છે. હવે ધીરેધીરે એટલું સ્પષ્ટ થયું છે કે પ્રાચીન ગ્રીક પ્રજા મહાપ્રજા જરૂર હતી, પણ તેણે ઘણુંઘણું બીજા દેશોની પાસેથી મેળવ્યું છે; અર્થાત

સંસ્કૃતિનાં મંડાણ બીજા દેશોમાં ગ્રીક સંસ્કૃતિની યે પહેલાં થએલાં. બીજા દેશોમાં ઇજીપ્ત સૌથી વધારે આગળ આવેલો દેખાયો, કારણકે ત્યાંની પ્રાચીનતાના અભ્યાસની સામગ્રીઓ પુષ્કળ મળી ને હજી વધારે ને વધારે મળે છે.

આ પ્રમાણે હાલ એક મત એમ પ્રવર્તે છે કે ઇજીપ્ત જ માનવસંસ્કૃતિનું પ્રથમ મંદિર હતું.

ઘણી કળાઓ, ઘણા હુન્નરો, ઘણી વિદ્યાઓ ઈત્યાદિ ઈજીપ્તમાંથી અન્ય દેશોમાં પ્રચાર પામ્યાં. પણ કેટલાક વિ-દ્વાનોના મત પ્રમાણે ઈજીપ્તે પણ ઘણું અન્ય દેશો પાસેથી જ મેળવ્યું હતું.

આ જરા લાંબી કથા કાચને ય લાગુ પડે છે. પ્રાચીન ઇજીપ્ત કાચથી વાકેફ હતું, એ વાત સિદ્ધ છે.

લંડનમાં કાચ બનાવનારાઓની સભા છે. તેને ' સોસા-યટી ઑફ ગ્લાસ ટેકનૉલૉજી ' કહે છે. ગત વર્ષના જુન માસમાં એની સમક્ષ એક મોટા વિજ્ઞાનશાસ્ત્રી, પ્રોફેસર સર ફ્લિન્ડર્સ પેટ્રીનું આ વિષય ઉપર એક વ્યાખ્યાન થયું હતું.

એમની સમજણ પ્રમાણે ઈ. સ. પૂર્વે ૧૫૦૦ની પછીથી ઇજીપ્તમાં કાચ બનવા લાગ્યો હતો. એટલે આજથી લગભગ સાડા ત્રણ હજાર વર્ષ પૂર્વે. પણ કેટલાક કાચ ઇજીપ્તમાંથી જડી આવ્યા છે, જે તેથી ય વધારે જુના છે. તે બીજા દેશો-માંથી આવેલા હતા. સીરીઆમાં ઈ. સ. પૂર્વે ૨૫૦૦ના કાળના કાચ જડી આવ્યા છે.

એમના મત પ્રમાણે ઇજીપ્તમાં કાચ દાખલ થયો તે પછી પચાસેક વર્ષની અંદર તો તે ઘરગથ્થુ ચીજ થઇ પડ્યો હતો. કાચનાં ફુલદાન ને કાચના મણકા ખાસ લોકપ્રિય હતા. કાચને ઢાળીને જ આ ચીજો બનાવવામાં આવતી; ફૂંકીને બનાવવાની રીત તો ક્રાઇસ્ટ પછીના કાળમાં દાખલ થઇ. ઇ. સ. પૂર્વે ૧૨૦૦માં કાચને ઢાળીને બનાવવાનું મિસરવાસીઓ શીખ્યા, ને પછી તેને ખુબ રંગીને સાચાં રત્ન ને જવાહીરોને મળતા આવે એવા બનાવવા લાગ્યા.

ઇ. સ. ૩૫૦ માં સોનાના સિક્કાઓનો બરાબર તોલ કરવા માટે કાટલાં તરીકે પહેલી વાર કાચના કટકાઓ ઇજીપ્તવાસીઓએ વાપરવા માંડ્યા. એમનું જોઇ આરબ લોકો તે શીખ્યા, ને એમાંથી આપણાં આજનાં માપનાં કાટલાંની પદ્ધતિનો જન્મ થયો. આ પ્રમાણે આજના નાનાંમોટાં સૌ કાટલાંનો ખરો પૂર્વજ કાચ જ હશે એમ દેખાય છે.

પત્થરની ઉપર કાચનો ગ્લેઝ ચડાવવાનું પણ ઈસુની પહેલાં બારમા શતકમાં મિસરવાસીઓએ શરૂ કર્યું હતું.

આ વ્યાખ્યાનને અંતે એ વિદ્વાન પ્રોફેસરે કહ્યું કે ' જ્યારે એશિયાનાં દ્વાર બરાબર સંશોધનને માટે ખુલ્લાં થશે, ત્યારે જ આપણને પહેલી વાર સાચી ખબર પડશે કે કાચ બનાવવાની ખરેખરી શરૂઆત ક્યારે થઇ. '

હીબ્રુ યૂનિવર્સિટી

બે વર્ષ ઉપર યહુદીઓએ લૉર્ડ બેલ્ફુરની પાસે જેરૂ-સલેમમાં આ નવી યૂનિવર્સિટીની સ્થાપના કરાવી છે.

યાહુદી કોમ બહુ વિલક્ષણ છે. તેનાં લક્ષણો સારાં તેમજ નરસાં બહુ બળવાળાં છે. આજની દુનિયામાં બહુ આગળ પડયા વિના એ જાતિ પુષ્કળ હકુમત ચલાવે છે. ખાસ કરીને પૈસાની દુનિયામાં તો હજી એ જ રાજા છે. એ જાતિની સંસ્કૃતિ પણ જેવીતેવી નથી. તે સંસ્કૃતિને જાળવવા, તેના કેન્દ્ર રૂપે કાયમ કરવા, દીર્ઘ દૃષ્ટિથી આ હીબ્રુ યૂનિવર્સિટી સ્થપાઈ છે.

આ યૂનિવર્સિટીની કેટલીક હકીકત જાણવા જેવી છે. તેનું વાર્ષિક બજેટ પાંત્રીસ હજાર પાઉંડનું છે, એટલે કે આશરે પાંચ લાખ રૂપિયાનું. તેના અધ્યાપક મંડળમાં પચાસ માણસો છે. આ યૂનિવર્સિટીએ આરંભ જ ' પોસ્ટ ગ્રૅજ્યુ-એટ ' કામથી ને સંશોધનથી કર્યો છે. તેમાં આવા છ વિભાગો રાખવામાં આવ્યા છે: અરબ્બી વિભાગ, રસાયનશાળા, આરોગ્ય વિભાગ, પ્રાણીશાસ્ત્ર, ગણિતશાસ્ત્ર અને પેલેસ્ટાઇ-નનો કુદરતી ઇતિહાસ. એક પુસ્તકાલય પણ ખોલવામાં આવ્યું છે, જેમાં હાલ ૧,૪૦,૦૦૦ પુસ્તકો છે.

(ગુજરાતી) ડૉ. કાન્તિલાલ પંડયા

પ્રાણીઓની ઉમર

સૌથી લાંબી જિંદગી ભોગવનારૂં પ્રાણી વ્હેલ છે. તે લગભગ એક હજાર વર્ષ સુધી જીવી શકે છે. અનુકુળ હવા-પાણી હોય તો હાથી ચાર સો વર્ષ જીવે છે. મહાન સિકંદરે પૌરસ પર વિજય મેળવ્યો ત્યારે જે હાથી પર પૌરસ બેઠો હતો, તેને એ પોતાની સાથે લઈ ગએલો. તેનું નામ ' એજેક્ષ ' પાડી એક લોખંડી પટ્ટો તેને જડી લીધો. ત્યાર પછી ૩૫૦ વર્ષ સુધી એ હાથી જીવતો રહ્યો હતો.

કાચબો એક સો સાત વર્ષ સુધી જીવેલો જણાયો છે. ઉંટ લગભગ સો વર્ષ જીવી શકે છે. સાબર ઘણું જીવે છે. કેટલાક સિંહ સિત્તેર વર્ષના થયા જણ્યા છે. કુક્કર વીસ વર્ષ જીવ્યાં છે. કેટલાક ઘોડા સાઠ વર્ષ જીવ્યા છે; જોકે સાધારણ રીતે ઘોડાનું આયુષ્ય ૨૫ થી ૩૦ વર્ષનું ગણાય.

રીંછ અને વરૂ ભાગ્યે જ વીસથી વધુ વર્ષ જીવે છે. લોંકડી અકસ્માત વગર રહે તો ચૌદથી સોળ વર્ષ કાઢે. બિલાડાં સરેરાશ પંદર વર્ષ જીવે છે. ખિસકોલી સાત કે આઠ, ને સસલાં સાત વર્ષ જીવે છે.

પક્ષીઓમાં હંસ સૌથી વધુ જીવે છે. એ ૩૦૦ વર્ષ જીવ્યાના દાખલા છે. ગરૂડ કે કાગડા ઘણી વાર સો વર્ષ ખેંચી કાઢે છે. એક મેના ૧૮ વર્ષ જીવી હતી. નાનાં પંખી માટે આ દીર્ઘાયુષ્ય કહેવાય.

(બીજાં પ્રાણીઓ વિષે અનુભવીઓ હકીકત મોકલી આપશે તો આભાર સહિત પ્રગટ કરીશું.)


એશિયામાઇનરના સ્મર્નાના શહેરમાં એક મોદી ખોટાં કાટલાં વાપરતો. દુકાનદારોનાં કાટલાં તપાસવા કાજી સાહેબે આ મોદીના પુત્ર જે ઇન્સ્પેકટર હતો તેને મોકલ્યો. પિતાનાં ખોટાં કાટલાં જોઇ ઇન્સ્પેકટરે કાયદા મુજબ દંડ તથા પચાસ સોટીની સજા ફરમાવી. પિતાના શરીર પર પડતી સોટીઓ એણે રડતી આંખે જોઇ. શિક્ષા પુરી થતાં એ પિતાને ચરણે પડીને બોલ્યો, ' પિતાજી, ચીરાતે હૃદયે મારે મારી ફરજ બજાવવી પડી છે; હું આપને વિનવું છું કે ફરી ખોટાં કાટલાં ન વાપરશો. '

જોડણીની સામાન્ય ભુલો

નુકશાન	નહિ પણ	નુકસાન
સતત્	નહિ પણ	સતત
ખુશી થયો	નહિ પણ	ખુશ થયો
સમશેર	નહિ પણ	શમશેર
નહિં	નહિ પણ	નહિ
પ્રસંશા	નહિ પણ	પ્રશંસા

આમાંનાં કેટલાં ફળ તમે ખાધાં છે? રામફળ, ગુલાબજાબુ, ચીકુ, શેતુર, ફાલસા, ખલેલાં, કરમદાં, મહુડાં, ધીતેલાં, ટીમરૂ ને બીજોરાં.

લોઢા ઉપર પડેલા કાટના ડાઘ કાઢવા માટે બ્રુચને પેરેફિનમાં બોળીને કાટ ઉપર ખુબ ઘસવું. કાટ નીકળી જશે.



બે વર્ષ પર ઉપલા અક્ષરો ઉકેલવાની કસોટી મુકી હતી. ફરી આજે માસિકની નીચલી કોર આંખ આગળ લાવી યત્ન કરશો તો વાંચી શકશો.

ગણિતનો ચમત્કાર

૧×૮ + ૧=૯

૧૨×૮ + ૨=૯૮

૧૨૩×૮ + ૩=૯૮૭

૧૨૩૪×૮ + ૪=૯૮૭૬

૧૨૩૪૫×૮ + ૫=૯૮૭૬૫


૧૨૩૪૫૬×૮ + ૬=૯૮૭૬૫૪

૧૨૩૪૫૬૭×૮ + ૭=૯૮૭૬૫૪૩

૧૨૩૪૫૬૭૮×૮ + ૮=૯૮૭૬૫૪૩૨

૧૨૩૪૫૬૭૮૯×૮ + ૯=૯૮૭૬૫૪૩૨૧

સમુદ્રફળનાં પાન ગુમડા માટે અકસીર છે. થતા આવતાં ગુમડા પર એ પાન અવળું બાંધવાથી તેને પકવી ફોડી નાખે છે: પછી ફુટેલાં ગુમડાં પર તે પાન સવળું બાંધવાથી રૂઝ આણે છે.



ઢાળ પડતા ટેબલ ઉપર લખતાલખતાં પેન્સિલ મુકો એટલે એ તરત ઢળી જવાની. આને માટે સૌથી સારો ઉપાય એ છે કે ચિત્રમાં બતાવ્યા પ્રમાણે લંબચોરસ આકારનો લાકડાનો એક નાનકડો કકડો કાપી તેમાં પેન્સિલના માપનું કાણું પાડી પેન્સિલનો છેડો ભરાવી દેવો. પછી એ નહિ ઢળી જાય.

મેઘગર્જના ૨૦થી ૨૫ માઇલ સુધી સંભળાય છે; જ્યારે વિજળીનો ચમકારો ૧૫૦થી ૨૦૦ માઈલ સુધી જોઇ શકાય છે.



ભાષા લખવા માટે અક્ષરોની શોધ થયા પહેલાં ચિત્રો વપરાતાં. ચીનાઇ ભાષા આવાં ચિત્રોની જ બનેલી છે. એનાં થોડાં ચિત્રો (શબ્દો) ઉપર આપ્યાં છે. મુળ થોડાક શબ્દોને માટે ચિત્રો નિરધારીને પછી એવાં બેત્રણ શબ્દ-ચિત્રો એકઠાં કરીને નવો શબ્દ ઉપજાવાય છે. ઉપલાં ચિત્રોથી એ બરોબર સમજાશે. ખેતર પાસે માણસનું ચિત્ર દોર્યું એ 'ખેડુત'. સૂર્ય અને ચંદ્ર બે ભેગાં આલેખે એટલે ' પ્રકાશ '. બારણાં પાસે કાનનું ચિત્ર મુકીને 'સાંભળવું' શબ્દ યોજ્યો, અને બારણાં આગળ મોઢું ચીતરીને ' ભિખારી ' કલ્પ્યો. મોઢામાંથી શ્વાસ નીકળતો હોય એવું બતાવીને ' શબ્દ ' ઠરાવ્યો અને માણસ તથા શબ્દનાં ચિત્રોને જોડાજોડ મુકીને ' સત્ય ' શબ્દ યોજ્યો:—એવું દર્શાવવાને કે માણસના મોંમાંથી પડતો શબ્દ સત્ય જ હોવો જોઇએ. સ્ત્રી અને બાળકનાં ચિત્રો ભેગાં કરી ' સારૂં ' (કલ્યાણ) શબ્દ યોજ્યો: છાપરા તળે ડુક્કર (ખોરાકનું સૂચક) ચીતરીને ઘર ઠરાવ્યું: અને છાપરા નીચે સ્ત્રી તથા ડુક્કર ચીતર્યાં એટલે ' લગ્ન ' થયું. ઘરનું છાપરૂં અને સ્ત્રી એ બે મળે એટલે ' શાંતિ.' ચીનાઇ ભાષામાં આવાં કુલ ૪૩૦૦૦ શબ્દચિત્રો છે. એ પીંછી વડે લખાય છે. આપણા જેવાને તો ન ફાવે પણ ચીનાં બાળકો બહુ ઝડપથી એ શીખી લે છે. હવે તો થોડાં વર્ષોથી એમને ત્યાં પણ ૩૯ અક્ષરોનો એક ક્રમ યોજાયો છે અને એ અક્ષરો પ્રચલિત થતા જાય છે.

એકાદ મિત્રના હાથમાં પેન્સિલ ને કાગળ આપી, એની મરજીમાં આવે એટલા આંકડા સીધી લીટીમાં લખી કાઢવા કહો. પછી એ બધા આંકડાનો સરવાળો કરવા કહો. (ધારો કે એણે ૨,૪,૭,૩,૯—આંકડા લખ્યા છે. એનો સરવાળો ૨૫ થશે.) હવે, એણે જે આંકડા લખ્યા છે તેને એક સળંગ સંખ્યા માની તેમાંથી આ સરવાળો બાદ કરવા કહો. (એટલે ૨૪૭૩૯ –૨૫=૨૪૭૧૪) હવે આ રકમમાંથી કોઇ પણ એક આંકડો છેકી નાખીને બાકીના આંકડાનો સરવાળો કરવા તેને કહો. (ધારો કે એ ૭ છેકી નાખે છે, તો સરવાળો ૧૧ આવશે.) એ તમને સરવાળો જણાવે એટલે એ સરવાળા પછીનો સૌથી નજીક ૯નો ગુણાકાર કયો છે તે શોધી કાઢવું. એ ગુણાકાર અને તેણે જણાવેલા સરવાળાનો તફાવત એ જ એણે છેકેલો આંકડો! આપણે ધારેલા દાખલામાં સરવાળો ૧૧ આવ્યો, ને એ પછીનો સૌથી નજીક ૯નો ગુણાકાર ૧૮ છે. ૧૧ અને ૧૮નો તફાવત ૭—તમારા મિત્રે છેકેલો આંકડો!

~

વર્ષાઋતુ: ભાદરવો (સપ્ટેમ્બર) લુકાટ, જામફળ, દાડમ, કમરખ, સફરજન, નારંગી વગેરે ફળ ઉપર હોય છે. કેળ આ ઋતુમાં રોપવી. ફુલઝાડની મોસમ આ વખતે ખલાસ થવા આવે છે.


શરદઋતુ: આસો (ઑક્ટોબર) દ્રાક્ષ રોપવાની મોસમ. ગુલાબ આ વખતમાં નરમ માલુમ પડે છે. બટાટા તથા રજકા (ગદબ કે લુસન)ની મોસમ. ડુંગળીનાં બી તથા ચણા વાવવાની ઋતુ. કંઠી પ્રાંતમાં કસુંબી, અફીણ ને સરસવની વાવણીની મોસમ.

~

ઠંડીના દિવસોમાં કાચનાં બારીબારણાં ઉપર થોડું પેરેફિન લગાડી દેવાથી તે ચળકતાં ને સાફ રહેશે.

~

રાતે વહેલા જે સુઇ, વહેલા ઉઠે વીર;
બળ બુદ્ધિ બહુ ધનવધે, સુખમાં રહે શરીર.



ઉપરના ચિત્રમાં બતાવ્યા પ્રમાણે દીવાસળીની ખાલી પેટીના બંને ભાગ ગોઠવો. પછી તેને કોણી વડે ભાંગી નાખવા તમારા મિત્રને કહે. એ વખતે આસપાસ રખે ઉભા રહેતા, કેમકે પેટી જોસથી ઉછળશે.

~

કપડા પર પડેલા શાહીના ડાઘ કાઢવા તેના પર ટમેટું કાપીને ઘસવું ને પછી એકદમ તેટલો ભાગ પાણીમાં બોળી દેવો. જો ડાઘ બહુ જુના હોય તો બે કે ત્રણ વાર આ પ્રમાણે કરવું.

~

એક આદમી—(બીજાને) આપણા લોકો બહુ જ ગંદા: દાખલા તરીકે...

બીજો—આપ પોતે જ.

જીવતાં પ્રાણીઓમાં માણસ, વાંદરાં અને કુતરાં જ જુદાજુદા રંગ ઓળખી શકે છે. બિલાડી ફક્ત કાળો અને ધોળો રંગ જ ઓળખી શકે છે; મધમાખી ફક્ત આસમાની અને પીળો રંગ જ ઓળખી શકે છે; અને માછલાં માત્ર લાલ અને લીલો રંગ જ ઓળખી શકે છે. આ શોધ એક જર્મન પ્રોફેસરે કરી છે. તેણે એક ખુલ્લી જગ્યામાં કેટલીક મધમાખો પુરી અને આસમાની, પીળા તથા રાતા એમ ત્રણ જાતના કાગળ ઉપર ગળપણ લગાડી મુકી રાખ્યાં. પરંતુ મધમાખો આસમાની અને પીળા રંગના કાગળ સિવાય બીજા કાગળ ઉપર બેઠી જ નહિ. આ પ્રમાણે તેણે કેટલા યે પ્રયોગ કર્યા અને છેવટે ઉપલો સિદ્ધાન્ત ઠરાવ્યો.

~

આ નીચે 'કુમાર'ના દસ ગ્રાહકનાં નામ ગુંચવાઇ ગયાં છે; જુઓ જોઇએ, એમાં તમારૂં નામ છે?

વનલાયજલદ, વનદાવસરજી, મમરાતપડી, ઇજરાયમમા, નાહુગુમસેલા, રીસહમુગોખ, સલદાકિગાનસ, રદયસાવીપ્રજ, કદિનવરાર ને હમજાછસિંલ.

~

આસોપાલવનું શુદ્ધ સંસ્કૃત નામ આશ્વિનપલ્લવ (આસો મહીનામાં પલ્લવિત થતું) છે.



દાતણ કે બ્રશ વડે દાંત ઘસવાની સાચી રીત કઈ તે ઉપલા ચિત્રથી બરોબર સમજાય છે. આપણા દાંતની રચના દાંતિયા જેવી છે. પહેલી રીતે બતાવ્યા પ્રમાણે આમ←→આડું બ્રશ દાંત પર ફેરવીશું તો તેના રેસા માત્ર દાંતની ઉપરઉપર જ ફર્યા કરશે ને વચ્ચેના પોલાણમાંનો મેલ સાફ કરી શકાશે નહિ. બીજી રીતે દર્શાવ્યું છે તેમ ગોળગોળ ઘસવાથી પણ દાંતના સાંધાઓનો મેલ સાફ થતો નથી. એ બરોબર સાફ કરવા માટે દાંત ઘસવાની ખરી રીત તો ત્રીજી ઢબ મુજબ બ્રશને સીધું ઉપરનીચે ઘસવાની જ છે.